શ્રીજૈન શ્વે૦ મૂ૦ પૂ૦ બોર્ડીંગના હિતાર્થે પ્રગટ થતું *Registered No. B. 876.*

# बुद्धिप्रभा.

( ધાર્મિક–સામાજિક–નૈતિક વિષયોને ચર્ચતું માસિક. )

સંપાદક–મણીલાલ મોહનલાલ પાદરાકર.

पुस्तक ८मुं.] जानेवारी, फेब्रुवारी, मार्च १९१७. वीर संवत २४४१. [अंक १०-११-१२.

## વિષયદર્શન.


| વિષય. | પૃષ્ઠ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૧ મહાવીર સ્તુતિ ... ... | | ૧૩ પ્રભુ ક્યાં છે? ... ... | ૩૫૦ |
| ૨ વસન્તપર્યાય. ... ... | ૨૯૦ | ૧૪ મૃત્યુવશ લલના ... ... | ૩૫૧ |
| ૩ પ્લેટોની રાજકીય વિચારણા ... | ૨૯૬ | ૧૫ મહાવિર પ્રભુના પાઠથી શું અવ-ળોધવું ... ... ... | ૩૫૩ |
| ૪ ભરતખંડ કે આર્યાવર્ત. ... | ૩૦૯ | ૧૬ સ્ત્રી કેળવણી ઉપર ઝમક બ્હેનનું ભાષણ ... ... ... | ૩૫૫ |
| ૫ સુખ ક્યાં છે ... ... | ૩૧૯ | ૧૭ હર્બર્ટ સ્પેન્સરની અજ્ઞેય મિમાંસા. | ૩૫૭ |
| ૬ તત્ત્વચિંતન. ... ... | ૩૨૦ | ૧૮ આત્મ શિક્ષા. ... ... | ૩૬૯ |
| ૭ પરોપકાર ... ... ... | ૩૩૭ | ૧૯ શ્રી યશોવિજય જૈન ગુરુકુળ વિદ્યાલય | ૩૭૯ |
| ૮ એક પ્રાચીન ગુજરાતી જૈન કાવ્ય. | ૩૪૧ | ૨૦ શ્રી યશોવિજય જૈન ગુરુકુળ વિદ્યાલય–પ્રાસંગિક વિવેચન. ... | ૩૮૧ |
| ૯ રસાયન સ્વરૂપ. ... ... | ૩૪૬ | ૨૧ આ માસિકનું નવમું વર્ષ ... | ૩૮૨ |
| ૧૦ ઉન્નત વિચાર સ્મરણ.. ... | ૩૪૭ | | |
| ૧૧ અજબ પ્રેમનો પ્યાલો.. ... | ૩૪૮ | | |
| ૧૨ ઉષા ... ... ... | ૩૪૯ | | |


આવતા અંકને લગતી નોંધ ઉપર વાંચકોનું ખાસ ધ્યાન ખેંચીએ છીએ.

**શ્રી અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડળ તરફથી**

પ્રકાશક અને વ્યવસ્થાપક,

**શંકરલાલ ડાહ્યાભાઈ કાપડીઆ.**

નાગોરીશરાહ–અમદાવાદ.

**લવાજમ**–વર્ષ એકનો રૂ. ૧–૪–૦ (છુટક દર એક નકલના બે આના.)

અમદાવાદ ધી "ડાયમંડ જ્યુબીલી" પ્રિન્ટિંગ પ્રેસમાં પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

# શોકજનક મરણ.

કપડવણજના પ્રતિષ્ઠિત શેઠ વાડીલાલ જમનાદાસ પોતાની ૩૪ વર્ષની ભર વયે પોતાની પાછળ બે બાળવિધવા, બે પુત્ર, બે પુત્રીઓ, એક ભાઈ અને એક બેન મૂકી સંવત ૧૯૭૩ ના અષાડ સુદ ૪ ને શનિવારના રોજ બપોરના સાડાબાર વાગે પંચત્વ પામ્યા છે. એ ઘણુંજ માઠું થયું છે. તેમના મરણના સમાચાર શહેરમાં ફેલાતાં ઘણોજ હાહાકાર થઈ રહ્યો હતો. સઘળાં બજારો સ્વયંબંધ થયાં હતાં. સ્કુલો બંધ કરવામાં આવી હતી. ગામમાં સખત હડતાલ પડી હતી. મર્હુમ સ્વભાવે શાંત સમતાગુણી અને ગંભિર હતા. તેમનામાં વેપારીકુનેહ સારી હતી. તેઓને જાત્રાઓ કરવાનો ઘણો શોખ હતો. આપણા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના તેઓ મેમ્બર હતા. તેમજ કપડવણજની મ્યુનીસીપાલીટીના તેઓ કમીશનર હતા. તેમના જીવનની રૂપરેખા અમો આવતા અમારા નવીન વર્ષના પ્રથમ અંકમાં આલેખીશું. તેમના લઘુભ્રાતા શેઠ કેશવલાલ તથા તેમની બાળવિધવા તથા તેમનાં સગાંસ્નેહીજનોને દિલાસો મળો અને તેમના અમર આત્માને શાન્તિ મળો એવું અમો પ્રભુ પ્રત્યે પ્રાર્થીએ છીએ.

---

આ વર્ષે યુનીવર્સીટી તથા કૉલેજની પરીક્ષામાં આ સંસ્થા તરફથી બેઠેલા વિદ્યાર્થીઓનું પરિણામ નીચે પ્રમાણે આવ્યું છે.

| બેઠેલા | પસાર | બેઠેલા | પસાર | બેઠેલા | પસાર |
|---|---|---|---|---|---|
| ૨ બી. એ. | ૨ | ૪ ફર્સ્ટ મેડીકલ | ૨ | ૧ જુનીયર બી કોમર્સ | ૧ |
| ૩ ઇન્ટરઆર્ટસ | ૨ | ૪ ઇન્ટર કોમર્સ | ૩ | ૨ જુનીયર બી. એ. | ૨ |
| ૧૧ સર્ટીફીકેટ (પ્રીવયસ) | ૧૧ | ૧ સેકન્ડ યિર ડાકટરી | ૧ | | |

૨૮ વિદ્યાર્થીઓમાંથી ૨૪ પસાર થયા છે. બી. એ. માં એક વિદ્યાર્થી ઑનર્સ સાથે સેકન્ડ કલાસમાં, પ્રીવીયસમાં ત્રણ અને ઇન્ટર કોમર્સમાં એક વિદ્યાર્થી સેકન્ડ કલાસમાં આવેલ છે. પરિણામ લગભગ ૮૬ ટકા આવ્યું છે.

લી. સેવક,

મોતીચંદ ગિરધરલાલ કાપડીયા,

ઓનરરી સેક્રેટરી.

---

**ભેટ**—સર્વે જૈન ગ્રેજ્યુએટો, જૈન પાઠશાળા અને લાયબ્રેરીઓને અત્રેના સુપ્રસિદ્ધ, શેઠ જગાભાઈ દલપતભાઈ બી. એ. તરફથી Concentration (ધ્યાન)ની બુક કે જેની અંદર હર્બટ વોરન સાહેબની પ્રાઇવેટ નોટ ઉપરથી ચિકાગો ધાર્મિક પાર્લામેન્ટમાં ગએલા જૈન ધર્મના પ્રતિનિધિ મર્હુમ બેરીસ્ટર વીરચંદ રાઘવજી ગાંધી B. A. M. R. A. C. નાં લખેલાં તત્ત વિષયને લગતાં બાર લેકચરો (ભાષણો)નો સમાવેશ કરવામાં આવ્યો છે, તે બુક ભેટ આપવાની છે. તેના પ્રગટ કર્તા રા. વકીલ છોટાલાલ કાળીદાસ ગાંધી છે. પરગામથી મંગાવનારે ટપાલ ખર્ચને માટે ૦-૦-૬ ની ટીકીટ મોકલી આપવી.

**વ્યવસ્થાપક–બુદ્ધિપ્રભા, થંગપોળ–અમદાવાદ.**

---

**સુધારો:** "વસંતપર્યાય" ના લેખક રા. હંસલ અને "ભરતખંડ કે આર્યાવર્ત" ના લેખક રા. પાદરાકર એમ વાંચવું.

# बुद्धिप्रभा.

## ( The Light of Reason)

ब्रह्मानन्दविधानके पटुतरं शान्तिग्रहद्योतकम् ।
सत्यासत्यविवेकदं भवभयभ्रान्तिव्यवच्छेदकम्
मिथ्यामार्गनिवर्तकं विजयतां स्याद्वादधर्मप्रदम् ।
लोके सूर्यसमप्रकाशकमिदं ' बुद्धिप्रभा ' मासिकम् ॥

પુસ્તક ૯ મું. ] જાનેવારી, ફેબ્રુઆરી, માર્ચ સને ૧૯૧૭. [ અંક ૧૦-૧૧-૧૨ મો.

## महावीर स्तुति.

જય જય શ્રી મહાવીર, રટણ કરૂં નિશદિન હે ! પ્રભુ ત્હારૂં;
કરૂણા સિન્ધુ પ્યારા, કરૂણા જગત જીવો ઉપર કરજો. ૧
વૈર વિરોધ કાપો, જગતમાં શાન્તિ સઘળે કરજો;
જગ ઉદ્ધારક તારક, અરજી આ ઉરે પ્રભુ ધરજો. ૨
વિઘ્ન વિલય પામો, શાસનની અભિવૃદ્ધિ કરજો;
તુજ પંથે વિચરવા, સદ્બુદ્ધિ અમને પ્રભુ દેજો. ૩

રા. અમૃતલાલ વાડીલાલ. ઉપદેશક.

## वसन्त पर्याय.

( બંગ કવિવર સર રવીન્દ્રનાથ ઠાકુરના " The Cycle of Spring " નો અનુવાદ )

**વૈરાગ્ય-સાધન.**

રાજા માનસિક વૈકલ્યગ્રસ્ત છે. એનો પ્રથમ શ્વેત કેશગત નિશામાં રાણીની દૃષ્ટિએ પડયો. સંગીત બંધ થયું છે, વિદેશીય એલચીને મુલાકાત નથી મળતી, વિગ્રહવૃત્તાંત લાવેલ સેનાપતિને અભિમુખ આપવાની પરવાનગી નથી. કવિને પ્રસ્થાપન કર્યો છે, આશિષ આપવા આવેલ શ્વશુર પણ નિરર્થક વાટ જુએ છે. રાજા માને છે કે સ્થિતિ રૂએ બ્રહ્માંડ-ત્યાગ કરવાનો અભિયોગ થયો છે, અને પરિત્યાગ-પંથમાં મદદ કરવા વેદપારાંગત મહાન પવિત્ર શ્રુતિભૂષણને બોલાવે છે. રાજા ન્યાયમંદિરમાં આવવાની ના કહેવાથી રાજયવહિવટ કેમ ચલાવવો એની રાજ્ય પ્રધાનને સુઝ પડતી નથી. ભૂમિપર સર્વત્ર દુષ્કાળ સામ્રાજ્ય ચલાવે છે.

અને રાજમહેલનાં દ્વાર સમીપ બુભુક્ષિત જન મહારવ કરી રહ્યાં છે. પ્રસ્તુત માનસિકાવસ્થામાં આ વિપ્લવકારક રાજાને લાગે છે. શ્રુતિભૂષણ આવે છે અને કેવલ અનુયોગથી ઉત્પન્ન થતી માનસિક પ્રશાંતિ મેળવવાના રાજાના નિશ્ચયને અનુમોદન આપી ઉત્તેજન આપે છે. જમીન અને ગાયોનું દાન કરી રાજા પ્રનામ બક્ષે છે.

પછી કવિ આવે છે અને ભૂમિપર સંગીત પુનઃ લાવે છે ને જીવનમાં કાર્યને ઉત્સાહ પ્રેરે છે—રાજાનું વય થયા છતાં એ સર્વ નીચેના—

**ફાલ્ગુની**

નામક નાટકમાં છે, જેમાં સર્વને સંતોષકારક રીતે સાબીત કરવામાં આવ્યું છે કે નવીન એ ચિરંજનની પુનરૂક્તિ છે કે જેનો પ્રથમ પ્રવેશ **આસ્ફોટ** નાયક છે. દ્વિતીય પ્રવેશ **અન્વેષણ**, તૃતીય પ્રવેશ **સંદેહ** અને છેલ્લો પ્રવેશ **પ્રાપ્તિ** છે, પ્રત્યેક પ્રવેશ સંગીતા મુખથી શરૂ થાય છે.

---

**નાટકનાં પાત્રો.**

| | |
|---|---|
| **યુવકમંડળ.** | જીવન રહસ્ય નિરૂપકો. |
| **ચન્દ્રહાસ.** | જીવન શ્રી ભૂમિકા વર્તમાન મંડળનો વલ્લભ. |
| **નાયક.** | જીવન–હેતુ |
| **દાદા ( જયેષ્ટ ભ્રાતા )** | મંડળનો પ્રસ્તપુરૂષ. એ પ્રતિબંધ રાખે છે, સંયમ રાખે છે અને મનિયાપ્રકૃતિ છે. |
| **બાઉલ.** | દૃષ્ટિથી અનાકુલ થઇ સત્ય જીવનનો અંધગાયક ને નિરીક્ષક. |
| **નાવિક રક્ષક ને અન્ય.** | |
| **વસન્તાગ્રેસરો.** | બાલકો ને બાલિકાઓથી અભિનત સુમનો, કુળાં પર્ણો ને ન્હાનાં પક્ષીઓ. |
| **હેમંત ને ત્હેનું મંડળ.** | |

---

## પ્રથમ પ્રવેશની સંગીત પ્રસ્તાવના.

વસન્તાગ્રેસરો બહિર્ગમન કરે છે. મર્મરરવ કરતાં વાંસના પર્ણોમાં, પક્ષીઓના માળામાં ને વિકાસ પામતી ડાળીઓ વચ્ચે ગાન સુણાય છે.

**વાંસ ગાય છેઃ—**

એ દક્ષિણ પવન ! એ પરિભ્રમક ! પ્રેરો મ્હને.
અને હુલાવો મ્હને,
નૂતન પર્ણના આસ્ફોટમાં પ્રકંપો મ્હને.
ઉંચી એડીએ ઉભો હું, પન્થની બાજુએ નિરીક્ષને
તમ ધીરા કર્ણવાદથી સંત્રસ્ત થવા,
પાદ ન્યાસના સંગીતથી

મ્હારાં પર્ણોમાં હર્ષનું વિધુવન થતું.
ને મ્હારા ગુપ્ત રહસ્યનો બિભેદ થતો.

**પક્ષી ગાય છેઃ—**

વ્યોમ રેડે છે જ્યોતિ મ્હારા અન્તરમાં
મ્હારૂં અન્તર પ્રત્યર્પણુ કરે છે વ્યોમને સંગીતથી.
આઘાત કર્યું દક્ષિણ પવનપર, મુજ સૂરોથી.
એ વિકસન્ત **પલશ** (વનની જ્વાલા)
વાતાવરણ જ્વલિત છે તમ કામુકત્વથી,
રક્ત રંગ્યાં છે મ્હારાં ગાન ત્હમે ત્હમારાં ઉન્માદથી,
એ **શિરીષ** ત્હમે નાંખ્યો છે પરિમલ-પાશ સુદૂર વ્યોમ વિષે,
મ્હારૂં હૃદય મ્હારા કંઠે બિરાજતું.

**વિકસન્ત ચંપક ગાય છેઃ—**

છાયા મ્હારી નાચતી ત્હમારી વિચિમાં,
અનન્ત વ્હેતી તરંગિણી.
હું વિકસન્ત ચંપક, ઉભો છું,
સ્થિર તટ પરે.
મ્હારાં પુષ્પોના પ્રજાગર સહિત,
મ્હારી ગતિ વસે છે ઘનતાક્ષોભમહીં.
નૂતન પર્ણોના સુરસ જન્મમાં,
સુમનોના ઓઘમાં;
જ્યોતિ પ્રતિ જીવનનાં અદષ્ટ યાનમાં,
એના ધ્વનનથી વ્યોમ સંક્ષોભતું, ને
ઉષાની શાન્તિ સરે છે.

## પ્રથમ પ્રવેશ.

યુવકમંડળ ગેહાર્થે બ્હાર પડયું છે. મંડળના પ્રહ્ન પુરૂષના ગંભીર ઉપદેશ ભર્યા ચતુષ્પદ-શ્લોકની શ્રુતિ માટે શ્રોતાઓ જોઇએ. પરંતુ ગંભીર વાક્યો આ ગ્રામ્ય વ્યક્તિઓ પર નિરર્થક જાય છે, અને હાસ્ય ને પ્રમાદ સામ્રાજ્ય ચલાવે છે. તે પછી અનન્ત યૌવનભૂષિત નાયક પ્રવેશ કરે છે, જે આ નાટકમાં નનામો રહેશે. જ્યારે વૃદ્ધ પુરૂષ વિષે એઓ એની આગળ વાત કરે છે ત્યારે એ હસી પડે છે. વસન્તોત્સવાર્થે એ વૃદ્ધ પુરૂષને બંદીવાન તરીકે લાવી આપવાનો ત્હેનો અભિગ્રહ એઓ સ્વીકારે છે.

## દ્વિતીય પ્રવેશની સંગીત પ્રસ્તાવના.

વસન્તાગ્રેસરો હેમંત પાસેથી વયનાં વલ્કલ છીનવી લેવા પ્રયત્ન કરે છે.

એઓ ગાય છેઃ—

નીકળ્યા છીએ ખોળવા અમારા સાથીઓ,
જગાડતા પ્રત્યેક કોણુમાંથી
દિશા અગાડિ.

બોલાવીએ છીએ પક્ષી-ગાનથી, આવાહન કરીએ છીએ,
કંપિત વિટપોથી એમને;
પ્રસારીએ છીએ માયા અમ એમને માટે વ્યોમમાં,
કદી નહીં સટકશો અમ પાસથી ઓ હેમંત !
દીપક અમારો બળતો જણાશે ત્હમને
ખોળો છો તે તિમિરના અનીરમાં યે.

**હેમંત ગાય છેઃ—**

છોડો મ્હને, અહો જવા દ્યો મ્હને,
સજ્જ છું તરણાથી જવા દક્ષિણ સાગર પર થઇ;
શિલીભૂત તટ પ્રત્યે.
હસિત છે અકાલે ત્હમારૂં મમ મિત્રો,—
ગુંથો છો મ્હારા સ્વસ્તિ સૂરો શું;
ત્હમારાં ગાન નવલ આગમનનાં.

**વસન્તાગ્રેસરો ગાય છેઃ—**

જીવનચાર છીએ અમે, સર્વત્ર છૂપતા,
વાટ જોઇએ છીએ લૂંટવાની
ત્હમારાં છેલ્લાં સંચિત મૃતપર્ણો,
વેરતાં દક્ષિણ અનિલોમાં.
બાંધીશું ત્હમને અમે સુમન-શૃંખલાથી,
જ્યાં વસન્ત રાખે છે બંદીઓને.
કાં કે જાણીએ છીએ અમે કે ત્હમે લઇ જાઓ છો,
ત્હમારાં રત્નો સંતાડી ત્હમારા ધૂસર કર્પટે.

## દ્વિતીય પ્રવેશ.

વૃદ્ધ પુરૂષની ખોળમાં યુવકમંડળ નીકળી પડે છે. નાવિકને એઓ પ્રશ્ન કરે છે, પરંતુ એને માર્ગનું જ્ઞાન છે, પથિકોનું નથી. રક્ષકને એઓ પ્રશ્ન કરે છે અને એ કહે છે એનો પ્હેરો રાત્રિનો છે એટલે પથિક માત્ર છાયામય જ જણાય છે. મૂર્ખ દૈત્ય વિષે એ સૂચવે છે. માત્ર એટલીજ બાતમી એઓને મળે છે કે વૃદ્ધ પુરૂષ પ્રકૃતઃ જણાય છે અપ્રતઃ નહીં. તે દરમિયાન ચતુષ્પદશ્લોકકર્તાની સંગતથી નાવિક અને રક્ષક સૌખ્ય ભોગવે છે, એના શ્લોક અત્યંત ઉચ્છિષ્ટ હોવાથી એઓ એને અત્યંત પ્રજ્ઞ માને છે.

## તૃતીય પ્રવેશની સંગીત પ્રસ્તાવના.

હેમંતનું વાસ્તવિક સ્વરૂપ આવિષ્કૃત થાય છે. એના નિભૃત યૌવનની નિવૃત્તિ થવાની તૈયારી છે.

**વસન્તાગ્રેસરો ગાય છેઃ—**

કેવો ગંભીર જણાય છે એ, કેવો હાસ્યાસ્પદ વૃદ્ધ;
કેવો સધૈર્ય વ્યગ્ર છે મૃત્યુ વિધાનાર્થે !

પરંતુ સદન પ્હોંચે તે પ્હેલાં બદલીશું
નેત્ર એનો ને બદલાશે એનું મુખડું.
વિક્ષેપ નાખીશું ગણનામાં એની,
છીનવી શું સ્મૃત એનો મૃત વસ્તુથી ફુલેલો.
ને ત્યાં પ્રકટ થશે,
એનો પ્રમત્ત, અને યુવક.

**એઓ એને ન્હીકવે છે ને ગાય છેઃ—**

એ સમય આવે છે, આવ્યો છે,
જ્યારે જાણશે એ છે એ આપણો પોતાનો;
જ્યારે પ્રમત્ત સ્રોત છૂટશે,
હીમના કૃપણ બન્ધનમાંથી.
ને ઉત્તરાનિલ નૃત્યથી ફરશે.
એ સમય આવે છે, આવ્યો છે.
જ્યારે જાણશે માયામય ડિંડિમ,
જ્યારે હસશે સૂર્ય ફેરફારને;
ત્હમારા ધૂસર નીલ થતાં.

**પછી યુવક વસ્તુઓનું મંડળ આવે છે અને એઓ નીચે પ્રમાણે ગાઇ પરિચયોત્પાદ કરે છેઃ—**

ફરી ફરી કર્યા હતા "પ્રણામ"
પુનરાગમનની આશા ન રાખતાં.
ફરી ફરી દ્વારે પાછા ફર્યા,
"આ કોણ છો ત્હમે ?"—
"હું છું **વકુલ** !"
"અને કોણ છો ત્હમે ?"—
"હું છું **પરૂલ.**"
"અને કોણ છે આ અન્ય ?"—
"અમે છીએ આમ્રપલ્લવો જ્યોતિને તટે રહેલાં."
અમે હસીશું ને જશુ—આવશે અમ સમય ત્યારે,
કાં કે જાણીએ છીએ અમે કે નાંખીએ છીએ
અમારી જાતને
અનન્તની ભુજામાં.

"આ કોણ છો ત્હમે ?"
"હું છું **શિમુલ.**"
"ને કોણ છો ત્હમે ?"—
"હું છું **કામિની.**"
"અને કોણ છે આ અન્ય ?"—

" અમે છીએ અભિસંપાત વૃંદ;
શાલવનનાં નૂતન પર્ણોનું ! "

## તૃતીય પ્રવેશ.

દિન આથમે છે. યુવાન પથિકો કંટાળી ગયા છે, નાયકમાંની આસ્થા કંપિત થાય છે. એઓ ભયભીત થયા છે કે સમક્ષનું જે સર્વ હેમાં ભરોંસો ન રખાય, કે પૃષ્ઠતઃ જે છે હેમાંજ આસ્થા રાખી શકાય. એઓ લગભગ આ સાહસિક પ્રકૃતિમાં છે એટલામાં પ્રશ્ન સૂત્રભર્યાં ચતુષ્પદશ્લોક બનાવવા મનુષ્યો બેસે છે. ત્યાં એક અંધ ગાયકને એના પન્થમાં દોરવા સાથે લઇ મંડળનો વલ્લભ **ચન્દ્રહાસ** આવે છે. દૃષ્ટિથી અનાકુલ હોય ગાયક નીહાળી શકે છે. **વૃદ્ધ પુરૂષ**ને પકડવા ગહ્વરમાં દાખલ થવા **ચન્દ્રહાસ** તૈયાર થાય છે.

## ચતુર્થ પ્રવેશની સંગીત પ્રસ્તાવના.

**હેમંત** વસન્ત તરીકે પ્રાકટ્ય પામે છે. પછી સંતાપક સમક્ષ આમ ખ્યાપન થાય છેઃ—

" હમે કબુલો છો, પરાભવ આખરે
યૌવનને હાથે ? "
" હા ! "
" મળ્યા અંતે હમે વૃદ્ધને
જે સદૈવ બને છે નૂતનહિ ? "
" હા ! "
" આવો છો હમે ભિત્તિમાંથી
જે જીર્ણ છે ?
" હા ! "
" કબુલો છો હમે પરાભવ આખરે
પ્રચ્છન્ન જીવનને હાથે ? "
" હા ! "
" મળ્યા અંતે હમે મૃત્યુમાં અમર્ત્યને ! "
" હા ! "
" ગઇ છે રેણુ જે ચોરે છે
હમારા નગરમાંથી અમર્ત્યને ? "
" હા ! "

## ચતુર્થ પ્રવેશ.

**ચન્દ્રહાસ** ગહ્વરમાં અદૃશ્ય થાય છે. હેનું મંડળ શંકા અને વિષણ્ણતામાં ગ્રસ્ત છે. **ચન્દ્રહાસ** એકદમ ગહ્વરમાંથી બહાર આવે છે અને એના મિત્રો પુનઃસૌખ્ય પામે છે. એઓ અન્વેષણ વિષે પ્રશ્ન કરે છે. બંદિ જે એની પાછળ તરત આવનાર છે હેની વાટ જોવા એ કહે છે; એટલામાં એઓના વિસ્મય વચ્ચે **નાયક** બનતે તાજો ને યુવાન ગહ્વરમાંથી બહાર આવે છે ને **વૃદ્ધ પુરૂષ** કોઇ ઠેકાણે જણાતો નથી.

**વસન્તના પરિજન એની આસપાસ ફરી વળે છે ને ગાય છેઃ—**

બહુ બહુ વાટ જોઇ ત્હમારી પ્રિયતમ,
માર્ગે નિહાળતાં નિહાળતાં, દિન ગણતાં ગણતાં.
ને હાવાં એપ્રીલનાં સુમનો વિકસે છે હર્ષથી.
બાલસૈનિક તરીકે આવો છો ત્હમે
મૃત્યુ દ્વારે જીવન જીતી.
અહો એનું કૌતુક !
વિસ્માપિત બની સુણીએ છીએ અમે
ત્હમારા તરુણ કંઠરવનાં ગાન-
પ્રકાશાવરણ પ્રસરે છે અનિલે
વસન્ત સુમનોની પરિમલ સમું.
પ્રક્ષાળિદા **માલતી** કુસુમની છે તમ કર્ણમાં,
એક જ્વાલા જલે તમ મંદસ્મિતના આવરકમાં,—
અહો એનું કૌતક !
જાણેછે કોણ કયાં તમ સાયક છે
જેથી નિષુદન કરો છો મૃત્યુનું !

**પ્રસ્ત પુરુષ** પોતાનો છેલ્લો ચતુષ્પદ શ્લોક લઇ આવે છે, જે નીચે પ્રમાણેઃ—

ઉભો છે પૂર્વને દ્વાર દિવાકર, એનું
જય–ડિંડિમ ઘોષ કરતું બ્યોમે.
નમન કરે છે કર ધરી હૈયે વિભાવરીને કહે છે
" કૃતાર્થ છું હું, સૌખ્ય છે મ્હારૂં મૃત્યું. "
સ્વીકારે છે તિમિર એનુ સુવર્ણભૈક્ષ્ય
ભરી ભરૂ્યા કરે છે પ્રયાણ. "

**સર્વ ગાય છેઃ—**

આવોને આનન્દે !
કાં કે એપ્રિલ પ્રજાગર છે.
પ્રક્ષેપ કરો તમ જાતનો અસ્તિત્વના ઓઘમાં
બંધન–સ્ફોટનથી ભૂતકાલનાં,
એપ્રિલ પ્રજાગર છે.
તટ રહિત સાગર જીવનનો લોલ છે સૂર્ય પ્રકાશે
નષ્ટ છે સર્વ ક્ષય ને વિચિમાં ડૂબ્યું છે મૃત્યુ.
ઝંપલાવો અગાધે બની ભયહીન
તમારા રૂધિરમાં એપ્રિલના આહ્‌લાદ સહિત.

**રસબાલ.**

# પ્લેટોની રાજકીય વિચારણા.

( અપૂર્ણ. )

પ્લેટો પોતાના રાજકીય વિચારોનું સંપૂર્ણ વિવેચન ભિન્ન ભિન્ન પુસ્તકોમાં ભિન્ન ભિન્ન રીતે કરે છે. એનાં લખેલાં પુસ્તકોમાં ' રિપાબ્લક ' નામક પુસ્તક અત્યંત મનનીય અને ભવ્ય છે.

' રિપબ્લિક ' શબ્દ હાલમાં પ્રજા સત્તાક રાજ્યપદ્ધતિના અર્થમાં વાપરવામાં આવે છે, પરંતુ પ્લેટોએ એ શબ્દ આ અર્થમાં ન વાપરતાં રાજ્ય સંસ્થાન ( State )ના અર્થમાં વાપર્યો છે. પોતાના 'રિપબ્લિક' ગ્રંથમાં મનોરથ રાજ્ય પદ્ધતિ ideal ( Government ) નિર્માણ કરવાનો પ્લેટોએ પ્રયત્ન કર્યો છે, આ પુસ્તકનું બીજું નામ ' ન્યાય વિષે ' ( concerning Justic ) છે. ન્યાય એટલે શું ? અને ન્યાયાન્યાયના પરિણામ તરફ ન જોતાં ન્યાય વસ્તુતઃજ જાતેજ અન્યાય કરતાં સુખાવહ છે કે શું ? આ પ્રશ્નોનું વિવેચન કરવું એ આ ગ્રંથનો મુખ્ય ઉદ્દેશ છે. પરંતુ ન્યાયનો સદ્ગુણ, જેમ વ્યક્તિમાં આવે છે તેમ સમાજમાં પણ આવે છે—અરે સમાજમાં એ વધારે સ્પષ્ટતાથી દેખાઈ આવે છે. એટલે સમાજની ઉત્ક્રાંતિ થવા માટે ઉત્તમ રાજ્ય પદ્ધતિ કઈ, એ ઉત્તમ રાજ્ય પદ્ધતિ ચિરકાલ ટકે માટે રાજ્ય કર્તાઓનું શિક્ષણ કેવું હોવું જોઈએ ઇત્યાદિ મુદ્દાનાં અનુષણથી વિચાર કરી ન્યાયનું ખરૂં સ્વરૂપ અને નૈસર્ગિક સુખાવહત્વ બતાવવાનો પ્લેટોએ પ્રયત્ન કર્યો છે. Survival of the Filtest બલવીનું હિત એ ન્યાય ( Justice is the interest of the stronger ) ઇત્યાદિ ન્યાય વિષે પ્રચલિત કલ્પના ખોટી છે એ બતાવી, ન્યાયનું ખરૂં સ્વરૂપ જોવા અને ન્યાય સ્વતઃસિદ્ધ સુખાવહ છે કે નહીં એ ઠરાવવા, મનોરથ રાજ્ય પદ્ધતિ બનાવવી શક્ય છે. એમ કહી એ બનાવવા પ્લેટોએ આસ્તા કર્યો છે. મનુષ્યને પરસ્પર જરૂરીયાત લાગે છે માટે સમાજ અસ્તિત્વમાં આવે છે. પ્રત્યેક વ્યક્તિમાં વિશિષ્ટ પ્રકારનો ગુણ કિંવા વૃત્તિ હોય છે અને તદનુરૂપ એ ધંધો અથવા ઉદ્યોગ કરે છે, અને એ રીતે નૈસર્ગિક પાત્રતા ( Natural aptitude ) ના તત્વપર રહેલી શ્રમવિભાગ પદ્ધતિનો ફાયદો લઈ સમાજ પોતાનું જીવન ચલાવે છે. પરંતુ કાલાંતર પછી સમાજ મ્હોટો થઈ ત્હેના તાબામાં આવેલી જમીન ત્હેને ચાલી રહેતી નથી, અને પાડોશીની થોડીક જમીન લેવાની ઇચ્છા ઉત્પન્ન થાય છે અને આથી સૈનિક કિંવા ક્ષત્રીય વર્ગ નિર્માણ થાય છે. જેમ સર્વેજ વ્યક્તિ શેત કરી અથવા તો વ્યાપારી થવા પાત્ર નથી હોતી તેમજ સર્વેજ સૈનિક થવા પાત્ર હોતી નથી. વળી યુદ્ધકલા અન્ય કલાઓ કરતાં અધિક કઠિન અને મહત્વની છે. એટલે જેના અંગમાં નૈસર્ગિક ક્ષત્રિયત્વ હોય તેઓનેજ સૈનિક બનાવવા જોઈએ. આ સૈનિક રાજ્ય સંરક્ષક ( Gualians of chtsbie ) થાય અને નિમણૂક કરી પાત્રતાથી તેની પછી ત્હેને ઉત્તમ પ્રતીનું શિક્ષણ આપવું જોઈએ. આ રાજ્ય સંરક્ષકના અંગમાં સ્વાભાવિક રીતેજ ઓજસ્વીને સૌમ્ય સદ્ગુણોનું યોગ્ય સંમિશ્રણ થયું હોઈએ શરીરમાં બલિષ્ટ હોવો જોઈએ અને તેના અંતમાં ચપલતા ધૈર્ય વિગેરે ગુણ હોવા જોઈએ. એ પોતાના દેશબાન્ધવો સાથે ઐક્ય અને પ્રેમથી રહેનાર અને શત્રુને નિષ્ઠુરપણે શાસન કરનાર હોવો જોઈએ. અને આ ત્હેના નૈસર્ગિક ગુણોનો સુષ્ઠુ વિકાસ થાય માટે તેના ન્હાનપણથી ઉત્તમ પ્રકારનું શારીરિક, બૌદ્ધિક, નૈતિક અને ધાર્મિક શિક્ષણ આપવું જોઈએ.

ઉપર પ્રમાણે સૈનિકવર્ગને ઉત્તમ શિક્ષણ આપ્યા પછી એમાંથી જે વયોવૃદ્ધ હોઇ દેશસેવામાં વિશેષ નિષ્ઠાવંત હોય પોતાના દેશબાંધવોનું સુખ એજ પોતાનું સુખ, તેથી વ્યતિરિક્ત પોતાનું અન્ય સુખ નહીં, એમ જે વિશેષતાથી માનતો હોય ત્હેની નિમણૂક કરવી જોઇએ; અને પછી એને ભિન્ન ભિન્ન પરિસ્થિતીમાં ભિન્ન ભિન્ન પ્રકારની કસોટી કરવી: ત્હેની સખ્ત પરીક્ષા લીધા પછી ત્હેમાંથી જેની દેશભક્તિ, નિશ્ચય, ધૈર્ય વગેરે સદ્ગુણ અચલ રહી શકે ત્હેનાજ હાથમાં રાજ્યસૂત્ર આપવાં જોઇએ. ખરેખર જોતાં આ રાજકર્તાના વર્ગનેજ રાષ્ટ્રરક્ષક ( Guardians of the State ) નામ આપવું અને બાકીના સૈનિકોને સાહાય્યક ( Auxiliaries ) નામ આપવું. રાષ્ટ્રરક્ષક રાજ્યકારભાર ચલાવે; એ સાહાય્યક પર અને સામાન્ય જન પર પ્રેમ રાખી તેઓમાં વિશ્વાસ વધારી રાષ્ટ્રનું શત્રુથી સંરક્ષણ કરે અને આ રીતે રાષ્ટ્રીય સ્વાતંત્ર્યના ઘટક ( (artifices of freedom ) બનાવે. સાહાય્યકો અને સામાન્ય જનો રાજપ્રકરણમાં વિક્ષેપ ન કરતાં રાષ્ટ્રરક્ષકની આજ્ઞા પ્રમાણે ચાલી પોત પોતાના ઉદ્યોગ ધંધા યોગ્ય રીતે ચલાવે. વ્યક્તિમાં કિંવા રાષ્ટ્રમાં ચાર ગુણ હોવા જોઈએ; તે નીચે પ્રમાણે:—જ્ઞાન ( Wisdom ); ધૈર્ય ( Courage ); નિયમ ( Temperence ) અને ન્યાય ( Justice ) એટલે પ્રત્યેક વ્યક્તી અથવા વર્ગ બીજાના કામમાં માથું ન ઘાલતાં પોત પોતાનું કામ ચોખ્ખા રીતે કરે. ન્યાય ( Justice ) એ શબ્દ પ્લેટોએ વિશેષ અર્થમાં વાપર્યો છે. એનું ભાષાંતર 'સ્વધર્મ' એ શબ્દથી કરીએ તો ખોટું ન ગણાય. જે અર્થમાં ભગવદ્ગીતામાં 'સ્વધર્મ' શબ્દ વાપર્યો છે તેજ અર્થમાં પ્લેટોએ Justice શબ્દ વાપર્યો છે. વારુ: ઉપર કહ્યા પ્રમાણે રાજ્યવ્યવસ્થા અમલમાં આવી એટલે જ્ઞાન ( Wisdom ) નો સદ્ગુણ રાષ્ટ્રસંરક્ષકના વર્ગમાં વિશેષ રીતે આવશે; ધૈર્યનો સદ્ગુણ સાહાય્યકના વર્ગમાં વિશેષ રીતે આવશે; નિયમનો સદ્ગુણ સામાન્ય લોકોમાં વિશેષ આવશે; અને ન્યાય કિંવા સ્વધર્મનિષ્ઠા ત્રણે વર્ગમાં સાંપડશે. આવી રાજ્યવ્યવસ્થા અને સમાજવ્યવસ્થા જે રાષ્ટ્રમાં હોય તે રાષ્ટ્ર સર્વગુણસંપન્ન હોઈ સુખી કહેવાય.

રાષ્ટ્ર સંરક્ષકોની ઉપર પ્રમાણે નિમણુક કરી એઓના હાથમાં અધિકારસૂત્ર આપ્યા પછી એક દંતકથા ઉત્પન્ન કરી સર્વના હાડમાંસમાં ખીલવવી જોઈએ એવું પ્લેટોનું કહેવું છે અને વિશેષતઃ સામાન્ય લોકોનાં મન પર આરંભથી એવું ઠસાવવું જોઇએ કે સર્વ વર્ગમાંના લોક—એટલે રાષ્ટ્ર સંરક્ષક, સાહાય્યક અને સામાન્યજન પોત પોતાના ગુણસહ ધરણીના ઉદરમાંથી નિર્માણ થયા છે. માટે સર્વેએ પોતાના દેશને માતા માની ત્હેનું શત્રુથી રક્ષણ કરવું જોઇએ, અને ત્હેની સદૈવ સેવા કરવી જોઇએ. સર્વ એક જ માતાનાં હોઇ સર્વ બંધુ છે પરંતુ ત્હેના રચનામાં પરમેશ્વરે ભેદ કર્યો નથી. રાષ્ટ્રસંરક્ષકોને એણે સોનાના બનાવ્યા છે સાહાય્યકોને રૂપાના અને સામાન્ય લોકોને લોખંડ અથવા પિત્તળના બનાવ્યા છે. આ પરમેશ્વરના કરેલા નૈસર્ગિક ભેદને લીધે કોઇ રાષ્ટ્ર સંરક્ષક તો કોઇ સાહાય્યક થવા પાત્ર થયા છે. બહુધા સોનેરી માતપિતાને સોનેરી બાળકો અવતરશે અને રૂપેરી માતપિતાને રૂપેરી બાળકો અવતરશે અને એવી રીતે રાષ્ટ્ર સંરક્ષકોની અને સહાય્યકોની પરંપરા કાયમ રહેશે. પરંતુ એકજ કુટુંબમાં આ ભેદ હોઈ કોઇ કોઇ વાર સોનેરી માતપિતાને રૂપેરી બાળકો અવતરશે. રૂપેરી માતપિતાને સોનેરી બાળકો અવતરશે તેમ જ લોહપિત્તલનાં માતપિતાને સોનેરી અથવા રૂપેરી બાળકો અવતરશે. વાસ્તવ પરમેશ્વરનું રાષ્ટ્રસંરક્ષકોને એવું કહેવું છે કે તેઓએ રાષ્ટ્રનાં સર્વ બાળકોના ગુણ ધર્મની શુદ્ધ પરીક્ષા કરી સોનેરી માતપિતાને રૂપેરી

કિંવા લોહપિત્તળનાં બાળકો અવતર્યાં છે એવું જાણવામાં આવતાં, અથવા આથી ઉલટા પ્રકારની જાણ થતાં ઉપલા વર્ગનાં બાળકોને નીચલા વર્ગમાં અને નીચલા વર્ગનાં બાળકોને ઉપલા વર્ગમાં, પ્રેમાંધ ન થતાં, નિઃપક્ષપાતથી મૂકવાં જોઇએ. કારણ, રાષ્ટ્રસંરક્ષણનું કામ સદૈવ સોનેરી માણસોના હાથમાં હોવું જોઇએ; એ રૂપેરી કિંવા લોહપિત્તળનાં માણસોના હાથમાં જવાથી રાષ્ટ્રનો નાશ થયા વિના રહેશે નહીં એ દંતકથા સર્વનાં મન પર રાષ્ટ્રસંરક્ષકોએ ઠસાવવી જોઇએ એમ લોકોનું કહેવું છે. સાધારણ રીતે લોક દંતકથા પર ભરોસો રાખવા એટલા તત્પર હોય છે કે દંતકથાનો પ્રસાર કરવામાં શરૂઆતમાં જોકે વખત લાગશે તો પણ કાલાંતરે એ સર્વને ખરી જ લાગી એનું સર્વનાં મન પર અને આચરણ પર પૂર્ણ પરિણામ થયા સિવાય રહેશે નહીં.

ઉપર કહ્યું જ છે કે જે જાતિ જ રાષ્ટ્રસંરક્ષક થવાને પાત્ર છે, ત્હેને ઉત્તમ તરેહનું શિક્ષણ આપવું જોઇએ એવું પ્લેટોનું મત છે. પરંતુ માત્ર શિક્ષણથી જ એ ગુણોનો વિકાસ થઈ એ સદૈવ શુદ્ધ રહેશે એવું પ્લેટોને લાગતું નથી. શિક્ષણના કાર્યને અનુકૂળ પરિસ્થિતિની પણ મદદ જોઇએ. માટે ત્હેની રહેણી, અને ત્હેની હમેશની જીવનપદ્ધતિ એવી જોઇએ કે, ત્હેના સુવર્ણને કશાનુ પણ યત્કિંચિત્ સુદ્ધાં કલંક લાગે નહીં. ત્હેનાં ખાનગી ઘર ન હોવાં જોઇએ કે ખાનગી સંપત્તિ પણ ન હોવી જોઇએ; ત્હેની સર્વ રહેણી સૈનિક જેવી હોવી જોઇએ; સર્વેએ એકત્ર રહેવું જોઇએ અને ભોજન પણ એકત્ર જ કરવું જોઇએ. જરૂર ઉપરાંત એઓને વેતન આપવું નહીં; એઓએ સોના રૂપાના દાગીના વાપરવા નહીં અથવા સોના રૂપાનાં વાસણમાં પાણી સુદ્ધાં પીવું નહીં—અરે એઓએ સોના રૂપાનો સ્પર્શ પણ કરવો નહીં તેમ જ તેઓને સ્વતંત્ર વધૂ પુત્રો પણ હોય એ કામનું નહીં. આનો અર્થ સ્ત્રી-પુરૂષનો વ્યવહાર ફાવે તેવો થાય એવો નથી. પરંતુ રાષ્ટ્રસંરક્ષકોએ અને સાહાય્યકોએ પૂર્ણ પણે લક્ષમાં રાખવું જોઇએ કે, સ્ત્રીપુરૂષની સંગતીનો હેતુ વિષયસુખ ન હોઇ ઉત્તમ પ્રજોત્પત્તિ છે. એટલા માટે રાષ્ટ્રસંરક્ષકોએ પોતાના નૈસર્ગિક જ્ઞાનબળથી એવી કંઇ યોજના કરવી જોઇએ કે, સ્ત્રીપુરૂષનો જે સંગમ થાય તે સર્વોપરિ પરસ્પર અનુરૂપ સ્ત્રીપુરૂષ વચ્ચે જ થાય અને તે પણ યોગ્ય કાળે અને યથાવિધિ થાય; આવા સંગમથી ઉત્પન્ન થયેલાં બાળકો પ્રસૂતિ થતાંની સાથે એકત્ર રાખવાં અને માતાએ ત્યાં જઈ બાળકોને સ્તનપાન કરાવવું; પરંતુ અમુક બાળક મ્હારૂં જ અને અમુક બીજીનું એવી જાણ કે ઓળખાણ માતાને હોવી ન જોઇએ. સારાંશ ખાનગી કુટુંબ, ખાનગી મિલકત વગેરે જે ખાનગી બંધનો હોય છે, અને જેને લીધે સ્વાર્થ બુદ્ધિ ઉત્પન્ન થઇ લોક પોતાનાં રાષ્ટ્રીય કર્તવ્ય વિસારી જાય છે, તે સર્વ બંધનોથી રાષ્ટ્રસંરક્ષક અને સાહાય્યક તદ્દન મુક્ત હોવા જોઇએ, એવું પ્લેટોનું મત છે, "**राष्ट्रमेव कुटुंबकम्**" એવી રાષ્ટ્રસંરક્ષકોની અને સાહાય્યકોની માત્ર ભાવના હોય એ ઉપયોગનું નહીં. એ ભાવનાની પોષક અને સંવર્ધક એની જીવનપદ્ધતિ પણ હોવી જોઇએ.

પ્લેટોના મત પ્રમાણે સ્ત્રિયોના અંગમાં પુરૂષો પ્રમાણેજ સર્વ કામ કરવાની પાત્રતા છે. સ્ત્રી પુરૂષ વચ્ચે પરમેશ્વરે મૂલભૂત નૈસર્ગિક ભેદ ઉત્પન્ન કર્યો છે, અને ગૃહકૃત્ય સિવાય બીજાં કામો કરવા સ્ત્રીઓ જાતે જે અસમર્થ છે એ પ્રચલિત કલ્પના પ્લેટોને જરા પણ પસંદ નથી. એટલુંજ નહીં પરંતુ આવી યોજના નૈસર્ગિક યોજનાની વિરૂદ્ધ છે. એવું પ્લેટોનું સ્પષ્ટ

મત છે. સ્ત્રી પુરૂષ વચ્ચે જો કોઇપણ નૈસર્ગિક ભેદ હોય તો તે એક જ છે. તે એ કે એકંદરે પુરૂષ સ્ત્રી કરતાં શ્રેષ્ઠ છે. પરંતુ તેથી તેઓનાં કાર્ય તદ્દન ભિન્ન અને અલગ છે એવું કંઇ છે નહીં; જે જે કાર્ય પુરૂષ કરી શકે તે તે કામ સ્ત્રીયો પણ કરી શકે, ઉત્તમ સ્ત્રી ઉત્તમ પુરૂષ સાથે બરોબરી કરે નહીં; પરંતુ સેંકડો સ્ત્રીયો સેંકડો પુરૂષો કરતાં શ્રેષ્ઠ છે. વરિષ્ઠ પ્રતિના સ્ત્રીયો જો વરિષ્ઠ પ્રતિના પુરૂષ સાથે બરોબરી કરી શકે નહીં તો એઓ મધ્યમ પ્રતીના પુરૂષો કરતાં શ્રેષ્ઠ ગણાય. માટે સ્ત્રી પુરૂષનાં કાર્યો ભિન્ન છે અને પરસ્પર એક બીજાનાં કાર્યમાં માથું ઘાલવું નહીં એ કલ્પના જુઠી છે. રાજ્યકારભાર હો કિંવા સમરાંગણ પર શત્રુ સાથે ટક્કર લેવાની હો, કિંવા કોઇ પણ ઉદ્યોગ ધંધા હો કિંવા કોઇ પણ સાર્વજનિક કૃત્ય હો—એવું કોઇ પણ કાર્ય નથી કે તે કરવામાં સ્ત્રીયો કુદરતી રીતે અસમર્થ છે; અને આવી સ્ત્રી પુરૂષની એકંદર સામાન્ય સમતા હોવાથી કોઇ કોઈ સ્ત્રીયો પુરૂષો પ્રમાણે જ રાષ્ટ્ર સંરક્ષકનું અને સાહાય્યકનું કામ બજાવવા સમર્થ છે. અને તેથી આવી સ્ત્રીયોની પુરૂષો પ્રમાણે નિમણુક કરીને તેઓની યોજના કરવી જોઇએ. જે સ્ત્રીયો રાષ્ટ્ર સંરક્ષક થવાને પાત્ર હોય તેઓને રાષ્ટ્ર સંરક્ષકની જગ્યાએ નીમવાં જોઇએ, અને રાજ્યકારભાર, પુરૂષ રાષ્ટ્ર સંરક્ષક અને સ્ત્રી રાષ્ટ્ર સંરક્ષક એ બન્નેએ મળી કરવો જોઇએ. આ રાષ્ટ્ર સંરક્ષક વર્ગમાંનાં સ્ત્રી પુરૂષોએ ઉપર કહ્યા પ્રમાણે એકત્ર રહેવું જોઇએ અને તેઓના સર્વ વ્યવહાર એકત્ર જ થવા જોઇએ. જે અર્થે સ્ત્રીયો પુરૂષો પ્રમાણે રાષ્ટ્ર સંરક્ષક અને સાહાયક થવાને પાત્ર છે, તે અર્થે પુરૂષો પ્રમાણે જ તેઓને પણ શિક્ષણ આપવું જોઇએ. સ્ત્રી પુરૂષોના શિક્ષણમાં કંઇ પણ ભેદ રાખવો એ સારૂં નહીં. પુરૂષો પ્રમાણે જ એઓને પણ યુદ્ધશાસ્ત્ર અવગત જોઇએ. એઓએ પણ તાલીમ કરવી જોઇએ, અને મર્દાની ખેલ ખેલવા જોઇએ. તેઓનું બૌધિક નૈતિક અને ધાર્મિક શિક્ષણ પણ પુરૂષોનાં શિક્ષણ પ્રમાણે જ હોવું જોઇએ. લડાઇ ચાલતી હોય ત્યારે સ્ત્રી રાષ્ટ્ર સંરક્ષકોએ અને સાહાય્યકોએ પુરૂષ રાષ્ટ્ર સંરક્ષક અને સાહાય્યકની સાથ સમરાંગણ પર જવું જોઇએ એટલુંજ નહીં, પણ બાળકોને ન્હાનપણથી લડાઇનો અનુભવ થાય અને એઓને એની ભીતિ લાગે નહીં માટે એઓને પોતાની સાથે લેવાં જોઇએ. વારૂ: સ્ત્રીયોની યોગ્યતા વિષે પ્લેટોનું ઉદાત્ત મત હતું એ ઉપલા વિચારો પરથી સ્પષ્ટ રીતે દીસશે.

હવે આ રાજ્યવ્યવસ્થા કેટલી શક્ય છે એ પ્રશ્ન રહ્યો. એનો ઉત્તર દેતાં પ્લેટો કહે છે. " આ રાજ્યવ્યવસ્થા પૂર્ણ પણે શક્ય ન હોય પરંતુ જે પ્રમાણે એકાદ કુશલ ચિત્રકારે પોતાનું હોય તેટલું કૌશલ્ય વાપરી પૂર્ણપણે સુંદર પુરૂષનું ચિત્ર ચીતર્યું હોય પરંતુ હેનાથી એ ચિત્ર પરથી ખરો પુરૂષ બતાવી શકાય નહીં પણ તેટલાથી એના ચિત્રની યોગ્યતા કમી થતી નથી, તે પ્રમાણે જ આ જે અત્યુત્તમ રાજ્યપદ્ધતિ મ્હેં જણાવી છે તેવી રાજ્ય-પદ્ધતિ આબેહુબ કોઇપણ સ્થળે મળી આવતી નથી, તોપણ તેટલા પરથી હેનું શ્રેષ્ઠત્વ કમી થાય છે એમ નથી. કલ્પના કદી પણ પૂર્ણપણે અમલમાં લાવી શકાતી નથી; વાણી પ્રમાણે સર્વથૈવ કૃતિ હોઇ શકતી નથી, અને પ્રત્યક્ષ સૃષ્ટિ હમેશાં સત્ય સૃષ્ટિ કરતાં ઓછી જ હોવાની: એટલે મ્હારી મનોરથ રાજ્યપદ્ધતિ સરખી રાજ્યપદ્ધતિ કોઇ પણ ઠેકાણે હાલ મળી આવે નહીં એમાં નવાઈ નથી. તથાપિ જો તત્વવેત્તાઓના હાથમાં રાજસત્તા આવે કિંવા રાજ્યકર્તાઓ તત્વવેત્તા બને, તો ઉપલી રાજ્યપદ્ધતિ પૂર્ણ પણે જો નહીં તો લગભગ

એવીજ અમલમાં લાવવી શક્ય ખરી. વાસ્તવ પ્રથમતઃ તત્વવેત્તાઓના હાથમાં રાજ્યસૂત્ર આપવાં જોઇએ કિંવા રાજ્યકર્તા તો તત્વવેત્તા થવા જોઇએ. ”

[ Until philosophers are kings, or the kings and princes of world have the spirit and power of philosophy, and political greatness and wisdom meet in one and those common natures who follow either to the exclusion of the other are compelled to stand aside, either will never cease from ill—no, nor the human race as I believe—and then only will our state have a possibility of life and behold the light of Day. ]

રાષ્ટ્રમાં ઉત્તમ પ્રકારની રાજ્યપદ્ધતિ સ્થાપી રાષ્ટ્ર ગુણસંપન્ન અને સુખી કરવા રાજ્ય સૂત્ર તત્વવેત્તાના હાથમાં આપવાં જોઇએ એ પ્લેટોનો મુખ્ય સિદ્ધાંત છે. આ સિદ્ધાંત, સૉક્રેટીઝનું જે તત્વ કે, જે જ્ઞાની હોય તેઓએજ રાજ્યકારભાર ચલાવવો એ તત્વથી ભિન્ન નથી. વધારામાં એ તત્વનો એ અનુવાદ છે એ ખુલ્લું છે. આ સિદ્ધાંત ગ્રીક લોકોમાં તે વખતે જે રાજકીય વિચાર પ્રચલિત હતા તેથી વિરૂદ્ધ હતો. તત્વવેત્તાને નામે જેઓની તે વખતે ખ્યાતિ હતી તેઓમાંના ઘણા ખરા જણ જો કે લબાડ નહીં હોય તોપણ ચમત્કારિક હતા, અને બાકીના લગભગ સરખાજ એટલે નિરૂપયોગી હતા—એવી ગ્રીક લોકોની તત્વવેત્તા વિષે સામાન્ય માન્યતા હતી. આથી રાજ્યકારભાર ચલાવવા સમર્થ ખરા તત્વવેત્તા કોણ એના પ્લેટોએ વિચાર દર્શાવ્યા છે. ખરો તત્વવેત્તા જ્ઞાનાર્થી હોય છે; ત્હેને સર્વ પ્રકારનું જ્ઞાન સંપાદન કરવાની ઉત્કટ ઇચ્છા હોય છે; ત્હેનું સામાન્ય લોકો પ્રમાણે ઇન્દ્રિયગમ્ય બાહ્ય વસ્તુના જ્ઞાનથી સમાધાન થતું નથી; ત્હેનું તત્વ તરફ લક્ષ હોય છે; અને સત્ય અસત્ય ન્યાય અન્યાય સારૂં નરસું—ઇત્યાદિકનું રહસ્ય ઓળખી લેવા તરફ ત્હેની પ્રવૃત્તિ હોય છે. વિશેષતઃ સાધુત્વનો મર્મ ( idea of the good ) જાણવાની ત્હેને મનસ્વી ઇચ્છા હોય છે. એ સત્યનો ભોક્તા આત્માનંદમાં રત, ઐહિક સુખનો દ્વેષ્ટા, નિર્લોભી, પ્રશાંત, કાર્પણ્ય રહિત, ત્રિકાલજ્ઞ, સર્વવેત્તા અને ઉદારમનસ્ક હોય છે, એની સ્મરણ શક્તિ વિશાળ હોઇ એનું મન અત્યંત મ્હોટું અને વ્યવસ્થિત હોય છે. આવો સર્વગુણ સંપન્ન એકજ તત્વવેત્તા હોય તોપણ ત્હેના હાથમાં રાજ્યસત્તા આપવામાં આવે તો એકલોજ ઉત્તમ રાજ્યપદ્ધતિ સ્થાપન કરી શકે. સામાન્ય લોક તત્વવેત્તાની ઉપેક્ષાને નિર્ભર્ત્સના કરે છે એનું કારણ એ કે, ખરા તત્વવેત્તા તેઓના જોવામાં ક્વચિતજ આવ્યા હોય છે. ઉપર કહેલો ખરો તત્વવેત્તા લોકોને મળવાથી લોક એ કહે તે પ્રમાણે ચાલવા તૈયાર થશે એમાં શંકા નથી. સામાન્ય લોક અજ્ઞાનથી ફસાય છે અને અન્યને અંધ બની વળગી સારાની અવહેલના કરે છે; પરંતુ એઓ જાણી જોઇને કદી પણ ખરાબ જનની બાંહ્ય ધરતા નથી. એઓનું અજ્ઞાન નાબુદ થઇ ખરો તત્વવેત્તા કોણ અને ખોટો કોણ એ એઓ સહમજ્યા પછી એઓ ખરા તત્વવેત્તાના હાથમાં રાજ્યસત્તા આપવામાં કદી પણ પાછી પાની કરશે નહીં.

ખરા તત્વવેત્તાના ગુણ જેમાં દેખાઇ આવે ત્હેની નિમણુક કરી ત્હેને વિશેષ પ્રકારનું બૌદ્ધિક ને નૈતિક જ્ઞાન આપવું જોઇએ, ગણિતશાસ્ત્ર, ભૂમિતિ, જ્યોતિઃ શાસ્ત્ર, ધ્વનિશાસ્ત્ર ઇત્યાદિ તાત્વિક શાસ્ત્રોનું એણે જ્ઞાન સંપાદન કરી પોતાના ત્રીશમા વર્ષથી પાંચ વર્ષ સુધી

નૈતિક શાસ્ત્રનો અને અધ્યાત્મજ્ઞાનનો અભ્યાસ કરવો જોઇએ, અને ત્હેમાં પ્રાવિણ્ય મેળવ્યા પછી પાંત્રીશમે વર્ષે એણે સૈનિક કિંવા અન્ય ખાતામાં નોકરી લઇ વ્યાવહારિક જ્ઞાન ને અનુભવ પ્રાપ્ત કરી લેવા જોઇએ. આવી રીતે એણે ૧૫ વર્ષ ગાળવાં જોઇએ. આમ પચાસ વર્ષના મનુષ્યોમાં જે પોતાના જ્ઞાન અને આચરણમાં ચઢતો હોય એવાના હાથમાં રાજ્યસત્તા આપવી જોઇએ. એ રાજ્યાધિકારારૂઢ થયા પછી એણે પોતાનું બાકીનું આયુષ્ય રાષ્ટ્રસેવામાં અને તત્વજ્ઞાન સેવામાં ગાળવું. આવા જ્ઞાની સુશિક્ષિત, વયોવૃદ્ધ, અનુભવી, સ્વદેશનિષ્ઠ અને સર્વગુણસંપન્ન તત્વવેત્તાના હાથમાં રાજ્યકારભાર આવ્યા પછીની રાષ્ટ્રસ્થિતિ સર્વતોપરિ ઉત્તમ થયા વિના રહેશે નહીં.

પ્રજાસત્તાક રાજ્યપદ્ધતિ સર્વોત્કૃષ્ટ છે એ સિદ્ધાંત પ્લેટોએ પૉલિટિક્સ ગ્રંથમાં પ્રતિપાદન કર્યો છે. એજ સિદ્ધાંતનું ' રિપબ્લિકમાં ' વિસ્તારશઃ વિવેચન કર્યું છે. પરંતુ પ્રજાસત્તાક રાજ્યપદ્ધતિ નિયમબદ્ધ હોવી જોઇએ એનો ' રિપબ્લિક'માં સ્પષ્ટ ખુલાસો કર્યો નથી. ' રિપબ્લિક ' ગ્રંથ પ્રથમ લખેલો અને પછીથી ' પૉલિટિક્સ ' ગ્રંથ લખેલો એ જો ખરૂં હોય તો રાજ્યસત્તા જ્ઞાનીના હાથમાં હોવી જોઇએ એ પ્લેટોનું મત પ્રથમ નિશ્ચિત થયું અને પછી ત્હેને લાગવા માંડયું કે રાજ્યસત્તા જ્ઞાનીના હાથમાં હોવી જોઇએ એટલુંજ નહીં પણ તે નિષ્પ્રતિબંધ હોવી જોઇએ. આવી ત્હેના વિચારોની ઉત્ક્રાંત થઇ હોવી જોઇએ એમ લાગે છે. હશે.

ઉપરની રાજ્યપદ્ધતિ ઉત્કૃષ્ટ હોય એ ચિરસ્થાયી થાય એમાં શંકા નહીં. પરંતુ જેને આદિ છે ત્હેને અંત પણ છે એ તત્વ પ્રમાણે એ ત્રણ કાલાંતરે નષ્ટ થયા વિના રહેશે નહીં ઉત્કૃષ્ટ પ્રજોત્પત્તિશાસ્ત્ર ( Eugenics )ના અને કુલપરંપરા ( Heredity )ના નિયમ એટલા સૂક્ષ્મ છે કે મનુષ્ય ગમે તેટલો જ્ઞાની હોય તોપણ ત્હેની બુદ્ધિ બ્હાર એ ગણાય. એટલે તત્વજ્ઞાની રાજ્યકર્તા ( Philosopher-king ) ગમે તેટલી ખબરદારી રાખે તોપણ વચમાં વચમાં પરસ્પર સ્ત્રીપુરૂષોનો અયોગ્ય સમાગમ થયા સિવાય રહેશે નહીં અને તે પણ યથાવિધિ ને યોગ્ય કાળે થશે નહીં તેથી કનિષ્ટ દરજ્જાની પ્રજા નિર્માણ થશે ને કાલાંતરે શિક્ષણ બગડશે. તે પછી સોનેરી માણસ કયાં, રૂપેરી કયાં અને લોહપિત્તલનાં કયાં એ જાણવાની રાજકર્તાની શક્તિ નષ્ટ થઇ તત્વવેત્તાના હાથમાંથી સત્તા હતી ન હતી થશે. જે પ્રકારની પ્રજા હોય તે પ્રમાણે ત્હેનું રાષ્ટ્ર અને રાજ્યપદ્ધતિ પણ હોય છે ને પ્રજાની અવનતિ થતી ચાલી એટલે રાજ્યપદ્ધતિ પણ અવનત થયા વિના રહેતી નથી. તેથી પ્રથમતઃ ઉપરની રાજ્યપદ્ધતિ દુષિત હોઇ ઓજસ્વી પરંતુ જ્ઞાન રહિત મનુષ્યના હાથમાં સત્તા આવશે. તેઓને યુદ્ધ સિવાય બીજું કંઇ સૂઝશે નહીં. અને યોગ્ય હો ન હો પણ પરકીય લોકપર સ્વારી કરી તેઓની સંપત્તિ લુટી લાવી પોતે ગબ્બર થવું એજ રાજ્યકર્તાનું ઉદ્દિષ્ટ છે એવું એઓને લાગશે. આ રાજ્યપદ્ધતિને સાંગ્રાતિક વૈભવાસક્ત જનસત્તાક રાજ્યપદ્ધતિ ( Dimocracy of Timarchy ) કહે છે. એ પછી અધિકાધિક કનિષ્ટ પ્રતીની જે રાજ્યપદ્ધતિ છે તે નીચે પ્રમાણેઃ—(૧) સધનસત્તાક રાજ્યપદ્ધતિ ( Oligarchy ) એમાં શ્રીમંતોના હાથમાં સર્વ રાજ્યસત્તા હોય છે ગરીબ સર્વસ્વી અધિકારરહિત હોય છે. જે શ્રીમંત તે અધિકારી એ આ પદ્ધતિનું તત્વ છે. (૨) સામાન્ય જનસત્તાક રાજ્યપદ્ધતિ ( Democracy ) શ્રીમંત અધિકારીઓનાં બાળકો પોતાની સર્વ સંપત્તિ મનમાં આવે તેમ વેડરી નાંખી નિર્ધન

અને છે. પરંતુ તેઓને અધિકારની ચટક હોવાથી તે નિર્ધનની સાહાય્યથી રાજ્યકર્તાને પદચ્યુત કરી સામાન્ય જનની રાજ્યસત્તા સ્થાપિત કરે છે. આ નવીન રાજ્યપદ્ધતિમાં સર્વજ માલિક ને રાજ્યકર્તા. સર્વેના હક્ક સરખા ને સર્વેની અક્કલ પણ સરખા. એથી કાલાંતરે અનિયમતા પરમાવધિએ પ્હોંચી સર્વત્ર અવ્યવસ્થા પ્રચલિત થાય છે. આ અવ્યવસ્થાનો ફાયદો લઇ એકાદ બલિષ્ઠ મનુષ્ય આગળ વધે છે ને સર્વ સત્તા પોતાના હાથમાં લઇ સર્વ પર પોતાનો ધાક બેસે માટે નિષ્ઠુરતાથી રાજ્ય ચલાવે છે. આગળ પર એ અધિકારમદથી મસ્ત થઇ ફાવે તે અનન્વિત કૃત્ય કરવા લાગે છે. આ રાજ્યપદ્ધતિને એકચ્છત્રી જુલમી રાજ્યપદ્ધતિ ( Tyranny )ની સંજ્ઞા આપવામાં આવી છે.

પ્લેટોએ પોતાનાં વિવિધ પુસ્તકોમાં રાજકીય વિચારોની સંપૂર્ણ વિસ્તારથી સમાલોચના કરી છે. એ સુપ્રસિદ્ધ લેખકના "રિપબ્લિક" નામના પુસ્તકમાં અતિ ઉચ્ચ અને ભવ્ય વિચાર પ્રદર્શિત કર્યા છે. અત્રે એ લેખકના "લૉઝ" નામક અતિ રસિક ગ્રંથમાં પ્રાકટ્ય પામતા રાજકીય વિચારોનું દિગ્દર્શન કરીએ.

વ્યવહાર્ય જેવી ઉત્તમ પ્રતિની રાજ્યપદ્ધતિ કઇ એ દાખવવાનાં પ્લેટોએ "લૉઝ" માં પ્રયત્ન કર્યો છે. "રિપબ્લિક" લખ્યા પછી વયમાન પરત્વે પ્લેટોના રાજકીય વિચારને વ્યાવહારિક સ્વરૂપ આવવા લાગ્યું; અને ત્હેના તાત્વિક વિચાર પ્રમાણે સિયાક્યુઝમાં રાજ્યપદ્ધતિ સ્થાપન કરવાનો ત્હેનો પ્રયત્ન નિષ્ફળ જવા પછી એ સ્વરૂપ વધારે દૃઢ થવા લાગ્યું. નિશ્ચતિબંધ પ્રજાસત્તાક રાજ્યપદ્ધતિ સર્વોત્કૃષ્ટ ખરી; પરંતુ એ જગની આધુનિક સ્થિતીમાં શક્ય ન હોવાથી શક્યાશક્યતાનો વિચાર કરીને વ્યવહાર્ય એવી ઉત્તમ રાજ્યપદ્ધતિ શોધી કાઢવી જોઇએ એવું પ્લેટોને લાગવા માંડયું. નિશ્રતિબંધ પ્રજાસત્તાકરાજ્યપદ્ધતિ ધ્યેય છે અને એ વિસરવી કદી કામની નહી. પરંતુ જ્યાં સુધી એ ધ્યેય પ્રમાણે રાજ્યપદ્ધતિ અમલમાં લાવવા પરિસ્થિતિ અનુકૂલ નથી ત્યાં સુધી રાજ્યકર્તાએ નિયમબદ્ધ રાજ્યપદ્ધતિ સ્થાપીને, પોતે કેવલ કાયદાના સેવક ( Servants of Law ) છે એની ભાવના સેવી એણે પોતે કાયદેથી હુકમ ચલાવવો; અને પ્રજા કાયદાનું ઉલ્લંઘન કરશે નહીં એવી ખબરદારી રાખવી. આ "લૉઝ" આ ગ્રંથમાંનો મુખ્ય પ્રતિપાદ્ય વિષય.

રાજ્યપદ્ધતિનું ઉદ્દિષ્ટ શું હોવું જોઇએ એ વિષે "રિપબ્લિક" અને "લૉઝ" એ બન્ને ગ્રંથમાંના વિચારમાં તફાવત નથી. એ ઉદ્દિષ્ટ નાગરિકોને સદ્ગુણસંપન્ન કરીને સુખી કરવા એ છે. " The object of Laws is to make those who use them happy, for all goods are derived from them. New goods are of two kinds: there are human and there are divine goods and the human hang upon the divine and the state which attains the greater at the same time acquires the less or not having the greater loses both. Of the less goods, the first is health, the second beauty, the third strength, including swiftness is running and bodily agility generally, and the fourth is wealth. Wisdom is chief and leader of the divine class of goods, and next follows temperence: and from the union of these two with courage, spring justice; and

fourth in the scale of virtue is courage. The four naturally take precedence of the other goods, and this is the order in which the legislator must place them."

( આનો સારાંશ—કાયદાનો હેતુ નાગરિકોને સુખી કરવાનો છે; કારણ સર્વ સુખનાં સાધન કાયદાથી ઉદ્ભૂત થાય છે, સુખનાં સાધન દ્વિપ્રકારનાં છે; માનવી સાધનો અને દૈવી સાધનો. માનવી સાધનોનું દૈવી સાધનો પર અવલંબન હોય છે અને જે રાષ્ટ્રને દૈવી સાધનો પ્રાપ્ત થયાં હોય ત્હેને માનવી સાધનો સહજ જ પ્રાપ્ત થાય છે. પરંતુ જેને દૈવી સાધનો પ્રાપ્ત થયાં નથી ત્હેને માનવી સાધનો પણ ઉપલબ્ધ થતાં નથી. માનવી સાધનોમાં પ્રથમ સાધન આરોગ્ય, દ્વિતીય સૌંદર્ય, તૃતીય શારીરિક બલ અને છેલ્લું સંપત્તિ છે. દૈવી સાધનોમાં પ્રથમ મુખ્ય સાધન ડહાપણ અને બીજું નિયમતા. ડહાપણ નિયમતા અને ધૈર્ય એ ત્રણ સદ્ગુણમાં ઉત્પન્ન થતી સ્વધર્મ બુદ્ધિ એ ત્રીજું સાધન, અને ચોથું ધૈર્ય. દૈવી સાધનો માનવી સાધનો કરતાં શ્રેષ્ઠ છે; તેથી કાયદાકાનૂન કરનારાઓએ કાયદા કરતાં દૈવી સાધનો તરફ અવશ્ય લક્ષ્ય આપવું જોઈએ.)

સુખનાં સાધનોમાં સંપત્તિને પ્લેટોએ અત્યંત કનિષ્ઠ સ્થાન આપ્યું છે, એ સંપત્તિને અને શ્રીમંત લોકોને અત્યંત માન આપનાર આપણા લોકોએ ધ્યાનમાં રાખવાનું છે. જે સમાજમાં શ્રીમંતાઈ પણ નથી અને દારિદ્ર્ય પણ નથી એ સમાજ ઉત્તમ એવું પ્લેટોનું મત છે. આવા સમાજમાંના લોક અતિ ઉદાત્ત તત્વથી પ્રેરિત હોય છે, તેઓમાંથી ઉદ્ધતપણું કિંવા અન્યાયબુદ્ધ ઝરતાં નથી, એઓ એકએક લઢતા નથી કે ઈર્ષ્યા કરતા નથી. ( The community which has neither poverty nor riches will always have the noblest principles : there is no insolence or injustice ; nor again are there any contentions or envyings among them. )

રાજ્યવ્યવસ્થા કેવી હોવી જોઈએ એ વિષે " લૉઝ "માં મુખ્યત્વે કરીને બે તત્વો પ્રતિપાદન કર્યાં છે; ( ૧ ) સમાજમાં સત્તાને પરસ્પર વિરોધી એવાં અનેક તત્વો નીકળી આવે છે, એઓનું રાજ્યપદ્ધતિમાં એકીકરણ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. નહીંતો રાજદ્રોહ અને વર્ગાવર્ગમાં વૈમનસ્ય ઉત્પન્ન થવાનો સંભવ રહે છે. ( ૨ ) એકસત્તાક રાજ્યપદ્ધતિ અને પ્રજાસત્તાક રાજ્યપદ્ધતિ એ બન્નેનું સંમિશ્રણ થવું જોઈએ. એક સત્તાક રાજ્યપદ્ધતિમાં રાજા પોતાની પ્રજાનું યોગ્ય સ્વાતંત્ર્ય છીનવી લઈ ત્હેના પર જુલમ કરે છે, ત્યારે પ્રજાસત્તાક રાજ્ય પદ્ધતિમાં પ્રજામાં મર્યાદિતક્રમ હોઈને સ્વેચ્છાચાર વધે છે. માટે બન્ને રાજ્યપદ્ધતિનું સંમિશ્રણ થવું જોઈએ. ( ૧ ) માતપિતાની પોતાના પુત્ર પર સત્તા, (૨) ઉચ્ચ વર્ગના લોકની કનિષ્ઠ વર્ગના લોક પર સત્તા, (૩) વૃદ્ધની તરુણ પર સત્તા, (૪) ધનીની ગુલામ પર સત્તા, ( ૫ ) બલિષ્ઠની નિર્બલ પર સત્તા. ( ૬ ) જ્ઞાનીની અજ્ઞાની પર સત્તા, ( ૭ ) સુદૈવી માણસની ( ઉદાહરણાર્થ, યોગ્ય ન હોવા છતાં પણ દૈવવશાત્ જે એકાદ અધિકાર માટે યોગ્ય ગણાઈ જાય છે એવાની ) દુર્દૈવી માણસ પર સત્તા, એવાં આ સાત પરસ્પર વિરોધી પણ નૈસર્ગિક અધિકારનાં તત્વ છે. આ તત્વોમાં છઠ્ઠું એટલે જ્ઞાનીની અજ્ઞાની પર સત્તા એ શ્રેષ્ઠ હોવાથી વાસ્તવિક જોતાં એજ તત્વ પર રાજ્યપદ્ધતિ રહેવી જોઈએ. પરંતુ વ્યવહારમાં આ તત્વનું વર્ચસ્વ ન હોવાથી બલિષ્ઠની નિર્બલ પર સત્તા એજ તત્વ વિશેષ પ્રચલિત છે; તથાપિ આ સર્વ તત્વોનું એકીકરણ કરી રાજ્યપદ્ધતિ કરવી જોઈએ

એક સત્તાક રાજ્યપદ્ધતિ અને પ્રજાસત્તાક રાજ્યપદ્ધતિ એ મૂલભૂત રાજ્યપદ્ધતિ ( matter-politics ) છે. એ બન્ને પદ્ધતિનું યોગ્ય સંમિશ્રણ કરીને રાજ્યપદ્ધતિ સ્થાપન કરી એટલે પ્રત્યેક તરફથી ઉત્પન્ન થતા ફાયદા મળશે, પરંતુ પ્રત્યેક તરફથી શું નુકસાન ટળશે. ઇરાનમાં એકસત્તાક રાજ્યપદ્ધતિનું અનવધાન થવાથી ઇરાની લોકોનો નાશ થયો, એથેન્સ નગરમાં પ્રજાસત્તાક રાજ્યપદ્ધતિનો અતિરેક થવાથી એથનીયન લોકોની અવનતિ થવા લાગી; માટે એકના કિંવા અનેકના હાથમાં અનિયંત્રિત સત્તા ન આપતાં, એને કાયદાથી અથવા ' કૉન્સ્ટિટ્યુશન 'થી મર્યાદિત કરવી જોઇએ; અને ' કૉન્સ્ટિટ્યુશન'ને આધારે રાજ્યકારભાર ચલાવવો જોઇએ. સારાંશ, સનદશીર રાજ્ય પદ્ધતિ (Constitutional Government) સ્થાપીને, એ પદ્ધતિમાં એકસત્તાક રાજ્યપદ્ધતિ અને પ્રજાસત્તાક રાજ્યપદ્ધતિ એ બન્ને હિતકર તત્વનું એકીકરણ થવું જોઇએ.

રાજસત્તા કાયદાથી અથવા ' કૉન્સ્ટિટ્યુશન'થી મર્યાદિત હોવી જોઇએ, ત્યારે અલબત્ત કાયદા કેવા હોવા જોઇએ એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે. એ વિષે પ્લેટોનો મૂળ સિદ્ધાંત એવો છે કે, કાયદા કરતી વખતે રાજકર્તાએ હમેશ એ ધ્યાનમાં રાખવું જોઇએ કે રાજકારણનો વિષય વાદગ્રસ્ત હોઇને એ વિષે મતૈક્ય ક્વચિત જ હોય છે, અને દેશની નૈસર્ગિક પરિસ્થિતી; લોકની રીતી અને જીવનપદ્ધતિનું રાજકારણ પર સદૈવ પરિણામ થતું હોય છે. કાયદા કરતાં અને રાજકીય સંસ્થા સ્થાપન કરતાં લોકની દૃઢમૂલ થયેલી રીતિ તરફ દુર્લક્ષ આપવાથી, તાત્વિક દૃષ્ટિથી એ કાયદા અને એ સંસ્થા ગમે તેટલાં ઉત્તમ હોય તોપણ સમાજમાં સારાં ગણાતાં નથી, અને તેથી એમાંથી જોઇએ તેવું સારૂં પરિણામ આવતું નથી. એટલા માટે જ સમાજમાં જે કલ્પના જે રીતિ અને જે સમાજીક તેમજ ધાર્મિક સંસ્થા બદ્ધમૂલ થઇ હોય ત્હેને અનુરૂપ પ્રકારના જ કાયદા સ્થાપિત કરવા એ ઇષ્ટ છે.

ઉપર જણાવેલી મિશ્ર રાજ્યપદ્ધતિમાં સામાન્ય લોકોને રાજ્યકર્તા અને અધિકારી થવાનો હક્ક હોવાથી એ લોકોને પોતાની જવાબદારી ઉત્તમ રીતે બજાવતાં આવડે. માટે એ લોકોને સારૂં શિક્ષણ આપવું જોઇએ. ( Those who are elect should be trained in habits of law, and be well-educated that they may have a right judgement and may be able to select or reject men whom they approve or disapprove as they are worthy of either ). ' રિપબ્લિક ' પ્રમાણે જ ' લૉઝ'માં પ્લેટોએ શિક્ષણને અતિ મહત્વ આપ્યું છે, અને શિક્ષણ ખાતાનો મુખ્ય અધિકારી બહુજ મ્હોટી યોગ્યતાવાળો હોવો જોઇએ એમ કહ્યું છે. પરંતુ ' રિપબ્લિક'માં પ્લેટોએ સામાન્ય લોકોને શિક્ષણ આપવું કે નહીં; આપવું તો એ કયા પ્રકારનું હોવું જોઇએ એ સબંધિ કંઇ વિવેચન કર્યું નથી. ફક્ત રાજ્યકર્તા કિંવા રાષ્ટ્ર સંરક્ષક અને સહાય્યક એ લોકોનું શિક્ષણ કેવું હોવું જોઇએ એટલુંજ કહ્યું છે. પરંતુ 'લૉઝ'માં સામાન્ય લોકોના શિક્ષણ વિષે પણ પ્લેટોએ વિચાર કર્યા છે. એ લોકોને કંઇ નહીં તો સાધારણ શિક્ષણ ( General education ) તો આપવું જોઇએ એવું પ્લેટોનું મત છે.

રાષ્ટ્રવિસ્તાર વિષે પ્લેટોનું મત એવું છે કે, રાષ્ટ્રબહુ મ્હોટૂં ન હોવું જોઇએ તેમ બહુ ન્હાનું પણ ન હોવું જોઇએ. મ્હોટામાં ઐક્ય રહેતું ન હોવાથી ત્હેનો કારભાર પણ સુયંત્રિત રીતિથી ચલાવવો બહુ કઠિણ હોય છે. ન્હાનું રાષ્ટ્ર હોય તો ત્હેનું સ્વતંત્ર્ય નષ્ટ થવાની ભીતિ રહે છે. માટે મધ્યમ વિસ્તારનું રાષ્ટ્ર સર્વોત્કૃષ્ટ ગણાય. સર્વ સ્થાવરજંગમ મિલકત

રાષ્ટ્રની છે એ ભાવના સર્વના મનમાં હોવી જોઇએ. પરંતુ ' રિપબ્લિકમાં ખાનગી મિલ્કતનો પ્લેટોએ જેમ નિષેધ કર્યો છે તેમ ' લૉઝ 'માં કર્યો નથી. માત્ર સ્થાવર મિલ્કત સર્વની સરખી હોવી જોઇએ અને તે પણ જેટલી અવશ્ય હોય તે કરતાં વધારે ન હોવી જોઇએ એવું પ્લેટોનું મત છે. જંગમ મિલકત સર્વની સરખી હોવી જોઇએ એવો પ્લેટોએ નિર્બંધ કર્યો નથી. માટે, અમુક કિંમતની જંગમ મિલકત જેની પાસે હોય ત્હેનો એક વર્ગ, ત્હેથી બેવડી કિંમતની જંગમ મિલકતવાળા લોકોનો બીજો વર્ગ, એથી ત્રણગણી કિંમતની જંગમ મિલકતવાળા લોકોનો ત્રીજો વર્ગ, અને એથી ચારગણી કિંમતની જંગમ મિલકતવાળા લોકોનો ચોથો વર્ગ, એવા ચાર વર્ગ સમાજમાં કરવા જોઇએ. આ જંગમ મિલકતના પાયા પર ઉભો રહેતો વર્ગ, ' રિપબ્લિક 'માંના ત્રણ વર્ગથી ભિન્ન છે એ ખુલ્લું છે. પ્લેટોએ જંગમ મિલકતનું જે કનિષ્ઠ પ્રમાણ ધારણ કર્યું છે, ત્હેનાથી ચારગણી સુધી ખાનગી જંગમ મિલકત હોય તો હરકત નહિ. પરંતુ એ કરતાં વધારે મિલકત કોઇ મેળવે તો ત્હેની માલીકી નહીં અને એ સર્વ રાષ્ટ્રની થાય. સ્થાવર મિલકતમાં વિષમતા ઉત્પન્ન થાય નહી માટે ત્હેનો ક્રય વિક્રય વિગેરે વ્યવહાર કાયદાથી નિષિદ્ધ કરવો એવું પ્લેટોનું મત છે.

પ્રત્યેક રાષ્ટ્રમાં ત્રણ નિયામક સંસ્થા હોવી જોઇએ અને તે નીચે પ્રમાણે, (૧) રાષ્ટ્રમંડલ ( A council of State ) (૨) સામાન્ય મંડળ ( General council ) અને (૩) વિશિષ્ટમંડળ. પ્હેલા અર્થાત્ રાષ્ટ્રમંડળમાં ૩૭ સભાસદ રહે. જે નાગરિકોએ સૈન્યમાં નોકરી કરી હોય, કિંવા જે કરતા આવ્યા હોય તેઓ ત્હેની નિમણૂક કરે. પ્રથમ એઓ ૩૦૦ લોક નિમે; આ ત્રણશેમાંથી પછી એઓ ૧૦૦ નિમે અને પછી ૩૭ સભાસદોની જે નિમણૂક કરવાની તે આ સોમાંથી એઓ કરે. આ મંડળમાંના સભાસદ ૫૦ થી ઓછી અને ૭૦ થી વધારે ઉમ્મરના ન હોવા જોઇએ; અને એઓની નિમણૂક ૨૦ વર્ષ સુધી રહે. એકાદ સભાસદ નિમણૂક વખતે ૫૦ વર્ષથી અધિક વયનો હોય તો એ વીસ વર્ષ સભાસદ ન રહેતાં પોતાનાં સત્તર વર્ષ પૂરા થતાં પોતાની જગાનું રાજીનામું આપે, અને એની જગ્યાએ બીજાની નિમણૂક કરવામાં આવે. આ રાષ્ટ્રમંડળના ૩૭ સભાસદ કાયદાના સંરક્ષક ( Guardians of the Laws ) રહે; અને એઓનું મુખ્ય કર્તવ્ય કાયદાનો અમલ યોગ્ય રીતે થાય છે કે નહી એ જોવાનું અને ન્યાયાધિશ વગેરે અધિકારી ઉપર દેખરેખ રાખવાનું રહે.

બીજી સંસ્થા સામાન્યમંડળની. આના સભાસદ એકંદર ૩૬૦ રહે અને તેઓની નિમણૂક ઉપર પ્રમાણે થાય. પ્રથમ પ્રત્યેક વર્ગમાંથી ૩૬૦ સભાસદ નિમાય. પ્રત્યેક નાગરિકને મત આપવાનો અધિકાર રહે. પ્હેલા બે વર્ગમાંથી એટલે જેની જંગમ મિલકત કનિષ્ઠ પ્રમાણથી અનુક્રમે ચાર ગણી અને ત્રણ ગણી હોય તેઓના વર્ગમાંથી જે ૭૨૦ લોકોની નિમણૂક થવાની તેઓની નિમણૂક કરતાં પ્રત્યેક નાગરિકે—પછી તે કોઇપણ વર્ગનો હોય—પોતાનો મત આપવોજ જોઇએ. ત્રીજા વર્ગમાંથી એટલે જેની જંગમ મિલકત કનિષ્ઠ પ્રમાણથી બે ગણી હોય તેઓના વર્ગમાંથી જે ૩૬૦ સભાસદોની નિમણૂક કરવાની તે કરતાં પ્હેલા ત્રણ વર્ગમાંથી નાગરિકોએ પોતાના મત આપવા જ જોઇએ; પરંતુ કનિષ્ઠ વર્ગમાંના નાગરિકો પોતાના મત પોતાને ફાવે ત્હેને આપે. તેમજ ચોથા એટલે ૩૭૦ સભાસદોની નિમણૂક કરતાં પ્હેલાં અને બીજા વર્ગમાંના નાગરિકોએ પોતાના મત આપવા જોઇએ, પરંતુ ત્રીજા અને ચોથા વર્ગમાંના નાગરિકો પોતાને ફાવે ત્હેને મત આપે. આ પ્રમાણે પ્રત્યેક વર્ગમાંથી ૩૬૦ આવા

સભાસદોની નિમણુક કર્યા પછી એ ૩૬૦ માંથી ૧૮૦ ની નિમણુક કરવી અને એ કરતાં પ્રત્યેક નાગરિકે-પછી તે કોઇપણ વર્ગનો હોય-મત આપવાજ જોઇએ. આ પ્રત્યેક વર્ગમાંના ૧૮૦ માંથી ૯૦ ની નિમણુક કરવાની તે મતાધિકયથી ન કરતાં 'વૉટ'થી કરવી. આ એકંદર ૩૬૦ સભાસદોમાંથી ૩૦ સભાસદોની એક એક કમિટી રહે અને પ્રત્યેક કમિટી એક એક માસ કામ કરે. આ સામાન્યમંડળનું કાર્ય કાયદાનો અમલ કરવાનું અને એકંદર લોકના વર્તન પર અને વ્યવહારપર દેખરેખ રાખવાનું રહે.

ત્રીજી સંસ્થા વિશિષ્ટમંડળની. રાષ્ટ્રમંડળમાંના ૩૭ સભાસદમાંના જે ૧૦ સર્વથી વયમાં, જ્ઞાનમાં, અનુભવમાં, આચરણમાં અને કર્તૃત્વમાં શ્રેષ્ઠ હોય એઓનું આ મંડળ થાય. પ્રત્યેક સભાસદ સર્વે સભાસદોને સંમત એકત્રીશ વર્ષના તરૂણ ગૃહસ્થ પોતાની સાથે લે. આવા આ દસ વૃદ્ધ અને દસ તરૂણ એમ કરી વીસ ગૃહસ્થોનું મંડળ ગણાય. આ મંડળનું કર્તવ્ય એ કે એ રાષ્ટ્રનું ધ્યેય જે સદ્‌ગુણસંવર્ધન તે સદૈવ આંખ આગળ રાખી નાગરિકો સદ્‌ગુણસંપન્ન થાય એ માટે યોગ્ય એ યોજના અમલમાં આણે. તેમજ એ વિશિષ્ટ પ્રકારના ધર્મમત સ્થાપી, એ નાગરિકોને શીખવી તે પ્રમાણે એઓ પોતાનું આચરણ રાખે એવી એ વ્યવસ્થા કરે.

આ સિવાય સર્વ નાગરિકોનું મંડળ એ ચોથી સંસ્થા. પરંતુ આ મંડળનું કાર્ય કયું અને અન્ય મંડળ સાથે એનો સંબંધ કેવો હોવો જોઇએ એ વિષે પ્લેટોએ કંઇ કહ્યું નથી.

ઉપર પ્રમાણે રાજ્યપદ્ધતિનાં તત્વ કયાં અને રાજકીય સંસ્થા કઈ હોવી જોઇએ એનું વિસ્તારશઃ વિવેચન કર્યા પછી પ્લેટોએ કયા કયા કાયદા હોવા જોઇએ એ કહ્યું છે. પરંતુ એ વિષે સત્ય વિચાર કરવાનું કારણ નથી. માટે ઉપર દર્શાવેલા પ્લેટોના રાજકીય વિચારોની થોડી ટીકાત્મક ચર્ચા કરીએ.

પ્લેટોના રાજકીય વિચારોની વિચારણા કરતાં એક વાત લક્ષમાં રાખવી જોઇએ તે એ કે એ વિચાર અઢી હજાર વર્ષ પૂર્વે હતા. પ્લેટોના મરણ પછી આજ સુધી રાજકીય શાસ્ત્રોની અન્ય શાસ્ત્રો પ્રમાણે ઘણી પ્રગતિ થઇ છે. એટલે પ્લેટોના રાજકીય વિચાર હાલની જગની સ્થિતી સમયે પૂર્ણપણે લાગુ ન પડે ત્હેમાં કંઈ નવલ નહી. રાષ્ટ્રનું ક્ષેત્રફળ અમુક મર્યાદાની બહાર હોવું ન જોઇએ. ત્હેની લોકસંખ્યા પણ અમુક જ હોવી જોઇએ, રાજકર્તાને ખાનગી સંપત્તિ અને કુટુંબ હોવાં ન જોઇએ, સ્થાવર મિલકત સર્વની સરખી હોવી જોઇએ, ઇત્યાદિ રાજકીય વિચાર આજ સુધી જગનાં ઇતિહાસમાં કોઇપણ ઠેકાણે અમલમાં આવ્યા જણાયા નથી, અને આગળ પર કોઇ વખત પણ આવશે એમ લાગતું નથી. પ્લેટોની રાષ્ટ્રની કલ્પના નગર-સંસ્થાનથી ( City State ) આગળ ગઇ ન હોવાથી અને તેમના મોટાં મ્હોટાં રાષ્ટ્ર સરખી કિંવા સામ્રાજ્ય સરખી રાષ્ટ્રની કિંવા સામ્રાજ્યની રાજ્યપદ્ધતિના વિચાર સ્વાભાવિક રીતે ત્હેની રાજકીય તત્વમિમાંસામાં ન હોવાથી ત્હેના વિચાર પરિપૂર્ણતાએ પ્હોંચ્યા નથી. પરંતુ આ પ્લેટોનો દોષ ન ગણાય. ત્હેના સમયનો જે રાજ્યપદ્ધતિ ન્હાના સરખા નગર-રાષ્ટ્રમાં યોગ્ય થાય તે અલબત્ત પ્રચંડ રાષ્ટ્રને-જેમાં એકજ દેશ નહીં તો અનેક દેશોને અંતર્ભાવ થયો હોય એવા રાષ્ટ્રને-લાગૂ પડે નહીં એ સ્પષ્ટ છે. ન્હાના સરખા નગર-સંસ્થાનમાં સર્વ નાગરિકોનાં મંડલ સ્થાપન કરવાં શક્ય છે; પરંતુ જે રાષ્ટ્રમાં એકજ નગર ન હોઇ અનેક નગરો હોય અને જેનો વિસ્તાર મ્હોટો હોય એવા રાષ્ટ્રમાં આવાં મંડળ

સ્થાપન કરવાં શક્ય નથી. આવા વિસ્તૃત રાષ્ટ્રમાં પ્રતિનિધીતત્વનોજ અંગિકાર કરવો જોઇએ. તેમજ 'રિપબ્લિક'માં જણાવ્યા પ્રમાણે રાજ્યકર્તા કંઇપણ બંધનથી તદ્દન અલિપ્ત હોવો જોઇએ એ જોકે અવશ્ય ને ઇષ્ટ છે, તોપણ કુટુંબ આત્મિક સંપત્તિ ઇત્યાદિ સામાજીક સંસ્થા એટલી સમૂલ થઇ ગઇ છે કે એને નષ્ટ કરવી એ શક્ય નથી; અને જો કદાચ શક્ય હોય, તો એને નષ્ટ કરવાથી સમાજની પ્રગતિ કિંવા અધોગતિ થશે એ પ્રશ્નજ છે.

પ્લેટોની હયાતીમાં એથેન્સ નગરમાં પ્રચલિત પ્રજાસત્તાક રાજ્યપદ્ધતિ અત્યંત દૂષિત થઇ હતી, અને ત્હેને લીધે પ્લેટોનાં મત એ રાજ્યપદ્ધતિથી વિરૂદ્ધ થયાં હતાં એ જણાવવામાં આવ્યું છે. આ એની રાજ્યપદ્ધતિ વિશેની પ્રતિકૂલતા 'રિપબ્લિક'માં પૂર્ણપણે પ્રતિબિંબિત થઇ છે. એમાં વર્ણવેલી મનોમય (Ideal) રાજ્યપદ્ધતિમાં સામાન્ય લોકોને બિલકુલ સ્થાન નહીં. એઓ પોતપોતાનો ઉદ્યોગ યથા યોગ્ય રીતિથી કરે અને રાષ્ટ્રસંરક્ષક કહે તે પ્રમાણે, એઓએ ચાલવું એથી વધારે એઓનું કર્તવ્ય નહીં. પરંતુ આ બાબતમાં પ્લેટોના મનમાં લાગેલો તફાવત ધ્યાનમાં રાખવા જેવો છે. સામાન્ય લોકોએ પણ રાજકારણમાં યથામતિ લક્ષ્ય રાખવું જોઇએ અને એઓને નિમણૂકનો હક્ક આપવો જોઇએ, એ પ્લેટોનાં વિચારમાં આવેલો તફાવત ત્હેના 'લૉઝ'માં વ્યક્ત થયો છે. રાજકીય બુદ્ધિ (Political Sense) માત્ર વિશિષ્ટ લોકોનેજ પરમેશ્વરે આપી છે, સામાન્ય લોકોને એ બુદ્ધિની ગંધ પણ નથી એવું પ્રથમ પ્લેટોનું મત હતું; પરંતુ એ પોતાની ભૂલ છે અને ખરેખરૂં જોતાં રાજકીય બુદ્ધિ સર્વમાં ઓછી વધુ પ્રસરેલી હોય છે એવું ત્હેને પછીથી લાગવા માંડ્યું. અને તેથીજ એણે રાજ્યપદ્ધતિ કાયદાથી બદ્ધ હોઇ કાયદા કરનારાં વિગેરે રાષ્ટ્રમાંનાં મંડળોમાંથી સભાસદ નિમવાના હક્ક અન્ય લોક પ્રમાણે સામાન્ય લોકોને પણ આપવો જોઇએ એવું મત 'લૉઝ'માં પ્રતિપાદન કર્યું. પ્રત્યેક રાષ્ટ્રને કૉનસ્ટિટ્યુશન (Constitution) હોવું જોઇએ, અને ત્હેમાં ગ્રથિત કરેલા મૂલભૂત નિયમાન્વયે રાજ્યકારભાર ચલાવવો તેમજ પ્રતિનિધી નિમવાના હક્ક સર્વ વર્ગના લોકોને હોવા જોઇએ—આ પ્લેટોનાં બન્ને તત્વ અર્વાચીન સુધરેલા રાષ્ટ્રની રાજ્યપદ્ધતિમાં પૂર્ણપણે જણાઇ આવે છે એ કહેવાની જરૂર નથી. પ્રતિનિધિસત્તાક રાજ્યપદ્ધતિ આજ જગમાં ઘણાંખરાં રાષ્ટ્રમાં પ્રચલિત છે, અને જે દેશમાં એ પ્રચલિત નથી ત્યાં પણ એ કાલાંતરે સ્થાપન થયા સિવાય રહેશે નહીં એવાં સ્પષ્ટ ચિહ્ન જણાય છે. તથાપિ અત્યાર સુધી આ રાજ્યપદ્ધતિની યોગ્યતા વિષે શંકા આણનાર ટીકાકાર નથી થયા એમ નથી. પ્લેટોએ 'રિપબ્લિક'ના મનોરથ રાજ્યપદ્ધતિનું વર્ણવેલું ચિત્ર એટલું હૃદયંગમ છે કે એથી મોહિત થઇ અશિક્ષિત, તત્વહીન અને ચંચલવૃત્તિના સામાન્ય લોકોના હાથમાં નિમણૂક જેવો મહત્વાધિકાર આપવાથી રાજ્યકારભારમાં અવ્યવસ્થિતપણું આવી રાષ્ટ્રનું આખરે અહિત થયા સિવાય રહેશે નહીં એવું કહેનારા ટીકાકાર હજી છે! પરંતુ પ્લેટોને રિપબ્લિકમાં વ્યક્ત કરેલા કેટલાએક વિચાર કંઇ નહિ તો અવ્યવહાર્ય હોવાથી છોડી દેવા પડ્યા અને આખરે પ્રતિનિધિતત્વ માન્ય કરવું પડ્યું એ વાત આ ટીકાકાર ભૂલી જાય છે. પ્લેટો જેવા તત્વવેત્તાને પ્રતિનિધિસત્તાક રાજ્યપદ્ધતિ પ્રથમ નાપસંદ પડવી, પરંતુ વિચારને અનુભવથી અભિમત થવું એ વાત આ રાજ્યપદ્ધતિના આક્ષેપકોએ વિચારવા જેવી છે.

શિક્ષણ વિષે અને સ્ત્રિયોની યોગ્યતા વિષે પ્લેટોના વિચાર અત્યંત મનનીય છે. સર્વને સામાન્ય પ્રતીનું શિક્ષણ રાખવું જોઇએ, અને સામાન્ય લોકો પોતાનાં નાગરિકત્વનાં કર્તવ્ય

સારી રીતે કરે માટે એઓને સારૂં રાજકીય શિક્ષણ પણ આપવું જોઇએ. આ પ્લેટોના સિદ્ધાંત વિષે હવે મતભેદ થવો શક્ય નથી. સ્ત્રિયોની યોગ્યતા વિષે એના વિચાર એટલા ઉદાત્ત અને પુરોગામી છે કે, મતાભિલાષી સ્ત્રિયોની અથવા હેના પુરસ્કર્તાઓની પણ ત્યાં સુધી નજર પ્હોંચી નથી, સ્ત્રી પુરૂષમાં વાસ્તવિક ભિન્નતા નથી, એઓના ગુણધર્મ અને એઓનાં કાર્યો પુરૂષના ગુણધર્મ અને કાર્યથી ભિન્ન છે એ કલ્પના નૈસર્ગિક ન હોઇ વસ્તુતઃ એથી વિરૂદ્ધ છે ઇત્યાદિ પ્લેટોના વિચાર અતિશય માર્મિક હોઇ મનનીય છે. તેમ જ રાજ્ય પદ્ધતિ ગમે તે પ્રકારની હો, રાજ્ય કારભાર જ્ઞાનના સખ્ત પાયા પર ઘડાએલો હોવો જોઇએ એ પણ તત્વ અત્યંત મહત્વતાનું છે. ઇંગ્લંડ, ફ્રાન્સ અમેરિકા વિગેરે પાશ્ચાત્ય દેશના હાલના રાજકીય તત્વવેત્તાઓ પણ આમ જ કહે છે. રાજ્યકર્તાને સંકલિત જ્ઞાનની આવશ્યકતા નથી, હેને ઠેકાણે વ્યાવહારિક ક્ષમતા ( Practical ability ) હોય એટલે બસ છે એ તત્વ નૃશંસ છે એવા આ તત્વવેત્તાઓ આક્રોશ કરતા હોઇ, જેના હાથમાં રાજસત્તા છે કિંવા જેના પર રાજ્યકારભાર સારી રીતે ચાલે છે કે નહીં એ જોવાની જવાબદારી છે, તેઓએ રાજકીય શાસ્ત્રનું અને હેની સાથે નિકટ સંબંધ ધરાવતાં અન્ય શાસ્ત્રોનું સારૂં જ્ઞાન સંપાદન કરવું જોઇએ, એમ તે સ્પષ્ટ કહે છે, આ રાજકીય જ્ઞાનની આપણા હિન્દુસ્થાનમાં કેટલી આવશ્યકતા છે એ કહેવાનું કારણ નથી.

પ્લેટોના સમયમાં નીતિશાસ્ત્ર (ethics) અને રાજકીય શાસ્ત્ર (political science) એ એની ભિન્નતા થઇ ન હતી. શાસ્ત્રના વ્યવસ્થિત અધ્યયન માટે આમ શાસ્ત્રો-શાસ્ત્રોમાં એ મત બતાવવો ગમે તેટલો આવશ્યક હોય તો પણ હેમાંથી એક મ્હોટી ખોટ જણાવાનો સંભવ રહે છે. તે એકે મનુષ્ય કિંવા મનુષ્યસમાજ એનો જે વ્યાપક બુદ્ધિથી વિચાર થવો જોઇએ તે થતો નથી, અને મનુષ્યના અથવા સમાજના એકાદ વિશિષ્ટ અંગને વધુ મહત્વ મળવાનો સંભવ રહે છે. સદ્‌ગુણ સંવર્ધન એ સરકારનું પ્રત્યક્ષ કર્તવ્ય હો કે નહો, સદ્‌ગુણ સંવર્ધન વિના સુખ સંવર્ધન થવું અશક્ય છે એ તત્વ રાજકર્તાઓએ ભૂલવું ઇષ્ટ નહીં. સરકાર એક પ્રચંડ શક્તિ છે અને જો કે તે સમાજથી જ ઉત્પન્ન થાય છે તો પણ હેનો સમાજપર એટલો પ્રચંડ આઘાત હોય છે કે, સદ્‌ગુણ પોષણ એ કામ અમારૂં નહીં એ તો સમાજનું છે એમ સરકાર કહે એ ચાલે નહિ. વ્યક્તિ વિષયક યોગ્ય સ્વાતંત્ર્યમાં ભંગ ન પાડતાં સદ્‌ગુણ સંવર્ધનનું કાર્ય પ્રત્યક્ષ કિંવા અપ્રત્યક્ષ રીતે જેટલું કરી શકાય એટલું સરકારે કરવુંજ જોઇએ. પ્રજાએ સદ્‌ગુણ સંપન્ન થવું એ શાસનપદ્ધતિનું અંતિમ ધ્યેય અથવા કાર્ય છે એ પ્લેટોના તત્વ તરફ આવી દૃષ્ટિથી જોઇએ તો જો કે એમાં શાસ્ત્રમિશ્રણનો દોષ હોય તોપણ એમાં વ્યાપક નિરીક્ષણનો ગુણ અંતર્ગત છે. રાજકારણ એ શાસ્ત્ર છે, અને સદ્‌ગુણ સિવાય પ્રજા સુખી થશે નહીં એ બન્ને તત્વો, મુત્સદ્દી અધિકારી અને રાજકીય કાર્યવાહક જે પ્રમાણમાં ધ્યાનમાં રાખશે તે પ્રમાણમાં સમાજનો વિજય થશે.

# भरतखंड के आर्यावर्त ?

( લેખક. રા. મણિલાલ મોહનલાલ પાદરાકર. )

સજાત જોડાં જાત ભોગથી, પરહિતમાં પરવરશે,
અડગ ધૈર્ય ને શૌર્ય ભર્યા સંતાન **હિન્દ**માં સરશે,
ત્યારે દેવો અવતરશે, વિરલા નરવર તરવરશે !

*　　　*　　　*　　　*

**હિન્દજનો** અર્ણવ ગૂંથવશે, ને બ્રહ્માંડ નચવશે.
ડગમગતા ડુંગર ડોલવશે, રંગરાગ રેલવશે.
ત્યારે પ્રભુતા સંચરશે, સ્વર્ગ સમ સુન્દર **હિન્દ** થશે. લલિત.

×　　　×　　　×　　　×

" વિશ્વનું નંદનવન ! પૃથ્વી પરનું સ્વર્ગ ! દેવતાઓને પણ નિવસવા માટે લલચાવનારી ભૂમિ ! ઋષિ મુનિઓની ચરણરજથી પવિત્ર બની રહેલી પવિત્ર પૂણ્ય ભૂમિ ! સતીઓ વડે સેવાયલી, ક્ષત્રી રામ–કૃષ્ણ–ભીષ્મપિતામહ–મહાવીર–બુદ્ધ–આદિ મહાન વિભુતિઓ વડે ગૌરવવાળી બનેલી, સૌંદર્યભર ભરત ભૂમિ ! ત્હારી તુલના કઇ ભૂમિ કરી શકશે ? કોઇજ નહીં ! તને કોટી કોટી વંદન ! "

" વ્હાલા ભારત ! મહારા પ્રાણુ સમા ભારત ! ઉઠ ! હજી શું ઉંઘે છે ! હવે ઉંઘવાનો વખત નથી ! ત્હમે ધર્મ ત્યજ્યો, ! વિદ્યા વીદાય કરી, ! શુરાતન ગુમાવ્યું ! ફરજો ચુકયા ! કઠીન વ્રત અને ઉદ્યમ ત્યાગ્યાં ! અંદર અંદર કપાઇ મુવા ! ફરજને બદલે મોજ શોખ સ્વિકાર્યા ! સ્ત્રીઓને દેવીઓ બનાવવા–ગણવા–ને બદલે વિલાસનું સાધન માની બેઠા ! ધર્મ ધ્યાન ત્યાગી અધર્મ આચરણ અંગિકાર કર્યાં ! પરોપકારને બદલે સ્વાર્થ અને દયાને બદલે હિંસા પલ્લે બાંધ્યાં. અભક્ષ, મદ્યપાન, દ્યૂત, વ્યભિચાર, ચોરી, ને આળસ, હસતાં હસતાં હસ્તગત કર્યાં ! બ્રીટીશ જેવા ન્યાયી નેજા નીચે રહીને પણ ઉત્કર્ષ ન સધાયો ! હવે ઉદય ક્યાંથી ? અરે ! સુવર્ણ ભરત ! ત્હને આ શું સુજ્યું ? અમારા, દેશ ને ધર્મના ઉત્કર્ષ અર્થે ગાળેલાં હમારાં જીવન તમારી પાસે વિદ્યમાન છતાં, પણ ન સુજ્યુ ? જાગ હવે, નીદ્રા ત્યાગ ! કર્તવ્યમાં લાગ. જો પૂર્વમાં પથરાતી લાલી ત્હારો ઉદય સૂચવે છે. ત્હારા સંતાનોને વિદ્યા, સંપ ને સ્વતંત્રતા શીખવ ! સુખી ને ભાગ્યશાળી થઇશ. "

( ધર્મ અર્જુનને ભીમ–ત્રિમૂર્તિનો ભરતને આદેશ. )

જન્મવું, કમાવું, ખાવું, સંતતિ પેદા કરવી, ઉંઘવું, ને મરી જવું એમાંજ મનુષ્ય **જીવનની** સફળતા સમાતી નથી. **પાદરાકર.**

રાંધવું, ઘર કામ કરવું, આભૂષણ માટે પતિને પજવવો, સંતાન પ્રસવવાં, અને કલેશમાં આયુષ્ય પૂરૂં કરી મરી જવું, એટલામાંજ સ્ત્રીજીવનના કાર્યની સમાપ્તિ થતી નથી. **ભરત.**

હિમાંશુ ચન્દ્ર હજારો કિરણાવલિઓદ્વારા ગિરિરાજ હિમાલયનાં શૃંગે શૃંગ અજવાળી રહ્યા છે. મૃત્યુલોકના આ કૈલાસના ખોળે ઝૂકી રહેલી ફળ ફૂલ પરિવેષ્ટિત અઢારે ભાર વનસ્પતિનો મિશ્ર પરિમલભર્યો વાયુ, ગિરિરાજના પાય પખાળતી કલ્લોલિનીના કલરવના વિરામ સાથેજ વિરમતો ને પાછો સ્રવતો. જે પુણ્યભૂમિ અનેક મહાન વિભૂતિઓના નિવાસથી દીર્ઘકાલથી વિભૂષિત થઇ રહેલી હોવાથી, હેમના સંસ્કાર જર્યા અદ્વિતીય તેજ, ગુણ, પવિત્રતા, અને ઓજસપૂર્ણ પ્રભાવથીજ આજ પણ મનુષ્ય માત્રને સાત્વિક ભાવના પ્રાપ્ત કરાવી શકે છે અને જ્યાં દેવોને પણ નિવસવાનું મન થઇ જાય, એવા આ દ્વિતીય કૈલાસ સદૃશ્ય હિમાચળના કાંચનગંગા શૃંગના કૈલાસ ઉદ્યાનમાંથી વિણા અને કિંનરકંઠના મિશ્રસંગીતના સુમધુર આલાપ ત્યાંના પ્રત્યેક પરમાણુને રસબસ કરી, પોતાના અણુઓને ચંદ્રમાંથી વરસતા અમૃતનું સ્નાન કરાવી રહ્યા છે—સ્વર્ગ બનાવી રહ્યા છે; કારણ સાક્ષાત કૈલાસની સ્પર્ધા કરી શકે તેવા હિમાલયના કાંચન ગંગા શૃંગનું કૈલાસઉદ્યાન, વસન્ત રતુની પૂર્ણ ચન્દ્રયુક્ત સુંદર રજની, ગિરિનદીના કલ્લોલની કુદરતી ઠંડી લ્હેકવાળો, મઘમઘતી સુવાસભર્યો વાયુ, કિંનરકંઠી સુમધુર વિણાયુક્ત સંગીતાલાપ અને હેના ભોક્તા એક યુવાન રસિક યુગલ !—આ મણિકાંચન સુયોગ શું સ્વર્ગીય ન કહેવાય ?

અઢાર વર્ષની સર્વાંગ સુંદર અપ–ટુ–ડેટ ફેશનમાં સજ્જ થએલી, આંગ્લવિદ્યા વિભૂષિત પૂર્ણ શ્રીમંત ને ખાનદાન કુટુંબનાં, પતિસહવાસિની–લાડીલી–એક યુવતી પોતાની સુકુમાર અંગુલીઓ વડે વિણાના સુર પર તનમનાટ મચાવી રહી છે, અને અંગુલીઓ પણ એવી મૃદુતાથી ફરે છે કે જાણે તાર દબાઇ જવાની ધાસ્તિ બજાવનારને લગતી ન હોય ! વિણા બજાવતી વખતે ચન્દ્રપ્રકાશમાં ઘડી ઘડી ચમકી ઉઠતી બહુમૂલ્ય હિરાની મુદ્રિકા, અને આલાપ લેતી વખતે ઝૂકી પડતી ગરદનપર સૌદામિનીની માફક ભભૂકા મારી રહેતો હિરાનો હાર, તથા વીણા બજાવતી વખતે તે સુકોમળ મુખથી પર છવાઇ રહેતું સ્વર્ગીય હાસ્ય—એ સૌ આ દામિનીની શ્રીમંતાઇ અને રસિકતા વ્યક્ત કરી દેતાં હતાં.

મોજાં સાથેના ઓસ્ટ્રીકનાં લેડી બુટ, શીતલતાથી રક્ષણ કરનાર ગરમ ઓવર–કોટ, સરોજની દાંડી સમા સુકોમલ કાંડા પર બાંધેલું લેડી વૉચ, છેલ્લામાં છેલ્લી ફૅશનથી હોળેલો કેશકલાપ, હેમાં ખોસેલી 'અનાઘ્રાત પુષ્પ' જેવી માત્ર બેજ ગુલાબ કળિકાઓ, અને હેમાંથી આવતી 'જવાકુસુમ' તેલની ખુશબો—એ સૌ એ રમણિની 'પોઝીશન' પ્રકટ કરવા પૂરતું હતું.

પરવાળાંના બનેલા ઓષ્ઠ–દ્વય ફરક્યા, મસ્તીથી અક્કડ રહેતું માથું ડોલવા લાગ્યું, અને કરાંગુલિઓએ વિણાના તાર પર નાચ કરવા માંડયો. લુંટાઇ ઘુંટાઇ ગાન ઉપડવા લાગ્યું. સુર વાગ્યા—આ...આ...આ...આ...આ.

લોચનીયાં લ્હેરાય !
લોચનીયાં લ્હેરાય !
સખીરી ! આજ હું કયમ !
લોચનીયાં લ્હેરાય !

× × × ×

—સમયાનુકૂલ આ ભૈરવીના સૂર વધારે માધુર્યથી છેડાવા લાગ્યા—

× × × ×

જ્યમ જ્યમ જાદુભર્યો ચાંદલીઓ ઉંચે ઉંચે જાય;
અનિલ પ્રસારે સુરભિ મીઠી, કોયલડી ટહુકાય ! સખીરી૦

× × × ×

રાજલહંસો સ્નાન કરે છે ચન્દ્રકિરણ રસ–ધાર:
મણિમુક્તામય યુગલ રસિક આ, વિહરે એકાકાર ! સખીરી૦

× × × ×

ધીમે ધીમે ચન્દ્ર ઉંચે જઇ હીંચવા લાગ્યો. કૈલાસ ઉદ્યાનમાંની એક સજ્જોડ શીલા પર આપણી આ ગાંધર્વ રમણિ સંગીત સાગરમાં સ્નાન કરી રહી હતી, અને ત્હેની સાથેજ એક સુંદર ગર્ભશ્રીમંત પ્રભાવશાળી તરૂણ જાણે સમાધિવશ થઇ ગયો હોય એમ જણાતું હતું. શીલાની કઠોરતાની પરવા રાખ્યા સિવાય તે પર માત્ર એક વ્યાઘ્રચર્મ બીછાવી સમાધિસ્થ થએલા આ મેધાવી યુવકે ધીમે ધીમે શ્વાસ ઘુંટવા માંડ્યો. પોતાના કૉલર, ટાઇ અને ઓવર–કોટ ચુંથાશે, કે ફ્રેંચ ટાઇપના હોળેલા વાળ બગડી જશે, પેંટ કે પૉલીશ કરેલાં બુટ મેલાં થશે, અગર ન્હાની ખુલ્લી પડી રહેલી ફૅશનેબલ સોનાની ડબ્બીમાં કાયદેસર ગોઠવાઇ છાની માની બેસી રહેલી ડી રેઝ્ક ( De Rezke ) સિગારેટસ ચગદાઇ જશે ત્હેની પરવા રાખ્યા વિના જ આ રસિક યુવાન સંગીતસુધાના ઘુંટડા ભરતાં ભરતાંજ સમાધિવશ થઇ ગયો, અને ગાતાં ગાતાં શ્રમિત થયેલી રમણિ પણ પતિના ખોળામાંજ નિદ્રાવશ થઇ ગઇ. એ દંપતી તરફ જોઇ છાની માની હસતી વિણા અને થોડીક માધવીકલિકાઓ સુંમાં સુંમાં બેસી રહ્યાં. જગતને જીવન આપનાર ચન્દ્રે પણ આ વિલાસી દંપતિપર અમૃતધારાઓ વરસાવવા માંડી, અને દયાળુ નિદ્રા દેવડીએ પોતાની કુણી આંગળીઓ તે દંપતિને પોપચે સ્પર્શી ત્હેમાં ધીમે ધીમે ઘેન ભરવા માંડ્યું. કૈલાસઉદ્યાન શાંત થઇ ગયું. માત્ર પ્રકૃતિ હાસ્ય કરતી રહી.

ધીમે ધીમે યુવાને સ્વપ્નભૂમિમાં પગલાં ભરવા માંડ્યાં; જાણે દૂરથી કંઇક દિવ્ય પ્રકાશ આવતો ત્હેને જણાવા લાગ્યો. તેજ તેજના અંબાર પ્રગટી નિકળ્યા. વાયુની લહરીઓ દિવ્ય સુવાસ ફેલાવા મંડી ગઇ. અપ્સરાઓમાં સંગીતના ધ્વનિ સંભળાવા લાગ્યા. ચંદ્રકિરણમાંથી અનેક કિરણાવલિઓએ વીંટાએલી એક પ્રશાંત, ગંભીર, ઉજ્જવલ મદનમૂર્તિ ત્હેના તરફ અવતરતી જણાઇ પ્રસન્ન વદનથી ધીમે પગલે તે મૂર્તિ ત્હેની નજીક આવી, ત્હેને સ્પર્શ કરી જગાડતી જણાઇ, એ ભવ્ય અને દિવ્ય મૂર્તિના પરવાળાં શા ઓષ્ઠો ધીમે ધીમે જૂદા પડ્યા. મહીંથી વચનામૃતો ઝરવા લાગ્યાં. સૂરો નિદ્રામાં સ્વપ્નમાં ભરતને કાને પડતા જણાયા. ત્હેણે કાનથી સાંભળ્યું:—

" ભરત ! ઉઠ ! જાગૃત થા ! વિશ્વના ધનાઢ્યમાં ધનાઢ્ય વત્સ ! નિદ્રા ત્યાગ ? ઉંચું જો ! ત્હારી અઢળક લક્ષ્મી, વિપુલ સત્તા, અસંખ્ય મીલો, અનેક ઓફીસો, પાર વિનાની પેઢીઓ, પેતાળો, લાડીગાડીઓ વિગેરેના વિચારો ત્યાગ ! જો હું કોણ છું તે ! હું રામ ! દશરથનો પુત્ર, લક્ષ્મણનો બંધુ અને જાનકીનો પતિ રામ ! ભરત ! ત્યારે ત્યાં અત્યારે શું ચાલી રહ્યું છે ? મ્હારી આજ્ઞાઓ વીસારી મૂકી છે ! નીતિને નેવે મૂકી છે ? એક પત્નિવ્રતને પાણીચું આપ્યું છે ! પિતૃભક્તિને પગ તળે કચરી છે ! બંધુ ભાવનો બહિષ્કાર

કર્યો છે ! સત્ય અને સંપને સમૂળાં સળગાવી મૂકયાં છે ! અરેરે ! મ્હારા ભરત ! એક સમયના અલૌકિક સ્વર્ગ ! આજ ત્હારી આ શી દશા ! તું ઉપરથી ભપકો મારે છે ! પણ ત્હારાં કેટલાં બાળકો દુરાચાર, અનીતિ, વ્યભિચાર, કુસંપ, ગુલામગિરી, અને લોભને વશ પડી દુબળા થતા જાય છે ! ઉઠ ! ભરત ! ત્હેમનો ઉદ્ધાર કર ! એક વારના મ્હારા પ્રાણપ્રિય પુત્ર ! મ્હારૂં ચારિત્રય અંગિકાર કર ! પુનઃ તું ત્હારી પૂર્વની સ્થિતિ પ્રાપ્ત કરી શકીશ ! ભરત ! ત્હારાં સંતાનો રીબે છે ! ઉંઘીશ નહીં હોં ! જાગ ! સાંભળ !

ભ્રાતૃભાવ સુહાવ, તાતની ભક્તિ પ્રકાશ તું !
જાગૃત કર સુખ લ્હાવ ભરત પ્રજાગર થા હવે !

કલ્યાણ ! કલ્યાણ ! ! ”

એક મહાન્ બ્રહ્મનાદ થતાંજ એ દિવ્યમૂર્તિ અદ્રશ્ય થઇ. ભરતનાં નયનો સમક્ષ માત્ર છાયા અને અંતરમાં માત્ર ગુંજ રહી ગયાં. ગત બોધ હજી અંતર ગ્રહે છે નથી ગ્રહેતું, ત્યાં તો પુનઃ પ્રચંડ બ્રહ્મનાદ જાગ્યો અને આકાશનાં પટ ફાટ્યાં જણાયાં. દૂરથી એક ભવ્ય આત્મત્વ, રમ્ય નયનો અને દિવ્ય શરીરથી જાજ્વલ્યમાન ભીષ્મપિતામહ યોગીરાજ ન્હાની શી પાવડીના રૂપેરી ઘંટડીના તીણા સૂર રેલવતા ભરતની અંતરદ્રષ્ટિએ પડ્યા. છાયાજ માત્ર હતી એ એમણે હાથ ઉંચા કર્યા ને ભરતને આશીષ આપવા લાગ્યા. ભરતે કંઇક સાંભળ્યું:—

“ વત્સ ! સપુત્ર ! પાછો ઉંઘવાનો વિચાર કરે છે ? ભરત ! આશું ? ક્યાં છે આપણો શુદ્ધ સનાતન ધર્મ, ક્યાં છે આપણી પ્રાચીન નીતિમત્તા ? અનેક પોલા ઢોંગી ધર્મોની ફુસવણી ત્હારે ત્યાં વધી ગઇ છે ! જાગ ! ત્હારા ઘરમાં શુદ્ધ ધર્મ વેચાય છે—ઘરાણાથી થયો છે ! અધર્મ આચર થાય છે ! પતિ પત્નિના ધર્મ, પિતા પુત્રના ધર્મ, ગુરૂ શિષ્યના ધર્મ, માતા પિતાના ધર્મ, ભાઇ ભાઇના અને સંતાનોના ધર્મ વીસરી જવામાં આવ્યા છે ! બ્રહ્મચર્યનું પાલન થતું નથી ! ત્હારાં પામર બાલકો બાળલગ્ન તથા વિકારને વશ થઇ બ્રહ્મચર્યથી પરાંગમુખ થતાં જાય છે ! પ્રજા નમાલી પડતી જાય છે ! વડીલો પ્રત્યેની પુજ્યબુદ્ધિ નષ્ટ થઇ છે ! મોહનું સામ્રાજ્ય પ્રસર્યું છે ! હાય ! મ્હારા ભરત ! ત્હારી આ શી દશા ! સુખશેલીયાં સંતાનો જોઇ એક વારની મ્હારી બાણ—શય્યા સ્મૃતિમાં આવે છે ત્યારે બળી ઉઠાય છે ! જાગ ! ભરત ! કર્તવ્ય પરાયણ, ધર્મિષ્ઠ, બ્રહ્મચારી, કર્મવીર થા ! મ્હારા ચરિત્ર્યનો અંગિકાર કર !

કર્તવ્યનિષ્ઠ બની અમર કૈં બ્રહ્મચર્ય જગાવજે !;
બનીને પ્રજાગર ભરત ! હાવાં, દિવ્યતા રેલાવજે ! ”

પિતામહ વાક્યામૃત સીંચી પાછા ફરતા જણાયા. પાછા ફરતાં પિતામહની મધુર પાવડી પગમાંથી નીકળી પડી. પોતાના આવા ભવ્ય સ્વપ્નની નીશાની તરીકે એ પાવડીઓ ઉંચકી લઇ લેવાનું ભરતને મન થયું. પરંતુ એ અર્થે હાથ પ્રસારતાં નિદ્રામાં ને નિદ્રામાં પોતાની પત્નિના કેશકલાપમાં ગુંથી રહેલી બે ગુલકળીઓ ભરતના હાથમાં આવી. નિદ્રામાંને નિદ્રામાં ત્હેણે એ શિરપર મૂકયાં. ગુલકળીઓના સ્થાનફેર શું સૂચવે છે ? છાયા અદ્રશ્ય થઇ. ભરતને એકલા પડવા જેવું લાગ્યું. ફરી નિદ્રામાં પડવા જાય છે ત્યાં તો સૌદામિની ચમકાર ઉદ્દભવ્યો, અને ધર્મ અર્જુન ને ભીમની ભવ્ય ત્રિમૂર્તિ એક પટ દૂર કરી આકાશી હયસ્વાર થઇ ભરતની સમક્ષ આવી ઉભી. મંગારવ થયો અને ભરતે સાંભળ્યું;—

" વ્હાલા ભરત ! મ્હારા પ્રાણસમા ભરત ! ઉઠ ! હજી શું ઉંધે છે ? હવે ઉંઘવાનો વખત નથી. ત્હમે ધર્મ ત્યજ્યો, વિદ્યા વિદાય કરી, શૂરાતન ગુમાવ્યું, ફરજો ચૂક્યા, કઠિન વ્રત અને ઉદ્યમ ત્યાગ્યાં, અંદર અંદર કપાઇ મુઆ, ફરજને બદલે મોજશોખ સ્વીકાર્યો, સ્ત્રીઓને દેવીઓ બનાવવાને–ગણવાને–બદલે વિલાસનું સાધન માની બેઠા. ધર્મ–ધ્યાન ત્યાગી અધર્મ આચરણ અંગીકાર કર્યાં, પરોપકારને બદલે સ્વાર્થ અને ધ્યાન બદલે હિંસા પલ્લે બાંધી. અભક્ષ્ય, મદ્યપાન, દ્યૂત, વ્યભિચાર, ચોરી, ને આળસ હસતાં હસતાં હસ્તગત કર્યાં. હવે ઉદય ક્યાંથી ? અરે ! સુવર્ણ ભરત ! ત્હને આ શું સુઝ્યું ? અમારા દેશ અને ધર્મના ઉત્કર્ષ અર્થે ગાળેલાં અમારાં જીવન ત્હમારી પાસે વિદ્યમાન હોવા છતાં પણ ન સુઝ્યું ? જાગ ! હવે નિદ્રા ત્યાગ ! ને કર્તવ્યમાં લાગ ! જો ! પૂર્વમાં પથરાતી લાલી ત્હારો ઉદય સૂચવે છે. ત્હારાં સંતાનોને વિદ્યા, સંપ અને સ્વતંત્રતા શીખવ ! તું સુખી અને ભાગ્યશાળી થઇશ. જો !

અમર યૌવને સૌખ્ય સુહાશે, ને સ્વાતંત્ર્ય પમરશેઃ<br>
ભરત ! પ્રજાગર તું જો થાશે, સ્વર્ગીયતા સંચરશેઃ<br>
ત્યારે પ્રભુતા પરવરશે દિવ્યતા અનંત ઝળહળશેઃ

ત્રિમૂર્તિ અદૃશ્ય થઇ, અને પટ બદલાયો. ભરતનું સ્વપ્ન વધ્યું. સ્હામે શાંત સરવર કમળોથી ઉભરાઇ રહ્યું છે. વચ્ચેના એક સહસ્રપાંખડીના શ્વેતકમલમાંથી એક પ્રચંડ તેજસ્વી, વીર મૂર્તિ પ્રગટ થતી જણાઇ. ધનુષ્યબાણથી અલંકૃત થયેલી, મ્હોં પર મ્હોટી ભરાઉદાર મૂછ, શિર પેચથી શોભતી અસલ ચૌહાણી પાઘડી, રાજવંશી પોશાક, ગળામાં મુલ્યવાન હીરાનો હાર, અને હાથમાં પ્રચંડ ખડગથી વિભુષિત થયેલી મસ્ત ક્ષત્રીયમૂર્તિ જોતાંજ ભરતનાં એક વખતનાં પાણીદાર નેત્રો અંજાયાં, ધારી ધારીને જોતાં જણાયું કે મૂર્તિ વીર પૃથ્વીરાજ ચૌહાણની હતી. ઘુઘવાતા સાગર જેવી ગર્જનાથી તે મૂર્તિ ગાજી ઉઠીઃ–

" ભરત ! સાવધાન ! જો ! હું પૃથુરાજ ચૌહાણ મ્હારા પરમ ધામમાંથી ત્હને કંઇ કહેવા આવ્યો છું. સાંભળ ! અરરર ! ભરત ! આ બધું શું ? આ કૉલર, ટાઇ, ચશ્મા, મોજાં, સિગારેટસ, તથા આંગ્લપોશાક, આ માથે પટીયાં ! આ બધું શું ? પાશ્ચાત્યોની અક્કલ વિનાની નક્લ ! મર્યાદા વિનાના, નીતિધર્મને ન છાજે ત્હેવા કુદરતી હાજતોથી પ્રતિકુલ આ શાં વિચિત્ર વર્તન ! અરેરે ! જે ઘેર સ્ત્રીપુરૂષો પ્રાતઃકાલે ચાર વાગે ઉઠી નિત્યકર્મમાં લાગતાં, ત્યાં આજે આઠ આઠ વાગતા સુધી શય્યા સેવાય છે ! જે પવિત્ર મુખમાં પ્રાતઃકાળમાં સ્નાનાદિ ક્રિયા કરી પવિત્ર શાસ્ત્રવચન અને પ્રભુનાં નામ ઉચરાતાં તે મુખશ્રીમાં આજ પ્રાતઃકાલે ગરમાગરમ ચ્હા અને બીડીઓનાં પાન થાય છે ! જ્યાં ન્યાયોપાર્જિત દ્રવ્યથી શુદ્ધ ખાનપાનાદિ વસ્તુઓના ઉપયોગ થતા, ત્યાં આજ ગુલામગિરી, કન્યાવિક્રય કે વિદ્યાવિક્રય 'યેન કેન પ્રકારેણ' લોહીમાંસ જેવાં નાણાં, અભક્ષ્ય આદિ વસ્તુઓના ઉપયોગ કરવામાં આવે છે ! શુદ્ધ સનાતન મર્યાદાયુક્ત પોશાક ને રીતરીવાજો ત્યાગી આધુનિક પ્રતિકુલ અને ખર્ચાળ પોશાક ને અમર્યાદિત રીતરીવાજો દાખલ થયા છે ! **ન સ્ત્રી સ્વાતંત્ર્યમર્હતિ** એ સૂત્ર અને મર્યાદાવાળી સ્ત્રીઓ આજ દેવીઓ મટી કેવલ સંતતિ પ્રાપ્તિનાં અને વિલાસનાં સાધનો ગણાઇ અમર્યાદિત પોશાક પ્હેરી નિર્લજ્જ રીતે મંદિરોમાં ખોટાં બ્હાનાં હેઠળ ઠેરઠેર આથડે છે અને અનાચાર સેવે છે ! ભાઇ ભાઇ અને દેશ બાંધવોમાં કુસંપ અને ઇર્ષ્યા ઉભરાય છે ! ઢીંગલા ઢીંગલી પરણાવી

ભવિષ્યની પ્રજાને નિર્માલ્ય બનાવો છો ! કૃત્રિમ અધ્યયન પાછળ વિત્ત, નેત્ર અને શરીરનો કેવલ ગુલામગીરી ખાતર નાશ કરો છો ! ઉદ્યમ, હુન્નર, કળા, કારીગીરી, સંગીત આદિ સત્ય વસ્તુઓ આપી દઇ માત્ર આલસ, કુસંપ, વ્યભિચાર, પરતંત્રતા ભૂખમરો ને મરણ ખરીદી લો છો ! વિદ્યાર્થીઓ ગુરૂને ત્યાં રહી વિનયથી હેમની સેવા કરી અધ્યયન કરતા અને વાનપ્રસ્થ થયેલાઓ વિના મુલ્યે વિદ્યાદાન દેતા; આજે વિદ્યા કિંમત આપી વેચાતી લેવામાં આવે છે; ગુરૂ ઉભા રહી અમર્યાદિતપણે બેઠેલા વિદ્યાર્થીઓને દ્રવ્યપ્રાપ્તિને ખાતરજ ભણાવે છે ! લક્ષ્મીનાં સંતાનો નોકરી, પૈસા કે મુઠી અનાજને માટે ઘેરઘેર આથડે છે ! હાય ! ભરત ! ત્હારી આ શી દશા ! ક્યાં ગઇ ત્હારી પૂર્વની જાહોજલાલી ? યવનોને અનેકવાર હાંકી કાઢનાર, સ્વધર્મ અને સ્વદેશનું પ્રાણાન્તે રક્ષણ કરનાર, રણમાં વીરહાકથી ગર્જી ઉઠનાર ક્ષત્રીય વીરોની—જનની શું નક્ષત્રી કે નિઃસંતાન થઇ ગઇ છે ? અડગ ધૈર્ય ને વફાદારી અમારી પ્રજાના જવા સાથેજ રાજ્યભક્તિને સાથે લઇ રસાતલ ગઇ છે શું ? આ બધું શું મ્હારા ભરતમાં મ્હારા વ્હાલા આર્યાવર્તમાં ! ત્હારી આ દશા જોઇ મ્હારા કલેજામાં આગ આગ સળગી ઉઠે છે ! જાગ! હજી વખત છેઃ ચેત ! અડગ ધૈર્ય, ધર્મશ્રદ્ધા, વડીલોનો વિનય એક પત્નિવ્રત, સંપ, ઉદ્યમ, કલા, દૃઢ દેશભક્તિ યુક્ત રાજ્યભક્તિ પાલન કર ! ત્હારાં સ્ત્રીવર્ગને અજ્ઞાન રાખીશ ના ! ત્હેને જાગૃત કર ! હું જાઉં છું; તોપણ દૂર રહ્યે રહ્યે મ્હારો આત્મા સંતુષ્ટ થાય તેમ વર્તજે ! તું સુવર્ણનો થઇશ ! સાંભળ !

તુજ સંતાનો આશા આસ્થા દાન બર્યાં સંચરશેઃ
ભરત ! પ્રજાગર ઉન્નત થાતાં, દિવ્ય જ્યોત ઝળહળશેઃ
શાન્તિ જનતાને મળશે, વિશ્વમાં તુંજ અહો ! દીપશે ! ભરત ! કલ્યાણ !"

પૃથુરાજ ચૌહાણની મૂર્તિ આસ્તે આસ્તે પુનઃ કમળ ઉપર વિરાજમાન થઇ—કમળ બીડાયું. ભરતનાં નેત્રો આંસુથી ઉભરાયાં. "હાય ! વીર પૃથુરાજ શું કહી ગયા ! આજે મ્હારી આ શી દશા ! ! હું કોણ હતો અને આજે શું છું ! પ્રભુ સ્હાય કર" એટલા ઉદ્ગારો સ્વપ્નમાં નીકળી પડયા. ભરતના અંતરનયન સમક્ષનો પડ બદલાયો. નવીન પટદર્શન થયું. દૂર મહાસાગર એની નજરે પડયો. સૂક્ષ્મ દૃષ્ટિથી જુએ છે તો મહીંથી એક જાજ્વલ્યમાન મૂર્તિ ઉદ્ભવી અને વાયુરૂપી પાંખોથી અદ્ધર ઉડવા લાગી. સાગર અદૃશ્ય થયો. મૂર્તિ નજીક આવતી જણાઇ. ભરતનાં નયન અશ્રુપૂર્ણ થયાં—ઝળઝળીયાં દીપ્તિ પામ્યાં. ઝૂકી ઝૂકી એ ભવ્ય રમ્ય દિવ્ય અને અનન્ય સ્વામી વિવેકાનંદની મૂર્તિને વન્દન કરવા જાય છે ત્યાં તો મૂર્તિ ઉડીને ભરત સમક્ષ આવી ઉભી, અને હાથ પ્રસારી ઝીણા સાદે કંઇક વાક્યામૃત સીંચ્યાં. ભરતે નિદ્રામાં સાંભળ્યુંઃ—

" ભરત ! જાગે છે કે ? તું જાણે છે ? હું હમણાં અમેરીકાથી આવું છું ? જાગ ! ત્હારો ધર્મ ((Duty) સંભાર ! ક્યાં છે પૂર્વની શુદ્ધ સનાતનતા ? ઓ ખોટા ધર્મની ઘેલછાથી ઘેરાયલા પોલી કીર્તિના દાસ નકામી ખુશામત અને ખેતાબો ખાતર ઘર ખોઇ નાંખનાર ! જાગ ! જો ! જ્યારે કરોડો ગરીબો રાત્રે ભૂખ્યા પેટ દાબીને આકાશ નીચે સુવે છે અને વસ્ત્રવિના ટાઢ અને લાજથી મૃતપ્રાય બની રહે છે ત્યારે તું ત્હારા રાજમહેલમાં સુખેથી નિરાંત આરોગી આવા બહુ મુલ્ય ગરમ ઓવરકોટ શા ઉપર પહેરે છે ? ત્હારા ઘરમાં અજ્ઞાન સંતાનો અને સ્ત્રીઓ અંધારે આથડે છે છતાં તારી પત્થરનાં મંદિરો અને બાવલાં દ્વારા અમર નામ

કરવાની લાલસા હજી જતી નથી ! જીવતા નારાયણોને રખડતા અનાથ દશામાં મૂકી આ મંદિરથી પેલે મંદિર ભટકતા ઘેલા **ભરત** ! જાગ ! જો ! ત્હારાં સંતાનો ઉદ્યમ, આશ્રમ અને અનાજ વિના ભૂખે ટળવળે છે અને વિધર્મમાં વટલાઇ જાય છે યા તો મરે છે, વિધવાઓ પેટને ખાતર અનાચાર સેવે છે યા તો ભૂખે આપઘાત કરે છે. ઓ નિવૃત્તિનો ઢોંગ કરતા **ભરત** ! આ આગળ વધતા પ્રવૃત્તિના જમાનામાં નિવૃત્તિનો શો સ્વીકાર ! **अशक्तिमान् भवेत्साधु** એ સૂત્રાનુસાર નિવૃત્તિના બ્હાના હેઠળ પ્રવૃત્તિની અશક્તિ ઢાંકવાનો પ્રયત્ન કરતા **ભરત** ! હવે ત્હારા બાયલા વિચારો ત્યજ ! શૂર થા ! જાગ ! મ્હારૂં ત્હારૂં મૂકી શ્રીમંતાઇનો, સત્તાનો, સદ્‌ભાગ્યનો ઉપયોગ દેશબાંધવોને ઉદ્યમે લગાડવામાં, કળા કારીગીરી ફેલાવવામાં, હમેશાંના રોટલા ખાતા કરવામાં, કુસંપ અને દીનતા હાંકી કાઢવામાં, ધર્મમાં સ્થિર કરવામાં, પાઠશાળાઓ, ગુરૂકુલો, પુસ્તકાલયો, ઔષધાલયો, આદિ ખોલવામાં, તેજસ્વી યુવકોને યુરોપાદિ દેશોમાં મોકલવામાં, કવિ લેખકોને આશ્રય આપવામાં, કુરીવાજો અને રૂઢી બંધનો કાપવામાં, અક્કલવિનાની પાશ્ચાત્યોની નકલ બંધ કરવામાં, ગરીબોને ઉદ્ધારવામાં, વિધવાઓ તથા અનાથોને આધાર આપવામાં અને છેવટે ધંધા ધંધા અને રોટલો કરી મરતી ત્હારી નિરૂદ્યમ પ્રજાને ઉદ્યમ અને રોટલા ભેળી કરવામાં ગાળ !

તુજ સર્વ જનને ધર્મના કર્તવ્ય પાઠ પઢાવજે:
તેજસ્વી યૌવન ઉચ્ચ **જીવન** જીવતાંય બતાવજે !

**ભરત** ! પુરૂષ થા ! મનુષ્ય થા ! દેવ થા ! ”

તેજના અંબાર જવા સાથે **ભરત** ચમકી ઉઠયો. સ્વપ્નની ઘેનમાં ને ઘેનમાંજ એ બબડી ઉઠયો. “ હાય ! સર્વ નાશ ! ખેલ ખલાસ ! હું કોણ ? **ભરત** ! આખા વિશ્વનું નંદનવન ! અનેક ઋષિમુનીઓના આશ્રમ ! જેમાં **શ્રીકૃષ્ણ, રામ, ધર્મ, અર્જુન, ભીમ,** આદિ પાકયા તે જ હું **ભરત** ! હાય ! સૌદામિની–દામિની એક પળવારમાં જ જગમાં દિવ્યતા ઝળહળાવી દે છે તે જ પ્રમાણે આ સ્વપ્નની જ્યોતથી **ભરત**ના હૃદયમાં જ્વાળા ઝળહળી અને દીપ્તિ પ્રકટી એમાં ને એમાં જ એ પુનઃ સમાધિસ્થ થયો. શીતલ ચન્દ્રપ્રતમ ને પ્રતમ કરવા હજી યે શીતાંશુ વર્ષાવી રહ્યો હતો. અહા શું સ્વર્ગીય ઉજ્જ્વલ દર્શન !

× × × ×

દિવ્ય અદ્રશ્ય પટ બદલાયો. પુરૂષ પ્રકૃતિઓ એક પછી એક ફરીથી આવી અદ્રશ્ય થઇ. **ભરત**ની દ્દષ્ટિએ સૌ ફરીથી પડ્યાં. એ તો એમનો એમ જ રહ્યો. રમણિ હાવાં સમાધિસ્થ અવસ્થામાં પતિસમાં અનેરાં સ્વપ્ન અનુભવવા લાગી. એને કાને પ્રચંડ બ્રહ્મનાદના સૂરો પડયા. ચમકી ધીમેથી સ્હામેથી ચક્ષુસમક્ષ અનેરી રમણીયતાની મૂર્તિ આત્મદીપ્તિથી ઉજ્જ્વલ મુખવાળી સતી **સીતા** હાથમાં પુષ્પવૃંદ લઇ આવી. પાસે આવી એ મૂર્તિએ પુષ્પો રમણીના શરીર પર વેર્યાં. આસકા લેવા પુષ્પો વીણી લેવા રમણિ પ્રવૃત્ત થઇ નિદ્રાવશ છતાં હાથ પ્રસારતાં પતિના માથાપર ઝૂકી રહેલી બે ગુલકલિકા હાથમાં આવી, અને નૈસર્ગિક રીતે ફલ અને હસ્ત આંખો પર ઠરી રહ્યાં. એ અવસ્થામાં રમણિએ તીણા સૂર સુણ્યા:—

“ **આર્યા ! આર્યા** ! ઉઠ ! જાગ ! જો હું કોણ છું ? હું **સીતા** છું. મ્હારા પતિ **રામ** મ્હારી વાટ જોઇ રહ્યા છે. **આર્યા** ! સ્વર્ગમાંથી તારે માટે હું એક સંદેશો લાવી છું તે સાંભળ. ધરતી માતા ત્હારાં પાપનો ભાર હવે વધુવાર સહન કરી શકતી નથી ! **આર્યા** ! **આર્યા** ! ક્યાં ગયું ત્હારૂં આર્યત્વ ? ક્યાં ગયું ત્હારૂં તેજ ? ક્યાં ગયું ત્હારૂં પતિવ્રત અને

વાત્સલ્ય ? ક્યાં છે ત્હારાં ધર્મ અને સત્કર્મ? અજ્ઞાનની ઘોર નિદ્રામાં ઉંઘ્યાં કરતી **આર્યા** ! જાગ ! પતિસેવાને બદલે સમાન હકની માગણીઓ ! **નસ્ત્રોસ્વાતંત્ર્યમર્હતિ** એ પ્રાચીન સૂત્ર પ્રતિપાલન કરવાને બદલે સ્વતંત્રતાની અભિલાષાઓ, વડીલોનો વિનય, અને અવિભક્ત કુટુંબનાં લ્હાણુ લેવાને બદલે, લડી ઝગડી વડીલોથી માત્ર પતિને લઇ જુદા રહેવાની ત્હમારી આકાંક્ષાઓ ! હા ! ખેદની વાત છે ! આ શું ? પુણ્યશીલા **આર્યા** ! ત્હારા અંગને શોભાવતી આ અનાર્ય વસ્તુઓ, બુટ, ઓવરકોટ, આ લેડીરોઝ, આ માથાના વાળની શૈલી ! હાય ! **આર્યા** ! શું પૂર્વનાં મર્યાદાશીલ વસ્ત્રાભૂષણ ! પગની પાની પણ ન જણાય તેવું વસ્ત્રધારણ ઇત્યાદિ ત્યાગ્યાં છે ! સ્ત્રીઓને વળી બૂટ ! અહા ! આટલા બધા ફેરફારો ! મ્હારી **આર્યા** ત્હારામાં ! શું હું મ્હારા રામ પાછળ બાર-બાર વર્ષ ભૂખી તરસી અડવાણે પગે જંગલે જંગલે ભટકી દુષ્ટ રાવણના દિવ્ય વિલાસોને ઠોકરે મારી પતિવ્રત્ય જાળવ્યું, પતિના પ્રેમ અગ્નિમાં પડી અને અનેક કષ્ટો વેઠયાં પણ સ્ત્રીધર્મ ન ત્યજ્યો તે ભૂલી ગઇ ? જાગ ? જાગૃત થા. ત્હારાં સ્ત્રીધર્મ પ્રતિપાલન કરી ત્હારી પ્રજાને સત્ય આર્યા બનાવ ! આ ત્હારાં અનાર્ય વસ્ત્રાભૂષણને બદલે ત્હારાં અંગ અસલ મર્યાદા આર્યવસ્ત્રભૂષણથી વિભૂષિત કર ! કલ્યાણ !

પુનિત પતિવ્રત પાલ, પતિને દેવ સમાણીઃ
જગમંડળ અજવાળ, આર્યા ! પુણ્યશીલા બની ! ”

એક પ્રચંડ અવાજ સાથે પૃથ્વી ફાટી અને દેવી **સી**તા અદશ્ય થયાં, અને આત્મ-જ્ઞાનનાં ગૂઢ તત્વજ્ઞાનનાં ગીત ગાતાં ગાતાં તપસ્વિનીવૃંદ વચ્ચે ભગવતી **ગાર્ગી**ની ઉજ્વલ દેહલતા અનેક ઋષિપત્નિઓ સમેત દશ્યમાન થઇ અને પ્રભાવશાલી મુખશ્રીમાંથી વચનગંગા સ્ત્રવવા લાગીઃ—

“ આર્યા ! પુત્રી ! ઉઠ ! હવે ઉંઘવાના વિચાર છોડી દે ! જાગૃત થા ! ! ખીટીએ ભેર-વેલો ત્હારો ધર્મનો જમ્મો પ્હેરી લે ! પુત્રીધર્મ, સ્ત્રીધર્મ, પતિવ્રતા ધર્મ, માટિધર્મ ધારણ કરી લે ! હવે મંદિરે મંદિર ભટકવાનું છોડી દે ! પતિસેવા એજ ત્હારો ધર્મ સ્હમજ ! માંદાની, દુઃખની, અધમની, અનાથની પરોપકાર દૃષ્ટિએ સેવા એ સાક્ષાત્ પ્રભુ સેવાજ સ્હમજ ! ત્હારાં બાળકોને દુધમાંજ ધર્મભક્તિ, દેશભક્તિ અને રાજ્યભક્તિનું શિક્ષણ આપ ! ત્હારૂં બાળક પોતાના જીવનની અર્ધી કેળવણી ત્હારા ખોળામાંથીજ લે છે ! ત્હને એવી કેળવણી આપ કે તે પૂર્ણ મનુષ્ય અને પછી દેવ થઇ શકે. ત્હારી અજ્ઞાન ભગિનિઓને કેળવ ! ત્હારા વડે પૃથ્વી ઉજળી છે ! તું વિશ્વની માતા છે ! **આર્યા** ! ત્હારૂં અસલ સ્વરૂપ પ્રકટ કર ! કર્તવ્ય, પુણ્યશીલ થા ! અમારો ધ્યાનનો સમય થયો છે ! પણ આટલું કરજે !

સ્ત્રીધર્મ માતૃધર્મ પત્નિધર્મ તું ય જગાવ જેઃ
**આર્યા** ! પ્રજાગર થઇ હવે પ્રાચીન ગૌરવ લાવજે ! ”

આર્યાનાં ચર્મચક્ષુ ખુલી ગયાં. પરંતુ એક પલવારમાં અમાનુષી અગમ્ય માયાના પ્રભા-વથી પાછાં બંધ થઇ ગયાં, ને અંતરચક્ષુ ખુલ્યાં તો બે ભવ્ય તેજસ્વી અગોચર મૂર્તિઓએ સમક્ષ આવી સ્થાન લીધું. એ મૂર્તિઓ દેવી **દ્રૌપદી**ની અને સતી **સાવિત્રી**ની હતી. **આર્યા** માત્ર કાને સાંભળી રહીઃ—

“ **આર્યા** ! વ્હાલી **આર્યા** ! ઉંચું જો ! અમે ત્હને સદાચરણ, ફરજ, ધર્મ, ભક્તિ અને નીતિને રસ્તે દોરી જનાર છીએ. **આર્યા** ! હવે ત્હારા બધી જાતના ખોટા મોજશોખ અને વિલાસ છોડી દે ! ત્હારી સ્થુલ વાંછનાઓથી જ ત્હે ત્હારૂં ઉચ્ચ પદ ગુમાવ્યું છે; અજ્ઞા-

રથી સૂક્ષ્મની જગ્યા સ્થૂલે લીધી ત્યારથી ઉન્નતિની જગ્યા અવનતિએ લીધી. તું **આર્યા !** તું ત્હારી જાતનો વિચાર કર ! તું કોણ ? વિશ્વની અધિદેવી ! જગતની માતા ! પરમ પવિત્ર પુણ્યશીલા દેવી ! વિશ્વમાંનું સર્વોત્તમ સ્થાન અલંકૃત કરનાર **આર્યા** ! તું ત્હારા સ્થાન પરથી એટલી દૂર જઇ પડી છે કે અત્યારે એ સ્થાન પ્રાપ્ત કરાવવા માટે દેવોને સ્વર્ગમાંથી અહીં આવવું પડે છે ! **આર્યા** ! તું ત્હારૂં આર્યત્વ સ્હમજ ! ધર્મરાજા આશા રાખી રહ્યા છે કે તું ત્હારા ઉત્કર્ષ માટે સતત પ્રયાસ આદરશે અને તે તું કરવા બંધાયેલી છે. ત્હારે પૂર્વપદ પ્રાપ્ત કરવાનું છે. યાદ રાખજે કે તું **આર્યા** છે. ત્હારે કર્તવ્યનિષ્ઠ થવાનું છે. ત્હારી પુત્રીઓ આજ્ઞાંકિત પુત્રી, કર્તવ્યનિષ્ઠ પ્રેમી ભાર્યા, ગુણીયલ વત્સલ માતા, દયાની બ્હેન અને સૌજન્યશાલી માતામહ થાય તેવા ઉપાયો ત્હારે યોજવાના છે કારણ કે તું ત્હારા સંતાનોની વિધાતા છે. ત્હારા પર ભાવિ પ્રજાનો આધાર છે. ત્હારા વડે આર્યાવર્ત ઉજ્જ્વલ છે. તું સર્વ કાળમાં પૂજાતી આવી છે અને પૂજાય છે. પ્રેમની પ્રતિમા ! તું આજ કેવળ વિલાસનું સાધન મનાઇ છે. દેવી ! આજ દાસી ગણાઇ છે. અર્ધાંગના તે આજ પગનું ખાસડું ગણાય છે. ત્હારી સરખામણી પામર ઉંદરડી સાથે કરાય છે. અહાહા ! **यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः** એ સૂત્ર આજની ઉંદરડીની ઉપમાને પ્રાપ્ત થયેલી સ્ત્રી સાથે જોઉં છું ત્યારે **આર્યા** ! મ્હને શુંનું શું યે થઇ જાય છે. ત્હારા ખોળાઓમાં અનેક મહા પુરૂષો દેવતાઓ પાક્યા. તું પુણ્યશીલા ગણાઇ, પણ તું આજ અજ્ઞાન, અંધ છે. જો ! પતિ સાથે વનવાસ વેઠ્યો, દુષ્ટ દુર્યોધનની સભામાં ભયંકર કષ્ટ પડયાં તે વેઠયાં, પતિ સાથે વેચાઇ તે સહ્યું રાને રાને ને પાને પાન રખડી, પુત્રો મૃત્યુ પામ્યા અને સર્વસ્વ ગયું તે સહ્યું. પણ મ્હારૂં પ્રાચીન આર્યત્વ અને અમુલ્ય સ્ત્રી ધર્મ મ્હેં પ્રાણાન્તે પણ ન ત્યજ્યાં આ મ્હારી સખી સાવિત્રી સ્ત્રી ધર્મને ખાતરજ યમરાજ સાથે યમદ્વાર જવા તૈયાર થઇ પણ સ્ત્રીધર્મ પ્રતિપાલન કર્યો. ઓ **આર્યા** ! પ્રભુની માનીતિ પુત્રી જાગ ! હવે ઉંઘીશ ના ! સમય આવ્યો છે. જગતમાં સ્ત્રી જાતિનો સુયશ ફેલાવ !

> સહનશીલતા એક પતિવ્રત ઉચ્ચ સ્વપ્ન આચરશેઃ
> **આર્યા** ! થઇને તુર્ત પ્રજાગર, ધૈર્યે દિવ્યતા ધરશે;
> ત્યારે દર્શન દિવ્યજ થશે, વિશ્વમાં જ્યોતિ પરવરશે !

બન્ને દેવીઓ મધુરે સુરે ગુંજતી ગુંજતી પાંખો પસારી ઉડી ગઇ—અદ્રશ્ય થઇ, અને એક ઉજ્જ્વલ સુવર્ણપટ બે બાજુએ સરકી જતાં સૌદામિની પ્રકાશ સાથે એક સુંદર નવયૌવના આકૃતિ બ્હાર નીકળી આવી, અને રૂપેરી ઘંટડીના ઝીણા રણકાર કરતા સુર છોડવા લાગ્યાઃ—

"**આર્યા** ! **આર્યા** ! જાગ ! જો ! હું કોણ છું ? બ્હીશ મા ! હું **પદ્મિની** છું. ચીતોડના પુરાણા શહેર પાસેથી હું આવું છું. તું જાણે છે કે મ્હેં મ્હારૂં શીયળ સાચવવા મ્હારી છસેં સખીઓ સાથે મ્હારા સુંદર સુકોમલ શરીરની અગ્નિને આહૂતિ આપી હતી. અમે આજ અમર છીએ, અને **यावच्चंद्र दिवाकरौ** અમર રહીશું. આજ હું ત્હારામાં જુસ્સો, દેશદાઝ, સ્ત્રીધર્મ અને પવિત્રતાની જ્યોતિ પ્રકટાવવા આવી છું. પુર્વકાલીન આર્યાઓએ કરેલાં પ્રખ્યાત કામોની યાદગીરીદ્વારા ત્હારામાં તે જાજવલ્યમાન જ્યોતિ પ્રકટાવી વિશ્વમાં ત્હેનું તેજોમય ભાવમંડળ રચવા અતિ આતુર છું. **આર્યા** ! ઉઠ ! ત્હારૂં પ્રાચીન ગૌરવ પાછું લાવ ને આળસનો પડદો ચીરી કર્મવીર બન ! તે ત્હેં ઘણો સમય રાખ્યો, હવે ત્હારો ખરો રંગ બતાવી દે યાદ રાખજે કે મનુષ્યનું આસ્તિત્વ ત્હારે લીધેજ છે. **આર્યાવર્ત** ત્હારા વડેજ એક દીવસ પોતાનો ઉદ્ધાર કરી શકશે. ત્હારાં સંતાનો બળવાન, કર્તવ્યપરાયણ વિદ્વાન થાય, ત્હારી કુખ ઉજાળે

એમ કરવું એ ત્હારા હાથમાં છે. કોઇ પણ દેશની આબાદી કે પડતી તે દેશની આર્યા ઉપર અવલંબે છે. આર્યા ! ફરજ, નીતિ, દયા, ધર્મ, પ્રેમ, દેશભક્તિ, શૌર્ય અને સ્વાતંત્ર્યની રેલ હવે આર્યાવર્તમાં રેલાવી દે! ત્હારા ભરતને કર્તવ્યના સત્ય પંથે દોરી જા, ને એક વખત પૂર્વનો ભારતનો જયશ્રી વિજય રંગ ઉડાવ!

સ્વાતંત્ર્ય શૌર્ય દયા પ્રીતિને ધર્મ પાઠ પઢાવજે !

છે તું અધમ આર્યા ! હવે તુજ જાત ઉંચ ચઢાવજે ! કલ્યાણ ! કલ્યાણ ! ! ”

યુવાના ખોળામાં સુતેલી રમણિનું મુખ અને યુવાન બન્ને સાથેજ બોલી ઉઠયાં “ પ્રભુ સ્હાય કર ! ” અમે ચમકી ઉઠયાં—જાગૃત થયાં.

“ આર્યા ! દેવી ! શું બોલી ! પ્રભુની સ્હાય કેમ યાચો છો ? ”

“ જીવન ! પ્રાણ ! ત્હમે પ્રભુની દયા કેમ યાચો છો ? ”

“ દેવી ! દેવોએ મ્હારા હૃદયનાં દેવાઇ ગયેલાં દ્વાર દિવ્ય ઉપદેશ રૂપી ચાવીથી ખોલી નાંખ્યાં છે. હું હવે પૂર્વનો અનેક મીલોનો, લક્ષ્મીના કે ખેતાઓનો માલેક ભરત નથી રહ્યો ! હવે હું મ્હારી દેવીનોજ મ્હારાં સંતાનોનો ભરત છું. દેવી કેમ રોયાં ? ”

“ દેવ ! મ્હારાં ચક્ષુ દેવીઓની અદ્‌ભુત અંજન શલાકાઓથી ખુલ્યાં છે. હૃદયમાં અપનવો પ્રકાશ રોમ રોમ ઝળકી રહ્યો છે. પ્રાણ ! મ્હને કર્તવ્યપંથે દોરી જા ! ચાલ આ માયાનું ફોફડું દૂર કરી ઉડીએ. આપણે આંગણે સ્વર્ગ રચીએ. ”

“ દેવી ! પરમ કૃપા પરમાત્માની, ચાલો: કર્તવ્યમાં લાગીએ. આ વૈભવનાં નશ્વર રમકડાં ત્યાગીએ, આજ્ઞા અને દયા પ્રભુની માગીએ.”

**ભરત** અને **આર્યા** ઉઠયાં. સ્હામેની પર્ણકુટીમાંથી સ્વામીજી પાસેથી બે કંથાઓ લાવી આ દંપતિએ પ્હેરી દીધી પરોપકાર ને દેશોદ્ધાર અર્થેજ જીવન ગાળવું ઠર્યું, પોતાની સર્વે મીલ્કત પોતાના સંતોના શ્રેયાર્થેજ મહાપાઠશાળાઓ, ગુરૂકુલો, પુસ્તકશાળાઓ અને પ્રેયાલયો, વ્યાયામશાળાઓ અને ઔષધાલયો, કલાભવનો અને ઉદ્યોગાલયો ખોલવામાં વાપરવાની આજ્ઞા મોકલી દેવામાં આવી. આ વખતે **ભરત** અને **આર્યા** એ ઉભયનાં સુખની આસપાસ ઉજ્જ્વલ તેજમંડળ રચાવા લાગ્યું. કંથાધારી આ દિવ્ય યુગલ એક શીલાપદ ઘુંટણીએ પડી પ્રભુ પ્રાર્થના કરવા લાગ્યું:—

“ હે દયાઘન પ્રભુ ! કૃપા કર ! અમારૂં શ્રેય કરવાનું બળ અમને આપ ! મ્હારૂં ત્હારૂં ભુલાવી દે ! અમારાં સંતાનોને ઉદ્યમી, કર્તવ્યશીલ, કળાવર અને સંપીલાં બનાવ. અનીતી અળગી કરી ખરો ધર્મ, ખરો પ્રેમ, ખરી કર્તવ્યનીષ્ઠતા અને ખરૂં બળ આપ ! અનીવૃષ્ટી અને અનાવૃષ્ટી દૂર કર ! મહામારી હાંકી કાઢ ! અમને કર્તવ્યનીષ્ઠ બનાવ ! નમસ્તે ! પ્રભુ નમસ્તે !”

ધીમે ધીમે તેઓ ઉડયાં, “ **ભરત–આર્યા** ” એકાકાર થતાં જણાયાં. **હિમાલયના** યોગીઓ તેમની આસપાસ વીંટાઇ વળ્યા, આશ્ચર્ય ચકિત્‌ થઇ બોલી ઉઠયા “ ઓહો ! આ શું ? **આ તે ભરતખંડ કે આર્યાવર્ત ?** ”

પુષ્પવૃષ્ટી સાથે આકાશમાંથી પ્રતીધ્વની થયો. એ તો ‘**હિંદુસ્થાન**’—સ્થૂલ રૂપે “**ભરત–આર્યા**” સૂક્ષ્મ રૂપે “**હિંદુસ્થાન**” સૌ સાથે બોલી ઉઠયા “જય હીંદુસ્થાન ! ”

સજાત જોડાં જાતભોગથી પરહીતમાં પરવરશે:

અડગ ધૈર્ય ને શૌર્યભર્યાં સંતાન હિન્દમાં સરશે:

ત્યારે દેવો અવતરશે હીરલા નરવીર તરવરશે ! **રા. હંસલ.**

# સુખ ક્યાં છે ?

**ઉપજાતી.**

વિલાસ વસ્તુ મહિ છે રહેલું !
કે પક્ષી ગીતે, વિપિને વસેલું ?
પ્રાસાદમાં નારી ગીતિ શું એ છે ?
ક્યાં સુખ છે એ મુજને કહોને ! ૧

ગિરિ તલે કે નદીના પ્રવાહે ?
કે રત્નવાળા રૂડલા સુમેરે ?
નવિન ફૂટયાં તરૂ પલ્લવે રે, !
ક્યાં સુખ છે એ મુજને કહોને ? ૨

તરૂ, લતા કે ફૂલ પત્રમાં છે ?
નદી, તટે મંદિર માળમાં છે ?
શું વારિધિના તલમાં લખ્યું તે ?
ક્યાં સુખ છે એ મુજને કહોને ? ૩

ઘડી દુઃખો તો મનને ગમે ને,
ઘડી સુખોને મન ચા'ય પ્રેમે;
પુષ્પો ખીલી ને પછી મ્લાન પામે,
ક્યાં સુખ છે એ મુજને કહોને ? ૪

કેવાં રૂપાળાં તરૂપર્ણ શોભે!
પીળાં થઇ તે ધરણી પડે છે;
ખરો રૂપી અશ્રુ શું કહે જનોને !
નથી સખા સુખ અહીં અમોને ? ૫

મોજાં નદીના અથડાય કાંઠે,
જેના પ્રહારે નદી ગાન ગાજે;
તે શબ્દ ધીમો પડી શું કહે છે ?
નથી સખા સુખ અહીં અમોને ? ૬

કોકિલકંઠી નિત્ય ગાય ગાન,
પ્રીતિ બતાવે ભમરી પ્રમાણ;
કરે સુ શબ્દો શુકના સમા સ્ત્રી,
શું સુખ તેમાં મુજને કહોને ? ૭

સ્ત્રીયા રૂપાળી રમણીની સાથે,
રમે નરો અમૃત પાન આશે;
કરે પ્રીતિથી પ્રણય ક્રિયાઓ,
શું સુખના આ સઘળા વિલાસો ? ૮

**અનુષ્ટુપ.**

બાહ્યમાં દુઃખને જાણ, આત્મામાં સુખ જાણને;
વાસના વિશ્વની મિથ્યા મૂકીને આત્મ શોધને.

**રા. મગનલાલ ભાઇશંકર શાસ્ત્રી.**

# तत्वचिंतन.

( લેખક. રા. જીજ્ઞાસુ. )

જડ અને ચૈતન્ય એ એમય તત્વના દેખાડનાર ભગવાનને નમસ્કાર હો.

સર્વ નય મય, અને પરસ્પર વિરોધ રહિત એવી એની કાન્ત વાણીને નમસ્કાર હો.

જે ગુરૂ, પોતે પાપ રહિત માર્ગને વિષે પ્રવર્ત્તે છે, અને બીજા માણસોને પણ ( તેવા માર્ગે ) પ્રવર્તાવે છે, પોતે જાતે નિસ્પૃહ છે (પરિગ્રહાદિકની વાંછા રહિત છે ), પોતે તરે છે અને બીજા માણસને તારવાને સમર્થ છે તેમને નમસ્કાર હો.

## જ્ઞાન.

દરેક માણસને તન ધન અને ઠકુરાઇ મળે છે પણ માત્ર એક જ્ઞાન મળતું નથી કે જેથી સંસાર સમુદ્રનો પાર પમાય અને સઘળાં દુઃખ દૂર થાય.

જે પાપ રહિત માર્ગમાં પ્રવર્ત્તતો નથી તેને ખરૂં જ્ઞાન થાય નહી.

જે બીજાઓને પાપ રહિત માર્ગે પ્રવર્તાવતો નથી તેને ખરૂં જ્ઞાન થાય નહીં. બલીષ્ટાવસ્થામાં નિર્બલ ગરિબોને મારખોસ કરી દુઃખ કરનાર ગુન્હેગાર, અને ક્રોધ લોભાદિ વાંછાઓ વડે ઘેરાયેલાને ખરૂં જ્ઞાન થાય નહીં,

ગુણ શ્રેણીના ઉન્નત માર્ગે આગળ વધવાને અને બીજાઓને આગળ વધારવાને સમર્થ છે તેનેજ ખરૂં જ્ઞાન થાય.

સત્સમાગમ—કરનારને અને બદલો કે સાબાસી મેળવવાની આશા રાખ્યા વિના સારાં કામોમાં સતત ઉદ્યમ કરનારનેજ ખરૂં જ્ઞાન થાય.

બીજાઓને દુઃખ આપવાની દુષ્ટ બદીથી અલગ રહેવું હોય, પાપ રહિત માર્ગે પ્રવર્તવું હોય, અને સાચા જ્ઞાનનું સ્વરૂપ સમજવું હોય તો સદ્‌જ્ઞાનનો આશ્રય કરો.

## મનુષ્ય જન્મ.

દુઃખે પ્રાપ્ત થઇ શકે એવું મનુષ્યપણું પામીને જે મૂઢ પુરૂષ ઉદ્યમથી ધર્મ કરતો નથી, તે ઘણી મહેનતે પ્રાપ્ત કરેલા ચિંતામણિ (રત્ન)ને આલસથી સમુદ્રને વિષે નાખી દે છે.

જે માણસ પ્રમાદને વશ થઇ પોતાનો જન્મ વૃથા ગુમાવે છે તે માણસ સોનાના થાળમાં પકવાન વગેરે મિઠાઇના બદલે ધૂળ નાખે છે, અમૃતથી પગ ધુએ છે, શ્રેષ્ઠ હાથી પાસે લાકડાંના ભારા ઉંચકાવે છે, અને કાગડાને ઉડાડી મૂકવા માટે હાથમાંથી ચિંતામણિ રત્નને ફેંકી દે છે.

જે મૂર્ખ પુરૂષો, પ્રાપ્ત થયેલા ધર્મનો ત્યાગ કરીને ભોગની વાંછા માટે દોડે છે અર્થાત વિષયમાં પ્રવર્ત્તે છે, તે મૂર્ખ પુરૂષો પોતાના ઘરને વિષે, ઉત્પન્ન થયેલા કલ્પવૃક્ષને ઉખેડી નાખીને ધંતૂરાના વૃક્ષને વાવે છે, તે ચિંતામણિ રત્નને ફેંકી દેઇને કાચનો કકડો ગ્રહણ કરે છે. અને પર્વત સરખા હાથીને વેચી દઇને ગધેડાને ખરીદ કરે છે.

## માણસની દિનચર્યા. ( દરરોજની ફરજ )

દરરોજ પ્રાતઃકાળે વહેલા ઉઠીને નિચેના મંત્રોમાંથી હરકોઇ મંત્રનો પાઠ કરો.

**ॐ, सोहं, सिद्धं, ॐनमः नमः सिद्धं, अ, सि, आ, उ. सा. नमः** આ રીતે એકાક્ષરી એટલે એક અક્ષર વાળા બે અક્ષરવાળા ત્રણ અક્ષરવાળા ચાર અક્ષરવાળા,

સમ અક્ષરવાળા, વગેરે બીજા પણ ગુરૂમુખેથી સમજી લઇ તેનો પાઠ કરો. આ પાઠ કરવાનો મહાવરો જેમ વધારે તેમ ઉત્તમ ફાયદો છે.

પછી નિચે મુજબ સંકલ્પ.

(૧) આ શરીર વડે નહી કરવા યોગ જે કૃત્યો મ્હારા વડે થયાં હોય, તથા કુવિચારો જે મ્હારાથી કરાયા હોય તે મિથ્યા થાઓ.

(૨) ઉન્માર્ગે પ્રવર્તવાના કારણભૂત થાય તેવું મ્હારા વડે કંઇ પણ બોલાયું હોય તેનું પાપ મિથ્યા થાઓ,

(૩) અજ્ઞાનતાના કારણથી ઉન્નત્તિના માર્ગથી અવળા માર્ગે, જવાયું હોય અને નહીં કરવા યોગ્ય કાર્ય મારાથી થયું હોય તે પાપ મિથ્યા થાઓ.

(૪) દુષ્ટ કાર્ય કરવાને મનમાં ચિંતવન કરવું, અને અનાચરણ કરવું તે દુર્ધ્યાન છે. માટે તે ઇચ્છવા યોગ્ય નથી એટલું જ નહિ પણ ગૃહસ્થને ઉચિત નથી માટે તેવા દુર્ધ્યાન વડે મ્હને જે પાપ લાગ્યું હોય તે મિથ્યા થાઓ.

(૫) મિથ્યા જ્ઞાનને "તત્વ જ્ઞાન" તરિકે મ્હને ઓળખાતું હોય તો તે જ્ઞાનને મિથ્યા રૂપેજ ઓળખું તેવી મારી બુદ્ધિ થાઓ.

(૬) શુધ તત્વનીજ મારે જરૂર છે. તેની મ્હને આસ્થા થાઓ, એટલે કે:-"આ શું હશે ?" એવું અવ્યક્ત જ્ઞાન—"આ તે આમજ હશે કે બીજી રીત્યે ?" એવું શંકાયુક્ત જ્ઞાન—અને ખોટું હોવા છતાં આ તો આમજ છે" એવું દુરાગ્રહયુક્ત મિથ્યા જ્ઞાન એમ ત્રણ દોષ વગરનું શુધ અને સાચુંજ તત્વજ્ઞાન મને થવાની જરૂર છે.

(૭) શુદ્ધ તત્વની દ્રષ્ટિએ મારૂં જે આચરણ હોવું જોઇએ તેનાથી વિપરિત વર્ત્તન મારાથી જે થયું હોય તે મિથ્યા થાઓ. એક સુંદર ગૃહસ્થને યોગ્ય મારૂં આચરણ હોવું જોઇએ.

(૮) ગૃહસ્થ તરિકે મારે જ્ઞાનમાં અને સમતામાં રહેવાની જરૂર છે તેમજ શરીર મન, અને વચનને મારે કાબુમાં રાખવાં જરૂરનાં છે તે મુજબ મને આવડવુંજ જોઇએ.

(૯) ક્રોધ, લોભ, માન, અને કપટ ઉપર મારે કાબુ મેળવવો જોઇએ.

(૧૦) નિર્પેક્ષ, બીનગુન્હેગાર, મ્હોટા કોઇ પણ જીવને, સંકલ્પ વડે મારૂં નહીં. એ ગૃહસ્થધર્મની નેમ છે માટે તે પાળવાનું સામર્થ્ય મ્હારામાં પેદા થાઓ કે જેથી કોઇને માર ઓસ કરૂં નહિ. દોરડા વડે કોઇને જક્કડ (મજબુત) બાધું નહીં, બળદ ઇત્યાદિનાં અવયવ છેદું નહીં. કોઇ પ્રાણી પર અતિ ભાર લાદું ( ભરૂં ) નહીં, કોઇના પેટપર પગ મુકું નહીં ( ખાવા પીવાની બાબતમાં કોઇને વિઘ્ન કરૂં નહીં.)

(૧૧) વગર વિચાર્યે કોઇને ખોટું આળ આપું નહીં. કોઇનું રહસ્ય ખુલ્લુ કરૂં નહીં. કોઇની થાપણ ઓળવું નહીં. કોઇને કષ્ટમાં પાડવા ખોટી બુદ્ધિ આપું નહીં. ખોટો લેખ બનાવું નહીં.

(૧૨) ચોરની લાવેલી વસ્તુ સસ્તી મળે તોપણ લઉં નહીં. ચોરને સહાય આપું નહીં. ખરી વસ્તુઓમાં ખોટી વસ્તુઓનો ભેળ કરૂં નહીં. રાજ્ય વિરૂદ્ધ આચરણ કરૂં નહીં. ખોટા તોલ, માપનો ઉપયોગ કરૂં નહીં.

(૧૩) એક પત્ની કે જેની સાથે મારૂં લગ્ન થયેલું હોય તે શીવાયની સઘળી સ્ત્રીઓને મા કે બ્હેન સમાન ગણું. કુંવારી, વિધવા કે વેશ્યા સાથે દુષ્ટ કર્મ કરૂં નહીં. પરની સ્ત્રીની

૧. મજબુત ૨. લઉં.

સાથે હાંસી કરૂં નહીં, પારકાં છોકરાંના વિવાહની બાબતમાં મધ્યસ્થ રહું પણ કોઇનો પક્ષ કરૂં નહીં. કામ ભોગની તિવ્રાભિલાષા અટકાવવા હું મ્હારો કાબુ મેળવું.

(૧૪) ધન, ધાન્ય, ક્ષેત્ર, વાસ્તુ, સોનું, રૂપુ, ઘરની સરાજમ, દાસ દાસી તથા હાથી ઘોડા વગેરે પશું જે મ્હને મળેલાં છે તેની સંપૂર્ણ સંભાળ રાખું પણ તેના ઉપર તીવ્ર મુર્છા રાખું નહીં.

(૧૫) ગૃહસ્થને યોગ્ય ગુણવ્રત, અને શિક્ષાવ્રતને ધારણ કરૂં.

આ સઘળા સંકલ્પોને મારા શરીરના પેઠે મારે જાળવવા જોઇએ, છતાં નહીં જળવાયાથી જે કંઇ—દોષ લાગ્યો હોય તે સર્વે મિથ્યા થાઓ.

આ સંકલ્પ વિરૂધ આચરણ થવાથી જે કંઈ દોષ લાગ્યો હોય તેની નિવૃત્તિ માટે સ્થિર બેશી, મૌનપણે, હાલ્યા ચાલ્યા વિના પુર્વે જણાવેલા મંત્રનું ગુપ્ત સ્મરણ થોડોક વખત કરો.

પછી, પોતાનાથી અધીક ગુણવાનોને નમસ્કાર કરો, અને તેમના માર્ગનું અનુ-કરણ કરવાની નેમ પુનઃ સ્મરણમાં લાવો, પોતાનાથી અધીક ગુણવાન હોવા છતાં બીજાં શરીરોમાં અધમ સ્થિતિનાં દેખાતા, અથવા ઉપર ઉપરથી કળી નહી શકાય તેવા રૂપે આ જગત ઉપર અનેક મહાત્માઓ છે, અને તેઓ આગળ જતાં વધારે ઝળકી ઉઠવાના છે તે-મને નમસ્કાર કરો અને તેમના અનુકરણીય માર્ગનું ઉંડારથી અનુમોદન કરો.

અજ્ઞાનપણે જે જે પાપો થયાં હોય તેવાં ફરીથી નહીં કરવાના દ્રઢ નિશ્ચય પૂર્વક પ્રતિજ્ઞા કરો.

પોતાના મન, વાણી, અને શરીરના ઉપર દિનપ્રતિદિન વધારે અને વધારે કાબુ મેળવવા માટે, દરરોજ ઉન્નત માર્ગમાં ધરી રાખનારાં વ્રત ધારણ કરો અને તેને જીવના ફોલ્લાની પેઠે જાળવો.

## સજ્જન મનુષ્યનાં લક્ષણ.

સર્વદા તેના મનમાં દયા હોય, દુઃખિયા પ્રાણીનાં દુઃખ દૂર કરવાની અભિરૂચિ વાળો હોય, પરોપકાર કરવામાં માન ધરાવે, વાણી મધુર હોય, મ્હોટા ગુણવાળો હોય, મેરૂ પર્વતની પેઠે કદી પણ ખસે નહી તેવા ધૈર્યને ધારણ કરનાર હોય. સર્વને આનંદ આપનાર હોય; દુર્જનો ખોટા દોષ આપીને સતાવે તોપણ તેમનું મન તેમનું ખરાબ કરવા કે ચિંતવવા તરફ મલીન થાય નહીં. કારણ કે તેમની માન્યતા મુળથી એવી હોય છે કેઃ—અજ્ઞાની પ્રાણીઓ આ પ્રમાણે ખોટા દોષોનો આરોપ કરે નહીં તો પછી સંસાર સુખ રૂપ થયો એટલે મોક્ષ સુખની અપેક્ષાજ રહે નહીં. અને વિદ્વાનો તેના માટે મહાકષ્ટે પણ મ્હેનત કરે છે તે શા માટે કરે, જુઓ દ્રૌપદી અને સીતાને માટે સોનાની કસોટી પેઠે દુર્જનોનું વર્તન થયું પણ તેમણે દુર્જનોનું અશુભ ઇચ્છ્યું જ નથી.

## દૂર્જન લક્ષણ.

દૂર્જનમાં દયા હોય નહીં, ઓછી શક્તિ વાળા પ્રાણીઓને દુઃખી કરી ખુશી થનારો હોય, જુઠું બોલવામાં આનંદ માનનારો હોય, ચોરી કરવામાં આનંદ માનનારો હોય, કામ-વાસનાઓમાં લટપટ રહેનારો, અને સતિ સ્ત્રીઓને ત્રાસ આપનારો હોય, વ્યભિચારી હોય પાપથી અને અન્યાયથી પૈસો અને સત્તા મેળવનાર હોય, મોજીલો, ધૂર્ત અને ઉડાવગીર હોય, ક્રોધી હોય, અભિમાની હોય, અત્યંત લોભી હોય, અત્યંત રાગી કે દ્વેષી હોય, કજીઓ પ્રિય હોય—જ્યાં ત્યાં કજીઆ કરે અને કરાવે, ખોટાં આળ આપે, નિચ વૃત્તિ વાળો હોય,

બીજાનું જુઠું બોલનારો હોય, કપટયુક્ત જુઠું બોલનાર હોય અને અજ્ઞાની હોય.

આવા દુર્જનો અનેક પ્રકારનાં પાપાચરણ કરીને દુર્ગતિમાં જઇ દુઃખી થાય છે, તે વાતને માત્ર જ્ઞાની પુરૂષોજ સમજી શકે પણ બીજો નહીં, સાધુ પુરૂષોને આવા દુર્જનો તરફથી નિરંતર ભય રહ્યાં કરે છે. અને તેથીજ તેઓની પ્રગતિ સંપ્રાપ્ત કરી શકેજ માટે જ તેઓ ઉપકારી રૂપે જ્ઞાનીઓને પરિણમે છે એટલે તેઓ ગુસ્સાને પાત્ર નથી. પણ ખરી રીત્યે વિચારીએ તો દયાને પાત્ર છે, તેમના તરફ દયાની નજરથી જોવું અને તેમનું દૌર્જનત્વ દૂર થાય તેમ ધીમે ધીમે વિવેક પૂર્વક ઉપાયો લેવા એ સજ્જનોનું ભૂષણ છે.

## ગુણ.

જેમાં ગુણ હોય તે સર્વ સ્થળે વખણાય છે, અને ઉન્નતિને પામે છે, સુગંધના ગુણવડે માણસો ફુલને માથે ચઢાવે છે, ન્હાના પણ ગુણવાનો સર્વત્ર પૂજાય છે, બીજનો ચંદ્ર ન્હાનો હોવા છતાં તેના પ્રકાશક ગુણવડે તે પૂજાય છે, મ્હોટા ગુણવાળાની સોબતે આપણામાં ગુણો આવ્યા વિના રહેતા નથી મલયાગિરિ પર્વતના નજીકના પ્રદેશને સેવનાર પ્રાણી પણ ઉંચું થયા વિના રહેતું નથી તેમ. સદ્‌ગુણીઓના ક્ષેત્રમાં વસવું એ ગુણો મેળવવાનું પહેલું પગથીયું છે. બ્રહ્મચર્ય પાળવાની ઇચ્છા રાખનારાએ વૃદ્ધની વયે વૃદ્ધ તથા જ્ઞાને વૃદ્ધની સેવામાં નિરંતર હાજર રહેવું જોઇએ.

## ગુણીજનનો સંસર્ગ.

જે બુદ્ધિહીન પુરૂષ ગુણીજનનો સંગ ત્યજી દઇને કલ્યાણની આશા રાખે છે, તે દયાનો ત્યાગ કરીને ધર્મની ઇચ્છા કરનારના જેવો મૂર્ખ છે, ન્યાયના ત્યાગ કરનારને યશ મળે નહી, આળસુને દ્રવ્ય મળે નહીં, બુદ્ધિ વિના કાવ્ય બને નહી, સમતા, અને દયા વિના તપ થાય નહી. અલ્પમતિવાળાથી શાસ્ત્રાધ્યયન થાય નહીં આંખ વિના કોઇ વસ્તુને જોઇ શકાય નહીં, અને ચંચલ ચિત્તવાળાથી ધ્યાન થાય નહી. તેમ ગુણીજનના સંગ વિના કલ્યાણ થાય નહીં.

ગુણીજનના સંગથી દુર્બુદ્ધિનો નાશ થાય છે, મોહ ભેદાય છે, તત્વ અને અતત્વનું ભાન થાય છે, સંતોષ પેદા થાય છે, નીતિનો જન્મ થાય છે, ગુણ સમૂહનો વિસ્તાર થાય છે, યશ ફેલાય છે, સત્ય ધર્મ ધારણ થાય છે, અને દુર્ગતિ દૂર થાય છે.

જો તમારી બુદ્ધિના સમુહને પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય, આપત્તિને દૂર કરવાની જીજ્ઞાસા હોય, ન્યાય માર્ગે પ્રવર્તવાનો વિચાર હોય, કીર્તિ મેળવવાની ઇચ્છા હોય. દુર્જનતા ત્યાગ કરવાની મરજી હોય, ધર્મને ઉત્તમ રીત્યે સેવન કરવાની અભિલાષા હોય, પાપના ફળને રોકવાનો ભાવ હોય, સ્વર્ગ અને મોક્ષ લક્ષ્મીનો અનુભવ કરવો હોય તો ગુણી પુરૂષોનો સંસર્ગ જરૂર કરજો.

## દુર્ગુણીના સંગમાં રહેલા દોષો.

હીમ જેમ કમળોનો નાશ કરે છે. તેમ દુર્જન સંગતિ કિર્તિનો નાશ કરે છે, વૃષ્ટિ કરવાને તૈયાર થયેલા મેઘને જેમ પ્રચંડવાયુ વિખેરી નાખે છે તેમ દુર્જન સંગતિ આપણા તૈયાર થઇ નજીક આવેલા અભ્યુદયને વિખેરી નાખે છે, હાથી સુંદર બગીચાનો નાશ કરે છે તેમ દયારૂપ બગીચાનો દુર્જન સંગતિ નાશ કરે છે. વજ્ર જેમ પર્વતને વિદારે છે. તેમ પર્વતના પેઠે સ્થિર થયેલાં મહાન કલ્યાણને દુર્જન સંસર્ગ વજ્રની પેઠે નાશ કરે છે, લાકડાંના સંસર્ગથી અગ્નિ પોતાનું મ્હોટું રૂપ પકડે છે તેમ દુર્જન સંગતિથી દુર્બુદ્ધિ પોતાનું મ્હોટું રૂપ પકડે છે, માટે દુર્જન સંગનો આશ્રય કરવો નહીં.

## દુર્જન ઓળખવાના ત્રણ માર્ગ.

**નેણુથી**—વિદ્વાનો આંખ્યો ઉપરથી દુર્જનને ઓળખે છે.

**વેણુથી**—સામાન્ય માણુસો વચન ઉપરથી દુર્જનને ઓળખે છે.

**સેણુથી**—આચરણ ઉપરથી પણ દુર્જનપણું ઓળખાય છે. ધૂર્તનાં આચરણ, વચન, અને આંખ્યો જોયા છતાં સાધારણ માણસને તે ઓળખાતાં નથી પણ વિદ્વાનોને તેમાં વાર લાગતી નથી.

### ન્યાય.

ન્યાયથી જગતમાં યશ વધે, લક્ષ્મિ પ્રાપ્ત થાય, પાપ દૂર થાય, સંપતિ મળે. અન્યાય તજવાથી જગત વશ થાય છે. ન્યાયિની પશુઓ પણ સેવા કરે. અન્યાય માર્ગે ચાલનારને તેનો સગો ભાઇ પણ તજે. જુઓ ન્યાયી રામચંદ્રની હનુમાને સેવા કરી અને અન્યાયિ રાવણને તેના ભાઇએ પણ ત્યજી દીધો, ન્યાયથી યુદ્ધ કરે તો પણ તેને યશ મળે છે, અને હાથી ઘોડા વગેરે લક્ષ્મી તેને પામે છે, ન્યાયિનો શત્રુઓ પરાજય કરી શકતા નથી, ન્યાય એજ ધર્મને આપનાર છે, ન્યાયી ધર્મને ધારણ કરનારાઓજ પોતાના વૈરીઓ ઉપર જીત મેળવે છે, ન્યાયધર્મના વિરોધીઓને વૈરીઓ વશ કરે છે ન્યાય ધર્મના કારણથીજ પાંચે પાન્ડવ યુદ્ધમાં જયપામી રાજ્ય લક્ષ્મીને વર્યા અને અભિમાની અને ન્યાય ધર્મ વિરૂદ્ધ વર્ત્તનારા કૌરવો રણમાં રોળાયા.

### પ્રતિજ્ઞા.

સમજદાર માણુસોએ સત્ય, અને ઉન્નતિના માર્ગે પ્રયાણ કરવા માટે લીધેલી પ્રતિજ્ઞા કદીપણુ ત્યજવી નહી.

પ્રતિજ્ઞાની બાબતમાં પ્રતિજ્ઞા લેનાર અને પ્રતિજ્ઞા આપનાર બન્નેનું કૃત્ય જ્ઞાનમય, અને ન્યાયપુરસ્સર હોવું જોઇએ, અજ્ઞાનપૂર્વક લીધેલી, અને અજ્ઞાનપૂર્વક આપેલી પ્રતિજ્ઞામાં ભાગ્યેજ સત્યતા હોય છે એટલે તે ફેરવવા ગ્યોગ્ય હોય છે, માટે તે સત્ય પ્રતિજ્ઞા નથી.

ઉન્નત્ત માર્ગે પ્રગતિ કરાવનાર પ્રતિજ્ઞા તે ખરી પ્રતિજ્ઞા છે, અને, જે પ્રતિજ્ઞાના પરિણામે અવનતિ થાય તે પ્રતિજ્ઞા નથી, માટે પૂર્વાપર વિચાર કરીને પ્રતિજ્ઞા લેવી, અને આપવી તે હિતકર છે, અને હિતકર માર્ગને પસંદ કરવો જોઇએ.

જેઓ સત્ય પ્રતિજ્ઞાનું પોતાના શરીરની પેઠે રક્ષણ કરે છે તેઓ પ્રગતિમાં આગળ વધે છે. સત્ય પ્રતિજ્ઞાના માર્ગને મુકીને દુરાગ્રહના માર્ગે દોડી જનારા હઠીલાઓ ઘણું સહન કરીને પણ આખરે સત્ય પ્રતિજ્ઞા ધારણ કર્યા વિના છુટકો થતો નથી.

પ્રતિજ્ઞા લેનાર પાત્ર કદાચ અજ્ઞાન હોય, તોપણ પ્રતિજ્ઞા આપનાર, તો તેના છુપા હેતુનો વિવેકી હોવો જોઇએ.

મારી વાહવા થશે, મારૂં જીવન ચાલશે, અને ઐહિક સુખની મને પ્રાપ્તિ થશે એવી ઇચ્છાપૂર્વક પ્રતિજ્ઞા લેનારાઓ પણ ગુણવાન ગણાય છે, પણ તે હલકાજ પ્રકારના—કારણ કે તેમને પણ—ગુણી સમુદાયમાં રહેવાની ફરજ પડે છે, તે તેમના માટે અહોભાગ્ય સમજવું.

### ઉપશમ.

ઉપશમ—એટલે મનોવિકારને કાબુમાં રાખી શાન્તભાવે રહેવું અથવા બીજા શબ્દોમાં કહીયે તો બીજા બધા વિકારોને જ્ઞાનપૂર્વક વિવેકથી દૂર કરી પરમ ધૈર્ય કે શાન્તિને ધારણ કરવી તે—ઉપશમ. આ ઉપશમ સમાન જગતમાં શ્રેષ્ઠ સુખ નથી—કારણકે ઉપશમ વિના

તપ જપ સુર સેવા, વગેરે જે જે આત્મોન્નતિનાં કામો આદરે છે તે માખણ મેળવવાને પાણી વલોવે છે, જ્ઞાનના ભંડારરૂપ ગુણવાન મુનિરાજાઓને ધન્ય છે કે જેઓ તપશ્ચર્યાવિડે પોતાના શરીરને કૃશ કર્યા છતાં, શાન્તિનો વરસાદ વરસાવે છે, સત્યજ્ઞાન અને શુદ્ધ દ્રઢતાની પ્રાપ્તિ પણ આ ઉપશમનુંજ પરિણામ છે. ખરા સત્યને ઓળખવું અને તેનેજ વળગી રહેવાની શક્તિ તે ઉપશમથીજ આવે છે, ઉપશમ ઉપર માણસ ધારે તો ઘણીજ ઝડપથી–અને વગર મહેનતે સારો કાબુ મેળવી શકે છે, ઘણાખરા લોકો ઉપશમ ભાવની પ્રાપ્તિ માટે જીજ્ઞાસુ હોવા છતાં તેમાં પ્રવૃત્તિ કરતા નથી, તે તેમની ભુલ છે, માનસિક અને વાચનીક તેમજ શારીરિક આવેશના ઉપર ધીમે ધીમે કાબુ મેળવવાની ટેવ પાડતાં તે વાત તદ્દન સહેલ થઈ પડે છે, દાખલા તરીકે એકાદ માણસનું અપમાન કરવામાં આવે તો તુરતજ તે ચીડાઈ જાય છે, અને બીજા કેટલાક માણસો એવી પ્રકૃતિવાળા હોય છે કે તેઓને અપમાન કરવામાં આવે તોપણ આવેશમાં આવતા કે ચીડાતા નથી અને, શાન્તભાવમાં રહી શકે છે. આ વાતની ખાત્રી કરનારથી અજાણ્યું રહેતું નથી માટે ઉપશમનું ખરૂં સ્વરૂપ સમજીને દરરોજ થોડાક વખત સુધી–શાન્તિ રાખવાનો નિશ્ચય કરવો, આવી દરરોજ ટેવ પાડવી–બને તો તેને વધારતા જવું અથવા નાની નાની બાબતોમાં પણ તેનો વારંવાર ઉપયોગ કરવો–તે આવી રીતે કે૦–આજે મારી સાથે કંઇપણ વિપરીત બાબત આવે તોપણ મારે મારી શાન્તિ જાળવી રાખવી ને મારૂં મન કલુશીત કરવું નહીં તેમ આવેશમાં આવીને કંઇ યદ્દવા તદ્દવા બોલવું કે કંઇ આવેશયુક્ત કાર્ય કરવું નહીં–પછી સાંજે તપાસવું કે મારાથી–મારી આજની નેમ કેવી રીત્યે પળાઇ તે તપાસતાં કંઇ ભુલ થઇ હોય તો તે બાબત આપણી નાલાયકી ચિંતવવી–અને ફરીથી આવી નાલાયકી દૂર કરવાનો દ્રઢનિશ્ચય કરીને ફરીથી નવી નેમ ધારવી–આમ દરરોજ મહાવરો રાખતાં અદ્દભૂત ઉપશમ ભાવ પમાય છે, આ નિર્વિવાદ છે.

## ત્રીકરણ શુદ્ધિ.

તત્વજ્ઞાનનો શુધ્ધ બોધ અને તે ઉપર શ્રદ્ધા થવી, તેમજ તે શ્રદ્ધાપૂર્વક સદાચરણ રાખવાનો દ્રઢનિશ્ચય–એ મનની પવિત્ર અને ઉચ્ચત્તમ શુદ્ધિ છે,

આ શુદ્ધ માર્ગ સાચોજ છે, એવો બીજાને બોધ કરવો અથવા જરૂર પડે તો આ વાતની પુષ્ટીમાંજ બોલવું પણ તેનાથી વિપરીત બાબતને માટે બોલવું પડે તો–આ શુદ્ધ માર્ગને બાદ આવે નહીં તેવુંજ બોલવાનો નિશ્ચય તે વચનશુદ્ધિ છે.

આ માર્ગની પરાકાષ્ટાએ પહોંચવા માટે અને બીજાઓને તે માર્ગની પરાકાષ્ટાની ટોચે પહોંચાડવા માટે જે કંઈ વર્ત્તન કરવું પડે તે કાય (શરીર) શુદ્ધિ છે.

આવી ત્રણ પ્રકારની શુદ્ધિને ધારણ કરનારજ ખરો પવિત્ર માણસ છે, તેજ પુજવા, વંદવા યોગ્ય માણસ છે, તેનું તપ, જપ, યાત્રા, વગેરે સઘળી ક્રિયા સફળ થાય છે આવી શુદ્ધતા સમજ્યા વિનાની સઘળી ક્રિયાઓ, આ શુદ્ધિના જેવું પવિત્ર પરિણામ લાવવાને સમર્થ નથી. ગંગાજળની પેઠે ત્રણ શુદ્ધિ બને છે તેને ઘેર બેઠે નિર્જરા થયાંજ કરે છે.

## કુળ.

આ જગતમાં અનેક જાતનાં કુળ છે, તેમાં ઉત્તમ કુળ પામવું એ પણ એક અહો-ભાગ્યથી વાત છે, જેમ શંખમાં શ્વેતતા, અમૃતમાં મધુરતા, ચંદ્રમાં શીતળતા, પુષ્પમાં સુગંધ અને શેરડીમાં મીઠાશ, સ્વાભાવિક હોય છે તેમ ઉત્તમ કુળમાં સ્વભાવિક શુભ સામગ્રીનો

સમુદાય ઉન્નત્તિ માર્ગને પામનાર હોય છે ઉંચા પ્રકારની વિદ્યાની સામગ્રીથી સંપન્ન ઘર જે કુટુંબમાં હોય તે કુળમાં જન્મ થવો તે આપોઆપ સૌ જન્મપણાને દીપાવનાર સ્વાભાવિક રીતે થઇ પડે છે.

## વિવેક:—

જેના હૃદયમાં વિવેકરૂપી દીવો વસે છે–તેને સર્વે ભવનો મોહરૂપી અંધકાર નાશ પામે છે, પરમ ધર્મની વસ્તુ જે તત્વ છે, તેનો પ્રત્યક્ષ ભાસ થાય છે, તેનાં કર્મો પતંગીયાની પેઠે સદ્વિવેકરૂપ ધ્યાનની અગ્નિમાં બળીને નાશ પામે છે, જેઓ વિવેક વગરના છે, તેઓ બાળક અને ભોળાછે, દુનિયામાં પોતાનો કે પરનો ઉપકાર કે ઉદ્ધાર કર્યો હોય તો તે માત્ર વિવેકી મનુષ્યોએજ કર્યો છે, વિવેક પેદા કરવાની ઇચ્છા હોય, તમારાં કર્મોનો નાશ કરી ઉન્નત્ત માર્ગે જવું હોય તેમજ બીજાઓનો ઉપકાર કરવો હોય તો, માત્ર જ્ઞાનનો આશ્રય કરો કારણ કે તેથીજ તમારામાં સદ્વિવેક આવશે.

## વિનય.

સોળ કળાના પૂર્ણ ચંદ્રની શોભા વિના રાત્રી શોભે નહીં તેમ, વિદ્યા કે વડાઇ કોઇ રીતે શોભતી નથી. વિદ્યા પણ વિનય વિના ફળતી નથી વિનય વિના કોઇપણ પ્રકારની ઉચ્ચતા રહેતી નથી. વિનય ગુણથી લક્ષ્મી પણ પમાય છે, વિક્રમ રાજાએ પણ વિનય વડેજ પર કાય પ્રવેશની વિદ્યા સંપાદાન કરી હતી–અવિનિતનો જ્યાં ત્યાં અનાદર થાય છે, અને તેના સઘળા ગુણો અનુક્રમે નાશ પામે છે, જો તમારે, ગુણવાન થવું હોય, ઉન્નત્તિનો માર્ગ પકડવો હોય, સાચી વિદ્યાની જરૂર હોય, ક્ષાયિક વિર્યની પ્રાપ્તિ કરવી હોય અને મોક્ષના સુખોની અભિલાષા હોય તો જરૂર વિનયને વિસારતા નહિ, આપણાથી ગુણવાન, સમૃદ્ધિવાન, કે વિદ્વાન્ હોય તેમનું બહુ માન કરવાથી વિનય થાય છે તેમજ જેઓ ગુણહિન, સમૃદ્ધિ વિનાના, મૂર્ખ અથવા બાળ–કે ભોળા જીવો છે તેમને ઉન્નત્ત માર્ગમાં લાવવાને જે જે ઉપાયો કરવા તે તેમનો વિનય કહેવાય છે, મતલબ કે સારા નરતા સર્વનો વિનય કરવો જરૂરનો છે, આખા વિશ્વનો વિનય કરવાને જે અસમર્થ છે–તેણે પોતાનાથી બને તેટલા માણસોનો કે પ્રાણીઓનો જરૂર વિનય કરવા ચુકવું નહીં.

## વિદ્યા.

વિદ્યાવડે ભૂત ભવિષ્ય, અને વર્તમાન કાળનું જ્ઞાન થાય છે વિદ્યાવડે કોઈ શત્રુ ફાવતો નથી, શત્રુના લશ્કરના બળનો નાશ પણ વિદ્યાવડેજ થાય છે, વિદ્યાવડે જગત માત્રને ખુશી કરી શકાય છે, ધન નાશ પામે છે પણ વિદ્યા નાશ પામતી નથી. ગુરૂની પાસે રહીને ભણેલી વિદ્યા ઘણીજ પ્રકાશવાન હોય છે. વિદ્વાનોનાં દેવતાઓ પણ વખાણ કરે, વિદ્યાવડે વૈરીઓનો નાશ થાય છે, જેઓ વિદ્યાના ઉપાસક છે તેમનો જગતમાં જશ વધે છે, વિદ્યાવડે કુબડો માણસ પણ સોભાને પામે છે, વિદ્યાવડે નાના પ્રકારના ભોગ સુખ, અને યશ પમાય છે, માટે વિદ્યાનો આશ્રય કરવો જરૂરનો છે.

કેટલાક માણસોની એવી માન્યતા હોય છે કે અમને તો વિદ્યા ચઢતી નથી, માટે પ્રયાસ કરવો નહીં એમ કહી તેઓ ભણવાનું છોડી દે છે, આ તેમની મ્હોટી ભુલ છે કારણ વિદ્યા એ એક એ વસ્તુ છે કે–તેનો આશરો લીધા વિના કોઇ રીતે કોઇ પ્રાણી વિસ્તાર પામવાનોજ નથી. એટલે આ ભવને નકામો ગુમાવશો તો, પછી દુર્ગતિમાં જઇ ત્યાં અનેક દુઃખો ભોગવી પૂરી રીતે પસ્તાઇને પછી ઘણા કાળે કરી જ્યારે પાછા મનુષ્ય અવતારમાં

આવશો ત્યારેજ ભણવાનું મળશે. વળી કેટલાક માણસો તો એમ માને છે કે હવે અમે તો મ્હોટા થયા માટે હવે તે કંઇ વિદ્યા ભણાય ?—આવી પણ ભૂલ ભરેલી તેમની માન્યતા હોય છે, પણ તેમણે વિચારવું જોઇએ, મનુષ્ય જન્મમાં સદ્ સામગ્રી મળ્યા છતાં વિદ્યાનો આશ્રય નહીં લો તો પછી દુઃખી થયા વિના છૂટકો નથી અને તે વખતે તમને ત્યાં જ્ઞાનનું સાધન મળનાર નથી. માટે જો હાલ વિદ્યા મેળવશો તો તમારે નરક કે તિર્યંક ( પશુ ) યોનીમાં જન્મ લેવોજ બંધ થશે. અને તમો દિન પ્રતિદિન ઉન્નત માર્ગે જશો. આ વાત ભુલવાની નથી.

## ઉપકાર.

શરીર, ધન, યૌવન, અને આયુ એ ચંચળ છે, માટે પરોપકાર કરી લેજે; કારણકે તન ધન વગેરેની પ્રાપ્તિ એજ ત્હારો સારો સમય છે, આ વખતે તું પરોપકાર કરીશ તો થશે પછીથી એ સામગ્રી નાશવંત હોવાથી તું છુટો થઇશ માટે પછીથી ત્હારાથી કંઇ થનાર નથી માટે ચેતવું હોય તો ચેતીને જેમ દાવ આવે તેમ પરોપકાર કરી લેજે. નાતના જમણમાં એકાદ માણસના હાથમાં ઘીની વાઢી આવે છે તો તેને પોતાના લાગતા વળગતાઓના ભાણામાં પોતાનું મન માન્યુ ઘી આપીને ખુશ થતો જોઇએ છીએ તેમ તેમને સારીરિક માનસીક તેમના ધન વગેરે સર્વંધની સામગ્રી જે હાલ ત્હારા હાથમાં આવી છે તે વડે ત્હારા પ્રસંગમાં જે આવે તેને પરોપકાર કરી લે, નહીં તો થોડા વખતમાં તે સઘળું ત્હારા પાસેથી જશે અગર તું તેને ત્યજીને બીજી દુનિયામાં જઇશ. મસાણ તરફ જતાં મડદાંની શ્રેણી તને યાદ નથી આવતી ? જ્યારે તને વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થશે, તારૂં ગળું પકડાશે, દાંત પાડી નાખશે, કમર ભાગી નાખશે, કાળ નજીક આવશે તે વખતે તને કોણ સ્હાય કરશે, તમારે જોવું જોઇએ કે; ઝાડ ફળોને પેદા કરે છે. પણ તે પોતાને ખાવા માટે નહીં, પણ બાજાઓના તરફ ઉપકાર માટેજ, નદી પોતે જળ પીતી નથી પણ પોતાનું જળ બીજાઓના ઉપકાર માટે ઉપયોગી થાય તેટલા માટેજ વહે છે. જેનું ધન પરોપકારમાં વપરાય છે, જેઓ પરોપકારમાંજ પોતાનો દેહ અર્પે છે, તેમને ધન્ય છે, અને તેમનુંજ જીવન સફળ છે, પણ કંજુસનું, આળસુનું નહીં. નળ, કરણ, વિક્રમ, અને રામ વગેરે રાજાઓ, કે જેઓ પરોપકારમાં પોતાના જીવન ગાળનારા થઇ ગયા છે.

## ઉદ્યમ.

ઉદ્યમથી રત્નાકર તરાય છે, ઉદ્યમથી લક્ષ્મી મળે છે, ઉદ્યમે મહાન શાસ્ત્રોનું જાણપણું થાય છે, ઉદ્યમથી સઘળાં સંકટ દૂર થાય છે, દુઃખની વખતે ઉદ્યમજ મદદગાર છે, ઉદ્યમવડે ભલાઇ કરાય છે, અને ઉદ્યમવડે સર્વ શ્રેય સાધિ શકાય છે, માટે ઉદ્યમે લાગવું જોઇએ.

ઉદ્યમે તો પ્રાણી માત્ર લાગેલાં છે, પણ જેઓ પોતાનો અને પરનો ઉપકાર થાય, વિસ્તાર થાય—અથવા ઉન્નતિ થાય તેવી બાબતમાં થનારો સઘળો ઉદ્યમ શ્રેષ્ટ અને વંદ્ય છે, અને પાપાચરણમાં, કે—પોતાને તેમજ અન્યને દુઃખકર કે સુખરૂપિ પરિણામનાર ઉદ્યમ, તે અધમ અને નિંદ્ય છે, તે ત્યજવાનો ઉદ્દેશ સમજવો.

## દાન.

ધનને ગમે તેમ સાચવવામાં આવે તો પણ તે સ્થિરપણે રહેતુંજ નથી—તેમ તેને નાખી પણ દેવાતું નથી—તેના ત્રણ માર્ગ છે કાંતો તેનું દાન અપાય, ભોગમાં લેવાય, કે નાશ થાય છે, જે દાન આપતો નથી, તેમ પોતાના ભોગમાં લેતો નથી. તેના ધનનો ત્રીજો માર્ગ જે

નાશ તે તો થાય છેજ. લક્ષ્મી નદીની પેઠે નીચમાં જાય છે, નિદ્રાની પેઠે ચૈતન્યનો વિનાશ કરે છે, મદિરાની પેઠે મદનું પોષણ કરે છે, ધુમાડાના સમુહની પેઠે અસ્થિરપણાને ભજે છે, દાવાગ્નિની પેઠે તૃષ્ણાને વધારે છે. અને કુલટા સ્ત્રીની પેઠે સ્વેચ્છાએ ભ્રમણ કરે છે.

ધનનો ધિક્કાર હો કે જ્યાં ધન હોય છે ત્યાં દાવેદારો ( એક ગોત્રમાં જન્મેલા ) ઇચ્છા કરે છે, ચોર લોકો ચોરી લઇ જાય છે, રાજાઓ છળ કરીને લઇ લે છે, અગ્નિ ક્ષણ માત્રમાં ભસ્મ કરે છે, જળ ડુબાવી દે છે, જમીનમાં સંતાડેલી લક્ષ્મીને વ્યંતર દેવતાઓ બળાત્કારે હરી જાય છે, અને દુરાચારી પુત્રો વિનાશ કરે છે.

માનવંતા માણસો પણ દ્રવ્યના અર્થી થઇને નીચ પુરૂષોની આગળ મીઠું મીઠું બોલે છે, ( ખુશામત કરે છે ); નિચ પુરૂષોને નમસ્કાર કરે છે, નિર્ગુણી શત્રુનું પણ ઉંચે સ્વરે ગુણને જાણનારા સ્વામીની સેવા કરવામાં પણ કાંઇ દુઃખ ધારતા નથી. આવી રીતે સ્વતંત્ર માણસો પણ દ્રવ્યના અર્થે શું શું કષ્ટ નથી કરતા ?

પાત્રમાં પુરૂષોને આપેલ દાનવડે સદાચરણની અને વિનયની વૃદ્ધિ થાય છે, જ્ઞાનને ઉન્નત કરે છે, શમતા રસનું પોષણ કરે છે, તપને પ્રબળ કરે છે, શાસ્ત્રનો ઉલ્લાસ કરે છે, પુણ્યને ઉત્પન્ન કરે છે, પાપનો વિનાશ કરે છે, સ્વર્ગ અને મોક્ષનો વિસ્તાર કરે છે.

ઉપદ્રવનો નાશ કરનારૂં અને સંપતિનું કારણભૂત એવું જે દાન તેને જે પુરૂષો પાત્રજનને આપે છે, તે પુરૂષના સામું દારિદ્રય જોતું નથી, દોર્ભાગ્ય તેને સેવતું નથી. અપયશ તેનો આશ્રય કરતો નથી, પરાભવ તેની અભિલાષા કરતો નથી, વ્યાધિ તેનું શોષણ કરતો નથી, દીનતા તેનો આદર કરતી નથી, ભય તેને પીડતો નથી અને આપત્તિઓ અને ક્લેશ પમાડતી નથી.

જે પુરૂષ પુણ્યાર્થે દ્રવ્ય આપે છે તે પુરૂષની લક્ષ્મી ઇચ્છા કરે છે, તેને બુદ્ધિ શોધે છે, કીર્તિ જુએ છે, પ્રીતિ ચુંબન કરે છે, સૌભાગ્ય સેવા કરે છે આરોગ્યતા આલિંગન કરે છે, કલ્યાણની પરંપરા તેની સન્મુખ આવે છે, સ્વર્ગના ઉપભોગની પદ્ધતિ તેને વરે છે અને મોક્ષ શ્રી તેની વાંચ્છા કરે છે.

જે પુરૂષ પોતાના વિશાળ દ્રવ્યરૂપ બીજને **સાત ક્ષેત્રમાં** વાવે છે તે પુરૂષને સુખ સંપતિ સમીપ વર્તે છે, કીર્તિ દાસી થાય છે, લક્ષ્મી તેને મળવાને ઉત્કંઠીત થાય છે, બુદ્ધિ સ્નેહવાળી થાય છે, ચક્રવર્તીપણાની રૂદ્ધિ પરિચય વાળી થાય છે, સ્વર્ગ લક્ષ્મી હાથમાં આવે છે, અને મોક્ષની સંપત્તિ અભિલાષાવાળી થાય છે.

કુપાત્રને લક્ષ્મીનું દાન આપવાથી, દુરાચારની વૃદ્ધિ થાય છે, વિનયનો નાશ થાય છે, જ્ઞાન વિનાશ પામે છે, અધિરાઇ ઉત્પન્ન થાય છે, તપ જપાદિનો સદંતર નાશ થાય છે, શાસ્ત્રનો લોપ થાય છે, પાપ ઉત્પન્ન થાય છે, પુન્યનો વિનાશ થાય છે, નરક અને પશુ ગતિમાં જન્મ આપવો પડે છે.

પુણ્યના કામોમાં જે લક્ષ્મી વાપરતો નથી તેની લક્ષ્મી બીજી રીતે નાશ પામે છે, તેની બુદ્ધિ ભ્રષ્ટ થાય છે, અપકીર્તિ થાય છે. અપ્રીતિ ઉપજે છે, સૌભાગ્ય રહેતું નથી, આરોગ્યતા આલિંગન કરે છે અકલ્યાણની પરંપરા તેની સનમુખ આવે છે.

આત્મજ્ઞાન પેદા થાય તેવાં નિમિત્તોની રચનામાં પૈસો ખર્ચવો તે દ્રવ્યનો સન્માર્ગ વ્યય છે.

જ્ઞાનમાં પૈસો ખર્ચવો તે સન્માર્ગ વ્યય છે, સર્વ પાપકર્મથી રહિત એવાં ધર્મી સ્ત્રીપુરૂષોના અભ્યુદય માટે દ્રવ્ય ખર્ચવું તે સન્માર્ગ વ્યય છે, ઘણાં પાપ જેણે તજ્યાં છે, અને

સમુળગાં પાપથી રહિત થવાને ઉત્સુક છે તેવાં સ્ત્રીપુરૂષોના અભ્યુદય માટે દ્રવ્ય ખર્ચવું તે પણ સન્માર્ગે વ્યય છે.

જ્ઞાન અથવા જ્ઞાનીના અભ્યુદય માટેજ દ્રવ્યનો વ્યય એજ સર્વોત્તમ વ્યય છે.

દાન આપીને, તેનો બદલો કે વખાણ થવાની આશા રાખવી નહી કારણ કે તેવી આશા રાખવાથી દાનનું ફળ હલકું થઇ જાય છે,

દાન આપીને પાછળથી પોતાનાં વખાણની આશા રાખે તેનું દાન કીર્તિ દાનમાં ગણાય છે, તે જો કે દાનજ છે પણ કંઇ હલકા પ્રકારનું થાય છે, વારસદારોને ધન આપવું તે ઉચિત દાન કહેવાય છે ગરીબોનાં દુઃખ દૂર કરવા માટે ધન ખર્ચવું તે અનુકંપાદાન છે, પણ તે સર્વમાં જ્ઞાન, અને જ્ઞાનીની વૃદ્ધિ માટે સુપાત્ર દાન આપવું તે વધારે મ્હોટું છે આ સંસારમાં અનેક પ્રકારના દુઃખોથી પીડાતા પ્રાણીયોને ભયમાંથી બચાવવા—જ્ઞાની કરવા, માનભરી કમાઇ કરી નીતિના માર્ગે ચાલે તેમ કરવું આ સઘળું ઉત્તમોત્તમ દાન છે.

## શીયળ

કામથી પિડાયેલો જે માણસ પોતાની સ્ત્રીને બોલાવતો નથી અને પરસ્ત્રીને તજતો નથી, તેણે જગતને વિષે પોતાની અપકીર્તિનો ઢોલ વગડાવ્યો છે, પોતાના કુળને કાજળનો કુચો લગાડ્યો છે, સંયમને જલાંજલી આપી છે, સદ્દગુણોના વનમાં આગ લગાડી છે, સર્વ આપત્તિઓ પોતાની પાસે બોલાવી છે, અને મોક્ષનાં દ્વાર બંધ કરીને તાળુ વાસ્યુ છે,

જે માણસો શીયળ ધારણ કરે છે તેમના, વાઘ, સર્પ, જળ, અને અગ્નિ ઇત્યાદિ આપત્તિયો નાશ પામે છે, કલ્યાણ વૃદ્ધિ પામે છે, દેવતાઓ સહાય કરે છે, કીર્તિ વિસ્તાર પામે છે, ધર્મ પોષણ પામે છે, પાપ નાશ પામે છે, અને સ્વર્ગ તેમજ મોક્ષનાં સુખ પાસે આવે છે.

નિર્મળ શીયળવડે કુળનું કલંક નાશ પામે છે, પાપરૂપ કાદવ દૂર થાય છે, સુકૃતની વૃદ્ધિ થાય છે, પ્રશંસાનો વિસ્તાર થાય છે, દેવતાઓના સમુહ તેને નમે છે, ભયંકર વિઘ્નો નાશ થાય છે, અને રમત માત્રમાં સ્વર્ગ અને મોક્ષ પમાય છે.

## તપ.

ઇચ્છા નિરોધ તે સર્વથી ઉગ્ર પ્રકારનો તપ છે અને તે સર્વાંશી તપ કહેવાય છે—તેનાથી ઉતરતા પ્રકારના બીજા તપ છે, એક વખતના આહારનો ત્યાગ તે તપ કહેવાય છે, ઇચ્છા કરતાં કંઇક ઓછું જમવું તે ઉણોદરી તપ કહેવાય, ઉપવાસ કરવા તે તપ કહેવાય છે, મનોવૃત્તિને સંક્ષેપ કરવી, રસનો ત્યાગ કરવો, શરીરનું દમન કરવું અને આવેલાને વિસારવો નહી તે તપ કહેવાય છે, કરેલા ગુન્હાની ગુરૂ પાસે માફી માગી પ્રાયશ્ચિત્ત લેવું, ગુણી અને જ્ઞાની ગુરૂનો વિનય કરવો, તેમની વૈયાવૃત્ય કરવું, ભણવું, વાંચવું પુછવું ઇત્યાદિ સ્વાધ્યાય કરવો, ધ્યાન કરવું, અને કાય વ્યાપાર તજીને એકાગ્ર થવું તે સર્વ જુદી જાતના તપ છે.

પુર્વે કરેલાં કર્મરૂપ પર્વતને છેદવાને વજ્ર સમાન, મનોવાંછિત રૂપ દાવાનળની જ્વાળાને શમાવવાને જળ સમાન ઉગર એવા જે ઇન્દ્રીય સમુહરૂપ સર્પને વશ કરવાને મંત્ર સમાન, વિઘ્નરૂપ અંધકારને દૂર કરવાને દીનકર સમાન, અને લબ્ધિ તથા લક્ષ્મીરૂપી લતાને ઉત્પન્ન કરવાને મુળ સમાન આ તપ છે માટે તમે કોંઇપણ ફળની ઇચ્છા રાખ્યા વિના વિધિ પ્રમાણે તપશ્ચર્યા કરો.

તપથી કાષ્ટની પરંપરા નાશ પામે છે, દેવતાઓ સેવા કરે છે કામ વિકાર શાન્ત થાય અને ઇન્દ્રીય દમન થાય છે,

જેવી રીત્યે વનને બાળવાને દાવાગ્નિ શીવાય બીજું સમર્થ નથી; દાવાગ્નિને શમાવવા, મેઘવિના અન્ય કોઇ શક્તિમાન નથી, અને મેઘનાં વાદળાંને વિખેરી નાખવાને વાયુવિના અન્ય કોઇ નિપુણ નથી તેવી રીત્યે કર્મના સમુહને હરવામાં અન્ય કોઇ સમર્થ નથી.

જેઓ તપ કરે છે તેમનામાં, સંતોષ, શમતા, જ્ઞાન, ઇન્દ્રીય નિરોધ, નિર્ભયતા, શ્રદ્ધા, અને ભોગ વિગેરે અનેક સંપત્તિઓ આવીને મળે છે, ટુંકમાં તપ વડે સર્વ લબ્ધિ પમાય છે અને સર્વોપરિ સુખીઆ થવાય છે.

## ભાવ. ( શુદ્ધ ભાવના. )

જેવી રીત્યે નિરાગી પુરૂષને વિશે સ્રીનો કટાક્ષ નિશ્ફળ છે, કંજુસ શેઠની સેવાનું કષ્ટ નિષ્ફળ છે, પથ્થર ઉપર કમળ વાવવાં નિષ્ફળ છે, ખાખર વાળી જમીનમાં વર્ષાદ નિષ્ફળ છે તેમ, તપ, જપ, દાન ઇત્યાદિ સર્વ ભાવના વિના નિષ્ફળ છે,

જે માણસ સર્વ વસ્તુ જાણવા ઇચ્છતો હોય ધર્મને ઇચ્છતો હોય, દયા ધારણ કરવાને ઇચ્છતો હોય, પાપ માપવાને ઇચ્છતો હોય, ક્રોધને ખંડન કરવાને ઇચ્છતો હોય, દાન, શીયળ, તપના ફળને સફળ કરવા ઇચ્છતો હોય, કલ્યાણની વૃદ્ધિ ઇચ્છતો હોય, અને સંસાર સમુદ્રમાંથી પાર પામવા ઇચ્છતો હોય તો તેણે શુભ ભાવનાઓ ભાવવી.

શુભભાવનાઓ, વિવેકને વધારનાર, સમતાને સજીવન કરનાર, કામાગ્નિ બુજાવનાર, અને ચળાયમાન ઇન્દ્રીયરૂપ મૃગને બાંધવાને પાસ સમાન છે માટે તેનું સેવન કરો, બીજાં અનુંષ્ઠાનોની જરૂર નથી,

બહુ દાન આપ્યાં, સમગ્ર શાસ્ત્રનું અધ્યયન કર્યું. ભયંકર ક્રીયાકાન્ડ રચ્યો, વારંવાર ભૂમિને વિશે શયન કર્યું તીવ્ર તપશ્ચર્યા કરી, અને ચિરકાળ સુધી સંયમ–કે ચારિત્ર પાળ્યું પરંતુ ચિત્તને વિશે શુભભાવ નથી તો એ સર્વે ફોતરાં ( કુશકા ) ખાંડવાની પેઠે નકામું છે અર્થાત્ એક કણ પણ નપજવાનો નથી.

## ક્રોધ.

પોતાના હિતની વાંછામાં નિપુણ માણસોએ ક્રોધને મૂળથીજ ઉચ્છેદ કરવો જોઇએ, દારૂવડે ચિત્તમાં વિકાર થાય છે તેમ ક્રોધવડે પણ તેવોજ વિકાર થાય છે; સાપ સર્વને ત્રાસદાયી છે તેમ ક્રોધ પણ સર્વને ત્રાસદાયી છે, અગ્નિથી શરીર બળીને નાશ પામે છે તેમ ક્રોધવડે પણ શરીર બળી ગળીને નાશ પામે છે, ઝેરવડે આપણો નાશ થાય છે તેમ ક્રોધવડે જ્ઞાનનો નાશ થાય છે.

જેણે કલ્યાણની પંક્તિરૂપ પુણ્યની શ્રેણિ ઉત્પન્ન કરી છે, અને શમતારૂપ જળથી સિંચીને ચારિત્રરૂપ વૃક્ષને ઉછેરીને મ્હોટું કર્યું છે, તે વૃક્ષ ક્રોધરૂપ અગ્નિની પાસે જાય તો તે ભસ્મ થઇ જાય છે.

ક્રોધ સંતાપને વિસ્તારે છે. વિવેકને ભેદી નાખે છે, મિત્રતાનો નાશ કરે છે, ઉદ્વેગને ઉત્પન્ન કરે છે, અસત્ય વચનને જન્મ આપે છે, કલેશ કરાવે છે, કીર્તિનું ઉચ્છેદન કરે છે,

દુર્મતિ વિસ્તારે છે, પુણ્યના ઉદયનો નાશ કરે છે, અને દુર્ગતિમાં લઇ જાય છે માટે સત્પુ-રૂષોએ તે તજવાયોગ્ય છે.

જેમ દાવાગ્નિ વૃક્ષને બાળે છે તેમ ક્રોધ ધર્મને બાળે છે, હાથી વૃક્ષને ઉન્મુલન કરે છે તેમ ક્રોધ નીતિને ઉન્મુલન કરે છે, રાહુ ચંદ્રની કળાને ક્લેશ પમાડે છે, તેમ ક્રોધ કીર્તિનો નાશ પમાડે છે. વાયુ મેઘનો નાશ કરે છે તેમ ક્રોધ સ્વાર્થનો નાશ કરે છે, ગ્રીષ્મ ઋતુ તૃષાને વધારે છે તેમ ક્રોધ આપત્તિને વધારે છે, અને દયાનો લોપ કરે છે, તેવા ક્રોધ ઉપર કાબુ મેળવવો જરૂરનોજ છે.

ક્રોધના સઘળા ગુણો નાશ પામે છે. દયા તો તેને હોતીજ નથી.

## માન.

અભિમાનનો ઉંચો પહાડ એવો છે કે, જેમાંથી અનેક વિપત્તિઓરૂપી નદીઓ પ્રગટ થાય છે, જેમાં ઉત્તમ પુરૂષોને પ્રીતિકર ગુણોના સમુહનું નામ પણ નથી. વળી હીંસાબુદ્ધિ રૂપ ધુમાડાથી વ્યાપ્ત એવા ક્રોધરૂપ દાવાનળને ધારણ કરે છે તે જરૂર તજવા યોગ્ય છે. તે માત્ર વિનયથીજ તજાય છે, તે વિના એક પણ અન્ય ઉપાય નથી.

મદોન્મત હાથી આલાન સ્થંભને તોડી નાખે છે, તેમ અહંકારથી અંધ થયેલા માણસો પણ શમતા રૂપ આલાન સ્તંભને તોડી નાખે છે; મદોન્મત હાથી મજબુત સાંકળને તોડી નાખે છે, તેમ અહંકારથી આંધળો થયેલો માણસ નિર્મલ બુદ્ધિને તોડી નાખે છે; જેમ મદોન્મત હાથી ધૂળ ઉડાડે છે તેમ અહંકારથી અંધ થયેલો માણસ દુર્વચન રૂપ ધૂળને ઉડાડે છે; મદોન્મત હાથી અંકુશને ગણતો નથી તેમ અહંકારથી અંધ થયેલો માણસ આગમ ( શરિર )ના અંકુશને ગણતો નથી; મદોન્મત હાથી સારા માર્ગને તોડી પોતાની મરજી મુજબના રસ્તે ભમે છે તેમ અહંકારથી અંધ થયેલો માણસ પણ વિનય રૂપ ન્યાય માર્ગને તોડીને પોતાની મરજી પ્રમાણે પૃથ્વી ઉપર ભમે છે, આવી રીતે અહંકારથી આંધળો થયેલો માણસ કયા અનર્થ નથી કરતો ?

અહંકાર વાયુની પેઠે મેઘ યોગ્ય આચરણનો લોપ કરે છે, સર્પની પેઠે મનુષ્યના જીવિત રૂપ વિનયનો નાશ કરે છે, મદોન્મત હાથીની પેઠે કમલિની રૂપ કીર્ત્તિનું ઉન્મુલન કરે છે, અને નીચ પુરૂપ જેમ ઉપકારના સમુહને હણે છે તેમ અહંકારી માણસો પોતાના ધર્મ અર્થ અને કામ એ ત્રણેનો નાશ કરે છે,

જે સમસ્ત વાંછિતાર્થને સજીવન કરનાર એવા મનુષ્યોના વિનય રૂપ જીવિતનું ઉચ્છેદન કરે છે, તેવા જાત મદ, કુલ મદ ઇત્યાદિથી ઉત્પન્ન થતા માન રૂપ વિષથી ઉત્પન્ન થતા વિષમવિકારને કોમળતા રૂપ અમૃત રસથી શાન્તિ પમાડો.

કોમળતા શીવાય માનનો જય કરવાને બીજું એક પણ સાધન નથી, જેઓ નમ્ર સ્વભાવના છે, વિનયગુણયુક્ત છે, ગમે તેવી રીતભાતના માણસો, અને ગમે તેવી પ્રકૃતિવાળા માણસોથી પણ ખામોસ અને સંતોષ પકડવાની ટેવ છે તેમને અહંકાર કંઇ કરી શકતો નથી, જેઓ જ્ઞાનવાન છે, જગતના અનિત્ય પદાર્થનું ભાન છે, મહાન રીદ્ધિવાળાઓ પણ માન અને મદથી અધોગતિને પામ્યા છે તેમ જાણે છે તેમને માન કંઇ

કરી શકતો નથી કારણકે ફિકત ગુણવાળાઓના ઘણાજ કોમળ પરિણામ હોય છે, છતી વસ્તુઓનો અહંકાર કરવો તે મદ કહેવાય છે, અને અછતી વસ્તુઓનો અહંકાર કરવો તે માન કહેવાય છે આ બન્ને વસ્તુ માત્રના અનિત્યત્વ સ્વભાવના અજ્ઞાનપણાનું પરિણામ છે.

### માયા ( કપટ ).

ક્ષેમ ( કુશળ ) ને ઉત્પન્ન કરવામાં વંધ્યા સ્ત્રી સમાન; સત્ય વચન રૂપ સૂર્યને અસ્ત થવાને સંધ્યા સમાન; કુગતિ રૂપી યુવતીની વરમાળ સમાન; મોહ રૂપી હાથીની શાળા સમાન; ઉપશમ રૂપી કમલપુષ્પને હિમ સમાન, અપયશની રાજધાની, અને સેંકડો બંધ દુઃખોની સહાય વાળી, એવી જે માયા તેનો દૂરથીજ ત્યાગ કરો.

જેઓ વિવિધ પ્રકારના ઉપાયોથી માયા રચીને પરજનને છેતરે છે તેઓ મહા અજ્ઞાન યુક્ત છતાં, પોતેજ સ્વર્ગ અને મોક્ષના સુખથી પોતાના આત્માને છેતરે છે,

જે દુષ્ટ આશય વાળો માણસ દ્રવ્યની આશાથી, અવિશ્વાસને રમવાના ઘર રૂપ એવી માયા (કપટ) ને રચે છે તે બીલાડીની પેઠે દૂધ પીતી છતાં દંડનો પ્રહાર થશે એમ જાણતી નથી–તેમ કષ્ટનો સમૂહ આવી પડશે એમ જાણતો નથી.

જેમ અપથ્ય ભોજન રોગ કર્યા વિના રહેતુંજ નથી, કપટને વિશે લંપટ ચિત્તવૃત્તિ વાળા માણસનું, મૂર્ખ જનને છેતરવામાં તત્પર એવું જે ચાતુર્ય પ્રકટ થાય છે, તે ભવિષ્યમાં ઉપદ્રવ્ય કર્યા વિના પરિણામ પામતું નથી,

### લોભ.

ધનના લોભમાં આંધળી થયેલી બુદ્ધિ વાળા માણસો વિષય અટવીમાં ભ્રમણ કરે છે, વિકટ પ્રદેશને વિષે ફરે છે, ગહન સમુદ્રનું ઉલ્લંઘન કરે છે, બહુ દુઃખ વાળી ખેતી કરે છે. કૃપણ પતિની સેવા કરે છે, અને હાથીઓનાં સમુહના પાસે પાસે રહેવાથી અંદર પ્રવેશ ન થઇ શકે એવા સંગ્રામને વિષે પણ જાય છે, એ સર્વ લોભનું ચેષ્ટિત ( આચરણ ) છે.

અજ્ઞાન રૂપી વિષ વૃક્ષનું મૂળ સમાન, સુકૃત્ય રૂપી સમુદ્રને શોષણ કરવાને અગસ્થ રૂષિ સમાન, ક્રોધ રૂપ અગ્નિ સળગાવવાને અરણીના કાષ્ટ સમાન, પ્રતાપ રૂપી સુર્યને ઢાંકવાને મેઘ સમાન; કલેશનું ક્રીડા ગૃહ; વિવેક રૂપી ચંદ્રને ગળી જવાને રાહુ સમાન, આપત્તિ રૂપી નદીઓના સમુદ્ર સમાન; અને કીર્તિ રૂપ લતાના સમુહને નાશ કરવામાં હસ્તી સમાન એવો જે લોભ તેનો પરાભવ કરો,

લોભ ધર્મ રૂપ વનને બાળી નાખે છે, અને દુઃખો વિપત્તિઓ રૂપી રાખને પેદા કરે છે, અપકીર્તિ રૂપી ધુમાડો પ્રસારે છે, અને ધન રૂપ ઇંધનના આવવાથી લોભાગ્નિ વધારે દીપ્ત થતાં સઘળા સદ્‌ગુણો તેમાં પતંગપણું પામીને બળી મરે છે.

### ચારિત્ર.

સમ્યગ્‌ દર્શન, અને સમ્યગ્‌ જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી, સમ્યગ્‌ ચારિત્ર અંગિકાર કરવું જોઇએ.

પહેલાં કદી સમ્યગ્‌ જ્ઞાન પ્રાપ્ત કર્યા વિના પાપ ક્રિયાનો ત્યાગ કરી ચારિત્રનો ભાર ધારણ કરે તો તે ચારિત્ર સમ્યગ્‌ ચારિત્ર કહેવાય નહીં. જેમ અજાણી ઔષધિ સેવન કરવાથી મરણનો સંભવ છે, તેમ જ્ઞાન વિના ચારિત્ર સેવનથી સંસારની વૃદ્ધિ થવાનો સંભવ

છે, મરી ગયેલા શરીરમાં ઇન્દ્રિઓનો આકાર કંઇ કામનો નથી, તેમ જ્ઞાન વિના શરીરનો વેષ અને ક્રિયાકાન્ડ સાધન શુદ્ધોપયોગના સાધન થઇ શકે નહીં.

હિંસાદિક પાપોના સર્વથા ત્યાગને સકલ ચારિત્ર અને એક દેશત્યાગને દેશ ચારિત્ર કહે છે, સકળ ચારિત્રના સ્વામી, મુનિઓ હોઇ શકે છે, અને દેશ ચારિત્રના સ્વામી, ગૃહસ્થ ( શ્રાવક ) હોઇ શકે છે,

જે પરમ વિશુદ્ધિનું ઉત્કૃષ્ટ ધામ છે, યોગીશ્વરોનું જીવન છે, અને સમસ્ત પ્રકારની પાપ રૂપ પ્રવૃત્તિઓથી દુર રહેવાનાજ લક્ષણ રૂપ છે, તેજ સમ્યગ્ ચારિત્ર છે,

આ ચારિત્ર સામાયિક, છેદો પસ્થાપના, પરિહાર વિશુદ્ધિ; સુક્ષ્મ સંપરાય અને યથા ખ્યાત એમ પાંચ પ્રકાર છે, તે એક એકથી ઘણીજ વિશુદ્ધ દશાના સ્વરૂપનો બોધ આપે છે.

વળી મહાવ્રત, સુમતિ, ગુપ્તિ, ધર્મ, અનુપ્રેક્ષા, અને ચારિત્ર આ સર્વના સમુદાયને ચારિત્ર રૂપ વૃક્ષ તરિકે શ્રી વર્દ્ધમાન સ્વામીએ કહ્યું છે.

હિંસાની અંદર પાંચે પાપનો સમાસ થાય છે, તેનાં નામ હિંસા અનૃત, ચોરી, મૈથુન, અને પરિગ્રહ. આ પાંચે પાપના ત્યાગ ભાવને મહાવ્રત કહે છે, તેનાં નામ અહિંસા સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અને પરિગ્રહ ત્યાગ—પહેલા અહિંસા મહાવ્રતમાં બાકીનાં વ્રતોનો અંતર્ભાવ થાય છે,

જેમાં મન, વાણી અને શરીર વડે નાના મોટા કોઇ પણ જીવનો ઘાત સ્વપ્નમાં પણ ન હોય તેને અહિંસા મહાવ્રત કહે છે,

જે પુરૂષના મનમાં, વાણીમાં, અને શરીરમાં, ક્રોધાદિ* પ્રગટ થાય છે, તેને શુદ્ધો પયોગ રૂપ ભાવ પ્રાણનો પહેલાં તો ઘાત થાય છે, અને ક્રોધાદિકની તીવ્રતાથી દીર્ઘ સ્વાસોચ્છ્વાસ વડે તે પોતાના હાથ પગ ઇત્યાદિ અંગોને દુઃખ આપે છે અથવા આત્મા ઘાત કરે છે, આ પ્રમાણે પોતાની હિંસા કરે છે, અને તેના કહેલા મર્મભેદી કુવચન અને હાંસી ઇત્યાદિ વડે સામા પુરૂષને માનસિક પીડા થાય છે, અથવા સામા પુરૂષને શારિરિક અંગ છેદન, ઇત્યાદિ પીડા પહોંચાડે તેથી પીડા થાય છે—આ સઘળું ક્રોધ ઇત્યાદિકના આવેશને લીધેજ બને છે, માટે ક્રોધ ઇત્યાદિક વડે આપણી અને બીજાની ઘાત રૂપ હિંસાનું લક્ષણ છે, આપણા શુદ્ધોપયોગનો ઘાત રાગ અને દ્વેષથી થાય છે, એટલા માટે રાગ અને દ્વેષનો અભાવ તેનેજ અહિંસા કહે છે અને રાગ દ્વેષ વડે શુદ્ધોપયોગનો ઘાત થાય છે માટે તેને હિંસા કહે છે, પરમ અહિંસા ધર્મ પ્રતિપાદક જૈન ધર્મનું પરમ રહસ્ય આજ છે.

* અહીં ક્રોધ, લોભ. માન, માયા, કામ, મોહ, હાસ્ય, ભય, શોક, ગુસ્સા અને પ્રમાદ ઇત્યાદિ સમસ્ત વિભાવોનો અંતરભાવ બતાવે છે, આ વિભાવોનાં સંક્ષિપ્ત લક્ષણ આ પ્રમાણે છે:—**રાગ**—કોઇ પદાર્થને ઇષ્ટ જાણીને તેમાં પ્રીતિ રૂપ પરિણામ, **દ્વેષ**—કોઈ પદાર્થને અનિષ્ટ જાણીને તેમાં અપ્રીતિ રૂપ પરિણામ, **મોહ**—પર પદાર્થમાં મમત્વ રૂપ પરિણામ, **કામ**—સ્ત્રી પુરૂષ અને નપુંસકમાં મૈથુન રૂપ પરિણામ, **ક્રોધ**—કોઇનું કાર્ય અનુચિત સમજીને તેની દુઃખ આપવા રૂપ પરિણામ, **માન**—પોતાને મ્હોટો માનવા રૂપ પરિણામ, **માયા**—મન, વચન, અને શરીરની એકતાનો અભાવ. **લોભ**—પર પદાર્થથી સંબંધ કરવાની ચાહના રૂપ પરિણામ, **હાસ્ય**—સારી અને નરસી ચેષ્ટાઓ દેખવાથી વિકસિત પરિણામ. **ભય**—આપણા દુઃખદાયક પદાર્થોને જોઇને ભય પામવા રૂપ પરિણામ. **શોક**—આપણા ઇષ્ટના અપ્રાપ્ત પ્રસંગે આર્તરૂપ પરિણામ. **જુગુપ્સા**—ગ્લાની રૂપ પરિણામ પ્રમાદ કલ્યાણકારી કાર્યમાં અનાદર

જો કોઇ સજ્જન પુરૂષ સાવધાનીથી ગમનાદિક કરતાં તેના શરીર સંબંધથી કોઇ જીવ પીડિત થઇ જાય તો તેને હિંસાનો દોષ લાગતો નથી. કારણકે તેને પરિણામ ક્રોધાદિક વિભાવ યુક્ત નહોતો વળી "પ્રમત્ત યોગાતપ્રાણ વ્યપરોપણું " આ પ્રમાણે હિંસાનું લક્ષણ છે, જો કદાચ માત્ર " પ્રાણ વ્યપરોપણ હિંસા " અર્થાત પ્રાણને *પીડા દેવાથીજ હિંસા થાય એમ લક્ષણ કહ્યું હોત તો અતિવ્યાપ્તિ દૂષણનો સદ્ભાવ થાત અને આ શીવાય અવ્યાપ્તિ દૂષણનો પણ પ્રવેશ થાત.

જે પ્રમાદી ક્રોધ ઇત્યાદિ વિભાવોને વશ થઇને ગમનાદિ ક્રિયા યત્નપૂર્વક કરતો નથી તે "જીવ મરે અથવા ના મરે " તોપણ હિંસાના દોષનો ભાગી જરૂર થાય છે, કારણકે હિંસા ક્રોધાદિ વિભાવ પરિણામથીજ થાય છે, અને તેમાં વિભાવનો સદ્ભાવ છે.

હિંસા શબ્દનો અર્થ **"ઘાત કરવો"** એમ થાય છે, પરંતુ ઘાત બે પ્રકારે થાય છે, એક આત્મઘાત, અને બીજો પરઘાત, જે વખતે આપણને ક્રોધાદિ વિભાવની ઉત્પતી થાય છે, તે વખતે આપણા શુદ્ધ ઉપયોગરૂપ ભાવ પ્રાણનો ઘાત થાય છે, અર્થાત આત્મઘાત થાય છે અને પરઘાત પણ થાય છે.

પર જીવની ઘાતરૂપ હિંસાના બે પ્રકાર છે, એક અવિરણમણ રૂપ અને બીજી પરિણમન રૂપ. **અવિરમણ** રૂપ હિંસા એને કહે છે કેઃ--પરજીવ ઘાત ન હોવા છતાં પણ હિંસા ત્યાગની પ્રતિજ્ઞા લીધા વિના થયાજ કરે છે, ક્રિયા વિના આ હિંસા શી રીતે થાય છે તેનો ઉત્તર એ છે કેઃ—જે પુરૂષને હિંસાનો ત્યાગ નથી તે જોકે કોઇ કોઇ વખત હિંસામાં પ્રવૃત્તિ ના કરે તોપણ તેના અંતઃકરણમાં હિંસા કરવાનો અસ્તિત્વ ભાવનો સદ્ભાવ છે. એટલામાટે તે અવિરણમણ રૂપ, હિંસાનો ભાગી થાય છે, **પરિણમન** રૂપ હિંસા એને કહે છે, જે બીજા જીવોના ઘાત કરવામાં મન વાણી અને શરીરવડે પ્રવૃત્તિ થવાથી થાયછે.

આ બે પ્રકારની હિંસાઓમાં પ્રમાદયુક્ત પરિણામનું અસ્તિત્વ હોય છે. અને જ્યાં સુધી પ્રમાદ હોય છે ત્યાં સુધી હિંસાનો અભાવ કોઇ રીતે હોઇ શકેજ નહિ. કારણ કે પ્રમાદના યોગમાં સદાકાળ પરજીવની અપેક્ષાએ પ્રાણઘાતનો સદ્ભાવ હોય છે, એટલા માટે પ્રમાદના પરિહારાર્થે પરજીવની હિંસાના ત્યાગ માટે દ્રઢ પ્રતિજ્ઞા હોવીજ જોઇએ કે જેથી બે પ્રકારની હિંસાથી બચી શકાય.

કેટલાક માણસો એમ કહે છે કે, મારૂં અંદરનું શુભ જીવન સ્વચ્છ હોવું જોઇએ પછી બાહ્યજીવન-પરિગ્રહ રાખવું અથવા ઘાત રૂપ આચરણ મારાથી થાય તો પણ કંઇ હરકત નથી. આ પ્રમાણે કહેનારાઓ, પોતાના અહિંસા રૂપ આચરણને નષ્ટ કરે છે. કારણ કે બાહ્ય નિમિત્ત

* **પ્રાણના** બે ભેદ છે, દ્રવ્ય પ્રાણ અને ભાવ પ્રાણ. **દ્રવ્યપ્રાણના** દશભેદ છે, તેનાં નામ સ્પર્શેન્દ્રીય, રસેન્દ્રીય, ઘ્રાણેન્દ્રીય ચક્ષુરીન્દ્રીય, શ્રોતેન્દ્રીય; મનોબળ, વચનબળ, શરીરબળ, શ્વાસોસ્વાસ અને આયું. **ભાવપ્રાણના** બે ભેદ છે, તેનાં નામ. જ્ઞાનોપ્રયોગ, અને દર્શનો પ્રયોગ. **દર્શનો પ્રયોગના** ચાર ભેદ છે તેનાં નામ ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, અને કેવળ દર્શન. **જ્ઞાનોપ્રયોગના** આઠ ભેદ છે, તેના નામ મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન, અવધિઅજ્ઞાન, મતિજ્ઞાન શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, અને કેવળજ્ઞાન. આ જ્ઞાન અને દર્શન એજ ખરૂં પ્રમાણ છે. તેનો વિશેષ વિસ્તાર-પ્રમાણ પુષ્પ કલીકા નામનો ગુજરાતી ભાષામાં લખાયલો ગ્રંથ સરળ અને સમજી શકાય તેવો છે. પ્રગટકર્તા [illegible] ઝવેરીવાડ અમદાવાદ કીંમત ૦ ૨-૦ પોસ્ટેજ નિરાળુ

વડે અંદરનાં પરિણામ પણ જરૂર અશુદ્ધ થાય છેજ, માટે એકાન્ત પક્ષ છોડી દઇને, અંતરંગ અને બાહ્યરૂપ નિશ્ચય અને વ્યવહાર એ બે પ્રકારનાં જીવન અંગીકાર કરવાં જોઇએ.

જેના પરિણામ હિંસારૂપ થાય છે તેઓ પછી હિંસા ના કરી શકે તો પણ હિંસાનું ફળ તો તેને ભોગવવુંજ પડે છે, અને જે માણસો પોતાના શરિર વડે હિંસા તો થઇ ગઈ પણ તેના અંતઃકરણમાં હિંસા કરવાના પરિણામ ( મનો વિચાર ) નહોતો તો તે હિંસાના ફળનો ભાગી કદાપિ થનાર નથી.

જે પુરૂષ બાહ્ય હિંસા તો થોડીજ કરી શકયો હોય, અને તેના અંતઃકરણમાં વધારે હિંસા કરવાની અભિલાષા સજ્જડ હોય તો તે તીવ્ર હિંસાનો ભાગી થાય છે. વળી જે પુરૂષ મનમાં હિંસા કરવાનો અધિક ભાવ રાખ્યા વિના અચાનક બાહ્ય હિંસા વધારે કરી બેસે તોપણ તે મંદ હિંસાનો ભાગી થાય છે.

બે માણસો મળીને હિંસા કરે તો તેમાં જેના પરિણામ તીવ્ર ક્રોધાદિ વિભાગયુક્ત થએલા છે તેને હિંસાનું અધિક ફળ ભોગવવું પડે છે, અને જેના ક્રોધાદિ વિભાગો મંદ રૂપે રહેલા હોય તેને અલ્પ હિંસાનું ફળ ભોગવવું પડે છે,

કોઇ હિંસા કરતા પહેલાંજ ફળ આપે છે, કોઇ હિંસા કરતી વખતે રૂપ આપે છે, કોઇ હિંસા કરવાનો આરંભ કરતાની સાથેજ કર્યા પહેલાં ફળ આપે છે, અને કોઈ હિંસાકાર્ય કર્યા પછી તુરત કે કાળાંતરે ફળ આપે છે, મતલબ કે હિંસા ક્રોધાદિક વિભાવોના પ્રમાણેજ રૂપ આપે છે.

કોઇ જીવને મારતાં દેખીને બીજાઓ ખુશી થાય છે. અથવા તે કૃત્યને ઠીક માને છે. તે સર્વેને હિંસાનું ફળ ભોગવવું પડે છે એટલા માટે એકની કરેલી હિંસાનું ફળ બહુ માણસોને ભોગવવું પડે છે. અને તેવીજ રીતે સંગ્રામમાં હિંસા તો ઘણા માણસો કરે છે પરંતુ તેનો હુકમ કરનાર રાજા તે સર્વ હિંસાનો ભાગી થાય છે મતલબ કે અનેકની કરેલી હિંસાનું ફળ એકને ભોગવવું પડે છે.

કેટલાકોને-હિંસા કરી હોય તેટલુંજ ફળ ભોગવવું પડે છે, અને કેટલાકોને હિંસાનું ફળ ભોગવવાની વખતે ઘણુંજ ફળ ભોગવવું પડે છે.

કોઇ માણસ સામા માણસનું ખરાબ કરવા માટે પ્રયત્ન કરી રહ્યો હોય-પણ તેના પુન્યબળથી ખરાબના બદલે સારૂં થઇ જાય તો પણ ખરાબ કરવાના ઇચ્છાપૂર્વક પ્રયત્ન કરનારને તો હિંસાનું ફળ ભોગવવું પડે છે અને તેજ પ્રમાણે કોઇ વૈદ્ય દરદિને નિરોગી કરવાનો પ્રયત્ન કરી રહ્યો હોય અને તે રોગી કદાચ કોઇ કારણવસાત્ મરી પણ જાય તો પણ તેને હિંસાનું ફળ ભોગવવું પડતું નથી.

આ પ્રમાણે અનેક અત્યંત કઠણ નાના પ્રકારના ભેદવાળી અહિંસાના ગહન વનમાં ભુલા પડેલા માણસોને અનેક પ્રકારની અપેક્ષાઓના સમુહને જાણવાવાળા ગુરૂ વિના કોઇ બીજું શરણ નથી.

અપેક્ષાઓનો ગહન માર્ગ સમજવો ઘણોજ કઠણ છે. તે સમજ્યા વિના અપેક્ષા પકડવાથી લાભના બદલે હાનીજ થાય છે.

ઉદ્યમી અને હોંશીયાર માણસોને લાયક છે કે તેમણે **હિંસ્ય હિંસક–હિંસા, અને હિંસાફળને** સારી પેઠે સમજીને પોતાની શક્તિઅનુસાર હિંસાને ત્યજવી જોઇએ.

હિંસા ત્યજવાની ઇચ્છાવાળાઓએ–દારૂ–માંસ–મધ–અને ઉદુમ્બર ફળ–( ઉમ્મર, કઠુંમર પીપર, વડ, પાકર ) એ જરૂર ત્યજવાંજ જોઇએ,

મદિરા–મનને મોહિત કરે છે ( વિકલ કરે છે ) અને વિકળ ચિત્તવાળો માણસ ધર્મને ભુલી જાય છે તથા ધર્મને ભુલેલો માણસ નિડરપણે હિંસાનું આચરણ કરે છે. અર્થાત્ બેધડક હિંસા કરવા લાગે છે. વળી મદિરાને રસમાં ઉત્પન્ન થનારા જીવોનું ઉત્પત્તિસ્થાન કહે છે. અર્થાત્ મદિરા નિરંતર જીવમય હોય છે તેથી, તેના પાન કરનારને જીવોનું પાન થાય છે તેથી હિંસા મદિરા પીનારાઓ અટકાવી શકતા નથી, વળી ઘમણ્ડ, ડર, ગ્લાનિ, હાસ્ય, શોક, અરતિ, કામ, ક્રોધ ઇત્યાદિ વિભાવ મદિરા પીનારમાં કાયમ રહે છે.

માંસ શરીરનો એક ભાગ છે, અને તે શરીર શીવાય માંસ અન્ય સ્થળે મલી શકે તેમ નથી તેથી શરીરનો ઘાત કર્યા વિના માંસ મલી શકેજ નહી.

મરેલા જીવના માંસમાં પણ જે જીવનું તે માંસ છે તે જાતના અને તેજ રંગના અનંત જીવોની રાશી–તેમાં ઉત્પન્ન થતી અને વિનાશ થતી કાયમ હોય છે. માટે–તે ખાનારને પણ હિંસા તો જરૂર થયાવિના રહેતીજ નથી.

મધનું એક બિંદુ પણ માખીઓની હિંસા વિના મલી શકતું નથી. માટે જેઓ મધ ખાનારા છે તેઓ અત્યંત હિંસા કરનારા છે એમ વિદ્વાનો કહે છે. માખીઓના મધપૂડા ઉપર જુલમ ગુજારી–હજારો અને લાખોની સખ્યાને ખુવાર કરીને મધ મેળવાય છે, એટલુંજ નહી, મધની અંદર તેજ જાતીના અસંખ્ય સુક્ષ્મ જીવોનો ઉત્પાદ છે. તેથી તે ખાનારાઓનાથી અહિંસા તરીકે રહી શકાતુંજ નથી.

મધમાં મધના, દારૂમાં દારૂના, માંખણમાં માંખણના, અને માંસમાં માંસના રંગના સુક્ષ્મ જીવ ઉત્પન્ન થાય છે અને તે આપણી દ્રષ્ટિએ પડતા નથી માટે તે ખાવાં ઉચિત્ નથી. બની શકે તેના સ્પર્શથી અપવિત્ર થયેલી બીજી પવિત્ર વસ્તુઓ પણ ખાવી તે અહિંસા વ્રત વાળાને દોષ રૂપ છે.

ઉદુમ્બરમાં ઘણા જીવો વસે છે માટે તે ખાનારને હિંસા લાગે છે. આવાં કંદ મૂળાદિક કે જેમાં ઘણા જીવો વસે છે, તેને સુકવીને ખાવાની અભિલાષાવાળાઓ પણ તેમના તીવ્ર રાગ ભાવના પરિણામે હિંસક છે.

મદિરા, માંસ, મધ, અને પાંચ ઉદુમ્બર–એ આઠ વસ્તુઓને તજવાને પાત્ર નથી. અર્થાત્ ત્યજી શકે નહીં, તે પુરૂષ કોઇપણ પ્રકારનો ધર્મોપદેશ સાંભળવાને પાત્ર નથી, અને ઉન્નત્તિમાર્ગનું અવલંબન કરનાર નથીજ.

અહિંસા રૂપી ધર્મને સાંભળીને સુક્ષ્મ જીવોની હિંસા છોડવાને અસમર્થ હોય તેવા મંદ પુરૂષોએ પણ સ્થુળ જીવોની હિંસા તો તેણે જરૂર ત્યજવીજ જોઇએ.

---

**હિંસ્ય**–જેની હિંસા કરી શકાય તેવા આપણા અને પરના દ્રવ્ય પ્રાણ અથવા ન્યાસ પ્રાણ અથવા–એકેન્દ્રાયાદિ જીવ માત્રનો સમાસ હિંસા પદાર્થમાં થાય છે. **હિંસક** કરનાર જીવ–**હિંસા**–સિંસની પ્રાણ ઘાતની ક્રિયા, **હિંસકફળ** હિંસાવડે મળનારાં નરક નિગોદ ઈત્યાદી દુઃખો

# परोपकार.

પરોપકાર એટલે અન્ય જનોનું તન મન અને ધનથી ભલું કરવું તેને પરોપકાર કહેછે.

પરોપકારનો મહિમા અપાર છે. જનસમાજની અંદર તે કીર્તિનો ફેલાવો કરે છે. પરોપકારી માણસ પોતાના કુળને દીપાવે છે, તેમજ પોતાની પામેલી કીર્તિ વડે પોતાના આખા કુટુંબને દીપાવે છે પરોપકાર કરવો એ દરેક માણસની ફરજ છે. જેમ રજની ચંદ્રથી શોભે છે, સરોવર કમળથી શોભે છે, બગીચો સુવાસથી શોભે છે. તેમ માણસ પણ પરોપકારથી શોભે છે. પરોપકારી માણસ લોકપ્રિયતાનાં મીઠાં ફળ ચાખે છે, પોતાના અંતઃકરણને વિશાળ કરે છે તેમજ દરેક પ્રકારની ઉન્નતિ કરી શકે છે. પરોપકારથી શત્રુઓ પણ મિત્ર થઇ જાય છે, દુષ્ટ માણસોનો અહંકાર ચંદ્રથી થતા નિસ્તેજ તારાઓની માફક અદ્રશ્ય થઇ જાય છે.

પરોપકાર ત્રણ પ્રકારે એટલે તનથી, મનથી અને ધનથી થાય છે. દરેક માણસ આ ત્રણમાંથી ગમે તે પ્રાપ્ત થએલી વસ્તુથી પરોપકાર કરી શકે છે.

મનુષ્ય તનથી પણ પરોપકાર કરી શકે છે શારીરિક બળવાળા માણસોએ ધર્મની ઉન્નતિનાં તેમજ દેશની ઉન્નતિનાં કાર્યોમાં આગળ પડતો ભાગ લેવો જોઇએ. પોતાના બળનો દુરઉપયોગ નહિ કરતાં પોતાનાં ધર્મમાંથી પડતા પ્રાણીઓને સ્થિરિકાર બનવું, તેમજ પોતાને પ્રાપ્ત થએલા બળનો એવી રીતે ઉપયોગ કરવો કે જેથી કરીને બીજાઓ પણ શારીરિક બળ મેળવવાને માટે શક્તિવાન થાય. દાખલા તરીકે જોશો મી. રામમુર્તી, સેન્ડો એ પોતાનું શારીરિક બળ વધારવાને માટે કેવા કૃતેહમંદ થયા છે તેથીજ તેઓ પોતાના પક્ષમાં બીજાઓને અનુકૂળ બનાવવાને પ્રયત્ન કરે છે. તેવીજ રીતે આપણે પણ શારીરિક બળ વધારવાને માટે તેમજ બીજાઓને પણ તેના ભોક્તા બનાવવાને માટે પ્રયત્ન કરવો જોઇએ.

વળી મનુષ્ય મનથી પણ પરોપકાર કરી શકે છે. દુનિઆની અંદર આજ ખરા રત્નો છે, તેઓ પોતાની માનસિક શક્તિ વડે હજારો પ્રકારથી પરોપકાર કરી શકે છે. પોતાના માનસિક બળથી પુસ્તકો વગેરે જન સમાજમાં જ્ઞાનનો ફેલાવો કરવા માટે રચવાં જોઇએ. લેખ દ્વારાએ પોતાના ઉચ્ચ વિચારો જણાવી મનુષ્યને સુધારવા પ્રયત્ન કરવો જોઇએ. વળી પોતાના વકૃત્વથી બોધ આપી દરેક મનુષ્યને ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરાવવા માટે પ્રયત્ન કરવો જોઇએ. પોતાના વકૃત્વથી હજારો માણસોને અજ્ઞાન તિમિરમાંથી દુર કરી પ્રકાશમાં લાવવા જોઇએ. માનસિક શક્તિથી પોતે હજારો પ્રકારના હુન્નરની શોધો કાઢી અન્ય જનોનું હીત કરવું જોઇએ. માનસિક શક્તિથી અધિક શું છે? દાખલા તરીકે સુરેન્દ્રનાથ બેનરજી કે જે ઓએ પોતાની માનસિક શક્તિઓ એવા પ્રકારમાં ખીલાવેલી છે કે જેના વકૃત્વથી હજારો માણસો ઉશ્કેરાઇ પોતાના પક્ષમાં ખેંચાઇ આવે છે અને પોતે જે કામ સાધ્ય કરવા માગે છે. તે કામ સાધિ શકે છે. માનસિક શક્તિઓને જેમ જેમ ખીલવે છે તેમ તેમ વધારે પ્રકાશમાન થાય છે.

ત્રીજા પ્રકારે એટલે ધનથી પણ પરોપકાર થઇ શકે છે. કોઇ ગરીબ માણસને લુગડાં, વગેરે આપવાથી પરોપકાર થાય છે. તેમજ બોર્ડીંગો, પાઠશાળાઓ વગેરે સ્થાપવાથી પણ થાય છે. આ પ્રમાણે ધનનો વ્યય કરવાથી તેનો સદુપયોગ થઈ શકે છે. જે માણસ ધનને અન્ય જનોના હીતાર્થે નહી વાપરતાં ફક્ત પોતાના કુટુંબનેજ ભોક્તા બનાવે છે તેઓ

કોઇ પ્રકારે ઉચ્ચ ગતિએ જતા નથી. કેટલાક બંધુઓ, ગાડી, ઘોડા, લાડી, વાડી, વગેરેમાં હજારો રૂપીઆ પાણીની માફક ખરચી નાંખે છે પણ બીજી બાજુએ પોતાના ભાઇઓ આજીવિકાને માટે તરફડીઆં મારતાં જોવામાં આવે છે તોપણ તેમની દયાજનક સ્થિતિ તરફ ધ્યાન નહી આપતાં આંખો મીચી ચાલ્યા જાય છે. બંધુઓ બહુ લક્ષ્મી મેળવી જો તેનો સદુપયોગ ન કરવામાં આવે તો ભોંયરામાં દાટેલા ધનની માફક તે કાંકરી સમાન છે. વળી આપણુ જાણો છો કે, લક્ષ્મી ચંચળ છે, પાણીના પરપોટા સમાન છે, તેમજ એકજ ઠેકાણે વાસો કરી રહી નથી તે રહેવાની પણ નથી તો આવી ક્ષણભંગુર વસ્તુનો ખરો ઉપયોગ પારમાર્થિક કાર્યોમાં કરવો તેજ સમયાનુંસાર ઉત્તમ છે.

આ ત્રણમાંથી કોઈ પણ પ્રકારે પરોપકાર કરવાથી પોતાના આત્માની, ધર્મની અને દેશની ઉન્નતિ કરી શકે છે. અને મનુષ્ય જન્મને સફળ કરે છે અને તેનું ફળ આ લોકમાં અને પર લોકમાં ચાખે છે. જેટલો આનંદ ગુલાબના પુષ્પને જોઇને મળે છે, જેટલી શાન્તિ જળ પીવાથી મળે છે, તેટલોજ આનંદ પરોપકારીનું મુખારવીંદ જોવાથી અને તેટલીજ શાન્તિ પરોપકારીની વાણી સાંભળવાથી મળે છે. પરોપકારી માણસ સહનશીલતા અને નમ્રતાના મીઠાં ફળ ચાખે છે અને મોક્ષની નીસરણીના પ્રથમ પગથીઆ ઉપર પગ મુકવાને માટે શક્તિવાન થાય છે. પરોપકારી માણસ જનસમાજને પ્રિય હોવાથી જે કામ સાધ્ય કરવા ઇચ્છે છે તે કામ સાધી શકે છે. પરોપકારી માણસ, જનસમાજના મુખ આકાશમાંથી પરમાનંદ અને પરમ સુખ પ્રાપ્ત થવાને માટે આશીર્વાદના વરસાદથી ભીંજાઇ જાય છે. પરોપકાર વિનાનું જીવન સુર્ય વિનાના દીવસ જેવું છે. જેમ ચંદ્ર તારાઓનું ભૂષણ છે, રાજા પૃથ્વીનું ભૂષણ છે તેમ પરોપકાર એ માણસનું સર્વોતમ ભૂષણ છે; અને પરોપકાર રૂપી ભૂષણથી લોકોનાં મન હરી લઇ પોતાના જેવાં અનુકુળ એટલે પરોપકારી બનાવે છે. પરોપકારી માણસ હમેશાં સ્વાર્થવૃત્તિથી અને કૃપણતાથી વિમુખ હોય છે.

વળી બંધુઓ જો તમે કુદરત ઉપર ધ્યાન આપશો તો માલુમ પડશે કે વૃક્ષો અન્ય જનોને માટે અત્યંત સ્વાદવાળાં ફળો અને અદભુત શીતલતા આપે છે, વનસ્પતી અન્ય જનોના રોગ નિવારણ કરે છે, ગુલાબનું પુષ્પ જનસમાજને, આનંદ આપે છે, કમળની કોમળતા અન્ય જનોને શાન્તિ આપે છે તેમજ પશુઓ, પર્વત, જલ, અગ્નિ, ચંદ્ર, સુર્ય વગેરેઓએ મનુષ્ય દેહ ઉપર કેવી અદભુત પરોપકાર વૃત્તિ ધારણ કરી છે. બંધુઓ, આવી જ્યારે જડ વસ્તુઓ આપણા ઉપર મહત ઉપકાર કરી રહી છે ત્યારે આપણા જેવા ચિંતામણિ રત્નને હસ્તમાં ધરનાર મનુષ્યોએ તો અવશ્ય કરીને પરોપકાર વૃત્તિ ધારણ કરવી જોઇએ.

પરોપકારી માણસ હમેશાં પ્રેમ અને ઉન્નતિને પામે છે. દાખલા તરીકે વૃક્ષો, પુષ્પો, પશુઓ વગેરેમાં જો પરોપકાર વૃત્તિ ન હોત તો તેઓ કદી પણ જનસમાજનો પ્રેમ મેળવત નહિ અને તેમનો ઉદય થાત નહિ. જો વૃક્ષોએ મીષ્ટ ફળો અને શીતલતા મનુષ્યોને ન આપી હોત, પુષ્પોએ સુંદર સુગંધ ન આપી હોત તો તેઓને ઉગાડવાને માટે આજે કોણ પરિશ્રમ લેત અને તેઓને સડી જતાં તેમજ સુકાઇ જતાં પાણી રેડવાને માટે કોણ હાથ લંબાવત તેવીજ રીતે મનુષ્ય જ્યારે પોતાની શક્તીના પ્રમાણમાં યથાર્થ રીતે પરોપકાર વૃત્તિ ધારણ કરે છે ત્યારેજ ઉચ્ચ પ્રેમ અને ઉન્નતિને પામી શકે છે.

દુનીઆની અંદર દરેક સજીંત જીવો યથાર્થ રીતે પરોપકારવૃત્તિને ધારણ કરી રહ્યા છે પણ અસંતોષની વાત એ છે કે આપણા જનસમાજની અંદર પરોપકાર બુદ્ધિને ઠેકાણે

સ્વાર્થ બુદ્ધિ માલુમ પડે છે. સ્વાર્થ બુદ્ધિ મનુષ્યને દુઃખ, ભય, ચિંતા, મોજશોક વગેરે આણે છે, તેમના મનને સંકોચે છે. સ્વાર્થી મનુષ્યો હમેશાં થોડાજ સદગુણો અને જ્ઞાન ધારણ કરે છે. આપ જાણોછો કે ભય અને ચિંતા એ મનુષ્યને મોટામાં મોટું દુઃખ છે; કારણ કે ભય અને ચિંતા કોઇ પણ પ્રકારે ઉન્નતિને ન થવા દેતાં પડતીને વશ કરે છે તેમજ શરીરનું સઘળું સત્વ શોષી લેછે, અને આ ભય અને ચિંતાને પ્રકટાવનાર માત્ર સ્વાર્થ બુદ્ધિ છે, સ્વાર્થી મનુષ્ય હમેશાં આ હાનીકારક વસ્તુઓને વશ હોય છે અને તેને વશ હોવાથી કોઇ પ્રકારની ઉન્નતિ નહી કરતાં આત્માની અદ્દભુત શક્તિને અંધારપછેડો ઓઢાડી દે છે. સ્વાર્થી મનુષ્યો કદી પણ સદમિત્રોના સહવાસમાં રહેવાને માટે શક્તીવાન થતા નથી સ્વાર્થી માણસ હમેશાં અપકીર્તી વશ થાય છે. વળી પોતે સ્વાર્થી હોવાથી પોતાના આખા કુટુંમ્બને સ્વાર્થી બનાવે છે તેમજ પોતાના કુમળી વયના બાળકોને પણ તેવાજ સંસ્કારો પડવાથી ભવિષ્યમાં તેઓ કોઇ પણ પ્રકારનું શ્રેય કરી શકતા નથી. સ્વાર્થ મનુષ્યોના ગુણોને પ્રકાશમાં આવવા દેતો નથી અને ઉલટો પડદારૂપે આડો ઉભો રહેને સઘળા ગુણોને ઢાંકી દે છે. સ્વાર્થ સાધવાને માટે વખતો વખત અસત્ય બોલવું પડે છે, પરનિંદા કરવી પડે છે અને છેવટે કુસંગ પણ કરવો પડે છે સ્વાર્થ કદી પણ મનુષ્યને સુખ આપતો નથી કારણકે દુઃખ વિના સ્વાર્થ સાધી શકતો નથી. વૃત્તીવાળો માણસ હમેશાં દુર્ગુણને સેવે છે. વળી આજે જનસમાજની અંદર દ્વેષ લડાઇઓ કુસંપ, વગેરે જે દ્દષ્ટિગોચર થાય છે તે ફક્ત સ્વાર્થ બુદ્ધિને લીધેજ બન્યા કરે છે. અને આપણા દેશની પડતીનું કારણ પણ સ્વાર્થ બુદ્ધિ જ છે. મનુષ્યનું મન સ્વાર્થમાં નિર્બળ થઇ જાય છે અને પોતે અંધશ્રધાળુ બને છે. સ્વાર્થી મનુષ્યનું કોઇ પણ હીત ઇચ્છતું નથી. સ્વાર્થ બુદ્ધિમાં લીન થયેલા માણસો ધાર્મીક કાર્યોમાં મન પરોવતા નથી અને મરણ સમયે તેમનું મન સ્વાર્થ-ની અંદર લોલુપ્ત હોવાથી નરક ગતિને આદરમાન આપે છે. સ્વાર્થી માણસ બીજાના પરોપ-કારને ઘણા પ્રસંગે પામી શકતો નથી. વળી આપણે ઉપર કહી ગયા છીએ કે વૃક્ષો, પુષ્પો વગેરે પોતાના એકજ ગુણથી જન સમાજથી માન પામે છે તો આવો અનેક ગુણોને ધારણ કરનાર, ચિંતામણિ રત્નને હરતમાં ધારણ કરનાર મનુષ્ય માન કેમ ન પામે પણ તેમાં સ્વાર્થ બુદ્ધિ વિઘ્નકારક છે. વળી સ્વાર્થી મનુષ્યોને તંગીઓ બહુ હોય છે.

બંધુઓ, ઘણા માણસો આવી સ્વાર્થ બુદ્ધિની લોલુપતામાં લેપાઇ જાય છે, વળી જેમ વાંદરો મણીને જોઇ સમુદ્રમાં ફેંકી દેછે તેવી રીતે આ મળેલું રત્ન મનુષ્ય દેહનુ કોઇ પણ પ્રકારે સાર્થક કર્યા સિવાય ફેંકી દેઇ અને આ ચાર ગતિઓથી ચોરાશીલાખ જીવાત્માઓની માંહે ભટકયા કરે છે. અરે નીચ સ્વાર્થ! તારાસમાન એક પણ વસ્તુ મનુષ્યને પાયમાલ કરનાર નથી! અહો આ ઠેકાણે આપણા મહાન પરદુઃખ ભંજન રાજા વિક્રમનું સ્મરણ થઇ આવે છે કે જેઓએ પોતાના રાજ્યનો, ધનનો અને પ્રાણનો એમ સર્વનો ભોગ પરોપકાર અર્થે આપ્યો છે અને હાલ તેઓનું નામ અમર છે અને દરેક ઠેકાણે તેમના નામનાં કીર્તન ગવાય છે બંધુઓ વિચાર કરો કે તેઓને રિદ્ધિ સિદ્ધિનો પાર નહિ હોવા છતાં શા માટે તેમણે તનથી અન્ય જનોને માટે અસહ્ય દુઃખો વેઠયાં હશે, ફક્ત પોતાના મનુષ્યદેહને સફળ કરવાને માટે. ધન્ય છે તેવા નર રત્નો કે તેઓએ પોતાની માતાના કુખે જન્મ ધરીને મનુષ્ય અવ-તારને સફળ કીધો છે. અને વિચાર કરો કે કયા સ્વાર્થી માણસનું નામ અમર છે. વળી તેવા નર રત્નોનું નામ સાંભળવાથી મન આનંદમય થાય છે અને સ્વાર્થી માણસનું નામ સાંભ-ળવાથી અપશુકન થાય છે.

વિક્રમ ! તમારા જેવાં નર રત્નોને જોવાને અમારી ભરત ભૂમિ ફરીથી ક્યારે ભાગ્યશાળી થશે ? બંધુઓ ! હવે હું મારા લેખની અણીપર આવું છું. સ્વાર્થી બુદ્ધિને તમારા હૃદય કમાડ ઉઘાડી એકદમ કાઢી મુકો. પરોપકાર વૃત્તીને ધારણ કરો અને તેને ધારણ કરવાથી તમારા સઘળા ભય, દુઃખ, મોહ, શોક વગેરે પીડાઓ દુર થઇ જશે, તંગીઓ મટી જશે અને તેથી કરીને તમને શાંતિનો ભાસ થશે અને બળનો ક્ષય થતો અટકશે.

બંધુઓ, પરોપકારનો ઉદય કરો અને તેનાથી ચમત્કાર નજરે પડશે અને તમારી ઉન્નતિ કેવી બળાત્ થાય છે તે જોશો અને છેવટે સુખ શાન્તિ નિર્ભયપણુ, આનંદ વગેરેનું સ્વરૂપ જોશો.

બંધુઓ, છેવટમાં કહેવાનું કે, તમારી પાસે જે કોઈ શક્તિ હોય તે પરોપકારી કાર્યોમાં વાપરો. જો વ્યાપાર કરવામાં સામર્થ્ય હોય તો એવા પ્રકારથી વ્યાપાર કરો કે તેનાથી બીજા માણસોને પણ આશ્રય મળે. અને વ્યાપાર કરી હું એકલોજ પૈસાદાર થાઉં એવી સ્વાર્થ વૃત્તિને સેવો નહિ. તમારી પાસે જો ધન હોય તો ફક્ત હું અને મારા છોકરા ખાતા થાય તેવી વૃત્તીથી ધનનો સંગ્રહ નહી કરો પણ દરેક માણસ તેનો લાભ લઇ શકે તેવી રીતે તેનો ઉપયોગ કરો.

જો તમારી કને કોઇ પણ પ્રકારનો હુન્નર હોય તો તે જણાવી અનેકનું ત્રાત કરો અને તેના જેવા બીજા હુન્નર કળાઓ કાઢી જન સમાજના આશીર્વાદના વરસાદથી તમારા સુખ પાત્રને તૃપ્ત કરો. વળી જો કોઇ પણ પ્રકારની તમારી પાસે વિદ્યા હોય તો તેનો લાભ પણ સર્વે મનુષ્યો લઈ શકે તેવી રીતે ઉપયોગ કરો. તમારી કને જો જ્ઞાન હોય તો તે દીપક વડે સર્વેને અજ્ઞાનતાનાં અંધકારમાંથી નિસ્તેજ કરી પ્રકાશમાન કરો આવી રીતે જે કાંઇ તમારામાં સામર્થ્ય હોય તેનો દરેક માણસ ઉપયોગ કરી શકે તેવી રીતે વાપરો તેમજ તમારી બુદ્ધિ અને સામર્થ્યના દરેકને ભાગી બનાવો. (શા. વાડીલાલ ડુંગરશી.)

## યુવાની.

સંકલ્પ શક્તિને બરોબર કેળવવાનો વખત યુવાની છે. જીંદગીમાં એક એવો કાળ આવે છે કે, જે વખતે આપણી બુદ્ધિ વધારી શકાય; ઉપયોગી સિદ્ધાન્તોનો મોટો સંગ્રહ કરી શકાય, મનોવૃત્તિઓ વિચાર શક્તિની સત્તાને આધીન થાય, અને ખરાબ નીતિના વિચારો એવા તો મન પર ઠસે કે, પછીના વખતમાં દરેક અગત્યના કામ પર તેની અસર થાય; પણ આવો વખત પૃથ્વીપર આપણે જ્યાં સુધી રહીએ ત્યાં સુધી પહોંચતો નથી. તેમજ તેનો ઘણો ભાગ પણ રહેતો નથી; એવો અમુલ્ય વખત આયુષ્યનો થોડો ભાગજ પહોંચે છે, તેથી એ વખતે જો આપણે બેદરકાર રહીએ તો સ્વાભાવિક નિયમ પ્રમાણે ભુલ કે અજ્ઞાન અવસ્ય ઉત્પન્ન થઇ માથે ચઢે છે. ત્યારે સંકલ્પ શક્તિના નિયમ પ્રમાણેજ વર્તવું પડે છે. અને **વિષયવાસનાનું** પ્રાબલ્ય એટલું બધું વધી જાય છે કે પછી તેની સામે થવું વ્યર્થ જાય છે.

**( ઇગ્રેજ ગ્રંથકાર લૉક. )**

( મુનિશ્રી કેશરવિમળશ્રી કૃત. )

# "एक प्राचीन गुजराती जैन काव्य."

( શોધક—શા. કેશવલાલ નગીનદાસ. )

**મોક્ષ વર્ગ—**

આદ્યા કિયંતોપ્યથ, મોક્ષ વર્ગે;
કર્મ ક્ષમા સંયમ ભાવના ધાઃ
વિવેક નિર્વેદ નિજ પ્રબોધા;
ઇત્યેવમેતે પ્રવર પ્રસંગા.

**મોક્ષાર્થ—**

ઇહ—ભવ સુખ હેતે, કે પ્રવર્તે ભલેરા;
પરભવ સુખ હેતે, જે પ્રવર્તે અનેરા.
અવર અરથ છંડી, મુક્તી પંથા આરાધે—
પરમ પુરૂષ સોઈ જેહ, મોક્ષાર્થે સાધે,
તઽય ભરત કેરી, જેણે ષટખંડ ભૂમિ.
શિવપથ જિણુ સાધ્યો, સોળમે શાંતિ સ્વામી;
ગજ મુનિ સુપ્રસિદ્ધા, જેમ પ્રત્યેક બુદ્ધા.
અવર અરથ છંડી, ધન્ય તે મોક્ષ લુબ્ધા.

**કર્મ—**

કરમ નૃપતિ કોપે, દુઃખ આપે ઘણેરાં;
નરય તિરય કેરા, જન્મ જન્મે અનેરા.
શુભ પરિણુતી હોવે, જીવને કર્મ તેવે;
સુર નરપતી કેરી, સંપદા સોઈ દેવે.
કરમ સશિ કલંકી, કર્મ ભિક્ષુ પિનાકી;
કરમ બલિ નરેંદ્ર, પ્રાર્થના વિષ્ણુરાકી.
કરમ વશ વિધાતા, ઇંદ્ર સૂર્યાદિ હોઇ;
સબળ કરમ સોઇ, કરમ જેવો ન કોઇ.

**ક્ષમા—**

દુરિત ભર નિવારે, જે ક્ષમ. કર્મ વારે;
સકળ તપ સધારે, પુન્ય લક્ષ્મી વધારે.
શ્રુત સકળ આરાધે જે ક્ષમા મોક્ષ સાધે.
જિણુ નિજ ગુણુ વાધે, તે ક્ષમા કાં ન સાધે;
સુગતિ લહિ ક્ષમાયે, ખંધ સૂરીશ શીષ્ઠા.
મુગતિ દૃઢ પ્રહારી કુર ગડુ મુનીશા;
ગજ સુનિય ક્ષમાએ, મુકતી પંથા આરાધે.
તિમ સુગતિ ક્ષમાયે, સાધુ મેતાર્ય સાધે.

**સંયમ—**

પૂર્વ કર્મ સવિ સંયમ વારે,
જન્મ વારિ નીધી પાર ઉતારે;
તેહ સંયમ ન કેમ ધરી જે,
જેણે મુક્તિ રમણી વશ કીજે.
તુંગ શૈલ બળદેવ સુહાયો,
જેહ સિંહ મૃગ બોધ બતાયો;
તેમ સંયમ લહીય આરાધો,
જેણુ પંચમ સુરાલય પાયો.

**દ્વાદશ ભાવના—**

**અનિત્ય—** ધણ કણ તનુ જીવી, વિજ ઝત્કાર જેવી;
સુજન તરુણ મૈત્રી, સ્વપ્ન જેવી ગણેવી.
અહંમમ મમતાયે, મૂઢતા કાંઈ માચે
અથીર અરથ જાણી, એક શું કોણ રાચે.
ધરણિ તરૂ ગિરિંદા, દેખીયે ભાવ જોઈ;
સુર ધનુષ પરેતે, ભંગુરા ભાવ તેઈ.
ઇમ હૃદય વિમાસી, કારમી દેહ છાયા;
તજીય ભરત રાયા, ચિત્ત યોગે લગાયા.

**અશરણ—**

પરમ પુરૂષ જેવા સંહર્યા જે કૃતાંતે,
અવર શરણ કેનું લિજીયે તેહ અંતે.
પ્રીય સુરદ કુંટુબા, પાસ બેઠા જિ કોઈ,
મરણ સમય રાખે જીવને તે ન કોઇ;
સુરગણ નર કોડી, જે કરે જાસ સેવા.
મરણ ભય ન છૂટયા તે, સુરેંદ્રાદિ દેવા;
જગત જન હરંતો, એમ જાણી અનાથી.
વ્રત ગ્રહીય વિછુટો, જેહ સંસારમાંથી.

**સંસાર—**

તિર્યંચાદિ નિગોદ નારકિ તણી જે યોની યોની રહ્યાં,
જીવે દુઃખ અનેક દુર્ગતિ તણાં કર્મ પ્રભાવે લહ્યાં;
વા સંયોગ વિયોગ રોગ બાહુધા વા જન્મ જન્મે દુઃખી,
તે સંસાર અસાર જાણી ઇ હવો, જે એ તજે સો સુખી.
જે હિન તે ઉત્તમ જાતિ જાએ,
જે ઉચ્ચ તે મધ્યમ જાતિ થાએ;
જ્યું મોક્ષ—મેતાર્ય મુનીંદ જાએ,
ત્યું મંગુ સુરી—પુર દક્ષ થાએ.

એકત્વ—

પુન્યે એકલો જીવ સ્વર્ગે જાએ,
પાપે એકલો જીવ નર્કે જાએ;
એ જીવ જા આવ કરે અકેલો,
એ જાણીને તે મમતા મહેલો—
એ એકલો જીવ કુંટુબ યોગે,
સુખી દુઃખી તે તસ વિપ્ર યોગે;
સ્ત્રી હાથ દેખી વલયો અકેલો,
નમી પ્રબોધ્યો તિણથી વહેલો.

અન્યત્વ—

જો આપણો દેહજ એ ન હોઇ,
તો અન્ય કો આપણ મિત્ર કોઈ;
જે સર્વ તે અન્ય ઇહાં ભણી જે,
કે હો તિહાં હર્ષ વિષાદ કીજે.
દેહાદિ જે જીવ થકી અનેરાં,
સ્યાં દુઃખ કીજે તસ નાશ કેરાં;
તે જાણીને વાચયિને પ્રબોધી,
સુકોશળે સ્વાંગન સાર કીધી—

અશુચી—

કાયા મહા એહ અશુ ચીતાઈ,
જિહાં નવ દ્વાર વહે સદાઇ;
કસ્તુરી કર્પુર સુદ્રવ્ય સોઇ,
તે કાય સંયોગ મલીન હોઇ.
અશુચી દેહ નરનારી કેરી,
ભરાય જે એ મળમૂત્ર શેરી;
એ કારમી દેહ અસાર દેખી,
ચતુર્થ ચક્રિય પણ તે ઉવેખી.

આશ્રવ—

ઇહ અવિરતી મીથ્યા, યોગ પાપાદિ સાથે;
ઇહ ભિણુ ભવ જીવા, આશ્રવે કર્મ બાંધે.
કરમ જનક જે તે, આશ્રવા જે ન રૂંધે;
સમર સમય આત્મા, સંવરી સો પ્રબુદ્ધે—
જે કુંડરીકે વ્રત છાંડી દીધું,
ભાઇ તણું તે વળી રાજ્ય લીધું;
તે દુઃખ પામે નરકે ઘણેરાં,
તે હેતુએ આશ્રવ દોષ કેરાં.

સંવર—

જે સર્વથા આશ્રવને નિરોધે,
તે સંવરી સંવર ભાવ સાધે.

તે ભાવ વંદો ગુરૂ વજ્ર સ્વામી,
જેણે ત્રીયા કંચન હોડી વામી.

**નિર્જરા—**

દ્વય દશ તપ ભેદે, કર્મ એ નીર્જરાએ,
ઉત્પતી થિતી નાસે લોક ભાવો મરાએ;
દુરલભ જગ બોધી દુર્લભો ધર્મ બુદ્ધિ
ભવ હરણિ વિભાવો ભાવના એહ શુદ્ધિ.
બે નિર્જરા કામ સકામ તેહી,
આ કામ જે તે મરૂ દેવી જેહી:
તે જ્ઞાનથી કર્મહ નિર્જરીજે,
દૃઢ પ્રહારી પરિતો તરી જે.

**લોક સ્વરૂપ—**

નિમ પુરૂષ વિશેષે, એ અધો લોક તેવે:
તિરીય પણ વિરાજે, થાળ શો વૃત્ત જેવો.
ઉરધ મુરજ જેવો, લોક નાળે પ્રકારો;
તિમજ લવન ભાનુ કેવળી જ્ઞાન ભાષો.

**બોધિ દુર્લભ—**

બોધી બીજ લહી જેહ આરાધે,
તે ઇલા સુત પરે શિવ સાધે:

**ધર્મ—**

ધર્મ ભાવના લહી ભવિ ભાવો,
રાય સંપ્રતિ પરિ સુખ પાવો.

ઇતિ દ્વાદશ ભાવના.

**રાગ—**

રાગે મરાચે ભવ બંધ જાણી,
જે જાણતે રાગ વશે અનાણી:
ગૌરી તણે રાગ મહેશ રાગી,
અર્ધાગ દેવા નિજ બુદ્ધિ જાગી.

**દ્વેષ—**

રે જીવ તુ દ્વેષ મને મ આણે—
વિદ્વેષ સંસાર નિદાન જાણે,
સાસુ નણંદે મળિ કુડ કીધું;
જાુહુ સુભદ્રા શિર આળ દીધું.

**સંતોષ—**

સંતોષ નૃપ જનને સુખ હોય જેવું,
તે દ્રવ્ય લુબ્ધ જનને સુખનાં હિ તેવું;
સંતોષવંત જનને સહુ લોક સેવે,
રાજેંદ્ર રંક સરિખા કરિ જોહ જોવે.

શ્રી સિદ્ધસેન ગુરુરાય ગંભીર વાણી,
સંતોષતા જિહ્વતણી જગ માંહી જાણી;
ભાવે કરી જિહ્વતણી સુણિ વાણી રંગે,
જે સાથ વિક્રમ ધરી, જિન આણ અંગે.

**વિવેક—**

જો જેહ ચિત્તે સુવિવેક ભાસે,
તો મોહ અંધાર વિકાર નાસે;
વિવેક વિજ્ઞાન તણે પ્રમાણે,
જીવાદિ જે વસ્તુ સ્વભાવ જાણે;
બાળાપણે સંયમ યોગ ધારી,
વર્ષારૂતે કાચલી જેણ તારી;
શ્રીવીર કેરો અઇમુત્ત તેઇ,
સુજ્ઞાન પામ્યો સુવિવેક સેઇ.

**નિર્વેદ—**

જે બંધુ જન કર્મ બંધન જિશા ભોગાભુજંગા ગિણે,
જાણંતો વિષ સારિખા વિષયતા સંસારતા તે હણે;
જે સંસાર અસાર હેતુ જનને સંસાર ભાવે હુવે,
ભાવો તેઇ વિરાગવંત જનને વૈરાગ્યતા દાખવે.

નિર્વેદ ને પ્રબળ દુર્ધર બંદિખાણો—
જે છોડવા મન ધરે બુધ તેહ જાણો;
નિર્વેદથી તજિય રાજ વિવેક લીધો,
યોગિંદ્ર ભર્તૃહરી સંયમ યોગે લીધો.

**આત્મબોધ—**

એ મોહ નિંદ તજિ કેવળ બોધ હેતે,
તે ધ્યાન શુદ્ધ લહી ભાવનિ એક ચિત્તે;
જ્યું નિઃપ્રપંચ નિજ જ્યોતિ સ્વરૂપ પાવે,
નિર્બાધ જે અખય મોક્ષ સુખાર્થે આવે.

ભવિ વિષયતૃણા, જે ચંચળા સૌખ્ય જાણી,
પ્રિયતમ પ્રીય યોગાભંગુરા ચિત્ત આણી,
કરમદળ ખપેઇ કેવળ જ્ઞાન લેઇ;
ધન ધન નર તેઇ મોક્ષ સાધે જિ કેઇ.

# रसायन स्वरुप.

( લેખક: મિ. એલ. એ. શાહ. )

રસના ફેરફારથીજ કંઇ ફાયદો થાય છે તથા રસનું અયન કેવી રીતે થાય છે તે બધું જ્ઞાન આપનાર જે ગ્રંથ તેને રસાયનશાસ્ત્ર કહે છે. જે અંગ્રેજીમાં Chemestry ના નામથી ઓલખાય છે. આ શાસ્ત્ર તો અનાદી કાળનું ચાલતું આવેલું છે. પણ તેને આજ સુધી અમલમાં મુકાયું નહોતું. કેટલીક વસ્તુઓ તો કુદરતથીજ બનેલી હોય છે. જેને સાયન્સના નિયમ મુજબ છુટી પાડી વાપરીએ તો નુકસાનકારક થઇ પડે છે. કોઇ કહેશે કે મીઠું કે જે હમેશાં વાપરો છો તે તો સોડીઅમ ને કલોરાઇડનું બનેલું છે તો કોઇ આપણને વઢવા આવશે ને કહેશે કે બહુ ભણ્યા એટલે હવે ખાવાની વસ્તુને છુટી પાડતાં શીખ્યા ? આવી વસ્તુઓ જે ઘણી અગત્યની છે તે તો કુદરતથીજ સરખા પ્રમાણમાં જોડાયલી છે. જેથી સાયન્સનો તો ખપજ પડતો નથી. આ સંસારમાં મુખ્યત્વે કરીને ૭૦ તત્વો છે. અને તેના અરસપરસ થોડા વધારે પ્રમાણમાં જોડાવાથી જુદા જુદા પદાર્થો થયેલા છે જે વસ્તુઓ આપણે જુદી વાપરીએ તો એકદમ નુકસાન થાય, તેજ જો પ્રમાણમાં વાપરીએ તો અકસીર અસર કરે છે. આ બધું જ્ઞાન આપનાર કોણ, તેના જવાબમાં સાયન્સજ કહેવાશે. પાણી કે જેની ઉપર દરેક જીવજંતુઓનો આધાર છે તે ઓકસીજન અને હાઇડ્રોજનનું બનેલું છે. અને જો કદાપિ આ બન્ને જુદા ભક્ષ્ય કરાય તો આપણો જીવ જાય એમાં કાંઈ નવાઇ નથી. અને તેજ એ વસ્તુ જો સરખા પ્રમાણમાં ભેગી થઇને વપરાય છે તો માણસને મુખ્ય આધારભુત થાય છે. આપણે જૈન છીએ આપણા ધર્મમાં પાણીમાં તેમજ વાયુમાં જીવ છે જે અન્ય ધર્મીઓ બિલકુલ માનતા નહતા. પણ હાલમાં સાયન્સથી સાબિત થયું છે કે જે જીવો વિષે જૈનીઓ વાત કહે છે તે વાત ખરી છે. સર્વે પ્રાણીઓનો મુખ્ય આધાર સાયન્સ ઉપર છે. જો દરેક વસ્તુઓ સાયન્સશાસ્ત્ર મુજબ ન જોડાઇ હોય તો પરિણામ શું નિપજત તેમજ આજે મનુષ્ય ભવ ધારણ કર્યો છે તે હોત કે નહિ તે બધું મનથીજ સમજવાનું છે. જવાબમાં એટલુંજ કે સર્વે વસ્તુનો પ્રલયજ થાત. અન્ય જનો પણ કહે છે કે પંચભુતનું પુતળું પંચત્વ પામી ગયું એટલે કે પાંચ તત્વમાં મળી ગયું. માટે વસ્તુનો તો નાશ થઈ ગયો પણ જૈનીઓ તો પ્રથમથીજ કહેતા આવ્યા છે કે દરેક વસ્તુનાં જુદાં જુદાં રૂપ થાય છે. પણ વસ્તુ તો પૃથ્વીપર રહે છે. અને આ બાબત સાયન્સથી પણ સાબિત થઇ ચુકી છે કે કોઇ પણ વસ્તુનું નાશત્વ તો છેજ નહિ આ સાબિતી કરી આપે છે કે જૈન ધર્મ અસલનો છે. જે માંસ, હાડકાં, લોહી વગેરે વસ્તુઓ જોવાથી એકદમ ચિતરાઇ ચડ્યા વગર રહેતીજ નથી. તેને કેળવીને કેમીસ્ટ્રીના પ્રયોગથી યોગ્ય રીતે મેળવીને જુદી જુદી વસ્તુઓ બનાવાય છે. અને હું ખાત્રીથી કહું છું કે આવી વસ્તુઓ તો આપણે હોંશેથી ખરીદીશું. સફેદ ખાંડ કે જે લોહીથી ધોવાય છે, હાડકાં કે જેની અનેક તરેહની વસ્તુઓ બનાવાય છે, માંસ કે જેના સત્વની જુદી જુદી દવાઓમાં મેળવણી થાય છે. તેઓ કેમીસ્ટ્રીના પ્રયોગથી વપરાય છે. ચીનાઇ પ્યાલા, પાલીઓ, રકાબી વગેરે જુદી તરેહની વસ્તુઓ બનાવાય છે. હાલમાં સાયન્સમાં હિંદુસ્તાન ઘણુંજ પછાત છે. તેનું સંપુર્ણ જ્ઞાન હોત તો આજે હિંદુસ્તાન પૂર્ણ કળાએજ હોત એમ કહીશું તો પણ ચાલી શકશે. વિલાયતી

દવાઓ કે જે સાયન્સ પ્રયોગથી બનાવાય છે, તે બિલકુલ વાપરવી પડતજ નહિ. ને ધર્મ થકી ભ્રષ્ટ થવાતજ નહિ. આપણામાં વૈદકશાસ્ત્ર પણ છે પણ જો પ્રયોગો પ્રમાણે ઉપયોગ કરવામાં આવે તો બીજી દવાનો બિલકુલ ઉપયોગ કરવો પડેજ નહિ. જાણનાર તો ઘણાજ થોડા હોય છે. માણસ એમ જાણતો હશે કે આપણાથી આવા પ્રયોગો કરવા બેસે તો નીત્યે નવી નવી વસ્તુઓ બનાવી શકે. જો આપણે જોવા જઈશું તો માલમ પડશે કે આગળ તરવાર અને તીરકામઠાં સિવાય બીજા કંઇ પણ જાતનાં હથીઆર હતાંજ નાહ. અને આ હથિયારને બદલે હાલમાં તોપો, બંદુકો વિગેરે અનેક તરેહનાં હથિયારો અને તેમાં ફોડવાની વસ્તુઓ તેમજ દીવાળીમાં વછોડવાની વસ્તુઓ માત્ર સાયન્સથીજ થઇ છે. હાલમાં સાયન્સનો ઉપયોગ જગજાહેર પુષ્કળ થઇ ચુક્યો છે. પીવા, ખાવા, પહેરવા, ઓઢવા વગેરેમાં સાયન્સનો ઉપયોગ કેટલે સુધી થાય છે, તે અનુભવથી વધારે સિદ્ધિ થાય છે. એજ માટે સાયન્સ એ ઉદયમાં પ્રથમ જરૂરનું છે.

---

# उन्नत विचार स्मरण.

। सेवाधर्मः परमगहनो योगिनामप्यगम्यः ।

Let thy Soul lend its ear to every cry of pain.

પરનિંદા પરનારી અરૂ, પરદ્રવ્ય નકી આશ,
છોડી તીનો આતકું, ભજને એક અવિનાશ.

। मनः एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः ।

To err is human, to forgive is divine.

કરીએ સારૂં કોઇનું, એજ ધર્મનું કર્મ,
બીજાં કલ્પિત ધર્મ છે, મનમાં સમજો મર્મ.

यत्करोषि यदश्नासि यज्जुहोसि ददासि यत् ।
यत्तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम् ॥

Ask, and it shall be given you;
Knock, it shall be opened unto you.

પ્રભુને ગમે તે સમે સૌ સહેવું;
સદા રાજી રાજી રૂદેમાં રહેવું.

Let not the fierce Sun dry one
tear of pain before thyself hast
wiped it from the sufferer's eye.

। संतोषः एव पुरुषस्य परं निधानम् ।

શ્વાસશ્વાસની પાસ પણ વિશ્વપતિનો વાસ.

Be true in action; never pretend to be than you are.

। परोपकाराय सतां विभूतयः ।

The way to final freedom is within thy Self.

। चित्ते वाचि क्रियायां च साधूनामेकरूपता ।

—શિષ્ય.

# अजब प्रेमनो प्यालो,

( ગઝલ કવ્વાલી. )

ગળા સુધી ભરેલો આ, પીઓ કોઇ પ્રેમનો પ્યાલો !
હૃદયરંગે રસેલો આ, લીઓ કોઇ પ્રેમનો પ્યાલો !
અમી ઝરણું ઝરે જેમાં, પ્રણય મીઠા ઠરે તેમાં:
પ્રભુએ પીરસેલો આ, પીઓ કોઇ પ્રેમનો પ્યાલો !
ભિંજાવ્યો ભાવનાઓમાં, જમાવ્યો કંઇ જમાનામાં;
સુધા ધારે ધરેલો આ, પીઓ કોઇ પ્રેમનો પ્યાલો !

સાખી.

વિકસ્યાં કમનિય કાળજે, પ્રેમબીજ અંકૂર;
હૃદયયંત્રમાં પીલતાં, પ્રકટ્યો અર્ક કપૂર.
કમળનેત્રે ઝીલેલો આ, પીઓ કોઇ પ્રેમનો પ્યાલો !
કનકક્યારે ખિલેલો આ, લીઓ કોઇ પ્રેમનો પ્યાલો !

સાખી.

શાસ્ત્ર શબ્દ ભ્રમણા વડે, ભૂલ્યા કંઇક સુજાણ;
પ્રેમપ્રસાદ પવિત્ર આ, વર્ણે વેદ પુરાણ.
પ્રભુચરણે ઝરેલો આ, પીઓ કોઇ પ્રેમનો પ્યાલો !
શ્રુતિ સત્વે સરેલો આ, લીઓ કોઇ પ્રેમનો પ્યાલો !

સાખી.

ડોલાવે ઇંદ્રાસનો, ઉછાળે બ્રહ્માંડ;
નયનઝલક પલકે રચે, નવલા માયા કાંડ.
મહા સિંધુ ભરેલો આ, પીઓ કોઈ પ્રેમનો પ્યાલો !
અમરતામાં, મરેલો આ, પીઓ કોઇ પ્રેમનો પ્યાલો

સાખી.

પૂછીને પરતંત્ર જન, પગલાં ભરતા જાય;
સ્વતંત્ર સિંહ કદિ નહીં, પરનું માન્યું ખાય.
દુઃખોને વિસરેલો આ, પીઓ કોઇ પ્રેમનો પ્યાલો !
અમે વ્હાલો કરેલો આ, લીઓ કોઇ પ્રેમનો પ્યાલો !

સાખી.

કોમળ કમળ કળિ ખીલી, હસી રસીને મલકાય;
ભ્રમિત ભ્રમર અજ્ઞાનને, મર્મ નહિ સમજાય.
અજબ મસ્તી ભરેલો આ, પીઓ કોઇ પ્રેમનો પ્યાલો !
[illegible] ચડેલો આ, લીઓ કોઇ પ્રેમનો પ્યાલો !

**સાખી.**

તું યોગી હું યોગિની, પ્રેમ નિકુંજે આજ;
અજબ યોગને સાધીએ, સજી સ્વર્ગનાં સાજ.

વિરહ દીપે ભરેલો આ, પીઓ કોઇ પ્રેમનો પ્યાલો !
અરક જેવો ઠરેલો આ, લીઓ કોઇ પ્રેમનો પ્યાલો !

**સાખી.**

ભૂલાવે સંસારને, ભૂલાવે વ્યવહાર;
આપે ભૂલી આપને, થતું આજ એક તાર.

અધરથી ઉતરેલો આ, પીઓ કોઇ પ્રેમનો પ્યાલો !
અમર રસથી ઝરેલો આ, લીઓ કોઇ પ્રેમનો પ્યાલો !

**वसन्त.**

---

## उषा,

---

પ્રભુતા પ્રસારિણી, શાન્તિ સંચારિણી;
ઉષાથી સ્વાત્મા હસાવોજીરે.
ઉષા ચૈતન્યથી, સૂતા સંસારમાં;
સત્વ ચૈતન્ય પ્રસરાવોજીરે.
ઉજ્જ્વલતા ઉર સો, ઉષા દેવી તણી;
ઉર ઉંડાણ ઉભરાવોજીરે.
શાન્તિ સામ્રાજ્યમાં, ઉષા આનન્દ છે;
શાન્તિમાં સ્થિતિ સુહાવોજીરે.
ભાનુ વિકાસ પ્રાણ, ઉષા પ્રકાશ છે;
ઉષા પ્રકાશ પ્રાણ આણોજીરે.
સૃષ્ટિ સૌન્દર્યમાં, પ્રાણીના પ્રાણમાં;
ઉષાનો હાથ ઉર જાણોજીરે.
સરિતા સલિલમાં, સુમન સુગન્ધમાં;
ઉષા અંબાર તેજ નાચેજીરે.
વાયુ વિહારમાં, પંખીના નાદમાં;
ઉષા માધુર્ય ઉર રાચેજીરે.
ઉષા સૌભાગ્યમાં, પ્રાણી સૌભાગ્ય છે;
પ્રાણી સૌભાગ્ય એ ભાળોજીરે.
સૌભાગ્ય સિદ્ધિ, જીવન જવાહીર;
જીવથી અમોલું સંભાળોજીરે.

દામ્પત્ય પ્રેમના, દિવ્ય પ્રસાદથી;
ભાગ્ય ઉષા ભવ્ય ભાસેજીરે.
દ્રષ્ય બ્રહ્માંડ આ, ઉષા ગૃહકુંજ છે.
ઉષા દેવી ત્યાં ઉલ્લાસેજીરે.
**લેવું સપ્રેમ જે, દેવું સપ્રેમ તે;**
ઉષા ઉદ્દેશ ઉર ઉંચોજીરે.
**શિખી સપ્રેમ એ, પાળી સપ્રેમ તે;**
અંત પ્રેમ પ્રભુમાં ખૂંચોજીરે.

**રા. માણેકલાલ મહાદેવ વોરા.**

## " प्रभु क्यां छे ? "

**( ગઝલ. )**

વિભુ ક્યાં વાસ તારો છે, જણાતો તું નથી જરીએ,
નહિ ખાડી અને ખલ્કે, કરી સોધ્યો નથી દરિએ.
વડે શ્રીમંત નહિ જોયો, ગરીબો કહે નથી ફરતો;
ફકીરો ઓલીઆ સાધુ, તપસ્વીને નથી મળતો.
નહિ મંદીર ને વાડી, મસીદોમાં નથી તું તો;
નહિ સ્મસાન કે કબરે, ન કાબામાં નજર આવે.
બધા શહેરો વિષે શોધ્યો, કદી નજરે નથી પડતો;
ઘણા પહાડો અને પર્વત, નથી જંગલ વિષે જડતો.
ભુલીને માનવી ભમતા, હૃદયમાં તાત વાસે છે;
જુવો તો દીવ્ય ચક્ષુથી, જગતના નાથ પાસે છે.

**રા. રતનલાલ નાગરદાસ વકીલ.**

## कोयलनो टहूकार.

**(માઢ.)**

કોયલનો ટહૂકાર, સખીરી ! કોયલનો ટહૂકાર,
વસન્ત ઋતુનો બહાર, સખીરી ! કોયલનો ટહૂકાર.
રમ્ય રસિલી રસ ઘેલુડી, કરશે મધુર ટહૂકાર;
વસન્ત ઋતુમાં વસન્ત બનીને, રેલશે રસ અપાર---સખીરી !
મદ વિહ્વલ કોયલડી ટહૂકે, વ્હેશે પ્રેમનાં પૂર;
રસમય હૃદયો થાશે સૌનાં, પૂરશે પ્રેમના સૂર--સખીરી ?

ભરત બનેલાં પ્રેમ પ્રવાસી, બનશે ઘેલાં અપાર;
પ્રેમ પ્રભુનું ધ્યાન ધરીને, કરશે પ્રેમ પોકાર—સખીરી
રસની લ્હાણી કરશે રસિકડાં, સ્હમજી જીવનો સાર;
'પ્રેમ વિલાસી' કોયલ ટહૂકે, ભરશે પ્રેમ અપાર—સખીરી !

**પ્રેમવિલાસી.**

# મૃત્યુવશ લલના.

સુકોમળ આ બાળા નહિ ભાન તનમાં જરીરે,
બિચારી જ્વર તાપે નીલ વર્ણી વપુએ દીસે;
સર્વે વ્યાધી વ્યાપ્યા બિચારી બાળ ફુળ વપુને,
નહિ એકે આશા પ્રભુ વિણ હા ! ઉગારવાને !
ઘડી ધીમા શ્વાસે નિન્દમાં બાળા દીસતી હતી,
ઘડીમાં અચિંતી નિન્દમાં બાળા ભડકતી !
પતિ તેનો પાસે ઉભો કાઢે છે ચોધાર અશ્રુ,
બિચારૂં બાળક એક રમતું ફરે છે હસતું !
નહિ તે જાણે કંઇ નિજ માત સ્વર્ગે સીધાવી,
હસે છે કુદે ને ફરે સૌ શાન્તિમાં ભંગ પાડી !

આ વેળ માતા ઉઠતાં નીજ બાળને હેતે જુએ,
પાસે જણાતાં સૌ સગાંઓ અશ્રુથી આંખો ભરે;
જાય બાળક માત પાસે કાલુ કાલું કંઇ લવી,—
અણચિંતવીએ આંચકીથી ભાન તેનું ભૂલી ગઇ !
માતને બોલાવતાં નવ શબ્દ જ્યારે નીકળ્યો,
રોઇ પડી એ બાળને પીતા તણા ચરણુ નમ્યો;
કરૂણાજનક આ ખેલ દેખી અશ્રુ સૌકો કાઢતાં,
(પતિ) અર્ધ મુર્છાવશ થઇ ધરણી ઢળ્યો આ દેખતાં !

× × × ×

" અરે વ્હાલી ! વ્હાલી " પતિ મુર્છાવશ લવે,
" નવ તજી દે મને આ પ્રાણ અર્પુ તુજને;
" ઉઠને થા બેઠી તું આમ નિરાશ કર ના,
" હમારો ત્હારો શુ સંબંધ દૂર કર ના.
" સગા વ્હાલા સૌ કો આશ ત્હારી ધરે છે,
" સૌના નયનોથી અશ્રુધારા વહે છે.
" કદી જાશે તું તો થાય મ્હારી ગતી શી ?
" પ્રીયે વીના મ્હારી હાય ! મુંઝાતી મતી.
" અહા ત્હારા વીના ખોટ માની કો ભાગે ?

" અરે ક્યાંથી ઉડે બાળ આ ગ્રીણુ પાંખે ?
" અરેરે વ્હાલી તું તજે શું તુજ દેહ ?
" કદી એ નવ બનશે ઇશ દેશે ન છેહ ?
" રૂડાં ફુલો આ જો હર્નિશ પ્રેમે રાખતી,
" ખીલ્યાં છે તે હાવાં જે પ્રેમે પહેરાવતી,
" હજુ આનંદે સો દિન જાશે રૂપાળાં,
" ને પુર્ણુ વ્હેશે હૃદય જે પ્રેમ વાળાં ! "

રૂંધાતો કંઠ ધીમેથી પડે છે બંધ પ્રેમીનો,
ફરીથી મુર્છતા પામે અરે ! એ પ્રેમનો ભીનો.
બધાં સો છુપી રીતેથી કહાડે છે અશ્રુની ધારા,
દેખી દુર્ભાગ્ય પ્રેમીનું ઊંડી દે ' હાય ' મુખ દ્વારા.
હવે નયનો ઉઘાડે છે તહીં તે મુગ્ધ બાળા હા !
બિચારી દુઃખના ભારે નથી બેઠી થતી તે ત્યાં.
વ્હેરશી નાથને હાવાં જહાં તે બોલવા જાયે,
મૃદુ ને મંદ મધુરો સ્વર નીકળે કંઠના દ્વારે.

" નહિ નહિ આ વ્હાલા ! પ્રેમ માંહી તું ખામી,
ગણું હું ને ભાગ્યશાળી, પ્રેમ પુરો હું પામી.
નવ નવ કદી મુક્યું બાકી તેં મુજ માટે,
સદૈવ મને તું દેતો દુધ પાણીને માટે !
મુજ હૃદયની આશા પુર્ણ હમેશ કરતો,
**પ્રભુ પૂરો તમ આશા થા નિત્યાનંદ ભરતો**

" બાળુડાં ! વ્હાલાં ! તું અહીંઆ આવજો,
પ્રેમ ભીની તું જનની સ્વર્ગે સીધાયજો;
નહિ કંઇ જાણે શું બન્યું તે વેળજો,
નિર્દોષી થઇ તું ખેલે આનંદ ભેર જો !
બેદિન દયા ખાતાં વ્હાલાં બાળ જો;
જનની જાતાં ના રહી તમ પર ઢાલ જો !
હસતાં રોતાં દેતાં જે તમ ગાળ જો,
રહેતી હસતી માતા હું તે વેળ જો !
રમતાં'તાં **સ્નેહે માતાની** સંગ જો,
આનંદે ખેલ'તા કરતા જંગ જો.
તે સો હાવાં જનની જાતાં દૂર જો,
ભુલશો વ્હાલાં ! બાળુડાં ! શો ફેર જો ?
પીતા તમ પર રાખે સો નીજ પ્રેમ જો,
ઉછેરશે તું વ્હાલા પુરણુ પ્રેમ જો.

નહિ દુનિયામાં **માતા** અવર બનાય જો,
રોતાં ગાળો બાળુડાં દિન હાય ! જો.
શું કરૂં આશિષ કંઠ રૂંધાતો આજ જો,
સંસારે ઝાલે તમ પ્રભુજી હાથ જો."—

શ્વાસોશ્વાસ રૂંધાઇ જાતાં માતા બંધ પડી અરે,
નવ શબ્દ બીજા નીકળ્યા તે પ્રેમીલી રંભા મુખે.
પરિશ્રમ થકી થાકી જતાં તે ઘોર નિદ્રામાં પડી,
દેખાવ દેખી શોકનો પાસે હતાં તે દે રડી.

બાળા ઉઠી નિદ્રામાંથી ના ઉઠી તે ના ઉઠી,
શોક સઘળો હયાં મુંકી તે નાર તો સ્વર્ગ ગઇ.
પતિ પ્રેમના ઉંડા ઉરેથી શબ્દ બાળા ઝીલજો,
'**तम आत्मने शान्ति मळो**' જે સ્નેહ સુચક હીર છે.

રા. **કેશરો.**

# महाविर प्रभुना पाठथी शुं अवबोधवुं ?

( લેખક રા. આત્મારામ ખેમચંદ. )

જે મનુષ્યો ફક્ત એકલી ક્રિયાજ કરવા સુચવે છે તેઓના કથન પ્રમાણે ચાલતાં ફળ-પ્રાપ્તિ થઇ શકતી નથી તેમજ જેઓ ફક્ત એકલું જ્ઞાન પ્રાપ્ત કરવા સુચવે છે તેઓનાજ કથન પ્રમાણે ફક્ત વર્તતાં પણ ફળ પ્રાપ્ત કરી શકાતું નથી. શ્રીચરમ તીર્થંકર શ્રીમદ્ મહા-વીર પ્રભુ તેમજ જૈન શાસ્ત્ર તો પોકારી પોકારી એમજ ફરમાવે છે કે **ज्ञान क्रियाभ्याम् मोक्षः** જ્ઞાન અને ક્રિયાથી મોક્ષની પ્રાપ્તી થાય છે તેમ ખાસ ફરમાન કરે છે અને શ્રીમદ્ મહાવીર પ્રભુ પોતાની મધુર અને અમૃત વાણીથી જણાવે છે કે જ્ઞાન પ્રાપ્ત કરી તેને આચા-રમાં મુકશો ત્યારેજ મોક્ષની પ્રાપ્તી થઇ શકશે. શ્રીમદ્ શ્રી મહાવીરપ્રભુના સિદ્ધાંતાનુસાર જે ભવ્ય જીવો ચાલે છે તેજ ઉત્તમ ગતિ યાને સદ્ગતિ પ્રાપ્ત કરવા ભાગ્યશાળી બની શકે છે એટલુંજ નહિ પણ પોતે પોતાનું શ્રેય કરી શકે છે ને ભવ્ય જીવોનું પોતાના જ્ઞાન બળથી શ્રેય કરવા ભાગ્યશાળી બને છે. શ્રીમાન્ શ્રી મહાવીરપ્રભુની આજ્ઞા ઉઠાવવી, તેમની આજ્ઞાનુસાર વર્તવું તે પ્રમાણે વર્તનારા પણ તેઓશ્રીની સેવા કર્યા જેટલુંજ ફળ પ્રાપ્ત કરી શકે છે. પૂજા કરી આપણે ત્યાંથી શું ગ્રહણ કરવાનું છે તેનો બરોબર વિચાર કરવો જોઇએ અને પૂજા કરી આપણે એજ પાઠ શીખવાનો છે કે શ્રીમદ્ મહાવીરપ્રભુએ અનેક ગુણો પ્રાપ્ત કરી અનેક ભવ્ય જીવોને પોતે તાર્યાં અને પોતે તર્યા. આપણે પણ તેમના પગલે ચાલી ઉત્તમ પુરૂષોની પૂજા કરી આપણે પણ અનેક સદ્ગુણો જેવા કે દયા, સત્ય, મૈત્રી, માધ્યસ્થ, કારૂણ્ય, આદિ ગુણો પ્રાપ્ત કરવાના છે એજ આપણે પૂજા કરી ફલીતાર્થ કરવાનું છે પણ ફક્ત દેરાસરમાં જઇ આડુંઅવળું ગમે ત્યાં ચિત્ત જવા દઇ ફક્ત ચાંલ્લા કરી આવ્યા તેથીજ આપણે પવિત્ર થઇ આવ્યા એટલેથી સંતોષી થવાનું નથી પણ પુજા કરી શ્રીમદ્ મહાવીર-પ્રભુના અનેક ગુણો યાદ લાવી અને તેટલું ગ્રાહ્ય કરવું એજ પુજા કરવાનો હેતુ છે. બને

તેટલા ગુણો ગ્રહણ કરી પોતાનું શ્રેય કરવાનું છે એટલુંજ નહિ પણ દુનિયામાં ચોતરફ જૈન ધર્મના ઉચ્ચ સિદ્ધાંતોનો પ્રકાશ કરવાનો છે જેઓ દુનિયામાં જન્મ ધારણ કરી અનેક મનુષ્યોનું કલ્યાણ કરવા તૈયાર થયેલા છે, કલ્યાણ કરવા નીકળેલા છે ને જેઓના હૃદયમાં "સવી જીવ કરૂં શાશન રસી એસી ભાવદયા મનઉલ્લાસી." આવી ભાવના વસી રહી છે તેમજ જગતનું ભલું કરવાજ અનેક કાર્યો કર્યા કરે છે, ઉન્નતિને માટે બને તેટલું કરી પોતે અહોનિશ જૈન ધર્મના ઉચ્ચ સિદ્ધાંતો ફેલાવવા પ્રયત્ન કરે છે તેવા પુરૂષોને તેના આચાર્યોને, તેવા યોગીઓને, તેવા ધ્યાનીઓને, તેવા શાસ્ત્ર વિશારદોને, તેવા જ્ઞાનીઓને, તેવા મહાત્માઓને, તેવા અધ્યાત્મીઓને કોટીશહ: ધન્યવાદ ઘટે છે. મારી અને તમારી તેમજ જૈન કોમની ઉન્નતિ કરવા વાળા આપણા પૂજ્ય ગુરૂઓ કહો કે આચાર્યો તેઓથીજ આપણી તેમજ જૈન કોમની ઉન્નતિનાં કાર્યો તેઓશ્રીના હાથેજ થયાં છે—થાય છે અને ભવિષ્યમાં થવાનાં છે. આપણે તેવા મહાન્ પુરૂષોની જેટલી ભક્તિ કરીએ તેટલી ઓછી છે. તેમની ભક્તિ કરી અનેક ગુણો પ્રાપ્ત કરવાના છે. પિતા પણ જ્યારે પુત્રની ખરી ભક્તિ શિવાય પોતાનું ધન સમર્પી શકતો નથી અર્થાત્ પોતાનું દાટેલું ધન બતાવી શકતો નથી તો પછી પરમ પૂજ્ય ગુરૂશ્રીઓ શિષ્યની ખરી ભક્તિ સિવાય ક્યાંથી બીજું ધન સમર્પી શકે વારૂં ? અલબત્ નજ સમર્પી શકે ! શિષ્યોની ખરા દિલની ખરી ભક્તિ હોય તો તે યોગ્ય ભક્તિ ગુરૂશ્રી જાણી શિષ્યને અનેક વિદ્યાઓ ગુરૂશ્રી સમર્પી શકે છે શ્રી સદ્ગુરૂની, મસ્તક કોરે મુકી તન મન અને ધનથી યથાશક્તિ ભક્તિ કરવી જોઇએ અને જેઓ તેમ કરવા ભૂલ કરે છે તેઓ પાછળથી પશ્ચાતાપ કરવાને પાત્ર બને છે. અહા ? આવું જાણ્યા છતાં સાંભળ્યા છતાં શ્રવણ કર્યા છતાં પણ કેમ જીવો ચેતી શકતા નહિ હોય ? તેનું કારણ જ્ઞાનીઓ પોકારી પોકારી કહે છે ને તે હમેશાં આપણે ગુરૂશ્રીના વ્યાખ્યાનોમાં શ્રવણ કરીએ છીએ તે એ કે અનાદિ કાળથી જીવો મોહના જોરથી ચેતી શકતા નથી અને તે દુર કરવા સારૂં આપણા જ્ઞાનચક્ષુઓ ઉઘાડવાની જરૂર છે અને તે જ્ઞાનચક્ષુઓ ઉત્તમ સદ્ગુરૂઓની સંગતિથી તેમજ સમાગમથી ઉઘડી શકે છે. ( અર્થાત્ પ્રકાશે છે ) અહો ! મનુષ્ય ભવ પુનઃ પુનઃ મળનાર નથી એમ જાણી પોતાનું શ્રેય શુભ કૃત્યો આદિથી બને તેટલું કરવું તેજ શ્રેય કરે છે અને તે કરવું પોતાના હાથમાં છે એમ જાણી યથાશક્તિ બનતું કરવા ઉદ્યમ કરવો એજ હિતકર છે. ઉદ્યમ કરવાથી સર્વે પ્રાપ્ત થાય છે, ઉદ્યમને માટે મુનિમહારાજ શ્રી બુદ્ધિસાગરજી મહારાજ પોતાના બનાવેલ ભજન સંગ્રહ. ભાગ. ૬ નીચે પ્રમાણે કહે છે કે.

નસીબે હાથ દૈને, અરે બેસી રહો શાને,
ફળે આશા ટળે દુઃખો, કરો ઉદ્યમ વિજયભાવી.

× × × ×

હવે તો બેસી નહીં રહેવું, થવાનું સર્વે, ઉદ્યમથી:
અનુદ્યમથી ઘણું ખોયું, રૂચે ઉદ્યમ મ્હને મનમાં.

કવિશ્રી ઉદ્યમની દિશાએ જતાં કહે છે કે હે મનુષ્યો ! તમે નશીબે હાથ દઇને શા માટે બેસી રહોછો ? વિજયને કરવાવાળો એવો તમે ઉદ્યમ કરો જેથી તમારી આશાઓ ફળે અને દુઃખો ટળે. પુનઃ પાછા ફરી ઉદ્યમની દિશા તરફ જતાં કહે છે કે હે મનુષ્યો ! હવે તો બેસી રહેવાનું નથી ને સર્વે કાર્યો ઉદ્યમથી થવાના છે આપણે અનુદ્યમથી ઘણું ખોયું.

માટે કવિશ્રી કહે છે. " રૂચે ઉદ્યમ મ્હને મનમાં, " હવે મને ઉદ્યમ ઘણોજ રૂચિકર છે. એમ પોતે નિશ્ચય કરી, પોતે સર્વને ઉદ્યમ કરવા ફરમાવે છે, ઉત્તમ સદ્દગુરૂઓની હિત શિક્ષાઓ ગ્રહણ કરી પોતાનુ અને પરનું અને તેટલું શ્રેય કરવું એજ હિતકર છે.

# " स्त्री केळवणी " उपर झवक व्हेननुं भाषण.

વિદુષિ પ્રમુખ બ્હેન ! અને જૈન સન્નારીઓ !

આજે શ્રી જૈન મહિલા મંડળમાં " સ્ત્રી કેળવણી. " ઉપર ભાષણ આપવાની મને જે તક મળી છે તે ખાતે હું મને પોતાને ભાગ્યશાળી લેખું છું. મ્હારી અલ્પ મતિ અનુસાર બે શબ્દો આપ સન્મુખ રજુ કરૂં છું તે કૃપા કરી એકાગ્ર ચિત્તે શ્રવણ કરશો એવી આશા છે.

બ્હેનો ! સમસ્ત દેશ, કોમ, અને ધર્મની ઉન્નતિનો મુખ્ય આધાર મહિલા કેળવણી ઉપર ટકી રહેલો છે. સ્ત્રી એ પુરૂષનું અરધું અંગ છે, દાખલા તરીકે. શરીરના બે અવયવો પૈકી એક નબળો હોય, અને જો તેને સુધારવામાં ન આવે, તો ભવિષ્યમાં બીજા અંગને પણ મહાન નુકશાન કરે છે. મતલબ કે, પુરૂષ કેળવાયેલ હોય અને સ્ત્રી અભણ. ( બિન કેળવાયેલ ) હોય તો તેની પણ એજ સ્થિતિ સમજવી. પુરૂષ ઘરનો રાજા છે. અને સ્ત્રી ઘરની પ્રધાનઃ જ્યાં પ્રધાન કેળવાયેલ ન હોય ત્યાં સ્વાભાવિક રીતે ગૃહરૂપી રાજ્યની બાજી બગડે છે. એક ગાડીને જોડેલા બે બળદો પૈકી એક બળદ ખરાબ હોય તો તે ગાડીની કેવી બુરી હાલત થાય છે તે તરફ આપ બ્હેનો વિચાર કરશો !

બ્હેનો ! આજે યૂરોપ, અમેરિકા, જાપાન વગેરે સુધારાના શિખરે પહોંચેલા દેશો તરફ જો આપ નજર કરશો તો ત્યાં સેંકડે ૯૫ પંચાણું ટકા સ્ત્રી વર્ગ કેળવાયેલ છે. જ્યારે હિંદમાં સ્ત્રી વર્ગ સેંકડે પાંચ ટકા કેળવાયેલ છે. જ્યાં આવી સ્થિતિ છે, ત્યાં આપણાં સ્ત્રી સમાજની ઉન્નતિની આશા રાખવી વ્યર્થ છે.

સ્ત્રીઓ જો યોગ્ય રીતે કેળવાશે તો ભવિષ્યમાં તેની પ્રજા પણ તેવી ઉત્તમ થશે. નાનાં બાળકોને પ્રથમ શિક્ષણ આપનાર તેની માતા છે. માતાઓમાં જેવા સંસ્કાર હશે તેવાં તેનાં બચ્ચામાં આવશે.

બ્હેનો ! સ્ત્રીઓને ધાર્મિક, નૈતિક, વ્યવહારિક, અને સારીરિક જ્ઞાન આપવા સાથે ભરત કામ, શીવણ કામ, ગુંથણ કામ, ચેતર કામ, આદી હુન્નર ઉદ્યોગની તાલીમ પણ મળવી જોઇએ. કારણ કે ભવિષ્યમાં આપત્તિના વખતમાં ગુજરાનનું સાધન થઇ પડશે !

આપણી પ્રાચીન જૈન મહિલાઓ, બ્રાહ્મી, સુંદરી, સુલસા, ચંદનબાળા, રાજેમતી, સીતાજી, દ્રૌપદીજી, આદિ અનેક શ્રાવિકા રત્નોએ કેવાં કેવાં મહાન કાર્યો કરેલાં છે, સંકટના સમયમાં શિયળનું રક્ષણ કરેલ છે. તે તરફ આપ ધ્યાન ખેંચો ! જેઓના પવિત્ર નામથી આપણાં પાપ કર્મોનો નાશ થાય છે. તેઓનાં પગલે ચાલવાની કોશીશ કરવાની અગત્ય છે.

આપણા **"મહાવિર"** પ્રભુએ પોતાની પુત્રી સુદર્શનાને ઉચ્ચ કેળવણી આપી હતી. કુંભ રાજાની પુત્રી મલ્લી કુંવરીએ અત્યુત્તમ કેળવણી સંપાદન કરી, કેવળજ્ઞાન મેળવી, છેવટે તિર્થંકર પદ પ્રાપ્ત કર્યું હતું. શ્રીપાલ રાજાના રાસમાં મયણા સુંદરી અને સુર સુંદરી એવાં તો પ્રખ્યાત પંડિત હતાં કે, મ્હોટી મ્હોટી રાજ્ય સભાઓમાં ધાર્મિક વાદવિવાદમાં ફતેહ

મેળવી છે. શ્રીમદ્ હેમચંદ્રાચાર્યના વખતની જૈન કોમની જાહોજલાલી અને ચાલુ સમયનો મુકાબલો કરતાં આસમાન, પાતાળ જેટલો તફાવત દ્રષ્ટિગોચર થાય છે.

રાગદ્વેષને જીતનારને "જૈન" કહેવામાં આવે છે. ત્યારે આજે મમત્વ, અહંકાર અને ઇર્ષાળુ સ્વભાવ જોવામાં આવે છે. કેળવાયેલી બ્હેનો ફુરસદનો ટાઇમ વિદ્યા વિનોદ અને પરોપકાર કરવામાં ગાળે છે. ત્યારે બીન કેળવાયેલ બ્હેનો નવરાશનો વખત કુથલીમાં અને ટંટાઓમાં પસાર કરે છે. આપણામાં જડ ઘાલી બેઠેલા બાળ લગ્ન, વૃદ્ધ વિવાહ કન્યા વિક્રય, અને રડવા કુટવાના જ્યાં સુધી હાનીકારક રિવાજો હૈયાતી ભોગવે છે ત્યાં સુધી અભ્યુદય થવાનો નથી.

બાળ લગ્ન, અને કન્યા વિક્રયના દુષ્ટ રીવાજથી આજે આપણી ત્રણે ફીરકાની જૈન કોમમાં આશરે ૧ાા લાખ યુવાન વિધવાઓ દ્રષ્ટિગોચર થાય છે. તે જોઇ હૃદય પીગળે છે. જેમાંની હજારો વિધવાઓ કંગાળ અને દયામય હાલત ગુજારે છે. તેઓનો આધાર માત્ર દરણું દળવું, કાલાં ફોલવાં, અને પારકી મજુરી કરવાનું છે. છતાં પેટપુરણ ધાન્ય મળતું નથી. આ બાબત આપણા આગેવાન જૈન બંધુઓએ ખાસ "શ્રી જૈન નિરાધાર વિધવાશ્રમ" સ્થાપવાની જરૂર છે, અને તે સંસ્થા ખાસ રાજનગરમાં રાખવામાં આવે તો વિશેષ બ્હેનો તેનો લાભ લેઇ શકે, કારણ રાજનગર એ જૈનપુરી લેખાય છે તેમ હિંદનું માનચેસ્ટર છે, મીલઉદ્યોગથી વ્યાપારમાં આજે પ્રસિદ્ધ શહેર છે. તેમ કચ્છ, કાઠિયાવાડ અને રજપુતાનાનું મધ્યબિંદુ છે. પ્લેગ, કોલેરા આદિ દુષ્ટ રોગોથી હમેશાં નિરાળું છે. આવી અત્યુત્તમ સંસ્થા સ્થાપવા આપણા જૈન આગેવાનોનું લેખદ્વારા લક્ષ ખેંચવા મેં લાંબા વખત થયા ઇચ્છા ધારી છે, પણ હાલ આપણાં આગેવાનો સમેત શીખર, અને ચારૂપ કેશના તકરારમાં પડેલા છે. તે હવે જ્યારે અંદર અંદરની તકરારોમાંથી મૂક્ત થશે ત્યારે અપીલ કરવા ધારૂં છું. શ્રી વિરપરમાત્મા સત્વર સુલેહ કરાવે ! અને સંપ ઐક્ય સ્થાપન થાય એવી મ્હારી અંતઃકરણથી પ્રાર્થના છે.

બ્હેનો ! કેળવણીનો અર્થ "નિશાળમાં જઇ ભણવું એવો થતો નથી પણ પોતાનું કર્તવ્ય કરવાને સંપૂર્ણ રીતે લાયક થવું. એવો થાય છે." ચાલુ સમયમાં ફેશનેબલ કપડાં અને ટાપક ટીપકની ખોટી બડાઇ વધી પડેલી દ્રષ્ટિગોચર થાય છે. વીસમી સદીનાં સુધારાના ચાંચલ્ય પ્રવાહે મનુષ્યોને જાગૃત કર્યા છે, છતાં જમાનો ઓળખતા નથી એ એક અજાયબ જેવું છે ! પોતાના ઘરની સ્થિતિનો વિચાર કરી યોગ્યતાથી વર્તવું એવી મ્હારી વિનંતિ છે. આપણામાં એક હજાર સ્ત્રીઓ ૮૭૫ સ્ત્રીઓ તદ્દન અજ્ઞાન દશા ભોગવે છે. એ શું ઓછું ખેદ પામવા જેવું છે ! સ્ત્રી શિક્ષણ માટે સ્ત્રી શિક્ષકોની બહુજ અછત છે. તેમાં વળી ભરત કામ, શીવણ કામ, ગુંથણ કામ, વેતર કામ, વાલી હુન્નર ઉદ્યોગ જાણનારી જૈન બ્હેનોની બહુજ ખેંચ છે. સ્ત્રી વર્ગને આરોગ્યતાના નિયમો અને માંદાની માવજત કરવાનું શિક્ષણ પણ આપવું જોઇએ. જૈન કોમની સંખ્યા દિવસે દિવસે ઘટતી જાય છે તેનાં કારણો તપાસવાની પણ આગેવાનોઓ જરૂર છે. પણ તે પહેલાં ત્રણે ફીરકામાં ખાસ સંપ ઐક્ય રાખવા મ્હારી વિનંતિ છે. તકરારથી કદી પણ "જૈનોદય" થવાની આશા રાખવી એ એક ઉજડ અરણ્યમાં રૂદન કરવા જેવું છે."

# હર્બર્ટ સ્પેન્સરની અજ્ઞેય-મીમાંસા.

( ગતાંક પૃષ્ઠ ૨૮૨ )

આવાં અનુમાનને સાંકેતિક કલ્પનાઓ ( Symbolic Conceptions ) કહે છે. અર્થાત્ એ એવી કલ્પનાઓ છે કે જે કોઇ સંકેતથી થાય છે અને જે ચીજો સાથે એ સંબંધ ધરાવે છે એ ચીજોનું સ્પષ્ટ કામ થતું નથી. સાંકેતિક કલ્પનાઓમાં બે પ્રકારની ભૂલો થાય છે. એક તો એ કે જ્યારે નાની વસ્તુ જોઇને મ્હોટી વસ્તુનું અનુમાન કરવામાં આવે છે. ત્યારે ગણનામાં કોઇ એવી ભૂલો થાય છે કે જે પકડી નથી શકાતી. બીજી એ કે જે ચીજો સાંકેતિક કલ્પનાઓથી અનુમિત થાય છે એ જેવી કલ્પનાની છે તેવી નથી હોતી. આવી કલ્પનાઓને લોક સત્ય માની લે છે આ કારણથી સાંકેતિક કલ્પનાઓ બહુધા શશશૃંગની અનુરૂપતા રાખે છે. યથાર્થમાં એમાં કંઇપણ સત્યતા નથી રહેતી.

હવે ધર્મવિષયક વિચારોમાં માનસિક કલ્પનાઓ પ્રયોગના હાલ જોઇએ. જ્યારે કોઇ અદ્ભુત ઘટના થાય છે-જેવી કે મહામારી અતિવૃષ્ટિ, ભૂકંપ ઇત્યાદિ-ત્યારે અસભ્ય જંગલી મનુષ્ય તો એનું કારણ કોઇ દેવનો અથવા દેવીનો કોપ માની લે છે. મરી ગયેલા મનુષ્યોને સ્વપ્નમાં જોવાથી માનવામાં આવે છે કે ભૂત પ્રેત યોનિ વગેરેનું અસ્તિત્વ છે. આ ભૂત પ્રેતોમાં જે મ્હોટા ગણાય છે એની શક્તિ પણ બહુ અધિક કલ્પનાથી થાય છે. જેમ જેમ મનુષ્ય સભ્ય અને સુશિક્ષિત થતા જાય છે તેમ તેમ આ ભૂત પ્રેતોની જગ્યાએ દેવી દેવતાઓને માનવા લાગે છે. ધીમે ધીમે એઓ એ અનુમાન સુધી પ્હોંચે છે કે સમસ્ત સંસારમાં કોઇ અદૃશ્ય શક્તિ અવશ્ય છે. એજ આ ઘટનાઓનું કારણ છે. એજ સંસારને ઉત્પન્ન કરનારી છે. આ અનુમાન કેવલ સાંકેતિક કલ્પના છે. એ સ્પષ્ટ જ્ઞાનનો વિષય નથી.

સંસારની ઉત્પત્તિના વિષયમાં ત્રણ કલ્પનાઓ મુખ્ય છે:—

(૧) સંસારની સત્તા સંસારથી છે-અર્થાત્ એ પોતે જાતે વિદ્યમાન છે અને સ્વાધીન છે. ( The Universe is self-existent. )

(૨) સંસાર પોતે જાતે ઉત્પન્ન થાય છે ( The Universe is self-created )

(૩) સંસારને કોઇ અન્ય શક્તિએ ઉત્પન્ન કર્યો છે. અર્થાત્ એ પોતે જાતે ઉત્પન્ન નથી થયો, એને કોઇ બીજી શક્તિએ રચ્યો છે. ( The Univere is created by an external agency.

આ કલ્પનાઓ પર ક્રમશઃ વિચાર કરીએ.

**પ્રથમ કલ્પના.**

આ કલ્પનાનો અર્થ એવો છે કે સંસારની સત્તા સંસારથી છે; કોઇ બીજી સત્તા સાથે સંબંધ નથી. બીજા શબ્દોમાં કહીએ તો આ સત્તા અનાદિ છે એનું કોઇ કારણ નથી. અનાદિ કલ્પનાની કોઇ પણ ચીજનો ગમે તેટલો ગાઢ વિચાર કરીએ તોપણ એનું સ્પષ્ટ જ્ઞાન થતું નથી. અનાદિ કલ્પનાની સામે પણ અનન્ત ભૂતકાલની કલ્પના કરવી આવશ્યક છે; એમ કરવું અસંભવ છે. જો કોઇ વસ્તુ અનાદિ ગણવામાં આવે તો સંસાર શું છે? એનો સારો જવાબ આપી શકાતો નથી. તમે કલ્પના કરો કે એક વસ્તુ આ સમયે વર્ત-

માન છે. એક કલાક એક દિવસ અથવા એક વર્ષ પ્હેલાં પણ એ વર્તમાન હતી. આ કલ્પનાથી એટલું તો સિદ્ધ થયું કે એ વસ્તુ કંઇ વર્ષોથી વર્તમાન છે પરંતુ એ વસ્તુ શું છે એ તો રહસ્યજનક પણ નહીં. જે વસ્તુનું જ્ઞાન આ સમયે જેવો થઇ શકતું એ વિષે જો આમ માલૂમ પડે કે એ પ્હેલાં વર્તમાન હતી, તો એટલાથી એની જ્ઞાનપ્રાપ્તિમાં કંઇ સહાયતા મળતી નથી. રહસ્ય એટલું ને એટલું ગૂઢ તેમજ ગંભીર બની રહે છે. આ પ્રમાણે જો સંસાર અનાદિ માનવામાં આવે તો એવું માનવાનો એવો અર્થ થાય કે સંસાર અનંત કાલથી ( જેનું ચિંતન નથી થઇ શકતું ) ચાલતો આવે છે. પરંતુ સંસાર એ વસ્તુ શી છે? આ પ્રશ્નનો ઉત્તર કંઇપણ ન મળ્યો. આથી નાસ્તિક લોકોનો એ મત સારો નથી કે સંસાર સ્વયં સત્તાવાળો અર્થાત્ અનાદિ છે.

## દ્વિતીય કલ્પના.

બીજી કલ્પના એવી છે કે સંસાર પોતે જાતે ઉત્પન્ન થયો છે. ઉષ્ણતાના પ્રભાવથી પાણીની વરાળ બને છે. વરાળ ઉપર ચઢીને વાદળોનું રૂપ ધારણ કરે છે. એવી ઘટના જોઇને સાંકેતિક કલ્પના થાય છે કે સંસાર પણ આવી ઘટનાને બની ગયો છે. સંસાર બનતે ઉત્પન્ન થયો છે એ કલ્પનાનો એવો અર્થ થયો કે ઉત્પન્ન થવા પ્હેલાં સંસાર-રચના-વિષયક કોઇ શક્તિ અવશ્ય કોઇ ગુપ્ત ભાવથી વિદ્યમાન હતી. આ દશામાં કંઇ કારણ ઉપસ્થિત થયું કે જેથી આ ગુપ્ત શક્તિને સંસારનાં રૂપમાં આવવાની આવશ્યકતા પડી. જો એમ કલ્પના કરવામાં આવે કે પ્હેલાં આ શક્તિ અવ્યક્ત ( Potential ) હતી, અર્થાત્ પ્રગટ ન્હોતી થઇ. પછીથી વ્યક્ત થઇ તો એમ પણ અવશ્ય માનવું પડે કે આ શક્તિ કોઇ વસ્તુ હતી. જો વસ્તુ હતી તો એ વ્યક્ત (પ્રગટ) હતી અવ્યક્ત નહીં. અને તમે એમ કહો કે પ્હેલાં એ કંઇ ન હતી. ( Nothing ) અર્થાત્ શૂન્યરૂપ હતી તો શૂન્ય બે પ્રકારનાં માનવાં પડે-એક શૂન્ય એવું કે કોઇ ચીજ ઉત્પન્ન થાય, બીજું એ કે જેમાંથી કોઇ ચીજ ઉત્પન્ન ન થાય. એટલે પરસ્પર વિરોધ થયો. આથી આ કલ્પના નિરર્થક છે. એનું અતિરિક્ત એમ પણ માનવું આવશ્યક છે કે એવું કયું કારણ ઉપસ્થિત થયું કે જેથી અવ્યક્ત શક્તિને વ્યક્ત રૂપ ધારણ કરવાની આવશ્યકતા લાગી ? એવું કોઇ કારણ બતાવી શકાતું નથી. આથી એમ સિદ્ધ થયું કે અવ્યક્ત શક્તિમાં વિના કારણજ વિકાર ઉત્પન્ન થઇ ગયો અને એ અવ્યક્તની વ્યક્ત થઇ ગઇ.

એ વાત તો માનવામાં આવી છે કે વિકાર ( Change ) વિના કારણ નથી થતો. આ દશામાં પૂર્વોક્ત વિચારનો આધાર સત્ય નથી. એ માત્ર પ્રલાપ છે. એ કેવળ સંકેત છે. અને સંકેતમાં યથાર્થતા ક્યાં ? જો એમ માનવામાં આવે કે આ શક્તિ પ્હેલાં અવ્યક્ત હતી, પછી વ્યક્ત થઇ તો પાછો પ્રશ્ન ઉઠે છે કે આ અવ્યક્ત શક્તિ ક્યાંથી આવી ? વ્યક્ત સંસારનું આદિ-કારણ બતાવવું અને અવ્યક્ત શક્તિનું આદિ-કારણ બતાવવું એ એકજ છે. સંકટ તો પૂર્વવત્ બનીજ રહ્યું. જો અવ્યક્ત શક્તિનું કારણ પૂછવામાં આવે તો એમ કહેવું પડે કે એનું કારણ પણ કોઇ બીજી અવ્યક્ત શક્તિ છે. અને એનું કારણ પૂછવામાં આવે તો કોઇ બીજી અવ્યક્ત શક્તિ છે એમ કહી શકાય. આ પ્રમાણે એક બીજાનું કારણ તમે અનંત કાલ સુધી બતાવતા રહો પણ સમાધાન નહીં થાય અને પ્રશ્ન એવોને એવોજ રહે છે કે સંસારનું આદિ કારણ શું છે ?

આ કલ્પના એ લોકોની છે કે એમ કહે છે કે સંસારમાં જે કાંઇ છે તે કોઇ વિશેષ શક્તિથી, ઇચ્છાથીજ પોતે જાતે ઉત્પન્ન થયું છે. અર્થાત્ આ મહત્ શક્તિ સ્વયંમેવ સંસારના રૂપમાં પ્રગટ થઇ ગઇ. જે લોકો આ કલ્પના રાખે છે એઓને આપણે વિશ્વપરિણામ વાદી કહીએ છીએ.

## તૃતીય કલ્પના.

આ કલ્પના ઇશ્વર વાદીઓની છે. એઓ કહે છે કે જે પ્રમાણે કોઇ કારીગર ટેબલ ખુરશી વગેરે સામાન બનાવે છે તેજ પ્રમાણે ઇશ્વરે પણ પૃથ્વી અને અને આકાશ આદિની રચના કરી છે, આવું મત મ્હોટા મ્હોટા વિદ્વાનો અને પંડિતો ધરાવે છે. પરંતુ સૂક્ષ્મ દૃષ્ટિથી જોઇએ તો એમાં પણ એક દોષ માલૂમ પડે છે કે જે પૂર્વોક્ત બન્ને કલ્પનાઓમાં છે. એમ કહેવું કે જેમ કારીગર ખુરશી ટેબલ બનાવે છે તેમ ઇશ્વર પણ પૃથ્વી આકાશ બનાવે છે એ કેવલ ઉપમા છે. એનું માત્ર કથન છે બીજું કંઇ નહીં. જે વસ્તુઓ વાપરીને કારીગર ટેબલ ખુરશી બનાવે છે એને આપણે ઉત્પન્ન કરી નથી શકતા. આ સર્વ સામગ્રી એની સ્હામે વર્તમાન થાય છે. એને એ માત્ર ટેબલ ખુરશીનું રૂપ આપે છે. પરંતુ ઇશ્વર દ્વારા પૃથ્વી આકાશ આદિની રચના વિષે વિચાર કરીએ તો એક ઉપસ્થિત થાય છે કે એ સામગ્રી કે જેથી પૃથ્વી આકાશ આદિ બન્યાં તે ક્યાંથી આવી? એનો ઉત્તર એટલોજ કે એ પ્હેલાંથીજ મોજૂદ હતી. જો પ્હેલેથી મોજૂદ હતી, તો પછી પાછો પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે એ ક્યાંથી આવી? જો એમ કહીએ કે એ શૂન્યમાંથી ઉત્પન્ન થઇ તો એવું કદાપિ થઇ શકતું નથી. કારણ કે જે શૂન્ય છે ત્હેમાંથી કોઇ ઉત્પન્ન થઇ શકતી નથી. એ સાથે એટલો પણ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે જે મહાદાકાશમાં સંસારની સર્વ ચીજ સ્થિત છે એ ક્યાંથી આવ્યું? શું પ્હેલાં અનન્ત શૂન્ય હતું? જો એમ કહીએ કે મહાદાકાશ એજ રીતે ઉત્પન્ન થયું કે જે રીતે પ્રકૃતિ ઉત્પન્ન થઇ તો એમ પ્રશ્ન થાય છે કે શું પ્હેલાં મહાદાકાશ ન્હોતું? પરંતુ એવી કલ્પના કરવી એ બુદ્ધિ બહારની વાત રહી. જો મહાદાકાશનું પ્હેલાંનું અનસ્તિત્વ બુદ્ધિ ગ્રહણ ન કરી શકે તો મહાદાકાશનું ઉત્પન્ન થવું પણ એની શક્તિ બ્હાર છે.

હવે પ્રયોગ ખાતર એમ માનો કે આ સર્વ ઠીક છે, અથવા આવા આવા પ્રશ્ન જેથી થઇ શકતા અને જો કરવામાં આવે છે તો એઓના યથાર્થ ઉત્તર મળી શકતા નથી. આ દશામાં ત્હમે એમ બતાવો કે જે ઇશ્વરે સંસાર રચ્યો એ ક્યાંથી આવ્યો? આનો ઉત્તર આપવા માટે પણ પૂર્વોક્ત ત્રણ કલ્પનાઓનો પ્રયોગ કરવો પડે છે, અર્થાત્—

૧. ઇશ્વર પોતે જાતે વિદ્યમાન છે (Self existent).

૨. ઇશ્વર પોતે જાતે ઉત્પન્ન થયો છે ( Self created ).

૩. ઇશ્વરને કોઇ બીજાએ ઉત્પન્ન કર્યો છે ( Created by an externol agency ).

આમાંથી ત્રીજી કલ્પના તો વ્યર્થજ છે કારણ કે એકનું કારણ બીજો અને બીજાનું કારણ ત્રીજો એ પ્રમાણે ત્હમે અનન્ત કાલ સુધી કારણોની પરંપરા બોલ્યાં કરશો તોપણ કદી અવસાન થશેજ નહીં. બીજી કલ્પનામાં પણ એ સંકટ ઉપસ્થિત થશે—અર્થાત્ અનંત અવ્યક્ત શક્તિઓની ગણના કર્યા પછી પણ વસ્તુસ્થિતિ એવી ને એવીજ રહે છે. હવે

બાકી રહી પ્હેલી કલ્પના જે તર્ક આપણે અનાદિ સંસાર વિષે કરી ગયા છીએ એથી આ કલ્પના પણ નિરર્થક સિદ્ધ થઇ શકે. એટલે પૂર્વોક્ત ત્રણે કલ્પનાઓમાંથી એક પણ કારીગર નથી થઇ શકતી. એનો આધાર કેવળ સાંકેતિક છે. પ્રત્યક્ષ રીતે તો એ ત્રણે એક બીજાથી પ્રત્યક્ષ ગણાય છે. પરંતુ તર્કની કસોટીથી સર્વેનો આધાર એકજ સિદ્ધ થાય છે. એ આધારને આપણે સ્વયં સત્તા અથવા તો સ્વયંભૂત અસ્તિત્વ કહી શકીએ. પરંતુ એવી કલ્પનાને બુદ્ધિ કદી ગ્રહણ કરી શકતી નથી. આ પ્રકારની સત્તા અથવા અસ્તિત્વનો આધાર અનંત ભુતકાલની કલ્પના પર સ્થિત પરંતુ અનંત ભૂતકાલની કલ્પના સર્વથા અસંભવ છે. આથી જે કલ્પનાઓ આ આધાર પર અવલંબિત છે એ અચિંતનીય અને નિરર્થક છે.

સંસારની ઉત્પત્તિનો વિચાર બાજૂ મૂકી, હવે આપણે સર્વે વિચારીએ કે આ સંસાર શી વસ્તુ છે? અથવા એ છે કેવા પ્રકારનો? આના સંબંધમાં પ્હેલો પ્રશ્ન એ થાય છે કે જ્ઞાનેન્દ્રિઓના અનુભવનું કારણ શું? ઇન્દ્રિઓનું શબ્દ, સાથે રૂપ આદિ વિષેનું જ્ઞાન કેવી રીતે થાય છે! એ અવશ્યજ કોઇ કારણનું કાર્ય હોવું જોઇએ. કોઇ વિશેષ કારણ અવશ્યે હોવું જોઇએ કે જેમાંથી આ ઉત્પન્ન થાય છે. આ સંબંધી ત્રણજ કારણોની કલ્પના કરી સકાય છે—

૧. પ્રકૃતિ. ( Matter )

૨. ચૈતન્ય, ( Spirit )

૩. ઇશ્વર. ( Divine Power )

આ ત્રણમાથી કોઇ એક એનું કારણ અવસ્ય હોવું જોઇએ. કારણ કે કારણ વિના કાર્ય કદાપિ થતું નથી.

હવે ગમે તે રૂપમાં પણ આદિ-કારણને (First cause)નો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. એમ કલ્પના કરો કે કોઇ આદિ-કારણ છે. ત્યારે એમ બતાવીએ કે એનું લક્ષણ શું છે. જો આદિ-કારણ સાન્ત (Finite) છે તો એ પરિમિત ( Limited ) અર્થાત સીમા-બદ્ધ છે. સીમા-બદ્ધ હોય તો એની સીમાઓની આગળ પણ કોઈ સ્થાન અવસ્ય હોવું જોઇએ. કારણ કે જ્યારે કોઇ ચીજ પરિમિત માનવામાં આવે ત્યારે જે સ્થાન એની સીમાઓની બ્હાર હોય ત્હેનો પણ વિચાર મનમાં આવસ્ય ઉત્પન્ન થાય છે. આ સ્થાન અથવા અંશ વિષે એમ કહીએ કે એનું કોઇ આદિ-કારણ નથી. કારણ કે જેને આદિકારણ માન્યું હતું એ તો પરિણમિત થઇ ગયું. બીજા શબ્દોમાં કહીએ તો એ કે જે કંઇ આદિ-કારણની સીમાની બ્હાર હોય એ વિના કારણનું છે. એટલે જ્યારે વિના કારણની પણ કોઇ ચીજ થઇ શકે છે ત્યારે કારણ ખોળવાની આવશ્યકતા પણ શું? જો એમ કહીએ કે આદિ-કારણની સીમાઓની બ્હાર જે કંઇ છે તે અનન્ત (Infinite) છે તો આ અનન્ત અંશ આદિ-કારણની બ્હાર માનવું પડે છે. એવું માનવાથી કાર્ય-કારણના સંબંધનો નિયમ પણ વ્યર્થ થઇ જાય છે, કારણ કે જો અનન્ત વિના કારણનું છે તો સાન્તનું કારણ માનવું સર્વથા નિરર્થક છે. આ દશામાં કારણનું લક્ષણ શાન્ત અથવા પરિમિત નથી થઇ શકતું જો એ પરિમિત નથી તો અવસ્યે પરિમિત ( Unlimited ) અને ( Infinite ) છે. આથી આદિ કારણ અનન્તજ સિદ્ધ થાય છે. સાન્ત નહીં.

આદિ–કારણનું આ પણ લક્ષણ હોવું જોઇએ કે એ બીજા કોઇ કારણને આશ્રિત નથી. કારણકે જો એ બીજા કોઇ કારણને આશ્રિત હોય તો એજ આશ્રયભૂત કારણ મુખ્ય કારણ થયું. આથી એટલું અવસ્ય માનવું પડે છે કે આદિ–કારણ સ્વાધીન (Independant) છે. જો એ સ્વાધીન હોય તો એનો એમ અર્થ થયો કે એના સિવાય બીજી કોઇ ચીજ નથી. કેવળ એજ વિદ્યમાન છે, એને બીજી કોઇ વસ્તુ થવાની આવશ્યકતા નથી. જે સ્વાધીન છે તે નથી કોઇ બીજી ચીજને આશરે કે નથી આપણા સ્વભાવનીઃ કારણ કે એ તો નિરંતર સ્વતંત્ર છે. આથી એટલું સિદ્ધ થયું કે એવી કોઇ ચીજ નથી કે જે એમાં વિકાર ઉત્પન્ન કરી શકે, અથવા વિકાર ઉત્પન્ન થવાને રોકી શકે. જો એવું બંધ ના થાય તો આદિ–કારણની સ્વાધીનતાજ નષ્ટ થાય.

આદિ–કારણનું ત્રીજું લક્ષણ સંપૂર્ણતા છે. અર્થાત્ આદિ–કારણ નિયમો અને બંધનો રહિત છે. એ સર્વ શક્તિમાન અને અનન્ય–સંબંધ છે. સારાંશ એ કે પ્રકૃતિનું કારણ ખોળતાં ખોળતાં આપણે આદિ–કારણ સુધી પ્હોંચ્યા અને આદિ–કારણનાં લક્ષણ અનન્ત સ્વતંત્ર અને સંપૂર્ણ નિશ્રિત થયાં. તર્કથી તો આ લક્ષણ ઠીક છેઃ પણ બુદ્ધિથી ગ્રહણ કરવા યોગ્ય નથી. કારણ કે અનંતતા, સંપૂર્ણતા અને સ્વાધીનતાનાં લક્ષણોથી મુક્ત આદિ–કારણનું કદાપિ જ્ઞાન નથી થઇ શકતું. એની ચર્ચા કરવી એ કેવળ સાંકેતિક કલ્પના છે, બીજું કાંઇ નહિ.

વારુ ત્યારે ( ૧ ) કારણ ( cause ) ( ૨ ) અનન્ત ( Infinite ) ( ૩ ) સંપૂર્ણ ( Absolute ) આ ત્રણ શબ્દોપર વીચાર કરીએ. જો આ ત્રણે શબ્દો એકજ વસ્તુના સૂચક હોય તો પરસ્પર વિરોધી છે. જે સંપૂર્ણ હોય તે કોઇનું કારણ હોઇ શકતું નથી. આથી આદિ કારણ સંપૂર્ણ નથી, કારણકે કારણ તો કાર્યના સંબંધથીજ થઇ શકે છે—કાર્યથી કારણ, કારણથી કાર્ય સંપૂર્ણનો અર્થ એ કે એનો સંબંધી કોઇ સાથે નહીં. જો એમ કહીએ કે આદિ–કારણ પ્હેલાં પોતાના રૂપમાં સંપૂર્ણ હતું પરંતુ પછીથી કારણ થઇ ગયું તો એ યુક્તિમાં એક દોષ આવે છે ને તે એકે આદિ–કારણ અનંત નથી. કારણ કે જે અનંત હોય ત્હેનું રૂપાંતર જેમ થઇ શકતું અર્થાત્ જે ચીજ પ્હેલાં ન્હોતી તે પછીથી પણ તેવી થઇ શકતી. જો સંપૂર્ણનું કારણ હોવું માનવામાં આવે તો એટલું પણ માનવું પડે કે એ ચેતન ( conscious ) છે અને પોતાની ઇચ્છા ( Free will ) થી કાર્ય કરે છે. જ્યાં સુધી એમ ન માનવામાં આવે કે આદિ કારણ પોતાની ઇચ્છાથી કાર્ય કરે છે ત્યાં સુધી એ સંપૂર્ણ અને અનંત ન કહી શકાય. કારણ કે જો કોઇ બીજી વસ્તુ એની પ્રેરક હોય તો એ વસ્તુ અવસ્ય એનાથી મ્હોટી હોવી જોઇએ. જો એમ માનવામાં આવે કે આદિ–કારણ પોતાની ઇચ્છાથી જ કાર્ય કરે છે તો કાર્ય સાથે એના સ્વભાવનો સંબંધ હોવો જોઇએ એ સિદ્ધ થાય છે. બીજું એકે ઇચ્છા ચેતનમાંજ થઇ શકે છે અને ચેતનકર્તા અને કાર્યનો સંબંધ રહે છે. એમના સંબંધમાં બીજી બે વાત પણ છે. એક તો એ કે જેનાથી જ્ઞાન થાય છે અર્થાત્ જ્ઞાતા. બીજી એ કે જેનું જ્ઞાન થાય છે અર્થાત્ જ્ઞેય. જ્ઞાતા અને જ્ઞેયમાં પરસ્પર સંબંધ રહે છે. વારુ ત્યારે આ બેમાંથી તમે કોને સંપૂર્ણ કહેશો ? જ્ઞાતાને કે જ્ઞેયને ? એમાંથી એકને પણ તમે સંપૂર્ણ નહીં કહી શકો, આથી એટલું સિદ્ધ થયું કે જે સંપૂર્ણ હોય એજ આ લક્ષણ હોવું જોઇએ—નથી એ ચેતન, નથી જડ, નથી શોક, નથી મોદ, નથી ભેદજ્ઞાન, નથી અભેદજ્ઞાન, નથી સંસાર–રૂપ,

નથી અસંસાર–૨૫. આવી વિલક્ષણ વસ્તુનું જ્ઞાન થવું કેવળ અસંભવિત છે. આથી આપણા ઉપનિષદ્ વગેરેમાં ઇશ્વર ( આદિ–કારણ ) ના સ્વરૂપ આદિ વિષે " न इति, न इति " **(नेति नेति)** કહ્યું છે.

જો આદિ–કારણને અનંત માનીએ તો જેમાં અનંત–શક્તિ ( Infinite Power ) છે તે સર્વ કંઇ કરી શકે છે. જેમાં અનન્ત દયા છે તે પાપની ઉત્પત્તિ રોકી શકે છે. જો અનંત ન્યાયશીલ થવાનું કારણ પાપીઓને દંડ કરવો એને માટે આવશ્યક છે તો અન્ત દયાશીલ થવાનું કારણ પાપીઓને ક્ષમા કરવી પણ આવશ્યક છે. જો અનંત જ્ઞાનના પ્રભાવથી થનારી સમસ્ત દુર્ઘટનાઓનું જ્ઞાન થઇ શકે તો અનંત શક્તિ દ્વારા એને રોકવાનો પણ એને લીધે સંભવ છે. જો અનંત દયાની પ્રેરણાથી પાપનો નાશ સંભવતો હોય તો પાપ છે શું ? જો એનું અસ્તિત્વ પોતાની ઇચ્છાથી હોય તો એમાં અનંત અને સંપૂર્ણ નિર્દોષતા નથી. તો પછી એની ઇચ્છામાં રોકવી છે અને એના કાર્યોમાં બંધન છે. એટલે તેની અનન્ત સ્વતંત્રતાની સિદ્ધીજ થઇ.

સારાંશ એ કે સર્વ ધર્મોમાં બે બાબતો હોય છે. એક તો એ કે સંસારમાં કોઇ અદ્‌ભુત અને અકૃષ્ટ શક્તિ છે. બીજુ એ કે એ શક્તિ છે કેવી ? એનો ભેદ જાણવાની અને એનું જ્ઞાન પ્રાપ્ત કરવાની જેટલી ચેષ્ટાઓ કહેવામાં આવી છે તે સર્વથી એ સિદ્ધ થાય છે કે સંસાર એક ગૂઢ રહસ્ય છે. એનો ભેદ સમજવો કઠિન અને અસંભવ છે. નથી એ સંસારની ઉત્પત્તિનો પત્તો લાગતો કે નથી જે ચીજથી એ બન્યો છે હેનો. સર્વ મતો અને ધાર્મિક વિશ્વાસોમાં સંસારની ઉત્પત્તિ રહસ્ય–પૂર્ણ માનવામાં આવી છે અને અંતમાં એટલું કહ્યુ છે કે સંસારનું આદિ–કારણ ગમે તે હો પણ એનું જ્ઞાન પ્રાપ્ત કરવું અસંભવ છે. જે અશિક્ષિત અને અસભ્ય હોય છે તે અદૃષ્ટ શક્તિઓને ભૂત પ્રેત કહે છે. ધર્મિષ્ઠ લોક એને દેવ દેવતાઓ કહે છે. આસ્તિક એને ઇશ્વર માને છે. કંઇ કંઇ રૂપમાં પણ સર્વ એને માને તો છેજ, પણ રહસ્ય પાછું એનું ને એનુંજ રહે છે. વાત એ છે કે જે શક્તિ સંસારમાં કર્મ કરતી જોવામાં આવે છે તે અજ્ઞેય છે. એ જાણી નથી શકાતી. આ સિદ્ધાન્તને આધાર માનવાથીજ ધર્મ અને વિજ્ઞાનનો મેળ થઇ શકે છે.

## વિજ્ઞાન–વિષયક અંતિમ વિચાર (Utimate Scientific Ideas)

## આકાશ અને કાલ (Space and Time.)

આકાશ ( Space ), કાલ ( Time ), પ્રકૃતિ ( Matter) ગતિ (Motion) શક્તિ ( Force ) અને ચૈતન્ય (Conociousness) એમ છ અંતિમ તત્વ, વિજ્ઞાન શાસ્ત્રનો આધાર છે.

જેમાં સંસારના સર્વ ભૌતિક પદાર્થો સ્થિત છે, હેને આકાશ કહે છે. કોઇ પણ માટીના ઘડાની આજુબાજુ નજર કરીશું તો જણાશે કે આસપાસ સર્વત્ર આકાશ છે. આકાશ વિના કોઇ પણ વસ્તુ ટકી શકતી નથી. જે પ્રમાણે પુસ્તકના અક્ષર કાગળપર સ્થિર હોય છે અને કાગળ વિના અક્ષર લખવા અસંભવ છે તેજ પ્રમાણેજ સંસારની જેટલી વસ્તુઓ છે—પર્વત નદી આદિ–એ સર્વ આકાશમાં સ્થિત છે. જો આકાશ ન હોય તો પદાર્થોની સ્થિતિ અસંભવ થઇ જાય. કાલ સમયને કહે છેઃ એ સ્પષ્ટજ છે.

વારૂ, આકાશ અને કાલ એ છે શું ? ચીજો અને એનું જ્ઞાન કેવી રીતે થાય છે ? એ વિષે બે મત છે. એક તો એ કે આકાશ અને કાલ એવા પદાર્થો છે કે જે આપણા મનની

બ્હાર છે. ( objective existence ) અર્થાત એ સ્વયંરૂપાળા છે—જેવાં કે વૃક્ષ, પર્વત આદિ: બીજું એ કે આકાશ અને કાળ કેવળ મનાકાક્ષિત (Subjective existence) વસ્તુઓ છે. જેવાં વૃક્ષ પર્વત આદિ મનની બ્હારની વસ્તુઓ છે તેવાં એ નથી. અર્થાત એઓની સત્તા જ મનોમય છે; એ મનથી પૃથક નથી.

હવે આપણે પ્રત્યેક મતની સમાલોચના કરીએ. જો આકાશ અને કાલને મનની બ્હારનાં માનીએ તો એનો એવો અર્થ કે એ કોઇ સ્વતન્ત્ર વસ્તુઓ છે. જો એને વસ્તુઓ માનીએ તો એને રૂપ પણ હોવું જોઇએ. પરંતુ એનું કોઇ રૂપ દેખાતું નથી. અને ધ્યાનમાં પણ નથી આવી શકતું. જેવું વૃક્ષ પર્વત આદિના રૂપનું સ્પષ્ટ ચિત્ર મનમાં થઇ શકે છે તેવું એના રૂપનું જ્ઞાન નથી થતું, જ્યારે કોઇ વસ્તુનો વિચાર કરીએ છીએ ત્યારે એ વિચાર એ વસ્તુઓના ગુણો સારાજ થાય છે. ગુણોનું કારણ જ એક વસ્તુ બીજીથી ભિન્ન કહેવાય છે. તો આકાશ અને કાલના ગુણ શું ? આકાશમાં પ્હોળાઇ છે—અર્થાત્ એ વિસ્તારમય છે. એજ એનું લક્ષણ થયું. આકાશમાં વિસ્તાર સિવાય બીજી કોઇ ચીજ નથી. મતલબ એકે વિસ્તાર અને આકાશ એકજ વસ્તુ છે. એનો અર્થ એ થયો કે વિશેષ અને વિશેષણ એકજ ચીજ છે. કાલની પણ એજ સ્થિતિ છે. એનો વિચાર કરવાથી પણ આજ નિષ્કર્ષ નીકળે છે કે સંસારની જેટલી વસ્તુઓ છે તે સર્વ પરિમિત ( Limited ) અર્થાત્ સીમાબદ્ધ છે. પરંતુ આકાશ અને કાલ વિષે આપણાથી એ પણ ન કહી શકાય કે એની કોઇ સીમા છે, કોઇ સીમા નથી. જે આકાશ અને કાળ અપરિમિત અને રહિત છે તેની કલ્પના મનદ્વારા નથી થઇ શકતી. આપણાથી એમ કલ્પના કરી શકાતી નથી કે એ બન્નેનો વિભાગ થઇ શકે. આથી આકાશ અને કાલનું જ્ઞાન જેમ વસ્તુના રૂપમાં નથી થતું તેમ વસ્તુનાં વિશેષણ રૂપમાં તે નથી થતું અવસ્તુના વિશેષ રૂપમાં પણ આકાશ અને કાલનું જ્ઞાનતો નથી થતું, તથાપિ એટલું માનવું પડે છે કે એ અવશ્ય છે ખરાં.

બીજું, મન એવું છે કે આકાશ અને કાલ કેવળ મન કલ્પિત છે. એની કોઇ સત્તા પૃથક નથી. કાન્ટ ( Kant ) નામક તત્વવેત્તાએ લખ્યું છે કે આકાશ અને કાલ કેવળ બુદ્ધિના વિકાર છે. આ મતમાં નીચે પ્રમાણે દોષ છે—

જો આકાશ અને કાલ મનનું ભીતરજ હોય તો મનની બ્હાર એની પૃથક સ્થિતિ ન ગણાય-અર્થાત્ સાંસારિક પ્રકૃતિ સાથે એનો કાંઇ સંબંધ નથી; સંબંધ કેવળ આત્મા સાથે છે, પણ આવી કલ્પના કરવી અસંભવ છે. કાન્ટનું કહેવું છે કે આકાશ અને કાલનું જ્ઞાન પ્હેલેથીજ મનમાં આવ્યું આવે છે અને એ જ્ઞાન એટલું દૃઢ છે કે કોઇ પણ રીતે નષ્ટ થતું નથી. જો આ જ્ઞાનને આપણાથી કાઢી મૂકાતું નથી તો પછી એ બન્ને ચીજો મનની બ્હાર અવશ્યજ ઉપસ્થિત થવી જોઇએ. કારણ કે મનમાં ભીતરથી એનું જ્ઞાન નષ્ટજ નથી થતું.

એ વિષે હવે આપણે જરા આગળ વધીને ગૂઢ વિચાર કરીએ. એટલું પ્રત્યક્ષ માલૂમ પડે છે કે આકાશ અને કાળ મનમાં નથી પરંતુ મનની બ્હાર છે અને એવા સ્વતંત્ર રૂપાળા છે કે જો મનનો નાશ થઇ જાય તો પણ એ વર્તમાન રહે. જો આપણા આત્માને વિશેષ અને આકાશને વિશેષણ માનીએ તો એમ પણ નથી થઇ શકતું. કાન્ટના કથનાનુસાર આકાશ અને કાલ બુદ્ધિના વિકાર છે. જો એ બુદ્ધિના વિકાર હોય તો બુદ્ધિ એનું ચિંતન કેમ નથી કરી શકતી ? એ ગ્રહણ કરવામાં એ—અસમર્થ શું છે ? એટલું તો અસંભવ છે

કે કોઇ વસ્તુ બુદ્ધિનો વિકાર પણ હોઇ શકે અને એનું ઉપાદાન કારણ પણ હોઇ શકે. જો આકાશ અને કાલ જ્ઞેય પદાર્થો હોય તો એ જ્ઞાનનું રૂપ કેવી રીતે થઇ શકે ? જો કાલની દ્વારા મનની કલ્પનાઓ થતી હોય તો આકાશ અને કાલનું બંધન એમાં ન આવે. પરંતુ આમ નથી થઇ શકતું. આકાશ અને કાલ વિના મન દ્વારા કોઇ કલ્પના હોઇજ નથી શકતી. એટલે એટલું તો સિદ્ધ નજ થયું કે આકાશ અને કાલ એવી વસ્તુઓ છે કે જેનું કદાપિ જ્ઞાન નથી થઇ શકતું. આકાશ અને કાલ મનની બ્હારની વસ્તુઓ છે એવો સર્વ મનુષ્યોનો સિદ્ધ વિશ્વાસ છે. પરંતુ એમ કોઇ નથી સિદ્ધ કરી શકતું કે બહાર કેવી રીતે છે. જો એને મનઃકલ્પિત માનીએ તો પણ નથી સિદ્ધ થઇ શકતું. આ કેવલ મિથ્યા કલ્પના છે આથી આકાશ અને કાલ અજ્ઞેય વસ્તુઓ છે—અર્થાત્ એવી વસ્તુઓ છે કે જેનું આદ્ય જ્ઞાન થવું અશક્ય છે.

## પ્રકૃતિ ( matter )

ચેતનને દૂર રાખતાં સંસારમાં જેટલી જડ વસ્તુઓ છે એ સર્વે પ્રકૃતિની અંતર્ગત છે પૃથ્વી, વૃક્ષ, પર્વત નદી આદિ સર્વ પ્રકૃતિની બની હોય છે ત્હેના કટકા અવશ્ય થઇ શકે છે. હવે પ્રશ્ન એટલોકે આ કકડા અનન્ત હોઇ શકે કે નહીં. એમાંથી એક વાત તો અવશ્ય વસેજ. જો એમ કહીએ કે એના અનન્ત ભાગ હોઇ શકે છે તો એ કલ્પના બુદ્ધિ વિચારથી દૂર રહે છે. પ્રકૃતિના બરાબર ભાગ કરતા જાઓ અને એ પ્રમાણે એમ માનો કે એના અનન્ત ભાગ થાય છે તો એ કલ્પના સાંકેતિક થશે. એની સ્યાત્ જ્ઞાનમાં નહીં થાય. જો એમ કહીએ કે પ્રકૃતિના અનન્ત માત્ર નથી થઇ શકતા તો એટલું સિદ્ધ થશે કે કેવલ એવા કકડા થઇ શકે છે કે જેના બીજા કકડા થવા અસંભવિત છે. આ પણ કલ્પનામાં નથી આવી શકતું. ન્હાનામાં ન્હાના કકડા કેમ ન થાય ? એની પણ ઉપર નીચે ધરાતલ અને ભુજાઓ અવશ્ય હશેજ. કારણ કે આ લક્ષણો સિવાય કોઇ કકડા નથી થઇ શકતા. જો આ લક્ષણ આ ન્હાનામાં ન્હાના કકડમાં પણ ગણવામાં આવે તો એમ ન કહી શકાય કે એના બીજા કટકા ન થઇ શકે. આથી એમ માનવુ પડે કે પ્રકૃતિના અનન્ત ભાર થઇ શકે છે. પરંતુ એના પ્હેલાંથી પણ આપણે જોતા આવ્યાં છીએ કે પ્રકૃતિના અનંત ભાગ નથી થઇ શકતા. આ બે બાબતોમાંથી એકજ માન્ય હોઇ શકે.

બીજો પ્રશ્ન એ છે કે જે રૂપ આપણે જોઇએ છીએ તે પ્રકૃતિનું કયું રૂપ છે ? શું પ્રકૃતિ એવો એક ઘટ્ટ અને દૃઢ પદાર્થ છે કે જેવો દેખાય છે ? જો ઘટ્ટ અને દૃઢ હોય તો દબાવવાથી કદાપી ન દબાય. પરંતુ યથાર્થ એવું નથી. એ દબાઇ શકે છે. આ કારણથી પ્રકૃતિ જેવી જણાય છે તેવી ઘટ્ટ અને દૃઢ ચીજ નથી.

ન્યૂટન ( Newtne )નો એવો સિદ્ધાન્ત છે કે પ્રકૃતિ દૃઢ પરમાણુઓ ( Atoms ) ની બની છે. પણ આ પરમાણુ પોત પોતામાં મળેલાં નથી કિન્તુ એક બીજાથી અલગ છે. એ કેવલ આકર્ષણ ( Attraction ) અને પ્રતિસારણ ( Repulsion ) શક્તિ દ્વારા પરસ્પર કામ કરે છે. આ શક્તિઓ પાસે હોવાના નિયમથી બળવાન અને બલહીન થાય છે. જેવો બીજા મતોમાં દોષ દૃષ્ટ થાય છે. તેવોજ આ મતમાં થાય છે. પ્રશ્ન તો એ છે કે પરમાણુ એ શું ચીજ છે; પ્રકૃતિ પ્રમાણે એનો પણ વિચાર થઇ શકે છે. બોસકોનિક ( Bosconik ) નામના એક વિજ્ઞાન વેત્તાનું મત છે કે જેને પ્રકૃતિ કહે છે તે શક્તિ ( Force ) નાં બિન્દુઓ ( Points ) ની બની છે. અને આ બિન્દુઓ વિસ્તાર

( Extention ) વિનાનાં છે. આ વિચારમાં એટલો દોષ છે કે શક્તિનાં એવાં બિન્દુઓની કલ્પના પણ નથી થઇ શકતી કે જે લંબાઇ હોય.

રસાયનશાસ્ત્ર કહે છે કે પરમાણુ એકજ વજનનાં હોય છે.

લૉર્ડ કેલ્વીન ( Kelvin ) નામના તત્ત્વવેત્તાનું મત છે કે જેને પ્રકૃતિ કહે છે તે કેવલ પરમાણુઓનાં ચક્ર છે ( Atomic Vortices ).

સારાંશ એ કે જે પ્રમાણે આકાશ અને કાલનું જ્ઞાન હોવું અસંભવ તેજ પ્રમાણે પ્રકૃતિના રૂપ આદિના વર્ણન સાથે સંબંધ ધરાવતાં જેટલાં મત છે એ સર્વમાં કંઈ પણ દોષ છે. આથી પ્રકૃતિ પણ અજ્ઞેય છે.

## ગતિ ( Motion ).

જ્યારે કોઇ વસ્તુને આપણે ઠોકર મારીને ચલાવીએ છીએ ત્યારે એ ચાલે છે અને જે તરફ ચલાવવી હોય એ તે તરફ ચાલી જાય છે. એના ચાલવામાં અને એ નિર્દિષ્ટ દિશા તરફ ચાલવામાં–એ બન્ને બાબતોમાં કાંઇ સંદેહ નથી. એ ચાલવું એ વસ્તુનુંજ નથી એ ચાલવું નિર્દિષ્ટ દિશા તરફનું છે. દાખલા તરીકે—

એમ ધારો કે કોઇ મધ્યરેખા પર એક જહાજ પશ્ચિમ તરફ મ્હોં રાખી લંગર નાંખી ઉભું છે. જહાજનો કપ્તાન જહાજના મ્હોં તરફથી પાછળની છતપર ફરે છે. હવે કહો કે કપ્તાન કઇ તરફ ચાલે છે. ઉત્તર એમ મળશે કે પૂર્વ તરફ જહાજનું લંગર ઉચકવામાં આવ્યું અને પશ્ચિમ તરફ જહાજ ચાલવા માંડ્યું અને જેટલી ઝડપથી કપ્તાન જહાજ પર ચાલે છે તેટલીજ ઝડપથી જહાજ ચાલે છે. હવે કહોકે કપ્તાન કઇતરફ ચાલે છે. આપણાથી એમ ન કહી શકાય કે એ પૂર્વ તરફ ચાલે છે, કારણકે જે વેગથી કપ્તાન જહાજ પર ચાલે છે તેજ વેગથી કપ્તાનને જહાજ પશ્ચિમ તરફ લઇ જાય છે. એમ પણ આપણાથી ન કહી શકાય કે એ પશ્ચિમ તરફ ચાલે છે. જહાજની બ્હાર જેટલી વસ્તુઓ છે એઓની દ્રષ્ટિએ તો કપ્તાન ઉભોજ રહેલો લાગે છે. પણ જેઓ જહાજ ઉપર છે તેઓને એ ચાલતો લાગે છે. હવે કહોકે કપ્તાન સ્થિર છે કે ચાલે છે. પૃથ્વી પોતાની ધુરીની ચારે તરફ ફરે છે. પૃથ્વીની આ ગતિને ધ્યાનમાં લઇએ તો કપ્તાન કલાકના હજાર માઇલને દરે પૂર્વ તરફ જાય છે. પૃથ્વી પોતાની કક્ષા ( Orbit ) પર પણ ૬૮૦૦૦ માઇલ દર કલાકે ચાલે છે. આ ગતિને ધ્યાનમાં લઇએ તો કપ્તાન ૬૭૦૦૦ માઇલ દર કલાકે પૂર્વ તરફ જાય છે. આ વાત મધ્યાન્હ-કાલની ધ્યાનમાં લીધી છે. એથી પણ ખરી ગતિ કે દિશા માલૂમ ન પડી; જો પૃથ્વીની ગતિ સાથે સૂર્ય-મંડલ ( Solar system )ની જે ગતિ પણ ધ્યાનમાં લઇએ કે જેથીએ હરક્યુલીઝ નામક નક્ષત્ર તરફ જાય છે તો માલૂમ પડે છે કે કપ્તાન નથી પૂર્વ તરફ જતો કે પશ્ચિમ તરફ, પરંતુ ક્રાન્તિ-મંડલ ( Ellipitic )ના ધરાતલ તરફ ઝુકી રહેલી રેખામાં ચાલે છે. જો તારા-મંડલની સ્થિતિ માલૂમ હોય અને એની ગતિનું પણ જ્ઞાન હોય તો પૂર્વદક્ષિણ ગતિમાં કંઇક વધારે અંતર પડે.

આ સ્થિતિમાં કોઇ ચીજની ગતિ અને એ ગતિની દિશા જે આપણે સમજીએ છીએ તે બરોબર નથી. જે ગતિ પ્રત્યક્ષ દેખાય છે તે દેખાવમાં તો બરોબર જણાય છે અને ખરી પણ મનાય છે પરંતુ યથાર્થ રીતે એ વાત ખોટી છે. અસલી ગતિનો આપણે ખ્યાલ નથી કરી શકતા કે સમજી પણ નથી શકતા. એથી અતિરિક્ત જ્યાં સુધી કોઇ સ્થાનને લક્ષ્યમાં રાખીને ગતિનો વિચાર નથી કરવામાં આવતો ત્યાં સુધી ગતિનું ચિંતન નથી થઇ શકતું.

ગતિ એટલે સ્થાનત્યાગ. પરંતુ આકાશમાં કોઇ સ્થાનનું કંઇ નિશ્ચિત ઠેકાણું નથી. આથી સ્થાનત્યાગની કલ્પના પણ નથી થઇ શકતી. જો એમ કહીએ કે આકાશમાં પણ એની સીમાઓને લક્ષ્યમાં રાખવાથી સ્થાનની યોજના થઇ શકે છે, તો પ્રશ્ન થાય છે કે આકાશ સીમા–સહિત છે કે સીમા–રહિત ? એનો ઉત્તર એ કે આકાશ સીમા–રહિત છે, જો આકાશ સીમા–રહિત છે તો સ્થાનનો ખ્યાલ થઇ પણ નથી શકતો. જો સીમાઓ પણ નથી તો પછી સર્વ જગ્યાઓ એકથી દૂર પણ થશે. આથી લાચાર થઇને આપણને રહેવું પડે છે તો ખરૂં પરંતુ એ સમજવી એ આપણી બુદ્ધિની બ્હારની વાત છે.

ગતિ બદલવાનો વિષય પણ એવોજ કિલષ્ટ છે. ધારો કે એક ગોળો પડી રહ્યો છે. બીજો ગોળો પ્હેલા ગોળા તરફ ફેંકવાથી પ્હેલો ગોળો ચાલવા લાગ્યો, ત્યારે પ્હેલો ચાલવા કેમ લાગ્યો ! બન્યું શું કે પ્હેલાં એ પડિ રહ્યો હતો.—સ્થિર હતો—અને હવે એ ચાલવા કેમ માંડયો ? ત્હમે એમ કહેશોકે ગતિમાં પરિવર્તન થયું. પણ એ ઉત્તર બરોબર નથી. ત્હમેજ કહો કે જે વસ્તુનું પરિવર્તન થયું તે વસ્તુ શું છે ? ગોળો તો જેવો હતો તેવો હજી પણ છે. એમાં તો પરિવર્તન થયું નથી. ગોળાનું જે વિશેષણ હતું ત્હેનો પણ કંઇ અંતર નથી આવ્યું.

નિષ્કર્ષ એવો નિકળ્યો કે જે વસ્તુ પરિવર્તિત થાય છે તે માલુમ નથી થઇ શકતી. ગતિના વિશ્રામ વિષે એક પુરાણી વાત હજી સુધી સાંભળવામાં આવે છે. તે એ કે જે વસ્તુ ગતિમાં છે તે વસ્તુ જ્યાં સુધી જેટલી જાતની ગતિઓ સંભવે તે સર્વ શાન્ત ન થાય ત્યાં સુધી અટકી શકતી નથી. પ્હેલા જોરથી ચાલતી હતી, હવે ધીમે ધીમે ચાલે છે. આ પ્રમાણે બરાબર ઘટતી જતી ગતિની મનમાં કલ્પના કરતા જાઓ. તો પણ જે ગતિથી અન્ય કોઇ ગતિ ઓછી ન હોય એવી ગતિ તો મળી શકતીજ નથી. અન્ય ગતિ કરતાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ ગતિ પણ મ્હોટી છે. ભલે આકાશને લક્ષ્ય ધારી વિચારો, કે ભલે પ્રકૃતિને લક્ષ્ય ધારો અને ભલે ગતિના વિશ્રામને લક્ષ્ય ગણો, પરંતુ ગતિનું જ્ઞાન થવું અશક્ય છે. આપણે જે જે સમજવાની ચેષ્ટા કરીએ છીએ તેનું રહસ્ય ગૂઢતર બનતું જાય છે. આથી એમજ માનવું પડે છે કે ગતિનું જ્ઞાન અસંભવિત છે.

## શક્તિ ( Force ).

જ્યારે કોઈ પણ ખુરશીને આપણે ઉંચકીએ છીએ ત્યારે જેટલો ભાર ખુરશીનો હોય છે તેટલોજ ભાર આપણે આપણા બળથી કામમાં લગાડવો પડે છે. એ તુલ્ય પદાર્થોમાંજ સરખામણી થઇ શકે છે. પરંતુ એ વાત એવી વિપરીત છે, કારણ કે બળ તો આપણા ભીતરનું છે અને ખુરશીનો ભાર બ્હાર ખુરશીમાં છે. જે ચીજ આપણા ભીતરમાં છે અર્થાત્ મનમાં છે એ મનનો વિકાર છે–એ તો ચેતનનો ભાવ છે. ખુરશી તો જડ છે, જે શક્તિ ચેતનનો ભાવ છે અને ચેતનની તુલ્ય છે તે શક્તિનું એમાં હોવું આશ્ચર્ય ભર્યું છે. એથી એટલું જ્ઞાન થયું કે શક્તિને ચૈતન્ય–યુક્ત માનવી એ મૂર્ખતા કહેવાય. પરંતુ એમ નથી, કારણકે આપણા ભીતરમાં જે શક્તિ છે તે મનનો વિકાર છે, અને મન ચેતન છે. આથી શકિત પણ ચેતનજ છે.

શક્તિ અને પ્રકૃતિનો પરસ્પર શો સંબંધ છે ત્હેનો નિર્ણય કરવો જોઇએ. જેને પ્રકૃતિ કહીએ છીએ તે કેવળ શક્તિના કારણ તરીકેજ દેખાય છે. પ્રકૃતિ ( Matter ) માંથી જો પ્રતિરોધતા ( Resistance ) કાઢી નાખવામાં આવે તો કેવળ વિસ્તાર ( Extension ) રહે. પણ પ્રકૃતિ વિના વિસ્તાર સમજી શકાતો નથી. જો એમ કહીએ કે શક્તિના વિસ્તાર

રહિત અણુઓમાંથી થાય છે તો એ કલ્પનાની બ્હારની વાત રહી. એટલું પણ નથી સ્હમજી શકાતું કે શાથી વિસ્તારવાળા અને વિસ્તાર વિનાના શક્તિના અણુ કોઇ પણ પ્રકારની પ્રાકૃતિક સહાયતા સિવાય પોતે જાતે આકર્ષણ અને પ્રત્યાકર્ષણ કરી શકે છે.

એ વિષે ન્યુટન અને લોકહિતના વિચાર દોષ રહિત નથી. કારણ કે માત્ર આકાશદ્વારા એક ચીજની અસર બીજી ચીજ પર થાય છે એમ એઓ બતાવે છે. એ વિદ્વાનોનું એવું મત છે કે એક પ્રકારની દ્રવ વસ્તુ પરમાણુઓ અથવા શક્તિનાં અણુઓમાં થાય છે. આ વસ્તુ દ્વારા એક પરમાણુ બીજા પરમાણુપર અસર કરે છે. ત્યારે આ દ્રવ્ય વસ્તુ શું છે ? જે કઠિનતા પરમાણુઓનું રૂપ બતાવવામાં ઉપસ્થિત થાય છે તેજ કઠિનતા એનો ઉત્તર આપવામાં ઉપસ્થિત થઇ છે. જો જ્યોતિષ શાસ્ત્રને આધારે વિચાર કરીએ તો આ સંકટ વધારે વિકટ બનતું જાય છે. સૂર્યથી આપણને પ્રકાશ અને ઉષ્ણતા મળે છે. સૂર્યથી પૃથ્વી સુધી પ્હોંચવા પ્રકાશને ૮ મીનીટ લાગે છે. એમાં બે વાત કારણભૂત છે. (૧) શક્તિ અને (૨) ગતિ. સૂર્ય અને પૃથ્વીની વચ્ચે ૯૨૦૦૦૦૦૦ માઇલનું અંતર છે. આ અન્તર શૂન્ય-મય છે. આ શૂન્યમાં શક્તિનો પ્રયોગ થાય એ સ્હમજણ બ્હાર છે. ચાલતી વસ્તુને ગતિ હોય છે. અચલને ગતિ હોતી નથી. પરંતુ અહીં તો ચાલતી વસ્તુ કોઇ નથી. આકર્ષ-શક્તિ વિષે ન્યુટને લખ્યું છે કે જ્યાં સુધી બે વસ્તુઓ વચ્ચે પ્રવૃત્તિ આપવામાં આવતી નથી ત્યાં સુધી એક ચીજ બીજી ચીજનું આકર્ષણ કરી શકતી નથી. એમ ધારો કે આ ચીજ હવા ( Ether ) છે કે જે બહુજ ન્હાના ન્હાના પરમાણુઓની બનેલી છે. આમ માનવા પછી પણ પરમાણુ વચ્ચે શૂન્યનો અભાવ થતો નથી. શૂન્ય અથવા અન્તર ગમેતો થોડું હો અથવા તો વધારે હો પણ છે તો ખરૂંજ. આથી લાચાર થઇને માનવું પડે છે છે કે પ્રકૃતિના પરમાણુ ભલે ભારે હો કે ભલે હલકા હો. ભલે ન્હાના હો કે ભલે મ્હોટા હો—હો તે હો—પણ આકાશ દ્વારાજ એઓ એક બીજાપર અસર કરે છે. પરંતુ એ વાત એવી છે કે જે ધ્યાનમાંજ નથી આવી શકતી.

(૧) પુર્વોક્ત વિચારોથી એટલું સિદ્ધ થાય કે પ્રકૃતિના પરમાણુ આકાશ દ્વારાજ પોત પોતાનામાં એક બીજાપર અસર કરે છે.

(૨) આથી એટલું પણ સિદ્ધ થયું કે પ્રકૃતિના પરમાણુ એક બીજાપર અને સર્વ પરમાણુઓ પર પણ એકજ આકર્ષણ—પ્રભાવ નાંખે છે, પછી ભલે વચ્ચેની જગ્યા ભરેલી હો કે ખાલી હો. દાખલા તરીકે—એક વસ્તુ તમે અદ્ધર ઉંચકો. પૃથ્વી અને વસ્તુ વચ્ચેની જગ્યા ખાલી છે. એ બે વચ્ચેની જગ્યા ખાલી હો કે પછી કોઇ અન્ય ચીજોથી ભરેલી હો પણ વસ્તુની આકર્ષણ—શક્તિમાં કંઇ પણ અંતર પડશે નહીં. પૃથ્વીનું પ્રત્યેક પરમાણુ આ વસ્તુપર એક સરખી અસર કરે છે. વચ્ચે કંઇ હો કે ન હો. સમસ્ત પૃથ્વીની પેલી પારવાળાં સર્વ પરમાણુઓ પણ આ વસ્તુ પર એક સરખો આકર્ષણ-પ્રભાવ નાંખે છે. વસ્તુ અને પરમાણુઓ વચ્ચે કોઇ ચીજ હોય કે ન હોય પણ આકર્ષણ-શક્તિપર એની કંઇજ અસર થતી નથી.

સારાંશ એ કે નથી આપણાથી શક્તિના રૂપનું જ્ઞાન પ્રાપ્ત કરી શકાતું કે નથી એ વાતનો કે એ શક્તિના બળનો કોઇ રીતે પ્રયોગ થઇ શકતો. આથી શક્તિ પણ અજ્ઞેય છે.

## જ્ઞાન અથવા મન ( Conciousness or Mind ).

પ્રાકૃતિક વસ્તુઓની વિચારણા બાજૂએ મૂકી હવે આપણે મન વિષે વિચાર કરીએ.

જ્ઞાનની અનેક અવસ્થાઓ છે. આ અવસ્થાઓની કલ્પના એક સાંકલના રૂપમાં કરી લો. અને પ્રશ્ન એ છે કે આ સાંકળી અનન્ત છે કે શાન્ત ? અનન્ત તો ન બની શકે. શાન્ત માનીએ તો એ પણ સિદ્ધ જેમ થતું નથી, કારણ કે આ સાંકળના બન્ને છેડાઓમાંના એકનું પણ જ્ઞાન નથી. અર્થાત્ નથી આપણાથી એ અવસ્થાનો બોધ કરી શકાતો કે જેમાંથી આપણા જ્ઞાનની ઉત્પત્તિ થઈ છે, કે નથી એનો બોધ થઇ શકતો કે, જે અવસ્થા જ્ઞાનના વિકાસના અનન્ત રૂપ હોય. જ્ઞાનોદય અને જ્ઞાન–સમાપ્તિની અવસ્થામાંથી કોઇનું પણ પ્રત્યક્ષ જ્ઞાની નથી થઇ શકતું. સ્મરણ શક્તિ દ્વારા આપણે પાછળ જણાવેલી બાબતોનો ગમે તેટલો વિચાર કરીએ તોપણ આપણાથી એમ નથી કહી શકાતું કે પ્હેલ વ્હેલાં જ્યારે બોધ કરવાનું શરૂ થયું ત્યારે કઇ અવસ્થા હતી. આ જ્ઞાનાવસ્થાની સાંકળનો અંત કહી કહી પણ આગળ જતાં આવશેજ એવું અનુમાન કરવું પણ સર્વથા અસંભવ છે. એનો અનુભવજ નથી થઇ શકતો કારણ કે જે અવસ્થાને આપણે અન્તની ધારીએ તે અન્તની ન પણ હોય, એના પ્હેલાંની હોય કારણકે જેને આપણાં જ્ઞાનની અંતિમ અવસ્થા ધારીએ તેતો એ અવસ્થાનો અનુભવ કરવામાં ચાલી જાય. આથી આપણાથી આ આ સાંકળ વિષે સાધન્ત નથી કહી શકતા. જ્ઞાનને પરિમિત જાણવું એ જો કે આપણી બુદ્ધિની બ્હારની વાત છે તો પણ આવું અનુમાન અવસ્ય કરી શકાય છે. સારાંશ એ કે આપણાથી એ જ્ઞાનને શાન્ત પણ નથી ગણાતું કે અનન્ત પણ નથી મનાતું. પણ એટલું અનુમાન તો કરી શકાય છે કે એ અનન્ત અથવા અપરિમિતતો નથી, પણ પરિમિત છે.

હવે જોઇએ કે જ્ઞાન એ શું ચીજ છે ? પ્રત્યેક મનુષ્યને પોતાના અસ્તિત્વનો પૂર્ણ વિશ્વાસ છે અને એ વાત સર્વ વિજ્ઞાનવેત્તાઓએ કબુલી છે. જ્યાં સુધી માનસિક દશા સારી છે ત્યાં સુધી આપણા અસ્તિત્વ વિષે કાંઇ સંદેહ નથી ઉત્પન્ન થતો ત્યારે હવે જોઇએ કે જે સંકલ્પો અને વિચારોથી જ્ઞાન બન્યું છે એ શું છે? શું એ મનોવિકાર છે?એ મનમાં ઉત્પન્ન થાય છે, જેને મન કહીએ છીએ ત્હેનું નામ જીવ છે ? 'હા' કહીએ તો એમ સિદ્ધ થાય છે કે જીવ એક સ્વતંત્ર ચીજ છે; અથવા એ કે સંકલ્પ અને વિચાર મન અથવા જીવના વિકાર નથી. પરંતુ જીવની રચનાના કારણભૂત પદાર્થો છે. આથી એટલું પણ સિદ્ધ થાય છે કે જીવાત્મા નિરન્તર બનતી ચીજ છે. કારણ વિકાર કોઇ પણ ચીજનો થઇ શકે છે. નાસ્તિકોનું મન એવું છે કે જે સંકલ્પ અને વિચાર થાય છે તે સત્ય છે. જે અંતઃકરણ અથવા મનમાં એ થાય છે એ કોઇ ચીજ નથી. આ બરોબર નથી. કારણ કે આધાર વિના સંકલ્પનું થવું અશક્ય છે. આ નાસ્તિક–મનમાં પરસ્પર વિરોધ છે જો કોઇ ચીજમાં આત્મા અથવા જીવ ન માનતા–હો, કેવલ સંકલ્પ–વિકલ્પોનેજ જીવ માનતા હો તો એ કેવી રીતે કહી શકો છો કે લ્હમારે પણ સંકલ્પ અને વિચાર છે ? જો સંકલ્પોને સત્ય માનીએ તો " હું છું "નો સંકલ્પ કેમ અસત્ય મનાય છે ?

પોતાના અસ્તિત્વનો વિચાર તો સર્વને છે, પરંતુ એ વાત બુદ્ધિથી નથી સિદ્ધ થતી. એમ કોઇથી નથી કહેવાતું કે જેમ ગુણ–સમુહનું નામ પ્રકૃતિ છે તેમજ વિચાર સમુહનું નામ પણ મન છે. જ્ઞાન પ્રાપ્તિની જ્ઞાતિના વિચારથી એટલું સિદ્ધ થાય છે કે જ્ઞાન પ્રાપ્ત કરવામાં બે વસ્તુઓની આવશ્યકતા છે એક તો જ્ઞાતા અને બીજી જ્ઞેય અર્થાત્ એક તો એ વસ્તુની આવશ્યકતા છે કે જેથી જ્ઞાન પ્રાપ્તિ થાય અને બીજી એની કે જેનું જ્ઞાન પ્રાપ્ત કરી શકાય. જેનું જ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે તે પ્રકૃતિ અને આત્મા અથવા જીવ

માનીએ તો જ્ઞાન કરનાર કોણ ? જો જ્ઞાન કરનાર તરીકે આત્માને માનીએ તો એ આત્મા કોના જેવો છે કે જેનું જ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે ? આ સ્થિતિમાં આપણા અસ્તિત્વ સાથે સંબંધ ધરાવતા જ્ઞાનનો એ અર્થ થાય છે કે જ્ઞાન પ્રાપ્ત કરનાર અને જે વસ્તુનું જ્ઞાન પ્રાપ્ત કરવામાં આવે એ-બન્ને એકજ છે. અર્થાત્ આપણા અસ્તિત્વનો નિશ્ચય કરવામાં જ્ઞાતા અને જ્ઞેય એક થઈ જાય છે. પરંતુ તત્વવેત્તાઓનાં મત પ્રમાણે આ વાત સર્વથા વિરૂદ્ધ છે. કારણકે આત્મા એ છે કે જેનું જ્ઞાન થઇ શકે-વિજ્ઞાનવેત્તાઓ આત્માનું આ લક્ષણ બતાવે છે. જ્ઞેય તો એથી સર્વથા અલગ છે. જો આ વાત માનીએ તો આત્માનું જ્ઞાન નથી થઇ શકતું.

સારાંશ એ કે વૈજ્ઞાનિક વસ્તુઓનો આધાર કોઇ વિશેષ વસ્તુઓ છે. એ વિષે એટલું તો સ્વીકારવું પડે છે કે એ સત્ય છે. પણ તે સાથે એટલું માનવું પડે છે કે એ જ્ઞાનનો વિષય નથી. ગમે તેટલો પરિશ્રમ કરો પણ એવું જ્ઞાન નથીજ થઇ શકતું. સંસારમાં, અને આપણા મનના ભીતરમાં પણ નિરંતર એવું પરિવર્તન થઇ રહ્યું છે કે જેની સાદ્યન્ત સ્થિતિ સમજવી અશક્ય છે. જો એમ માનીએ કે પહેલાં સંસાર છિન્ન ભિન્ન સ્થિતિમાં હતો તો એ એવી દશામાં શા માટે હતો એ બતાવવું કઠિન થઈ પડે છે. જો એમ વિચારીએ કે ભવિષ્યમાં સંસારનું શું રૂપ થશે તો જે ઘટનાઓ અને દૃશ્ય નિરંતર થયાં કરે છે તેની અંતિમ સીમા બાંધવી એ દુઃસાધ્ય છે. મનના ભીતરની સ્થિતિ જોઇએ. એની પરીક્ષાથી આપણને માલૂમ પડે છે કે જ્ઞાન-દશાઓની સાંકળ એટલી અપરિચિત છે કે એના બન્ને છેડામાંથી એક છેડાને પણ બુદ્ધિ ગ્રહણ કરી નથી શકતી. કોઇ ચીજનું અસલ સ્વરૂપ જાણવાની ઇચ્છા રાખીએ કે ગમે તેટલા પ્રયત્નો કરીએ તો પણ એ કાર્ય સધાતું નથી. જો આપણે સર્વ વસ્તુઓને ઘટાડતા ઘટાડતા કોઇ શક્તિ-વિશેષ સુધી પ્હોંચીએ અને એનો આધાર આકાશ અને કાલ માનીએ તો એટલી કઠિનતા ઉપસ્થિત થાય છે કે શક્તિ, આકાશ અને કાલ એ ત્રણમાંથી કોઇના રૂપનો પણ નિશ્ચય થઇ નથી શકતો. તેજ પ્રમાણે જો બધાં માનસિક કાર્યોને ઘટાડતાં ઘટાડતાં એનો આધાર સંકલ્પ અને વિચાર માનીએ તો એટલું બતાવવું અસંભવિત થઇ પડે છે કે સંકલ્પ વિકલ્પ શું ચીજ છે અને જેથી સંકલ્પ-વિકલ્પ ઉત્પન્ન થાય છે તે શું ચીજ છે. આ કારણથી બ્હાર ભીતરની મૂળાધાર જેટલી ચીજો છે તેના સંબંધમાં નથી એટલું જ્ઞાન થતું કે એનું અસલરૂપ શું છે કે નથી એટલું સમજાતું કે એ ઉત્પન્ન કેવી રીતે થયા. એની ખોજમાં મનુષ્યની સર્વ ચેષ્ટાઓ નિષ્ફલ થાય છે. આથી લાચાર થઇને માની લેવું પડે છે કે બુદ્ધિની સીમા બહુ અલ્પ છે. જે વિષયોનો અનુભવ થઇ શકે છે તે વિષયોજ બુદ્ધિ ગ્રહણ કરી શકે છે. જે વિષયોનો અનુભવ નથી થઇ શકતો તે વિષયો બુદ્ધિ જાણી શકતી નથી. કોઇ પણ વસ્તુના અસલરૂપનું જ્ઞાન થવું કેવળ અસંભવિત છે. (પ્રાપ્ત.)

# શ્રી આત્મશિક્ષા.

શ્રી ગુરૂભ્યો નમઃ શ્રી જીનધર્મ પરમ આધાર છે આત્મા અસંખ્યાત પ્રદેશી જ્ઞાન દર્શન ચારિત્ર રત્નત્રયી ધર્મ અહીંસક અનંત રીદ્ધિનો ધણી છે, એક એક પ્રદેશે અનંત ગુણ અવ્યાબાધપણે રહ્યા છે એવું આત્માનું સ્વરૂપ છે તે અનાદિ કાળનો અશુદ્ધ પ્રણતિએ કરી

પરભાવનો ભોગી થઇને આઠ કરમે અવરાણો પડયો છે તે હવે ઘણી પુણ્ય પ્રકૃતિને ઉદયે કરીને, દશ દ્રષ્ટાંતે દોહીલો મનુષ્ય ભવ રત્નચિંતામણિ સરખો પામ્યો, તેથી આત્માર્થી જીવે અપ્રસસ્ત કારણુ છોડીને શુભ પ્રસસ્ત કારણુ જોડવાં. કારણુ કારણ રૂપે રાખી શુદ્ધઉપયોગ રાખી અનુષ્ઠાન ત્રણ વિષે-ગરલ-અન્યો અન્ય-છાંડી અનુષ્ઠાન તદ્‌હેતુ-અમૃત આદરી-આત્મતત્વ ધર્મ રત્નત્રયીની સાધનતા કરશે, તે મનુષ્ય ભવ સફળ કરશે. ફરી ફરી મનુષ્ય ભવ પામવો ઘણો દુર્લભ છે તમે તો કોઇ રીતે ઉત્તમ જીવ છો પણ આત્મા અનાદિકાળનો સત્તંતર કર્મ બાંધે છે તે આત્માને અસંખ્યાત પ્રદેશે પુન્યનાં દળીયાં અનંતાં રહ્યાં છે તે બાંધી સ્થિતિનો આબાધાકાળ પાકે ઉદયે આવે છે તે ઉદય બે પ્રકારનો છે, એક પ્રદેશ ઉદય, બીજો વિપાક ઉદય, પ્રદેશ ઉદય. સમયે સમયે અબાધાકાળ પાકે ઉદય થાય છે તેતો ભોગવાય છે તેની ખબર પડતી નથી, અવ્યક્તપણે ભોગવે છે ને જે નિકાચીત કર્મ બાંધ્યાં અબાધાકાળ પાકે વિપાકો ઉદયે આવે છે તે વારે આત્મા ભોગવતાં આકળો પડે છે તે વખતે આત્મા વિચારે જે હે ચેતન તેં કર્મ બાંધ્યાં છે તે તુંજ ભોગવ-એવું વિચારે તેને હિત થાય અને જે આર્ત્તધ્યાન કરે તે વળી નવા કર્મ બાંધે. કોઇ વેળા શુભ કર્મનો ઉદય થાય તે વારે ઉમેદ ઉપજે છે તિહાંપણુ આત્માને સમભાવે રહેવું. વળી આત્મા વિચારી જુએ તો શુભ કર્મનો ઉદય થાય. જ્યાં જઇએ, જ્યાં બેસીએ, જ્યાં ઉઠીએ ત્યાં ત્રાજાંવાનાં કરે છે, એવો પણુ કોઇ વેળા ઉદય થાય, કોઇ વેળા અશુભ કર્મ બાંધ્યાં હોય તો અબાધાકાળ પાકે વિપાક ઉદય થશે અશુભ જો પણુ થાય તે વારે વળી ભોગવતાં આકળો થાય છે. આત્માર્થી જીવ હોય તે સમભાવે ભોગવે તે નિર્જરા છે એણી રીતે આત્માને અસંખ્યાત પ્રદેશે પુણ્ય તથા પાપનાં એણી રીતે દળીયાં સત્તાએ રહ્યાં છે. તે હવે આત્માર્થી જીવ હોય તેહને પ્રણામ સારા રાખવા તે પ્રણામે આત્માને હીત થાય તે પ્રસારતે લખીયે છીયે, શ્રી કર્મ પયડી ગ્રંથ મધ્યે આઠ કર્મની વ્યાખ્યા અદ્‌ભૂત છે, બંધન કરણુ. ૧ સંક્રમણુ કરણુ, ૨ ઉદવર્તના કરણુ. ૩ અપવર્તના કરણુ. ૪ ઉદીરણુ કરણુ. ૫ ઉપસમાનાભ કરણુ. ૫ નિધિત કરણુ. ૭ નિકાચીત કરણુ. ૮ એણી રીતે કર્મ આઠ કર્મ પયડી મધે છે તેનો વિસ્તાર ઘણો છે, જો સાંભળે તો આત્માને હીત થાય એવા પ્રણામ સારા રાખે તો આત્માને હીત થાય અથવા હીણા પ્રણામ રાખે તો અહિત થાય તેની અસારતા લખીએ છીએ. આત્માને અસંખ્યાત પ્રદેશે પુન્યના દળીયાં પણ સત્તાએ છે, તે આત્માર્થી જીવ હોય તે ઉદય થએ સારો પ્રણામ રાખે, ધર્મ ચર્ચા કરે, વાખ્યાન-પચખાણુ પોસહ પડિકમણુ જીનપુજા સ્વામીવત્સલ શુભ કારણુ જોડે કદાચ તેવી શુભ ક્રીયા કરવાનો જોગ ન મળે તે વારે ભાવ ધર્મની ઓળખાણવાળા જીવ સારો પ્રણામ રાખે તો શુભ કર્મ બંધાય. તે શુભ કર્મ બાંધતાં જે આત્માને અસંખ્યાત પ્રદેશે પાપનાં દળીયા અનંતા રહ્યાં છે, તે દળીયા પાપનાં શુભ બાંધતાં શુભ પ્રકૃતનો ગ્રહ થાય. અનંતા દળીયા પાપરૂપ છે તે સંક્રમણે પુન્યરૂપ થાય અથવા કોઇ જીવને ઉદય થએ હીણા પરણામ રાખે ઘણાં કુડ, ઘણાં કપટ, ઘણા જળભેદ, વિશ્વાસઘાત પારકી નીંદા કરે એવા અનેક હીણા પરણામ બેસતાં ઉઠતાં કરે તે અશુભ કર્મ બંધ કરે. પુન્યનાં દળીયા અશુભ કર્મ બાંધે તે અશુભ પતત ગ્રહ થાય તે અસંખ્યાત પ્રદેશે અનંતા પુન્યાના દળીયા સત્તાએ રહ્યાં છે તે અશુભ સંક્રમે પાપરૂપ થાય એણી રીતે આત્માના સમયે સમયે જેવા પ્રણામ થાય છે તેહવા સંક્રમણે દળીયા બદલાય છે એવી રીતે આત્મા ઝઘડા કરે છે, તે માટે આત્માર્થી જીવ હોય તેણે સારા પરણામ રાખવા. વળી ઉદવર્ત અપવર્તના સમે સમે થાય છે, તેની પ્રસારત લખીએ છીએ, જે કોઇ વેળા જીવ કોડા કોડી.

૧ની સ્થિતિ બાંધે તે બાંધતી વેળા તો કોડા કોડી એકની બાંધે પછી સંગત હીણી કરતાં હીણુ પરણામ કરતાં કોડા કોડીની સ્થીતી બાંધી હોય તે વધારી તે સીતેર કોડા કોડીની ઉત્કૃષ્ટી કરે અથવા કોઇ સારે પરણામે ભાવ ધર્મની ઓળખાણવાળો જીવ ધર્મ ચર્ચા કરે આવા પ્રણામ રાખે તો મોહની કર્મની તથા બીજા કર્મની સ્થિતિ ઉત્કૃષ્ટી બાંધી હોય તે સારા પ્રણામ કરે એક કોડી કોડીમાં આણી મુકે એવી કર્મની ભાંજગડ થઇ રહી છે, સારા પ્રણામે મુળ કર્મ તથા ઉત્તર પ્રકૃતિની એવી રીતે ભાંજગડ કરે છે. સારા પ્રણામે શિથિલ કર્મરસ પ્રકૃતિના ઘટાડે છે, હીણે પ્રણામે વધારે છે. સારે પ્રણામે પુન્યનો રસ વધે, પાપનો ઘટે, હીણા પ્રણામે રાખ પાપની રાસ વધે, પુન્યની ઘટે, તે માટે આત્માર્થી જીવ હોય તેણે સારા પ્રણામ રાખવા વાતતો ઘણી ઘણી છે, એક વેદની કર્મની ઇસારત લખીએ છીએ વેદની કર્મની સ્થિતિ ઉત્કૃષ્ટી ત્રીસ કોડા કોડીનો બંધ છે, હવે અશાતા વેદની ઉત્કૃષ્ટી ત્રીસ કોડા કોડીની છે તે સારા પ્રણામે શાતા વેદની બાંધે તે અશાતા વેદનીનાં દળીયા કોડા કોડી ત્રીસ અસંખ્યા તે પ્રદેશ બાંધી નાખે છે, તે સારા પ્રણામે સાતા વેદનીના બંધાય તે અસાતાના દળીયા કોડી કોડા ત્રીસનાં છે, તે સાતા વેદની બાંધતા પ્રકૃત ગ્રહમાં પડે તેતો સાતારૂપ થાય એવી રીતે સર્વે મુળ કર્મ ઉતર કર્મ પ્રકૃત્યો એ રીતે સંક્રમાય છે, અર્થ તો ઘણો છે પણ ઇસારત લખીએ છીએ. ઉદીક આવે ધૈર્ય સુધ્ધ રાખવું.

દુહા.

પંડીત સરસી ગોઠડી મુજ મન ખરી સુહાય,
આ લાજે બોલાવતાં, માણેક આપી જાય. ૧
બલીહારી પંડીત તણી, જસમુખ અમીય ઝરંત,
તાસ વચન શ્રવણે સુણી, મન રતિ અતી કરંત. ૨
મન મંજુરી ગુણ રયણ હે, ચુપકર દીજે તાલ,
ધરાગ હોય તો બોલીએ, વાણી વચન રસાલ. ૩

આત્માને ભાવના કરવા કિંચીત માત્ર લખીએ છીએ. અહો આત્મા તું પાંચ પ્રમાદમાં પડ્યો થકો કાંઇ વિચારતો નથી. મનુષ્ય ભવ પામીને શ્રી વીતરાગનો ધર્મ આદરતો નથી તે કેમ સંસાર સમુદ્ર તરીશ, અહો આત્મા, તે અનંતા પુદ્ગલ પરાવર્તન કર્યું તો પણ આજ લગી દુર દહાડો છે ભવ કર્યાનો ભય તુજને નથી એવી રીતે હંસવા કર્મ કર્યા છે ધર્મ સાધનને વિષે ઉલાસ થતો નથી, પણ તું વિચારી જો કે કોઇ ધર્મ સાધન વીના પાર પામ્યો ? તું આત્મા અજ્ઞાન દશાએ કરી ઇમ જાણે છે જે મનુષ્ય ભવ રૂપી સંપદા એમને એમ રહેશે પણ હે ચેતન ! જીનરાજના વચન હૃદયે ધરી ધર્મ સાધન કરવાનો અવસર જાય છે પછી પસ્તાવો કરીશ, મનુષ્ય ભવ પંચેંદ્રીપણું જાય છે. હેઠો ઉતરી જઇશ તેવારે સામગ્રી ક્યાંથી મળશે ? અનંતા કાલનો વિરહ પડશે તે વાસ્તે પ્રમાદ છોડી એક પોતાનો આત્મા નીરાવર્ણ કરવા સ્વધર્મ પ્રગટ કરવા લોક સંજ્ઞા તજ. ઓઘ સંજ્ઞા તજ. આશીભાવ તજ. શંકા રહીત ધર્મ સાધન કરજે. મનુષ્ય ભવ બંધનથી મુકાય પણ ચેતન તુજને પુદ્ગલીક સુખની ઇચ્છા ઘણી છે પણ વિચારી જોજે; પુદ્ગલ દ્રવ્ય બંધ અનંતી વરણી અને તે પરમાણુ અનંતી તે સર્વે અનંતી વાર લેઇ લેઇને ભોગવી ચુકી કરી મુક્યા છે તે હજુ સુધી પણ તૃષ્ણા ન છુટી. વળી ચેતન, તેં ભવ અનંતા કર્યા જન્મ મરણ પણ અનંતાં કર્યાં ચઉદરાજમાં એકલોકાકાશ પ્રદેશે અનંતા જન્મ અનંતા મરણ કર્યા વીણ એકો રહ્યો નહી પણ ચેતન તું કાંઇ

વિચારતો નથી તે વાસ્તે હવે તું પ્રતિબોધ પામ. પર ભાવની પ્રણીત લક્ષ્મી મુકીને આત્મ સતા ભણી નિહાળી ચેતન જ્ઞાન, દર્શન ચારિત્ર એવા ગુણ અનંતા તારી સતાના ઘરમાં છે અને પુગદ્‌લના ટુકડા શું ઇચ્છે છે.

આત્મા, તુંતો આત્મિક સુખનો ભોગી છે તારૂ આણાહારી પદ નીપજાવ્ય જીમ તારે જન્મ મરણના ફેરા ટલે તે વાસ્તે શ્રી પંચ પરમેષ્ઠીનું ધ્યાન સ્મરણ કરતાં થકાં જેમ ચેતન નીર્મલો થાય શ્રી પંચ પરમેષ્ઠી જેવી રીતે છે તેવા ઓળખીને તેનું ધ્યાન કરતાં ચેતન અહોલકર મહાનિર્જરા થાસ્યે. આત્મિક ગુણ પ્રગટ થાસ્યે પ્રમાદ છોડીને ધર્મ કાર્યો અવલંબ રહેવું પણ ચેતન મહા કષ્ટ પડે થકે ધર્મ છોડીશ નહી. ધર્મ રૂપણી પુંજી હશે તો જીહાં જાઇશ તીહાં સુખ પામીશ તે વાસ્તે શ્રદ્ધા રાખીને શ્રી વીતરાગનો ધર્મ અહિંસક રૂપી છે આણા સહિત ધર્મ કરજે. જીમ થોડા કાળમાં અવ્યાબાધ સુખ નીપજે, જે સુખની ઉપમાં સંસારમાં નથી એહવું સુખ નીપજાવવા ધર્મ કારણ શેવવાં, એવી ભાવના આત્મામાં ભાવવી. અહો. ચેતન તું આત્મ સ્વરૂપ વિચાર, સઘળા જીવનું અવલંબન ના કરીશ ઉત્તમ જીવનું અવલંબન કરજે, અપ્રમાદપણે સાધન કરજે, લોકને દેખાડવા બહુ માન કરાવવાની સાધના કરવી નહી. લોકે ભલો કહ્યો તેણે તારી ગરજ તારો અરથ ન સર્યો. ભવાઇ આપણુ મુકી તારા આત્માને અર્થે સાધનકરી મુનિ ભાવ વિચાર. જે રાજરૂપી સંપદા મુકી ઇદ્રીના ભોગ મુકી આત્મ સાધન કરે છે સદા અપ્રમાદપણે વિચરે છે એક નિઃકેવળ પોતાનું સ્વરૂપ પ્રગટ કરવા ઉજમાળ છે ચેતના નિર્મળ રાખે છે પુદ્‌ગલને ચેતન બીજ કરી જાણે છે. શરીર ઉપર મુર્છા રાખતા નથી જે ઇમ જાણે છે જે જ્ઞાન દર્શન ચારિત્ર ક્ષાયક ભાવે નીપજે તે મ્હારે કામ છે. મારે શરીરથી સ્યો સબંધ છે તીહાં સુધી અવ્યાબાધ સુખ રોકાણુ છે તે વાસ્તે થોડા કાળમાં અવ્યાબાધ સુખ નીપજે તે ભલુ છે એવા મુનિરાજને પ્રણામ છે, તે મુનીને ધન્ય છે. વળી મુનિરાજસાલંબન ધ્યાન નિરાલંબન ધ્યાન કરે છે. સાલંબન ધ્યાન તે શ્રીજીનરાજની મુદ્રા નિરખી શ્રી જીનેશ્વરના ગુણ ચિંતન કરેથી ચેતના થીર થાય પછી નિ- રાલંબન ધ્યાન કરે છે જે શ્રી સિદ્ધ ભગવાનનુ ધ્યાન કરે જે શ્રી સિદ્ધ ભગવાન સકલ પ્રદેશે નિરાવર્ણુ થયા અવ્યાબાધ સુખના ભોક્તા થયા અવર્ણે, અગંધે, અરસે, અફાસે અનંત જ્ઞાન દર્શણ ધરા અચળ પ્રદેશપણે રહ્યા છે; એક સમયમાં પટ્ દ્રવ્યનો ઉત્પાદ વ્યય ધ્રુવપણે સર્વ જાણ છે; સમય સમય અનંતા આનંદ ઉપજે છે સર્વ ઉપાધિ રહીત થયા છે એવું નીરા- લંબન ધ્યાનકરે ધ્યાન કરતાં અતિ તીવ્ર પ્રણામ થાય તો ક્ષપક શ્રેણી માંડી કેવળ જ્ઞાન, કેવળ દર્શન ઉપજે, લોકા લોક પ્રકાશક થાય તે વાસ્તે મુનિભાવના ભાવવી, સદા ચેતના નીર્મળ રાખવી; ચેતના નિર્મળ થએ ષટદ્રવ્ય વસ્તુ ધર્મની ઓળખાણ હોય તે પ્રમાણે કષ્ટ પડે. ચેતે નહી તે વાસ્તે ભાવધર્મનુ ઓળખાણ કરવું તે સાર છે. અહો આત્મા તું પ્રમાદમાં દિન કેમ કાઢે છે તુ કેમ વિચાર કરતો નથી જે મનુષ્યભવ રત્નચિંતામણિ સરખો પામીને એળે કેમ ખુએ છે? જે મનુષ્યભવની એક પણ ક્ષણ કોડાકોડી રત્ન દીધે ન પામીએ તે તું પુરવપુન્યના જોગે પામ્યો પણ તું હવે હારીશમાં. દેવાધી દેવ તેના વચનની પ્રતીતિ કરજે હવે ઘાતી કર્મ ચાર ક્ષય કરી કેવળજ્ઞાન પામ્યા લોકા લોક પ્રકાશક થયા મહા કરૂણા ઉપજી જે જગતના પ્રાણી પાંચ પ્રમાદને વશે પડયા સંસારમાં ભમે છે. જનમ મરણનાં દુખ સહે છે તે ભણી મહારાજે દેશના દેઇને જગત પ્રાણીને નિહાલ કર્યાં, સમકીતનાં દાન દીધાં, સર્વ વિરતિનાં દાન દીધાં દેશ વિરતિનાં દાન દીધાં, દેઇ મોક્ષ નગરનો માર્ગ બતાવે આવેો જગત ગુરૂ મારે તેના

વચનની પ્રતીત કરીને ધર્મકર મોહમાં મુઝાઇશ માં. પંચઇંદ્રીના વિષયમાં મુઝાઇશ માં. આત્મ વિભાગમાં તું રમણ કરે છે પણ આત્માને આવરણ વીલગશ્યે તેની ખબર તુજને પડી નથી. સમય સમય જેવા તારા અધ્ય વિસાય થાય છે તેવી કર્મ વર્ગણા લે છે તે વાસ્તે શુભ કારણ મેલીને પ્રણામ સમારિ લોક સંગ્યા મુક, ઓઘ સંગ્યા મુક, આલોક સંસાર જે પુદગલીક વસ્તુ મુજને આપે, મ્હારી સદા સાજ કરે મારી જસ કીરતી થાય એવી આસંશા નહી, એકની કેવળ પોતાનો આત્મા નિરાવર્ણ કરવા હેતે આત્મા તું ધર્મ કર. લોક પરવાદ છાંડ. તું અજ્ઞાન દશાએ જે જે ઇંદ્રીય સુખમાં રાચ્યા કરે છે તે આત્મિક ધર્મનુ જાણપણુ નથી તે અનુક્રમે આલે તું ધર્મ ક્રામ પાપીસ તે વાસ્તે ધર્મનાં કારણને સામાઇક પોસહ પડીકમણાં શ્રી જીનપુજા ચર્ચા સજાય ધ્યાન એહવાં સુભ કારણ જોડીને આત્માને સમારવો, વિકથા સંસારની વારતામાં કાળ ન કાઢવો તે માટે જે શ્રી જીનસાશન આ ભવે આરાધશે તો આગળ પણ થોડા કાળમાં શ્રી જીનસાશન પામશે. વળી આ ભવમાં આળસ કરશ્યે તો ઘણો પશ્ચાતાપ કરશે તે વાસ્તે રાગ દ્વેષ છાંડી સરળપણે સદાસર્વદા શ્રી જીનધર્મ કરણી કરશે તે જીવ ભવ લેખે કરશ્યે સમતા સહીત ધર્મ કરણી કરશે તે જીવ ભવ લેખે કરશ્યે એવી આત્મામાં ભાવના ભાવશે તે જીવનો નિર્વાહ કરશેજી. અહો આત્મા, તુજને જો અવ્યાબાધ સુખની ઇચ્છા હોય તો પડિત વિર્ય ફેરવવાનાં ધર્મ કારણ શેવ, શ્રી પંચ પરમેષ્ટીનુ ધ્યાન ઓળખીને કરી સદા ચેતના ગુણી આલંબનમાં રાખ, જીમ તારી ચેતના નિર્મળ થાય, ચેતના નિર્મળ થએ ગુણ નીપજશે એવી ભાવના નીત્ય ભાવવી.

કર્મજાણે સો જગતહે, ઉપસમાવે સંત;
જસ ઘટ રીસ નવી ઉપજે, તે સદા ભગવંત. ॥ ૧ ॥
ઉદાશીનતા સરલતા, સમતા રસફલ ચાખી,
પર કથનીમાં મત પડો, નીજ ગુણ નિજમાં રાખી. ॥ ૨ ॥
જાણ્યું તો તેનુ ખરૂ, મોહે નવીલેપાય
સુખ દુઃખ આવે જીવને, હર્ષ સોગ નવી થાય. ॥ ૩ ॥
આ ભવમાં સમજ્યો નહીં, પડશે વાત ઉધાર,
ફીરી તે મળવુ દોહીલુ, ભમતાં ભવ અપાર. ॥ ૪ ॥
મુરખનર જાણે નહી, ખીણ લાખીણો જાય
કાળ અચીંતો આવશે, કારણ કોનતી થાય ॥ ૫ ॥
અવસર આવે અવશ્યકર, અવસર ના આવે સુલ,
અવસર ચુકયા તે નરા, તે માણસ કોડી મુલ ॥ ૬ ॥
નરભવ ચિંતામણી સમો, જીવ તુ ગોળે મત હાર,
જીનસાશન મન ધાર કરી, જીવતું આપ સંભાળ ॥ ૭ ॥
ભોગ ભલા નર તે લહે, હરખે દીજે દાન,
સમકિત સહિત શીવ પદલહે, અનંત સુખનો ઠામ ॥ ૮ ॥
આતમ સાખે ધર્મ જીહાં તીહાંજ જાનું શું કામ,
જન મનરંજન ધર્મનુ, મુલ ન એક બદામ ॥ ૯ ॥

બાજી વાત સર્વે અનંતી વાર ઉદે આવી છે પણ પોતાપણો ઓળખ્યો નથી તેણે કરીને અનતો કાળ થયો પરીભ્રમણ કરે છે

જીહાં લગે આત્મધર્મનું, લક્ષણ નથી જાણ્યુ
તીહાં લગે ગુણઠાણુ ભલુ, કેમ આવે ના તાણ્યુ ॥ ૧ ॥

એ ગાથાનો રહસ્ય એમ છે ને નામ ભેખ થકી ગુણઠાણુ ભલુ કરતું નથી ગુણઠાણુતો આત્માના ગુણ પ્રમાણે કરે છે. વળી બીજી ગાથા લખી છે.

આતમરામ અનુભવ ભજો, તજો પર તણી માયા,
એહીજ સાર જીન વચનનો, વળી એહીજ શીવ છાયા ॥ ૨ ॥

બીજી કરણી અવસરે કરજો. પણ અવકાશ પામે તે વેળા એકાંતે બેશીને આત્માને પુછજો જે તું કોણ છે ? કયાંથી આવ્યા છો ? કીહાં જવું છે ? શું કરે છે ? શું તુને કરવું ઘટે છે ? એવી રીતે આત્માને પુછીને પાછો ઉપયોગ દેવો જે હું તો સિદ્ધ સરૂપ છું સિદ્ધ સ્થાન વાંછુછું, મારૂ સ્વરૂપ તો રત્નત્રયી છે, તો હું એવો થકો શરીરમાં કીમ રહ્યો છું ? પણ પોતાનું સ્વરૂપ વિચારતો નથી. તું અનંતો કાળ થયાં બંધીખાને રહ્યો, હવે તુને શરીરમાં રહેવું ઘટે નહી. શરીરની સંગે રહીને ઘણો કાળ ભમ્યો પણ હે ચેતન, એ તારી ભુલ થઇ, હવે અવસર પામ્યો છે તે માટે તારી ભુલ કાઢીને તારે થાનકે વશ. શા માટે જે માનવભવ પામવા દોહીલો છે તે માટે આત્મા એકાંતે બેશીને પોતાના મન સાથે ભાવવું જે હે આત્મા તને શ્યા સુખે ઉંઘ આવે છે. હે આત્મા તું શું હસે છે ? શું રમે છે ? શું ફરતો ફરે છે ? હે આત્મા તારી કેડે એકસોને અઠાવન રણી લાગ્યા છે. તું નીચીંતો નફકરો થઇને બેઠો છે તારે માથે જનમ, જરા, મરણ, નરક, નીગોદ, રોગ, શોક તથા વિજોગના એટલા ભય થકાં કાળના મ્હોમાં બેઠો છે કાંઇ વિચાર કરતો નથી. આત્માનું સ્વરૂપ તથા સુખ અવરાણુ છે, તું નીચીંતો કીમ રહે છે. ધર્મના કામમાં કેમ ડગાય છે ? ફરી ફરી મનુષ્ય ભવ પામવો ઘણો દુર્લભ છે, ફરી ફરી આવો અવસર પામવો ઘણો દુર્લભ છે, તે માટે વિચાર કરવો ને ધર્મને વિષે ઉજમાલ થવું. જેમ થીરતા થાય તે લખે છે. તે ત્રણ પ્રકારે.

૧ બહીરાત્મા. ૨ અંતરાત્મા. ૩ પરમાત્મા. હવે બહીરાત્મા કોને કહીએ. જે શરીર, કુટુંબ, માલ, ધન, પરિવાર, ઘર, નગર, દેશ, રાગ, દ્વેષ, મિથ્યાત્વ, મેં માર્યો, મેં જીવાડ્યો, મેં સુખી કર્યો, મેં દુઃખી કર્યો, સંશય વિમોહ પ્રમુખ, સર્વનિજ સ્વભાવ જાણે તે બહિરાત્મા. તેને બાહીર દ્રષ્ટિ હોય તે પ્રથમ મિથ્યાત્વ ગુણ ઠાણે હોય. હવે અંતરાત્માના સ્વરૂપ કહે છે પ્રથમ કર્મ બાંધ્યાનાં કારણ જાણે તે લખીએ છીએ. મિથ્યાત્વ ૫, અવિરતી ૧૨, કષાય ૨૫, યોગ ૧૫, એ સતાવન હેતુએ જીવ કર્મ બાંધે તે વળતી ભોગવે છે તે ભોગવતાં મોહની કર્મને જોરે દુઃખ પામ્યો તે વારે એમ જાણે જે સ્વભાવ મારો નહી. કીસી વસ્તુ જાય તથા મરણ આવે તે વારે એમ જાણે જે મારા પ્રદેશથી કાંઇ જતું નથી. હું સર્વ વસ્તુથી ભિન્ન છું, કોઇ વારે લાભ પામે ત્યારે એમ જાણે જે વસ્તુ અશાશ્વતી છે તો તે ઉપર હર્ષ શો ધરવો તથા કોઇ જાય તે વારે એમ જાણે જે વસ્તુથી સબંધ થયો વેદનાદિ કષ્ટ આવે, સમભાવ રાખે, પરભાવ પુદ્‌ગલાદીક આત્માથી ભીન્ન જાણે, છાંડવાનો ખપ કરે પરમાત્માની વાંછા કરે, ધ્યાન સજાય વિશેષ કરે, ભાવના ખીણ ખીણ ભાવે સંવર આદરે નીજ સ્વભાવ જે જ્ઞાન તેને વિષે એમ મગન રહે તે અંતરાત્મા ધ્યાન કરવા પરમાત્માનું યોગ્ય ચોથા ગુણ ઠાણાથી બારમા ગુણ ઠાણા સુધી અંતરાત્માપણે છે તે ઓળખે તે વારે પરમાત્માપણું પામે. પરમાત્માનું સ્વરૂપ લખીએ છીએ. સાક્ષાત્ પોતાનું સ્વરૂપ

દેખ્યામાં આવે, કર્મની ઉપાધિ રહિતને પરમાત્મા તેરમે ચૌદમે ગુણ ઠાણે તથા સિદ્ધ જાણવા, એ પરમાત્મા ધ્યાન કરવા યોગ્ય અંતરાત્માને ધ્યાવવા યોગ્ય તે.

## શિખામણ.

૧ જેની સદહણા સુધી હોવે તેનો ઉપદેશ સાંભળવો.

૨ જેની મર્યાદાએ કરી, સદહણાએ કરી, આજ્ઞાએ કરી, વ્રત પચખાણ તણાણાં હોય તેહનો નીર્વાહ કીજે.

૩ જેવા તેવા મનુષ્યને મુખથી બોલાવીયે નહી.

૪ કોઇ આરી લટપટ કરે તો સાંભળી રહીએ, બીલી જાયે નહી.

૫ જે ઘરમાં એકલી સ્ત્રી એકલો પુરૂષ હોય તીહાં ઉતરવું નહી.

૬ પોતાનો વાલ્હસેર સજ્જન હોય તેની શિખામણ પ્રમાણ કરી માની લ્યે.

૭ જેને બોલે બંધ નહી તેનો સંગ ન કરીએ.

૮ અવસ્થા પડે થકે શિયળ પણ દ્રઢ રાખવો.

૯ વિકલ્પ શું પ્રેમ ન કીજે,

૧૦ કુસંગીયાની સંગ ન કીજે પ્રતીત ઘટે.

૧૧ રાતે અને એકલા વાટે જાવું નહી.

૧૨ સજ્જન વાલેસર શુદ્ધ મતિમાં કોઇ એકવાર ચુક પડી હોય તો વારંવાર કહીએ નહી.

૧૩ અવિવેકીને વારંવાર છેડીએ નહી એ કલેશ કરવા આવે તોહી કરીએ નહી.

૧૪ વડેરા ઘણું કરી આપણે માને તો પણ વિનય ન મુકીયે.

૧૫ સોહીલો દોહીલો ખમે, ભલાકુળની મર્યાદા ન લોપે ઇહ લોક પરલોક સુખી થાય.

૧૬ પોતાના ગુણ પોતાના મુખથી કહીએ નહી

૧૭ નીખર મનુષ્યને આછી શીખ ન દેવી, સમી, ન, પરગમે તો સામો અવગુણ માને.

૧૮ કોઇક અવગુણ જેવા તેવા આગળ કહીએ નહી પાછો કહે તો બરાબરી કરવી પડે.

૧૯ પોતાના મનની વાત જેવા તેવા મનુષ્ય આગળ કહીએ નહી પાછો કહે તો વીચારવો પડે.

૨૦ એક શીળ બીજુ સમ્યકત્વ તેના ઘણા ખળ વડગારા છે માટે એ બે પુરી શુદ્ધ પાલશે તે અનંતા સુખને પામશે.

૨૧ ખળ મનુષ્યને છેડીએ નહી

૨૨ બે જણ વાત કરતા હોય ત્યાં ત્રીજાએ જવું નહી અગર રહેવું નહી.

૨૩ જીહાં તીહાં મનુષ્યને બોલાવીએ નહી કામ પણ પાડીએ નહી.

૨૪ કદાચીત રીસ ચડે તો જીભતીમ ભાખીએ નહી, દમમાંહી મારીએ.

૨૫ નિશ્ચય ઉપર મન રાખીએ પણ વ્યવહાર આપવી એ પછી નીશ્ચય થવાનુ હોય તે થાય.

૨૬ વડેરા સાથે વાદ ન કીજે એ તાણેતો આપણે અસતો મુકીએ જે થાય તે મનમાં જાણી રહીએ પણ રાગ રોશ ન કરીયે.

૨૭ સંસારનાં કામ ઘણાં છે તે કહે પુરાંન થાય માટે એક ઘડી તો પોતાની કીજે ઇહ ભવપર ભવ સુખી થાય.

૨૮ આગળ પાછળ પરીક્ષા કરી રીજબુજ આવીને ઉત્તમ મનુષ્ય સામા ગુણાઇ તેરયુ ખરખરો કરવો પડે નહી એ શીખામણની સદ્દહણા રાખવી સહી.

દુહો.

શ્રી પરમાત્મ પરમો નહી, પરમાત્મ નિજપાસ;
સમક્ષત સુર ઉદ્યોતને, હોવત ગ્નાન પરકાશ. ૧
શુદ્ધ તમ ભજીએ સદા, તજીએ પર પરીણામ;
પુદ્‌ગલથી ભલજ લખો, ચેતન આતમરામ. ૨
આતમ દ્રવ્ય અખંડ હે, રત્નત્રય મેં લીન;
અનંતા ચતુષ્ટયી માતીએ, ચીદાનંદ ગુણ ગીન. ૩
શુદ્ધાતમ અનુભવ ભજો, પૂર્ણાનંદ પવિત્ર;
યહ હીત શિક્ષા ગ્નાનકી, ચિતમાં ધરીયો પ્રીત. ૪
મુગત પુરી ગઢ ભીજીએ, કીજે ધર્મ સુ સાર;
પરવશ પડીયા દુઃખ ખમે, લેખે નહીજ લીગાર. ૫
પરવશ પડસે વેદના ખમે, તેનો સોમો ભાગ:
આતમ સાખે જો ખમે, તો લહે મુક્તિનો માગ. ૬
પ્રાહિ કલીયુગ જીવડા, સહેજે ન કરે ધર્મ;
પરવશ પડીયા દુઃખ ખમે, ઉદે આવે જબ કર્મ. ૭
પરવશ ખમતા પ્રાણીયા, મોક્ષાનુ ફલ નવી હોય;
મન વીના નર પંખી પશુ, કષ્ટ મ કરશે કોય. ૮
સુરગ લહે છે શુભ પરે, ન કરે મિથ્યા સંગ;
જૈનયતિ શ્રાવક ભણી, દેખી ઉપજે રંગ. ૯
શેવ કરે શ્રાવક તણી, શ્રાવકનેં ધરે દાસ;
સજન તે શ્રાવક ભલાં, જીહાં શ્રાવક તીહાં વાસ. ૧૦
સારથી પણ શ્રાવક ભલો, શ્રાવક ભલો આધાર;
પંથી પણ શ્રાવક ભલો, બોલે તત્ત્વ વિચાર. ૧૧
મુનિવર દર્શન નવી કર્યાં, તિણે કારણ દુઃખ થાય;
ન સુણી મન આરાધના, તિણે કર ગતિમાં જાય. ૧૨
બાલ મરણ આગે કીયા, જીવ અનંતી વાર;
જીન દરશન વીણ જીવડે. ન લહ્યો ભવનો પાર. ૧૩
મન શુદ્ધિ શત્રુ જેય છે, જિન પુજે ત્રીહું કાલ;
ભીમ તણી પરે તે સુખી, સુણ જો સહુ બાલગોપાલ. ૧૪
સૂરવી કહે નર તે ભલા, જીણે જગ પોખ્યા પાત્ર;
ધન જીવ્યુ જગતિહતુ, કીધી સેત્રુંજા જાત્ર. ૧૫

શ્રી જીન કહેતી રથ વડો, શ્રી સેત્રુંજો સાર;
ગણધર મુનિવર પાંડવા, ઈણે ગીરી પામ્યા પાર. ૧૬
સુરજ કુંડ શેત્રુંજી નદી, જે નવી નાહ્યાનીર;
શ્રીજીન કહે સહુ જાણજો, મેલાં તાસ શરીર. ૧૭
ગૌતમ સરીખા ગુરૂ વળી, રૂષભ સરીખો દેવ;
શેત્રુંજા સરખો ગિરી વરૂ, પુણ્યે લહીએ શેવ. ૧૮
પુન્યે બહુ ધન પામીઓ, નવી કીધો ઉદ્ધાર;
શેત્રુંજ ગીરી નવી ફરશીયો, તેણે હાર્યો માનવ અવતાર. ૧૯
શેત્રુંજ નામ સુણતાં થકાં, હીયડે હરખ અપાર.
સકલ તીરથ મોહી વળી શ્રી સીદ્ધાચલ સાર. ૨૦
દાન ન દીધુ મહિતલે, પોષ્યા નહી સુપાત્ર;
તે નર રણમાં રોઈયા, ન કીધી શેત્રુંજે જાત્ર. ૨૧
જીન પ્રતીમા કીધી નહી, પુજ્યા નહી જગનાથ,
શેત્રુંજ ગીરી નવી નીરખીયો, દીધી આકુલ બાથ. ૨૨
દીન ઉધળ ન કીધલો, ન કર્યો શાસ્ત્ર વિચાર;
શેત્રજગીરી ચઢયો નહી, એળે ગયો અવતાર. ૨૩
મુગતી તણે પંથે વળ્યા, પામી કેવળ જ્ઞાન;
સિદ્ધ આગે અનતા હુઆ, કરતા શેત્રુંજ ધ્યાન. ૨૪
સાર તીરથજ ગયો ઘણાં, તેમાં શેત્રુંજો સાર;
રાયણ રૂખ તળે જીહાં, પ્રભુ પગલાં મનોહાર. ૨૫
તન ધન જોબન કારમુ, જાતાં ન લાગે વાર;
તીણ કારણ શેત્રજ જઈ, સફળ કરો અવતાર. ૨૬
કવીતા કહે નર શોભીયા, કરતા પાપ જે જાળ;
રામા રામા ધના ધના, કરત ગમાડે કાળ. ૨૭
રૂષભ કહે નર કેટલા, ન કરે તત્વ વિચાર;
થોડા દીવસને કારણે, શિર લે સઘલો ભાર. ૨૮
લોભે જગ વિગોવિયો, લોભન ન જીત્યો જાય;
લોભે ભરતને બાહુબલી, દીયે શીર તાકી ઘાય. ૨૯
લોભે જગ અંધો ભયો, માને ગયો વિવેક;
ક્રોધ કરી તપ બાળીયો, દુખ લહે જંતુ અનેક. ૩૦
ક્રોધ ઘણો નિદ્રા ઘણી, અહાર તણો નહી પાર;
ભોગત્ર પતન પામતો, તસ કરગતી નીરધાર. ૩૧
સંજમ પાલે શોધ નમે, શીલ ન ખંડે રેપ;
તોપણ મુગતી વેગલી, જો ઘટ રાગને દ્વેષ. ૩૨
જો દીન વેરે આતમા, તો સુખે મધુરૂ ભાખ;
રૂષભ કહે જગ જીવડા, સહુસુ વૈરી રાખ. ૩૩

પર નેહા નર પરી હરો, સ્તુતી નવી કીજે આપ;
ઇણે પરે આતમ હો અંગે ન લાગે પાપ. ૩૪
કંચન તજવો સહેલ હે, પર નારીકો સનેહ;
પર નીંદા પર ઇરષા, કર લાભ તજવો તેહ. ૩૫
સુખ દેણા દુઃખ મેટણા, ક્ષમા કરણ અપરાધ;
જ્ઞાની કયારે ભેટશુ, એવા સંત સ્નેહી સાધ. ૩૬
અકલ બડી કુછ ઉપકાર કર, ભાગ્ય બડા કુછ દેહ;
દીલ વડા કુછ ઉપકાર કર, જીવનકો ફળ એહ. ૩૭
સાંભળતાં સાંભળતાં દીન ગયે, સુજ્યો ન રીજ્યો મન;
જ્ઞાની કહે હજી ચેત્યો નહી, હજી આ પહીલો દીન. ૩૮
વાંકા ન કરે સંગ્રહ કરે, ભોગવે ભોગ વિલાસ;
જ્ઞાની કહે એસે જીવકુ, બેર બેર ધીક્કાર. ૩૯

કાગળ વાંચીને તત્વની વાર્તા ધારજ્યોજી. ઇતી આત્મશિક્ષા સંપૂર્ણ.

**સંગ્રાહક---વકીલ મોહનલાલ હીમચંદ-પાદરા.**

---

**તમારે ગૃહસંસાર સુરમ્ય અને**

**નંદનવન સરખો બનાવવો હોય તો**

# સ્ત્રી સુખદર્પણ યાને શ્રાવિકા

જરૂર વાંચો. તેમાં વિદ્વાન સ્ત્રી પુરૂષોના બુદ્ધિગમ્ય લેખો, વાર્તાઓ અને વિવિધ વાનીયો આવે છે. એટલુંજ નહિ પણ તે દરેક વિષયને ઘટતા ચિત્રોથી સ્પષ્ટ કરાય છે.

દરેકના દરેક વર્તમાનપત્રો, માસિકોમાંથી પણ સ્ત્રી ઉપયોગી જાણવાનું મળે છે તે સઘળું આ એકજ માસિકમાં દાખલ થયેલું તમે જોશો.

વાર્ષિક લવાજમ ફક્ત રૂા. ત્રણ-પોષ્ટ ખર્ચ મફત.

પત્તો.

**સ્ત્રી સુખદર્પણ-શ્રાવિકા ઑફિસ.**

ભાવનગર-( કાઠિયાવાડ. )

# श्री यशोविजय जैन गुरुकुळ विद्यालय.

સં. ૧૯૭૩ ના ફાગણ માસમાં આચાર્ય મહારાજ શ્રી બુદ્ધિસાગરસુરિજીની પાસે શેઠ જીવણચંદ ધરમચંદ જૈન ગુરૂકુલની સ્થાપના કોઈ પણ યોગ્ય સ્થળે કરવાના ઇરાદે વિચાર આપ લે કરવા માટે ગએલ તે સમયે આચાર્ય શ્રી બુદ્ધિસાગરસુરિજીએ શેઠ જીવનચંદભાઇને જણાવ્યું કે તદ્દન નવી સંસ્થા ઉભી કરવી તેના કરતાં જે સંસ્થા ઝોકાં ખાતી હોય અથવા તો સંભાળનાર વગર ભાંગી જવાની અણી ઉપર હોય તેવી સંસ્થાનો પુનરૂદ્ધાર કરવો વધારે સારો છે. આમ જણાવી તેઓશ્રીએ જણાવ્યું કે પાલીતાણાની શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પ્રાકૃત પાઠશાળા બોર્ડીંગના સંબંધમાં મુનિશ્રી ચારિત્રવિજયજી (કચ્છી) કચ્છ અંગીયા નામના ગામથી મને પત્રથી જણાવે છે કે એ સંસ્થાની કમિટિ હતી તે વિચારભેદ થતાં છુટી થઇ છે. હાલ એ સંસ્થાને સંભાળનારી કમિટિ નથી જેને લઇ એ સંસ્થા કઇ સ્થિતિએ પહોંચશે તે સમજાતું નથી. માટે એ સંસ્થાને સંભાળનારી સર્વ સત્તા સાથે એ કમિટિને સોંપી દેવા ઇચ્છે છે. વળી આચાર્ય મહારાજ વિજયધર્મસુરિશ્વરજીની પણ આ સંસ્થા તરફ સારી લાગણી છે. કેમકે આ ખાતાને નમુનેદાર બનાવવાની ખાતર તેઓશ્રીએ અત્યારસુધીમાં ઘણો પ્રયાસ કરેલો છે. અને તેઓ બીજા જાણીતા બંધુઓની એક મિટિંગ તા. ૧૬—૫—૧૯૧૭ ની રાત્રે શ્રી મુંબઇ માંગરોળ સભાના હોલમાં શેઠ જીવનચંદભાઇના તરફથી બોલાવવામાં આવી હતી. જેમાં બાબસાહેબ મોહનલાલજી લક્ષ્મીચંદજી શેઠ પ્રમુખસ્થાને બિરાજ્યા હતા. પ્રારંભમાં સદરહુ પાઠશાળા બોર્ડીંગની અત્યાર સુધીની સ્થૂલ માહિતીનો ટુંક અહેવાલ જણાવ્યા બાદ મુનિશ્રી ચારિત્રવિજયજી મહારાજશ્રીનો આવેલો પત્ર વાંચવામાં આવ્યો હતો. તેમાં તેઓશ્રીએ જણાવ્યું હતું કેઃ—

ઝવેરી જીવણચંદ ધરમચંદ તથા વકીલ લખમસી હીરજી મૈશરી જોગ ધર્મલાભ સાથે માલુમ થાય જે કે શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પ્રાકૃત પાઠશાળા બોર્ડીંગ જે પાલીશ્રીની પ્રેરણા અને ઉદેશથી ઘણીજ સારી મદદ મળેલી છે. તથા કેટલીએક મદદ અત્યાર સુધી ચાલુ પણ છે. આ ખાતુ તમારા જેવા હાથમાં લે તો વિશેષ મદદ હજુ પણ મળતી રહેશે અને વધારે સહાય કમિટિને મળશે. તો ઘટતી તપાસ કરી યોગ્ય ગૃહસ્થોના વિચારો મેળવી આ ખાતાનો પુનરોદ્ધાર કરો તે ઇચ્છવા યોગ્ય છે. આ હકીકત જાણ્યા પછી યાત્રા નિમિત્તે શેઠ જીવનચંદ ધરમચંદભાઇનું પાલીતાણે જવું થયું અને વિજયકમલસુરિશ્વરજી મહારાજે તથા તેમના શિષ્ય મુનિ ચારિત્રવિજયજી (કચ્છી) એ પાઠશાળા બોર્ડીંગ સંબંધી કેટલીએક ભલામણ કરતાં શેઠ જીવણચંદભાઇ બીજે દિવસે પાઠશાળા બોર્ડીંગ તપાસવાને ખાતર ગયા. અને જાણવા લાયક દરેક વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું. ત્યારબાદ મુંબઇ આવી કમિટિ ઉભી કરવાના હેતુ માટે કેટલાએક બંધુઓની જાતે મુલાકાત લઇ, વિચારો લીધા. તથા પહેલાની કમિટિના પ્રમુખ વકીલ લખમસીભાઇ હીરજી મૈસરી વગેરેની પણ મુલાકાત લીધી અને ચારિત્રવિજયજી મહારાજશ્રીએ જણાવેલી સઘળી હકીકત વકીલ મૈશરીને જણાવી મૈશરીને સંતોષ થતાં કહેવામાં આવ્યું કે હવે તમારે મતભેદ દૂર કરી આ સંસ્થાની નવી

ઉભી થનારી કમિટિમાં જોડાવું પડશે. તે વાત વકીલ લખમસીએ કબુલ રાખી. ત્યારબાદ મહારાજશ્રી ચારિત્રવિજયજી સાથે પત્રવ્યવહાર ચલાવવામાં આવ્યો તેમાં નીચે ટાંકેલો પત્ર આવવાથી તે સંબંધી વ્યવસ્થા કરવા તે સંસ્થાની આગલી કમિટિ પૈકીના અને પાલીતાણામાં ચાલે છે તેની વહીવટ કરતા કમિટિમાં યોગ્ય લાગે તે ફેરફાર કરીને તથા ગૃહસ્થોને જોડીને તેનો તમામ વહીવટ કમિટિ સંભાળી લે અને તમો બંધુઓ સંપૂર્ણ લાગણીથી કામ કરો તેવી મારી સંપૂર્ણ ઇચ્છા છે, અને મને લાગે છે કે, તેમાં મારૂં કામ માત્ર ઉપદેશ વડે તે ખાતાને સહાય કરવી, તેટલુંજ છે. તે હું સુખેથી બજાવીશ, અને યોગ્ય લાગતી સુચનાઓ કમિટિને કરીશ. આ ખુલાસાથી તમો બંધુઓ મજકુર ખાતાને સારા પાયા ઉપર મૂકશો તેવી ખાત્રી રાખું છે.

ઉપરોક્ત પાઠશાળા બોર્ડીંગના નામમાં તથા બીજા પણ ધારા, ધોરણ, શિક્ષણ, બંધારણ ઇત્યાદિ તમારી કમિટિ કંઇ ફેરફાર કરે તેમાં મારે કોઇ જાતનો વાંધો લેવાનો નથી. આ ખાતું સારા પાયા ઉપર ચાલે જે વધુ લાભકારી જૈન સમાજને થાય એવી આશાએ કમિટિને સોંપું છું.

**પાલીતાણા.**
તા. ૮–૫–૧૯૧૭.

લી૦
મુનિ ચારિત્રવિજયજીની સહી દા. પોતાના
શાખ શા. **મોહનલાલ ગોવિંદજી** આ સહી મારી રૂબરૂ કરી છે.

આ ઉપરથી નીચેના ગૃહસ્થોની એક મેનેજીંગ કમિટિ નીમવામાં આવી હતી અને તે સાથે જણાવેલા હોદ્દેદારોની નિમણુંક કરવામાં આવી હતી.

શેઠ જીવણચંદ ધરમચંદ ઝવેરી–પ્રમુખ, બાબુસાહેબ લક્ષ્મીચંદજી બેદ–ઉપપ્રમુખ, શેઠ ફકીરચંદ કેશરીચંદ, શેઠ લલ્લુભાઇ કરમચંદ–ઓ, સેક્રેટરીઓ, શેઠ મણીભાઇ સુરજમલ ઝવેરી–ટ્રેઝરર, શેઠ દલસુખભાઇ વાડીલાલ, શેઠ લખમશી હીરજી મૈશરી–બી. એ. એલ. એલ. બી. શેઠ હીરજી ઘેલાભાઇ, શેઠ મકનજી જુઠાભાઇ મહેતા બેરિસ્ટર, શેઠ મોહનલાલ મગનલાલ ઝવેરી, શેઠ બાબુ રતનલાલ ચુનીલાલ, શેઠ ઉમેદચંદ દોલતચંદ બરોડીયા, શેઠ નરોતમ ભાણજી, શેઠ દેવકરણભાઇ મુળજી, શેઠ ગોવિંદજી રૂગનાથ, શેઠ નાનચંદ કસ્તુરચંદ–ડૉક્ટર મોદી, શેઠ ખુબચંદ રાયચંદ, શેઠ મુળચંદ હીરજી, શેઠ હીરાલાલ–નાણાવટી.

મેનેજીંગ કમિટિનું કોરમ પાંચનું રાખવા ઠરાવ થયો હતો. ઉપરોક્ત પાઠશાળાનું નામ હવે પછી "શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ વિદ્યાલય" એ પ્રમાણે રાખવા તથા વિદ્યાલયમાં શિક્ષણ લેતા વિદ્યાર્થીઓ તેમાંથી બહાર પડયા બાદ સારી જીંદગી પસાર કરી શકે તે માટે શિક્ષણની વ્યવસ્થામાં યોગ્ય સુધારો વધારો કરવા માટે અને બીજી સુચનાઓ માટે વિદ્વાન સાધુ મુનિરાજો અને અન્ય વિદ્વાન ગૃહસ્થોના અભિપ્રાય મેળવવા આજ સુધીની હકીકતવાળું તથા હવે પછીનું કામ કઇ રીતીએ લેવું તે જણાવનાર એક વિનતીપત્ર બહાર પાડવાનો ઠરાવ પસાર કરી પ્રમુખનો ઉપકાર માની સભા વિસર્જન થઇ હતી. (જૈન–૨૭ મે. ૧૯૧૭).

# ભાષણકર્ત્તા માટે આવશ્યક સદ્ગુણો.

૧. વાણી મધુર જોઇએ.
૨. સ્વર ઉંચો ને ગંભીર જોઇએ.
૩. ભાષાની પૂરી માહિતી જોઇએ.
૪. જે વિષય ઉપર બોલવાનું હોય તે સારી રીતે જાણીતો હોવો જોઇએ. અને-
૫. તેને રસિક કરવાની શક્તિ હોવી જોઇએ,
૬. જે લોકો સમક્ષ ભાષણ કરવાનું હોય તેમની અક્કલ કેટલી છે, સમજણ કેવી છે અને તેમને કઇ કઇ વાત ઉપર રાગ-દ્વેષ આવે છે તે સઘળું સમજવું જોઇએ.
૭. વક્તાની મુદ્રા અને શરીર ભવ્ય જોઇએ.
૮. ભાષણ કરતાં કરતાં યોગ્ય અભિનય કરતાં આવડવું જોઇએ. આ ગુણોમાંના કેટલાક સ્વાભાવિક છે, ને કેટલાક અભ્યાસથી આવે છે; જે સ્વાભાવિક ગુણોમાં ન્યૂનતા હોય તે અભ્યાસથી દૂર થાય છે. ( મળેલું. )

# શ્રી યશોવિજય જૈન ગુરુકુળ વિદ્યાલય (પાલીતાણા).

## ( પ્રાસંગિક વિવેચન. )

પ્રસ્તુતત સંસ્થા પ્રથમ "શ્રી યશોવિજયજી સંસ્કૃત પાઠશાળા"ના નામથી ચાલતી હતી. અને હાલમાં તે નામ ફેરવીને "શ્રી યશોવિજય જૈન ગુરૂકુળ વિદ્યાલય" નામથી ચલાવવા નક્કી થયું છે. "ગુરૂકુળ વિદ્યાલય" રૂપે આ સંસ્થા સંગીન પાયા પર આવીને વિશાળ દૃષ્ટિએ જ્ઞાતિની સર્વોત્તમ સેવા બજાવે તેવા સ્તુત્ય હેતુથી સુરત નિવાસી ઝવેરી જીવણચંદ્ર આ ખાતાની આગેવાની સ્વીકારી છે. જેઓના હમેશના સખી હૃદય પ્રમાણે ઉદારતાથી અસાધારણ સખાવત કરીને તેઓ પોતાના દાનેશ્વરી દિલની પ્રતીતિ સૌને કરાવી આપી છે, તે જાણીને કોને આનંદ નહિ થાય ? આ નવા સ્વરૂપમાં રૂપાન્તર પામેલી સંસ્થા સુવ્યવસ્થિત રીતે નભે અને ચાલે તેટલા માટે તેનું નવેસરથી કાયમનું બંધારણ રચવામાં આવ્યું છે. તે વિષયે હવે પછી જણાવીશું. હર્ષ ઉત્પન્ન થાય છે કે સંસ્થાના ઓનરરી સેક્રેટરી તરીકે રા. રા. શ્રીમાન્ લલ્લુભાઇ કરમચંદ દલાલને નીમવામાં આવ્યા છે. આ પરોપકારી અને સમર્થ કોમહિતચિંતક નરની કોમ પ્રત્યેની સતત્ સેવા નિર્વિવાદ રીતે મશહૂર છે. વળી મુંબઇમાં ખ્યાતિ પામેલી આપણી સભાનું કામકાજ પોતે લાંબી મુદત થયાં કરી રહ્યા છે. અને અદ્યાપિ પર્યંત તે પ્રવૃત્તિ ચાલુજ છે. અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ તરફથી આજ પર્યંત શ્રીમદાચાર્ય બુદ્ધિસાગર સૂરિજી રચિત લગભગ ૩૦-૩૨ ગ્રંથો તેઓએ અધ્યાત્મજ્ઞાનપ્રસારક મંડળના નામે પ્રસિદ્ધિમાં મૂકી એક પ્રશંસાપાત્ર અને અનુકરણીય સેવા તેઓએ બજાવી

છે. આ માસિકનું પણ અત્યાર સુધી જે જીવન ટકી રહ્યું છે અને ભવિષ્યમાં સંપૂર્ણ રીતે ટકી રહેવાનો ચોક્કસ સંભવ છે તે તેઓનેજ આભારી છે. આ પ્રમાણે જૈન કોમની નિઃસ્વાર્થ સેવા બજાવનાર એક ખરા ખંતીલા અને ઉત્સાહી નરને રા. રા. ઝવેરી જીવણચંદભાઇ અને કમિટીના અન્ય સભાસદોએ રા. રા. લલ્લુભાઇની સેક્રેટરી તરીકે જે નિમણુંક કરી છે તે વિચારપૂર્વકની અને સર્વાંશે વાસ્તવિક છે. આ પ્રસંગે અમે શ્રીમાન્ લલ્લુભાઇને એટલીજ વિજ્ઞપ્તિ કરીશું કે જે રીતે આપની દેખરેખ હેઠળ અને આપના સતત્ પ્રયત્નોથી અન્ય સંસ્થાઓ વગેરે સંતોષજનક સ્થિતિ ભોગવી છે તેજ પ્રમાણે આ સંસ્થાને પણ ઉત્તરોત્તર ઉન્નત દશાએ પહોંચાડી જૈન કોમને હમેશની આપની ઋણિ રાખશો. આ તકનો લાભ લઇ પ્રસંગાનુકૂળ અમારે જણાવવું જોઇએ કે શ્રીમાન્ ઝવેરી જીવણચંદભાઈ આવું એક ગુરૂકુળ સ્થાપવાની ઘણા સમયથી હોંશ ધરાવતા હતા. અને તે ભાવનાને પરમપૂજ્ય આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરિજીએ અમૂલ્ય પોષણ આપ્યું હતું. છેવટ તે ભાવનાને મળેલા 'મહાપ્રસાદ' રૂપ પોષણના પ્રતાપે તેઓ પોતાની પવિત્ર, સુન્દર, સ્તુત્ય અને અનુકરણીય ભાવનાને સફળતાથી અમલમાં મૂકી શક્યા છે તે માટે અંતઃકરણપૂર્વક અમે તેઓને અભિનંદન આપીએ છીએ અને આશા રાખીએ છીએ કે પોતે અને પોતાના સ્નેહીઓ તરફથી તેને સંગીન મદદ કરી ચીરંજીવ કરશે. પરમ પૂજ્ય આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરિજી પણ એક જર્જરીત થઇ ગયલી સંસ્થાનો પુનરોદ્ધાર કરવા અને સામ્પ્રત જમાનાને આવશ્યક, એવી " જૈન ગુરૂકુળ "ની યોજનાને નિપજાવવાને રા. રા. ઝવેરી જીવણચંદભાઇને મહદ્ પ્રેરણા કરી છે. તે માટે તેઓશ્રીનો પણ સમસ્ત જૈન કોમ ઉપર અપૂર્વ ઉપકાર ઉતર્યો છે. મુનિ મહારાજશ્રી ચારિત્ર વિજયજીએ તથા આચાર્ય ધર્મવિજયજીએ પ્રસ્તુત સંસ્થા પરત્વે ઉદાર વિચારો પ્રદર્શિત કરી તેમાં ઘટતી ઓથ આપવાની અનુમતિ દર્શાવી છે તેજ આ સંસ્થાનો ભાવી અભ્યુદય સૂચવે છે. છેવટ અમો આ સંસ્થાને સર્વદા અને સર્વ પ્રકારે ફત્તેહ ઇચ્છી આટલેથીજ વીરમીશું.

# आ मासिकनुं नवमुं वर्ष.

## ( વસ્તુ નિર્દેશ. )

**મા**સિકના આ અંક સાથે તેનાં આઠ વર્ષ પૂરાં થાય છે, અને હવે તે નવમા વર્ષમાં પ્રવેશ કરશે. 'બુદ્ધિપ્રભા' એ આઠ વર્ષ દરમિયાન કોમ અને સમાજની બનતી જે કંઇ સેવા બજાવી છે તે વિષે કશો પણ ઉલ્લેખ કરી આત્મશ્લાઘાનો દોષ વહોરવા અમે ઇચ્છતા નથી. તથાપિ હવે પછી તે શી રીતે સેવા બજાવશે તે સંબંધી માસિકના નવા વ્યવસ્થાપક-દ્વારા સંક્ષેપમાં આવશ્યક ખુલાસો કરાવવો અમે ઉચિત ધારીએ છીએ, અને તે સાથે માસિકની નિઃસ્વાર્થ સેવા અત્યાર સુધી સંપાદક તરીકે જેમણે બજાવી છે અને હવે પછી પણ પ્રથમ કરતાં પણ વિશેષ જીવનભોગ આપવા જે તૈયાર થયેલા છે તે રા. ભાઇ મણિલાલ મોહનલાલ પાદરાકરનો ઉપકાર માનવાની આ તક અમારે ગુમાવવી ન જોઇએ. 'બુદ્ધિપ્રભા'ના રસજ્ઞગ્રાહક અને વાચકવૃન્દને વિદિતજ હશે કે પ્રસ્તુત માસિકની અભિવૃદ્ધિ અને ઉત્કર્ષની તેમનામાં રમી રહેલી સતત્ ભાવનાને સર્વાંશે સફળ બનાવવા તેમણે

રાખ્યું તેટલું સઘળું કર્યું છેજ, અને તેમની તેવી સ્તુત્ય સેવાના પરિણામે હવે તેઓને સંપાદકના સ્થાનમાંથી ખસેડી અમારા મંડળ તરફથી આ માસિકના તંત્રી પદે તેમને નીમવામાં આવે છે. તેમનામાં અમને સંપૂર્ણ શ્રદ્ધા છે અને તે શ્રદ્ધા, તેઓની હવે પછીની માસિક પ્રત્યેની ફરજ અને સેવાદ્વારા સફળ થયેલી અમે તેમજ અમારા કદરદાન ગ્રાહક ગૃહસ્થો નિઃશંક રીતે જોઇશુંજ.

ખુશી થવા જેવી એક બીજી બાબત એ છે કે માસિકના નવમા વર્ષના નવા અંકના પ્રારંભથી, માસિકની પદ્ધતિસરની વ્યવસ્થા, નિયમિતતા અને લોકપ્રિયતા જળવાય, અને તેને માટેની આવશ્યક, પ્રાસંગિક અને ઉચિત સઘળી જરૂરીઆતોમાં સંપૂર્ણ સ્હાયક થવાય તેટલા માટે વ્યવસ્થાપક તરીકે રા. રા. કેશવ હ. શેઠે જોડાવાનું સ્વીકાર્યું છે, રા. શેઠની કલમ ગુજરાતને સુવિદિત છે, અને તેઓ એક બાહોશ અને સજ્જનો તેમજ સુશિક્ષિત વર્ગમાં એક સારા લેખક તરીકે અંકિત થયલા છે–તે જણાવવાની જરૂર નથી.

યુરોપીય વિગ્રહનો અંત હજુ નથી આવ્યોઃ વસ્તુ માત્રની મોંઘવારી વધ્યે જાય છે. માસિકને લગતા બધી પ્રકારના સાહિત્યની પણ એજ દશા છે, તે માસિકો કે પત્રોવાળા અને તેને વાંચનારા સારી રીતે અનુભવે છેજ. એવા બારિક સમયમાં પણ આ માસિક અત્યાર સુધીમાં જે પ્રવાહે પોતાનું વહન વહેવરાવતું હતું, તે પ્રવાહ કરતાં વધારે કિમતી, ખર્ચાળ અને ઉચ્ચ પ્રવાહે હવે વહેશે, અને તેનું તંત્ર ભાઇ પાદરાકર અને રા. શેઠના હાથમાં સોંપાય છેઃ બન્ને ભાઇઓ સાહસિક છે અને તેઓ ગ્રાહકગણને ઘણો સારો સંતોષ આપશે એમ અમે શંકારહિત હૃદયે જાહેર કરીએ છીએ.

**વ્યવસ્થાપક–અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડળ.**

---

# માસિકનો નવો અંક.

ગ્રાહકો, લેખકો અને વાચકોનું ધ્યાન ખેંચીએ છીએ.

---

માસિકને અંગે યોગ્ય તેટલી સઘળી તૈયારીઓને પહોંચી વળાય તેટલા માટે હવે પછી તેના નવમા વર્ષનો નવો–પહેલો અંક જુલાઇ મહિનાની આખર તારીખે પ્રસિદ્ધ થશે અને તેની પ્રસિદ્ધ થવાની હમેશને માટેની તારીખ હવે પછી મુકરર થશે.

## લેખો.

કેવળ જાણીતાનાજ નહિ પણ કસાયલી કલમથી લખાતા સુજ્ઞ લેખકોના લેખો છપાશે. દેશ, સમાજ અને ધર્મ; તત્વચિંતનાત્મક, હાસ્યરસાત્મક અને વર્તમાન વિષયોને ચર્ચનારા લેખો પસંદગી પામશે. આ લેખો, નિબંધ, કથા, કાવ્ય, સંવાદ, નાટ્યપ્રવેશ અને પત્રોના રૂપમાં વિવિધ રીતે અપાશે. અને બાલસાહિત્ય, સ્ત્રીઓપયોગી સાહિત્ય, વૈદક વિભાગ તેમજ હુન્નરકળા અને વહેપારને લગતું સાહિત્ય પણ તેમાં સ્થાન લેશે. અને આ ઉપરાંત સુપ્રસિદ્ધ

તત્વજ્ઞાની શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજદ્વારા પ્રાચીન અપ્રકટ જૈન સાહિત્ય કે જે હાલમાં પાદરાના તત્વજ્ઞાનાભિલાષી રા. વકીલ મોહનલાલ હીમચંદભાઈ એમના સ્તુત્ય પ્રયાસથી મળી આવ્યું છે, તે પૈકીનું કેટલુંક તેમણે ઉદાર ભાવે અમારા આવતા નવા અંકથી દર અંકમાં નિયમિત રીતે પ્રકટ કરવા આપવા ઇચ્છા બતાવી છે તે પણ પ્રસિદ્ધ થશે.

## કદ અને લવાજમ.

માસિકનું કદ છે તે પ્રમાણે કાયમ રહેશે તેનો દીબાચો નવા લેબાસમાં દેખા દેશે. છતાં તેનું લવાજમ તો જે છે તેજ એટલે પોસ્ટેજ સિવાય માત્ર એક રૂપિયોજ કાયમ રાખવાનો નિશ્ચય કર્યો છે.

યુદ્ધના ગંભીર મામલાને અંગે પ્રત્યેક વસ્તુની આશ્ચર્ય પમાડતી મોંઘવારી તેમજ તે મોંઘવારીને લીધે લગભગ ગુજરાતનાં ઘણા પત્રોએ વધારેલાં લવાજમ અને ઘટાડેલું પત્રકદ, અમારા કદરદાન ગ્રાહક ગૃહસ્થો અને બ્હેનોની જાણબહાર નહિજ હોય. છતાં અમે બીજાને પગલે નથી ચાલ્યા–તે એવીજ શ્રદ્ધાથી કે માસિકની યોગ્ય કદર ગ્રાહકોમાં થશે, ને તેને યોગ્ય ન્યાય મળશે. નવો અંક જોયા પછી પણ જો પ્રત્યેક ગ્રાહકગણ એક એક નવો ગ્રાહક કરી આપશે તોપણ અમને સારો સંતોષ મળશે.

## લેખકોને:—

ગુજરાતના ઉદાર લેખકોને પણ નમ્ર નિવેદન કરીએ છીએ કે દરેક મહિનાની પંદરમી તારીખ દરમિયાન પોતાના તરફથી પ્રતિ માસે લેખરૂપ સાહિત્ય સેવામાં ફાળો ભરતા રહેશો તો ઉપકાર થશે. ભાષા સાદી, સંસ્કારી અને બાલક, સ્ત્રી કે પુરૂષ સૌ ઝટ સમજી શકે તેવી શૈલી વાળી વધુ પસંદગી પામશે. તખલ્લુસ વાળાઓએ ખાનગી જાણ માટે ખરૂં નામ અમને જણાવવું. રાજકીય વિષયો, અંગત તકરારવાળા લેખો કે ટુંકી નજરે લખાયલાં ચર્ચાપત્રો અથવા લખાણને અમે સ્થાન નહિ આપીએ.

## પ્રકીર્ણ.

જાહેરખબરોનાં હજુ થોડાંક પાનાં રોકી શકાશે. વાસ્તે ધંધાધારીઓએ તેને માટે નીચલે શિરનામે પત્રવ્યવહાર દ્વારા વેળાસર ગોઠવણ કરી લેવી જોઇએ. લેખો, બદલામાં અપાતાં પત્રો, માસિકો, અવલોકન માટેનાં પુસ્તકો તથા લવાજમ, માસિક ન મળ્યા બાબત, વગેરેને લગતો પત્રવ્યવહાર વ્યવસ્થાપકને શિરનામે નીચે પ્રમાણે કરવો.

**અમદાવાદ—રીચીરોડ. "બુદ્ધિપ્રભા" ઑફિસ.** }

**રા. કેશવ હ. શેઠ.**
**વ્યવસ્થાપક-બુદ્ધિપ્રભા.**

## જૈન પ્રજા માટે એક નિર્ભય અને ભરૂસાપાત્ર ઠેકાણું !




## કે જયાં અગાડી



અપટુડેટ ફેશનના

# સોનાના ! મસીન પૉલીસ દાગીનાઓ

## ની સેંકડો ફેશનોનો મોટો જથ્થો તૈયાર રહે છે !

અને નિર્ભય રીતે તદ્દનજ ચોખ્ખું અને સફાઈબંધ ફેન્સી કામ ઘરાકોના સોનાનું કીફાયત મજુરીથી ઘણીજ ઝડપથી વાયદેસર અને બનાવી આપવામાં આવે છે.

તૈયાર દાગીનાઓની **મજુરી કાપી** નાણાં પાછાં આપવાની **લેખીત ગેરંટી** મળે છે.

ઇંગ્લીશ જવેલરી, રોલ્ડગોલ્ડ જવેલરી, અને ચાંદીની સેંકડો ફેશનેબલ ચીજોનો જંગી સ્ટોક તૈયાર રહે છે. ખાસ વિલાયતથી આવેલા બીલીયાન કટના હીરાઓ, માણેક, પાના વિગેરે ઝવેરાતનું કામ ઘરાકો અને વહેપારીઓનું સગવડ પડતી રીતે કરીએ છીએ.

# રૉયલ જવેલરી માર્ટ.

પ્રોપ્રાયટર—ઝવેરી મુળચંદ આશારામ વૈરાટી.

રીચીરોડ—અમદાવાદ.

# ગોદરેજના સેઇફટી કૅશ બાકસો.

આ પેટી ટેબલ ઉપર અથવા કબાટમાં જડવાથી ચોરથી ઉપાડીને લઈ જઇ શકાતી નથી. તેમજ સ્ટીલના એક પતરામાંથી અખંડ બનાવેલ હોવાથી અને મજબૂત કળ બેસાડેલ હોવાથી ચોરથી તુટવાની ધાસ્તી રહેતી નથી. સારી તીજોરીની ગેરહાજરીમાં આ પેટી બહુ ઉપયોગી છે.

પેટીનું માપ ૪"×૭"×૬". કીમત રૂ. ૮.

"ગારડીઅન" કળોવાળીના (ચાર ચાવી) ,, રૂ. ૨૩.

# ગોદરેજના કબાટમાં જડવાનાં પેટંટ ખાનાં.

આ ખાનાં કબાટમાં સ્ક્રુવતી જડવાથી ચોરથી કાઢી શકાતાં નથી, તેમજ સ્ટીલના એક પતરામાંથી અખંડ બનાવેલ હોવાથી અને ઘણી મજબુત કળ બેસાડેલ હોવાથી ચોરથી તોડી પણ શકાતાં નથી.

નવા કબાટમાં લાકડાના ખાનાનો ખરચ બચાવી તેને બદલે આવા લોખંડનાં ખાનાં બેસાડવાનો ફાયદો સૌ કોઇ સમજી શકશે.

ખાનાનું માપ ૪"×૨"×૬" કીમત રૂ. ૨૦.

દરેક પ્રદર્શનમાં (૧૪ પ્રદર્શન) પહેલાં ઈનામ-સોનાના ચાંદ મળ્યા છે.

**ગોદરેજ અને બાઈસની કંપની,**

શાખાઃ-રીચીરોડ-અમદાવાદ.